Ordinary Gazette Part- IX /1995

Issue No.	Date	Department
Issue No.1	05-01-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.2	12-01-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.3	19-01-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.4	26-01-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.5	02-02-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.6	09-02-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.7	16-02-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.8	23-02-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.9	02-03-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.10	09-03-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.11	16-03-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.12	23-03-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.13	30-03-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.14	06-04-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.16	20-04-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.17	27-04-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.18	04-05-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.19	11-05-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.20	18-05-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.21	25-05-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.22	01-06-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.23	08-06-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.25	22-06-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.27	06-07-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.28	13-07-1995	This Gazette may contain multiple departments/offices

Issue No.	Date	Department
Issue No.29	20-07-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.31	03-08-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.32	10-08-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.34	24-08-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.36	07-09-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.37	14-09-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.38	21-09-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.40	05-10-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.41	12-10-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.42	19-10-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.44	02-11-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.47	23-11-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.49	07-12-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.50	14-12-1995	This Gazette may contain multiple departments/offices
Issue No.51	21-12-1995	This Gazette may contain multiple departments/offices

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

VOL.XXXVI] THURSDAY, JANUARY 5, 1995/PAUSA 15. 1916. [No.1

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૧૨૦/૯૩/એમવીડી/૧૦૯૩/૨૨૬૬/ખ. અને (૨) જી/જી/૧૨૧/૯૩/એમવીડી/૧૦૯૩/૨૨૬૬/ખ. ના ગુજરાતી અનુવાદો આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યા છે.

ર.લિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ESSENTIAL SERVICES MAINTENANCE ACT, 1972.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ હેઠળ

જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક: જી/જી/૧૨૦/૯૩/એમવીડી/૧૦૯૩/૨૨૬૬/ખ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે જમીન માર્ગે માલ લઇ જવા માટે ટ્રાન્સપોર્ટ સેવા (રેલ્વે સેવા સિવાય) ની હડતાળથી જાહેર ઉપયોગી સેવા જાળવવામાં અને સમાજ જીવનની આવશ્યક સેવાનો પુરવઠો જાળવવામાં પ્રતિકૂળ રીતે અસર થશે અને તેનાથી સમાજને ભારે હાડમારી થવામાં પરિણમશે.

INDEX

તેથી, હવે, ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૩ મા)ની કલમ-૨ ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જમીન માર્ગે માલ લઇ જવા માટે ટ્રાન્સપોર્ટ સેવા (રેલ્વે સેવા સિવાય) ને સદરહુ અધિનિયમના હેતુઓ માટે આવશ્યક સેવા તરીકે જાહેર કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.ડી.મહિડા,
સરકારના સંયુકત સચિવ.

Notification

Under

THE GUJARAT ESSENTIAL SERVICES MAINTENANCE ACT, 1972.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ હેઠળ
જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક: જી/જી/૧૨૧/૯૩/એમવીડી/૧૦૯૩/૨૨૬૬/ખ.- જમીન માર્ગે માલ લઇ જવા માટે ટ્રાન્સપોર્ટ સેવા (રેલ્વે સેવા સિવાય)ને, ગૃહ વિભાગના તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ક્રમાંક.જી/જી/૧૨૦/(૯૩)/એમવીડી/૧૦૯૩/૨૨૬૬/ખ.માં સરકાર હેઠળ આવશ્યક સેવા તરીકે જાહેર કરે છે.

અને, ગુજરાત સરકારને એવી ખાતરી થઇ છે કે સમાજ જીવનનો આવશ્યક સેવાનો પુરવઠો જાળવવા માટે, જાહેર હિતમાં નીચેનો હુકમ કરવો જરૂરી અને ઇષ્ટ છે.

તેથી, હવે, ગુજરાત આવશ્યક સેવા જાળવવા બાબત અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૩ મા)ની કલમ ૩ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જમીન માર્ગે માલ લઇ જવા માટે ટ્રાન્સપોર્ટ સેવા (રેલ્વે સેવા સિવાય)માં હડતાળ ઉપર પ્રતિબંધ મૂકે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.ડી.મહિડા,
સરકારના સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૩નો ૧૫૮/ડીવીપી/૨૧૯૧/૨૮૫૯/(૯૩)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૧૫૮/ડીવીપી/૨૧૯૧/૨૮૫૯/(૯૩)-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી/૨૧૬૮/૫૬૪૦-કયુ. હેઠળ મંજૂર કરેલ, પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી ''સદરહુ વિકાસ યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩ના ૫૮/ડીવીપી/૨૧૯૧/૩૮૪/(૯૩)એલ. હેઠળ, તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૩૬-૧ અને ૩૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતા રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

INDEX

અને ગુજરાત સરકારે, આ સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૩થી અમલમાં આવશે.

અનુસૂચિ

તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી/૨૧૬૮-૫૬૪૦/કયુ.થી મંજૂર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

આ સાથેના પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, પાલનપુરની મંજૂર કરેલ વિકાસ યોજનામાં ''બાલકીડાંગણ'' માટે અનામત રાખેલ ABC DA અને EFGE નિશાની કરેલ પાલનપુર નગરના શીટ નં.૫૮ના મ.સ.નં.૯૪૯૫/ભાગવાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ ''પેટ્રોલપંપ અને શોપીંગ સેન્ટર'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
સરકારના ખાસ ફરજપરના અધિકારી અને
સંયુકત સચિવ.

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક.જી/જી/૯૩/૧૨૪/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/મ-ભાગ-૨ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક ૭/૭/૯૩/૧૨૪/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/મ-ભાગ-૨.- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબધમાં, કોઇ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઇ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક ૭/૭/૯૩/૧૨૪/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/મ-ભાગ-૨.- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની અને તે અર્થે અમલ્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો ''ગુજરાત મોટર વાહન (ચોથા સુધારા) નિયમો, ૧૯૯૩'' કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં, પરંતુકમાં, ખંડ (ખ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

''(ખ) ૫૦ કયુબીક સેન્ટીમીટર કરતાં વધુ શકિત ધરાવતું એન્જિન બેસાડેલી મોટર સાયકલ ચલાવતી કોઇપણ વ્યકિત, સન ૧૯૯૪ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ સુધી.''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ.પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૭ નવેમ્બર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ઓકટોબર, ૧૯૯૩ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક.(જીએચએન-૩૦) જીપીઆર-૧૦૯૩-(૨) (ઠ) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT PURCHASE TAX ON SUGARCANE RULES, 1993.

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા નિયમો, ૧૯૯૩ સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯.

ક્રમાંક (જીએચએન-૩૦)-જીપીઆર-૧૦૯૩-(૨) (ઠ).- નાણાં વિભાગનું તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચએન-૬)-જીપીઆર-૧૦૯૧ (૧)-ઠ ૨૬ કરીને, ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ગુજરાતના ૧૧મા)ની કલમ-૪૭ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૪૭ની પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ જાહેરનામાનો મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબધમાં કોઇપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઇ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક (જીએચએન-૩૦) જીપીઆર-૧૦૯૩-(૨)-ઠ.- ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ (સન ૧૯૮૯ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૪૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે:-

INDEX

૧. ટૂંકી સંજ્ઞા :- આ નિયમો, ''ગુજરાત શેરડી ઉપર મરીદવેરા નિયમો, ૧૯૯૩'' કહેવાશે.

૨. વ્યાખ્યા :- આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો:-

(ક) ''અધિનિયમ'' એટલે ગુજરાત શેરડી ઉપર મરીદવેરા અધિનિયમ, ૧૯૮૯.

(ખ) ''નમૂનો'' એટલે આ નિયમોને જોડેલો નમૂનો.

(ગ) ''સરકારી તિજોરી'' એટલે જ્યાં માલિકનું માંડ બનાવવાનું અથવા ઉત્પાદન કરવાનું કારખાનું અથવા યુનિટ આવેલું હોય તેવા જિલ્લા અથવા તાલુકાની તિજોરી અથવા યથાપ્રસંગ, પેટા-તિજોરી.

આ નિયમોમાં વાપરેલા પરંતુ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ તે અધિનિયમમાં વ્યાખ્યા કર્યા પ્રમાણે થશે.

૩. તાબાના અધિકારી :- કલમ ૮ની પેટા-કલમ (૮)ના હેતુ માટે, તાબાના અધિકારીઓ અને વ્યકિતઓ નીચે પ્રમાણે રહેશે :-

(ક) નાયબ મરીદવેરા કમિશ્નર (શેરડી), અધિક મરીદવેરા કમિશ્નર (શેરડી)ના તાબા હેઠળ ગણાશે.

(ખ) મદદનીશ મરીદવેરા કમિશ્નર (શેરડી) નાયબ મરીદવેરા કમિશ્નર (શેરડી) અને અધિક મરીદવેરા કમિશ્નર (શેરડી)ના તાબા હેઠળ ગણાશે.

(ગ) મરીદવેરા અધિકારી (શેરડી), મદદનીશ મરીદવેરા કમિશ્નર (શેરડી) અને નાયબ મરીદવેરા કમિશ્નર (શેરડી) અને અધિક મરીદવેરા કમિશ્નર (શેરડી)ના તાબા હેઠળ ગણાશે.

(ઘ) કલમ ૮ની પેટા-કલમ (૨)ના માંડ (ઘ) હેઠળ નિમાયેલા કોઇ અધિકારી અથવા વ્યકિત, મરીદવેરા અધિકારી (શેરડી) અને જેની હકૂમતમાં પોતે કાર્યો બજાવતા હોય તેવા મદદનીશ મરીદવેરા કમિશ્નર (શેરડી)ના તાબા હેઠળ ગણાશે.

૪. (૧) (ક) કલમ ૯ની પેટા-કલમ (૨) હેઠળ લાઇસન્સ માટેની અરજી કમિશ્નરને નમૂના ૧ મુજબ કરવી જોઇશે.

(ખ) માંડ (ક)માં ઉલ્લેખેલ અરજી સાથે રૂપિયા પચ્ચાસની ફી જોડવી જોઇશે.

(૨) કલમ ૯ની પેટા-કલમ (૩) હેઠળનું લાઇસન્સ નમૂના-૨ મુજબ કાઢી આપવું જોઇશે.

(૩) (ક) લાઇસન્સ તાજું કરાવવા માટેની અરજી કમિશ્નરને નમૂના ૩ મુજબ કરવી જોઇશે.

(ખ) માંડ (ક)માં ઉલ્લેખેલ અરજી સાથે, તેવી રીતે તાજું કરાવવાનું હોય તેવું લાઇસન્સ તથા રૂપિયા દસની ફી જોડવી જોઇશે.

(ગ) તાજું કરાવવા માટેની અરજી, દર વર્ષે સપ્ટેમ્બર મહિનાની ૧લી તારીખ પહેલાં રજૂ કરવી પડશે.

INDEX

(૪) લાઇસન્સ ઉપર તે મતલબનો શેરો કરીને લાઇસન્સ તાજું કરી આપવું જોઇશે અને એક વર્ષની મુદત માટે એવી રીતે તાજું કરી આપવું જોઇશે.

(૫) (પેટા-નિયમ (૨) સાથે વાંચતાં) કલમ ૯ હેઠળ કાઢી આપેલ લાઇસન્સ નીચેની શરતોને અધીન રહેશે :-

શરતો :-

(૧) માલિકે, ખરીદેલ શેરડીના જથ્થાનો, વાપરેલ શેરડીના જથ્થાનો અને બનાવેલ ખાંડના જથ્થાનો અને ઉત્પન્ન કરેલ ખાંડસરી ખાંડના જથ્થાનો રોજેરોજનો ખરો હિસાબ રાખવો જોઇશે.

(૨) માલિકે, ખરીદવેરા અધિકારી (શેરડી)ને જે મહિનાને લગતું પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની મુદતની અંદર ચલનની નકલ સાથે માસિક પત્રક પૂરૂ પાડવું જોઇશે.

(૩) જે મહિનાને લગતું પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર પત્રક મુજબ ભરવાની વેરાની રકમ ભરવી જોઇશે.

(૪) માલિકે, માસિક પત્રક ઉપર આકારેલ વેરાની રકમ અને તેના માટે છૂટ આપેલ સમયની અંદર પત્રક અનુસાર ભરેલા વેરાની રકમ, એ બંને વચ્ચેનો તફાવત ભરવો જોઇશે.

(૫) માલિકે, આ અધિનિયમના હેતુઓ માટે કમિશ્નર ફરમાવે તેવી માહિતી અને તેવા દસ્તાવેજો કમિશ્નરને પૂરા પાડવા જોઇશે.

(૬) માલિકે અધિનિયમની જોગવાઇઓનું અને તે હેઠળ કરેલા નિયમોનું પાલન કરવું જોઇશે.

(૭) માલિકે, કમિશ્નર ફરમાવે તેવી જામીનગીરી પૂરી પાડવી જોઇશે.

૫. જે રીતે જામીનગીરી પૂરી પાડવાનું ફરમાવી શકાય તે રીત બાબત :-

(૧) કલમ ૭ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળ, નીચે જણાવેલ રીત પૈકીની કોઇપણ એક રીતે, જામીનગીરી પૂરી પાડવાનું ફરમાવી શકાશે:-

(ક) આ અર્થે હુકમમાં સત્તાધિકારી નિર્દિષ્ટ કરે તેટલી રકમનું કલમ ૭ની પેટા-કલમ (૧) અથવા (૨) હેઠળનો હુકમ (જેને આમાં હવે પછી આ નિયમમાં 'હુકમ' કહયો છે તે) કરનાર સત્તાધિકારી સ્વીકારી શકે તેવું એક જામીનવાળું માલિકે પોતે કરી આપેલ બોન્ડ નમૂના ૪ મુજબ પૂરૂં પાડીને અને જામીન નમૂના ૪ મુજબ બોન્ડ કરી આપવું જોઇશે, અથવા

(ખ) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રકમ કરતાં ઓછી ન હોય તેટલી બજાર કિંમતના સ્ટોક સર્ટિફિકેટસના અથવા સરકારી પ્રોમિસરી નોટસના અથવા સદરહુ રકમ કરતાં ઓછી ન હોય તેટલી અંકિત કિંમતના રાષ્ટ્રીય બચત પ્રમાણપત્રો, રાષ્ટ્રીય યોજના બચત પ્રમાણપત્રો અથવા તિજોરી બચત પ્રમાણપત્રોના સ્વરૂપમાં કમિશ્નરની તરફેણમાં યોગ્ય રીતે શેરો કરેલી સરકારી જામીનગીરીઓ અનામત મૂકીને, અથવા

(ગ) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે કરતાં વધુ ન હોય તેટલી રકમની માંગણી થતાં કમિશ્નરને તે રકમ આપવા માટેની સંમતિ દર્શાવતી આ અર્થે સરકારે માન્ય કરેલી બેન્કની બાંહેધરી કમિશ્નરને પૂરી પાડીને, અથવા

INDEX

(ધ) હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેટલી રોકડ રકમ કમિશ્નર પાસે અનામત મુકીને.

(૨) કલમ ૭ની પેટા-કલમ (૨) હેઠળના હુકમના કારણે, કોઇપણ માલિકે આપેલી જામીનગીરી અપૂરતી જણાય ત્યારે, તેણે સદરહુ હુકમમાં નિર્દિષ્ટ કરેલા સમયની અંદર, પેટા-નિયમ (૧) માં નિર્દિષ્ટ કરેલી રીતે પ્રસંગ પ્રમાણે જામીનગીરી અથવા વધારાની જામીનગીરી પૂરી પાડીને વટતી રકમ પૂરી કરવી જોઇશે.

(૩) માલિકે, આપેલી બેન્ક ગેરંટી નિર્દિષ્ટ મુદત માટેની હોય ત્યારે, માલિકે, નવી બેન્ક ગેરંટી અથવા સદરહુ બેન્ક ગેરંટી પૂરી થાય તે પહેલાં, પેટા-નિયમ (૧) માં નિર્દિષ્ટ કરેલી બીજી કોઇપણ જામીનગીરી આપવી જોઇશે.

૬. <u>પત્રકો પૂરાં પાડવા બાબત :-</u> કલમ ૧૩ હેઠળ કમિશ્નરને પૂરું પાડવાનું પત્રક નમૂના ૫ મુજબ હોવું જોઇશે.

૭. <u>વેરો વસુલ કરવા માટે આપેલ કપાત :-</u> કલમ ૩ની પેટા-કલમ (૩)ના હેતુ માટે, શેરડીના કુલ વજનનું પ્રમાણ, બે ટકા રહેશે.

૮. <u>ચૂકવણીની પધ્ધતિ :-</u>

(૧) વેરો, વ્યાજ, દંડ અથવા કલમ ૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલી રકમની દરેક ચૂકવણી સાથે, સરકારી તિજોરીમાંથી અથવા ખરીદવેરા અધિકારી (શેરડી)ની કચેરીમાંથી મેળવેલ નમૂના ૬ મુજબનું ચલન જોડવું જોઇશે.

(૨) સરકારી તિજોરીમાં કરેલી ચૂકવણી સાથે, ચલનની ચાર નકલો જોડવી જોઇશે. ''મૂળ'' અને ''બીજી નકલ''એ નિશાનીવાળી નકલો, યોગ્ય રીતે ભરપાઇ દર્શાવીને માલિકને પરત આપવા જોઇશે. જેમાંની ''બીજી નકલ'' એ નિશાનીવાળી નકલ, સંબંધિત અધિકારી સમક્ષ તેણે સાદર કરવી જોઇશે.

(૩) કલમ ૨૯ની જોગવાઇઓને અધીન રહીને, વેરા, વ્યાજ, દંડ અથવા કલમ ૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલી રકમની ચૂકવણી કોઇપણ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ નીમેલા કોઇ અધિકારીને અથવા સત્તાધિકારીને રોકડેથી કરી શકાશે નહિ.

૯. <u>કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ નોટિસ કાઢવા બાબત :-</u>

કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળ કાઢવાની નોટિસ, નમૂના ૭ મુજબ હોવી જોઇએ.

૧૦. <u>આફતો વગેરેને કારણે નુકશાનના દાખલાઓમાં વેરાની માફી આપવા બાબત :-</u>

(૧) માલિકને કોઇપણ હુલ્લડ અથવા કુદરતી આફતને કારણે આર્થિક રીતે સહન કરવું પડયું હોય તો, કમિશનર પેટા-નિયમો (૨) અને (૩)ની જોગવાઇઓને અધીન રહીને, કોઇપણ મુદતના સંબંધમાં, એવા માલિકે ભરવાપાત્ર સમગ્ર વેરો અથવા તેના કોઇપણ ભાગની રકમ માફી કરી શકાશે.

(૨) આ નિયમ હેઠળ-

(ક) (૧) પ્રશ્નાપ્રસંગ હુલ્લડ સંબંધી અથવા કુદરતી આફત સંબંધી વિગતો,

(૨) તેણે સહન કરેલા નુકશાનની ઓકડસ રકમ,

(૩) કેટલી રાહત માંગી છે તે અને તે માટેના કારણો, અને

INDEX

(૪) કોઇપણ વીમા હેઠળ કરેલા દાવાની વસૂલાત સંબંધી અથવા કોઇ સહાયક ગ્રાન્ટ મળી હોય તો તે સંબંધી વિગતો દર્શાવતી માલિક તે અર્થે કમિશનરને અરજી કરી હોય તે સિવાય વેરાની માફી આપી શકાશે નહિ,

(૫) કોઇ વીમા હેઠળ કરેલા દાવાની વસૂલાતથી અથવા સહાયક ગ્રાન્ટ મળવાથી મહદ અંશે નુકશાન ઓછું થયું હોય તો વેરાની માફી આપી શકાશે નહિ.

(૩) આ નિયમ હેઠળ માફ કરવાની રકમ (વીસ હજાર રૂપિયા) કરતાં વધુ હોય તો, વધારાની રકમ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી સિવાય માફ કરી શકાશે નહિ.

૧૧. અપીલ અથવા ફેરતપાસ માટે અરજી સાદર કરવા બાબત.- (૧) ફેરતપાસ માટેની દરેક પહેલી અથવા બીજી અપીલ અને ફેરતપાસ માટેની દરેક અરજી નીચે પ્રમાણે હોવી જોઇશે:-

(ક) તે લેખિત હોવી જોઇશે,

(ખ) અપીલ કરનારનું અથવા અરજદારનું નામ અને સરનામું તેમાં નિર્દિષ્ટ કરવાં જોઇશે,

(ગ) જે હુકમની સામે તે કરવામાં આવી હોય તે હુકમની તારીખ તેમાં નિર્દિષ્ટ કરવી જોઇશે,

(ઘ) આપેલા સમયની અંદર અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી કરી ન હોય તો, તે માટેનાં કારણો તેમાં નિર્દિષ્ટ કરવા જોઇશે,

(ચ) અપીલ અથવા ફેરતપાસની વિષય વસ્તુ આકારણી, ફેરઆકારણી અથવા દંડ લેવા અંગે હોય તો, વેરાની અને/અથવા દંડની ચુકવણીની તારીખ અને રકમ તેમાં નિર્દિષ્ટ કરવા જોઇશે,

(છ) તેમાં હકીકતોનું સ્પષ્ટ નિવેદન હોવું જોઇશે,

(જ) તેણે માંગેલી દાદ તેમાં સ્પષ્ટ અને ટૂંકમાં જણાવવી જોઇશે, અને

(ઝ) તે ઉપર અપીલ કરનારે અથવા અરજદારે અથવા તેણે રોકેલા કાયદા વ્યવસાયીએ અથવા તે અર્થે તેણે લિખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઇ એજન્ટે નીચેના નમૂનામાં સહી કરી મરાઇ કરવી જોઇશે.

હું _____ ઉપરની અપીલની યાદીમાં ફેરતપાસ માટેની અરજીમાં જણાવેલા અપીલ કરનારે/ અરજદારે રોકેલ કાયદા વ્યવસાયી/નીમેલ એજન્ટ, આથી, જાહેર કરૂ છું કે આમાં જે જણાવેલું છે તે મારી/અમારી પૂરી જાણ તથા માન્યતા મુજબ સાચુ છે.

સહી.

(૨) અપીલની યાદીમાં અથવા ફેરતપાસ માટેની અરજી સાથે જેની સામે તે કરવામાં આવી હોય તે મૂળ હુકમ અથવા તેની યોગ્ય રીતે અધિકૃત કરેલી એક નકલ જોડવી જોઇશે, સિવાય કે એવો હુકમ અથવા નકલ રજૂ ન કરવાનો ખુલાસો, અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી

INDEX

રજૂ કરવાના સમયે અપીલ સાંભળનાર અથવા ફેરતપાસ કરનાર સત્તાધિકારીને ખાતરી થાય તે રીતે કરવામાં આવ્યો હોય,

(૩) આકારણીના હુકમ સામેની અપીલ અથવા અપીલમાં કરેલા હુકમ સામેની બીજી અપીલ, શકય હોય ત્યાં સુધી, નમૂના ૮ અનુસાર હોવી જોઇશે.

(૪) કોઇપણ હુકમ સામેની ફેરતપાસ માટેની અરજી, શકય હોય ત્યાં સુધી નમૂના ૯ અનુસાર હોવી જોઇશે.

(૫) અપીલની યાદી અથવા ફેરતપાસ માટેની અરજી અપીલ કરનારે અથવા અરજદારે અથવા તેના એજન્ટે, અપીલ સાંભળનાર અથવા ફેરતપાસ કરનાર સત્તાધિકારી સમક્ષ રજૂ કરવી જોઇશે અથવા રજીસ્ટર્ડ ટપાલ દ્વારા સદરહુ સત્તાધિકારીને મોકલવી જોઇશે.

૧૨. <u>જામીનગીરી આપવા બાબત.-</u> કલમ ૨૧ની પેટા કલમ (૪) અનુસાર જેના માટે જામીનગીરી આપવાનું આવશ્યક હોય તેવા દરેક અપીલ કરનારે-

(૧) અપીલ સત્તાધિકારી પોતાના સ્વવિવેકાનુસાર નકકી કરે તે રકમ માટે, તેને સ્વીકાર્ય હોય તેવા એક જામીન સહિત નું નમૂના ૧૦ મુજબનું પોતે કરી આપેલું બોન્ડ આપવું જોઇશે અને જામીને નમૂના ૧૦ પ્રમાણેનું બોન્ડ કરી આપવું જોઇશે, અથવા

(૨) ઉપર્યુકત મુજબ નકકી કરેલી રકમ કરતાં ઓછી ન હોય તેટલી બજાર કિંમતના સ્ટોક સર્ટીફીકેટો અથવા સરકારી પ્રોમિસરી નોટોના રૂપમાં અથવા સદરહુ રકમ કરતાં ઓછી ન હોય તેટલી અંકિત કિંમતના કમિશનરની તરફેણમાં યોગ્ય રીતે શેરો કરેલા નેશનલ સેવિંગ સર્ટિફિકેટો, નેશનલ પ્લાન સર્ટિફિકેટો, નેશનલ પ્લાન સેવિંગ સર્ટિફિકેટો અથવા ટ્રેઝરી સેવિંગ ડિપોઝીટ સર્ટિફિકેટોના રૂપમાં સરકારી જામીનગીરીઓ અનામત મૂકવી જોઇશે અથવા અપીલ કરનારે કરેલી અપીલના સંબંધમાં અપીલ કરનાર પાસેથી લેણી હોવાનું કમિશનર પ્રમાણિત કરે તેવી વધુમાં વધુ ઉપર્યુકત પ્રમાણે નકકી કરેલી રકમ માંગણી થયે કમિશનરને આપવાની કબૂલાત કરતી સરકારે મંજૂર કરેલી બેન્કની બાંહેધરી કમિશનરને આપવી જોઇશે.

૧૩. સંક્ષિપ્ત રીતે ના મંજૂર કરવા બાબત.- (૧) અપીલની યાદી અથવા ફેરતપાસ માટેની અરજીમાં નિયમ ૧૧ના પેટા-નિયમ (૧) હેઠળ જરૂરી હોય તેવી કોઇ વિગત જણાવી ન હોય અથવા તેની સાથે નિયમ ૧૧ના પેટા-નિયમ (૨)માં જણાવ્યા પ્રમાણે જેની વિરૂધ્ધ તે કરવામાં આવી હોય તે હુકમ અથવા તેની યોગ્ય રીતે પ્રમાણિત કરેલી નકલ રાખી ન હોય, તો તે અપીલ અથવા ફેરતપાસ અરજી સંક્ષિપ્ત રીતે ના મંજૂર કરી શકાશે:

પરંતુ, અપીલ કરનારને અથવા અરજદારને અપીલની યાદી સુધારવાની વાજબી તક આપી હોય તે સિવાય, આ પેટા-નિયમ હેઠળ અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી સંક્ષિપ્ત રીતે નામંજૂર કરી શકાશે નહિ.

(૨) પેટા-નિયમ (૧)માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના અપીલ સાંભળનાર અથવા ફેરતપાસ કરનાર સત્તાધિકારી પૂરતા ગણે તેવા અને અપીલ, અપીલીય અથવા ફેરતપાસ સત્તાધિકારીએ લખી લીધા હોય તેવા કારણે, અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી સંક્ષિપ્ત રીતે નામંજૂર કરી શકાશે.

INDEX

પરંતુ આ પેટા-નિયમ હેઠળ અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી સંક્ષિપ્ત રીતે ના મંજૂર કરતો હુકમ કરવામાં આવે તે પહેલા , યથાપ્રસંગ, અપીલ કરનારને અથવા અરજદારને કહી સાંભળવાની વાજબી તક આપવી જોઇશે.

૧૪. સુનવણી.- (૧) (ક) અપીલ અથવા ફેરતપાસ સત્તાધિકારી અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી સંક્ષિપ્ત રીતે ના મંજૂર કરે તો, તેમણે સુનવણી માટે તારીખ નકકી કરવી જોઇશે. એવી રીતે નકકી કરેલી તારીખ, જે તારીખે તેની જાણ અપીલ કરનારને અથવા અરજદારને અથવા તેના એજન્ટને અથવા અપીલ કરનારે કે અરજદારે રોકેલા વકીલને કરવામાં આવે તે તારીખથી દસ દિવસ કરતાં વહેલી હોવી જોઇશે નહિ.

પરંતુ અપીલ કરનાર અથવા અરજદાર અથવા તેના એજન્ટ અથવા તેણે રોકેલા વકીલ બીજો પક્ષ, હોય તો તેની સહમતિ લઇને લેખિત કબૂલાત આપે, તો સુનાવણી માટે ઉપર જણાવ્યા પ્રમાણેની તારીખ કરતાં વહેલી તારીખ નકકી કરી શકાશે.

(ખ) ઉપયુકત સત્તાધિકારી લેખિતમાં પૂરતા કારણોની નોંધ કરીને અપીલ અથવા ફેરતપાસ માટેની અરજીની સુનવણી કોઇપણ તબકકે તેજ દિવસે જુદા જુદા સમયે અથવા બીજા કોઇપણ દિવસે મુલતવી રાખી શકશે.

(૨) સુનાવણી માટે નકકી કરેલી તારીખે અને સમયે અથવા બીજી જે તારીખે અથવા જે સમયે સુનાવણી મુલતવી રાખવામાં આવે તે તારીખે અને તે સમયે યથાપ્રસંગ, અપીલ કરનાર અથવા અરજદાર જાતે અથવા એજન્ટ મારફત સદરહુ સત્તાધિકારી સમક્ષ હાજર ન થાય તો, સદરહુ સત્તાધિકારી, અપીલ અથવા અરજી કાઢી નાંખી શકશે અથવા પોતાને યોગ્ય લાગે તે રીતે તેનો એકતરફી નિર્ણય કરી શકશે.

પરંતુ જે તારીખે આ પેટા-નિયમ હેઠળ અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી કાઢી નાંખી હોય અથવા તેનો એકતરફી નિર્ણય કર્યો હોય તે તારીખથી ૩૦ દિવસની અંદર, યથાપ્રસંગ, અપીલ કરનાર અથવા અરજદાર તે હુકમ રદ કરવા માટે અપીલીય અથવા ફેરતપાસ સત્તાધિકારીને અરજી કરે અને તેને એવી બાતરી આપે કે સુનાવણીની તારીખની બજાર તેને યોગ્ય રીતે આપવામાં આવી નહોતી અથવા યથાપ્રસંગ, અપીલ અથવા ફેરતપાસ માટેની અરજી સુનાવણી માટે લેવામાં આવી ત્યારે, તે પૂરતા કારણસર હાજર રહી શકયો ન હોતો, તો સદરહુ સત્તાધિકારીએ, પોતે યોગ્ય ગણે તેવી શરતોએ અરજી કાઢી નાંખવાનો અથવા એકતરફી નિર્ણય રદ કરતો હુકમ કરવો જોઇશે અને અપીલ અથવા ફેરતપાસ માટેની અરજીની કાર્યવાહી માટે તારીખ નકકી કરવી જોઇશે.

૧૫. <u>પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતને નોટિસ.-</u> (૧) અપીલીય અથવા ફેરતપાસ સત્તાધિકારી, અપીલ કરનાર અથવા અરજદાર અથવા બીજી કોઇ વ્યકિતને પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય તેવી અપીલમાં અથવા ફેરતપાસમાં હુકમ કરે તે પહેલાં, તેણે નમૂના ૧૧ મુજબ આવી વ્યકિત ઉપર નોટિસ બજાવવી જોઇશે અને તેને સુનાવણીની વાજબી તક આપવી જોઇશે.

INDEX

(૨) કમિશ્નર અને કમિશ્નરના દરજ્જા કરતાં ઉતરતા દરજ્જાના જે અધિકારીને કલમ-૨૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ કમિશ્નરની સત્તા સોંપવામાં આવી હોય તે અધિકારી, આવી કાર્યવાહીનો પક્ષકાર હોય તેવી વ્યકિતને પ્રતિકૂળ અસર થવાનો સંભવ હોય, તેવો સદરહુ કલમ હેઠળ કોઇ હુકમ કરે તે પહેલાં, તેણે એવી વ્યકિતા ઉપર નમૂના ૧૧ મુજબ નોટિસ બજાવવી જોઇશે અને તેને સુનાવણીની વ્યાજબી તક આપવી પડશે.

૧૬. અપીલ કરનારને અથવા અરજદારને અને સંબંધિત અધિકારીને હુકમની નકલ આપવા બાબત.- અપીલ અથવા ફેરતપાસમાં કરેલા હુકમની નકલ, અપીલ કરનારને અથવા અરજદારને અથવા તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલા બીજા કોઇ એજન્ટને અથવા પોતાના ધંધાના સંબંધમાં તેણે કાયમી નોકરીએ રાખેલી વ્યકિતને અથવા પોતાની સાથે રહેતા કુટુંબના કોઇ પુખ્ત વયના સભ્યને અથવા તેનાથી પ્રતિકૂળ અસર થયેલી કોઇ બીજી વ્યકિતને, વિના મૂલ્યે આપવી જોઇશે અને કલમ ૨૨ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) હેઠળ કરેલા કોઇ હુકમની નકલ, એવી કાર્યવાહીઓના પક્ષકારને અથવા પોતે યોગ્ય રીતે અધિકૃત કરેલા બીજા કોઇ એજન્ટને અથવા તેના ધંધાના સંબંધમાં તેણે કાયમી નોકરીએ રાખેલી વ્યકિતને અથવા તેની સાથે રહેતા પોતાના કુટુંબના કોઇ પુખ્ત વયના સભ્યને અથવા તેનાથી પ્રતિકૂળ અસર થયેલી બીજી કોઇ વ્યકિતને વિના મૂલ્યે આપવી જોઇશે અને બીજી નકલ, જે અધિકારીનો હુકમ સંબંધિત કાર્યવાહીનો વિષય બન્યો હોય તેને મોકલવી જોઇશે.

૧૭. ભૂલ સુધારવા માટેની નોટીસ.- કલમ-૨૭ હેઠળ આપવાની જરૂરી હોય તેવી નોટિસ, નમૂના ૧૨ મુજબ હોવી જોઇશે.

૧૮. રિફંડ મંજૂર કરતો હુકમ.- કમિશ્નરને એવી ખાતરી થાય કે કોઇ વ્યકિતનું રિફંડ લેણું પડે છે, ત્યારે તે રિફંડની રકમ દર્શાવતો હુકમ દફતારમાં નોંધશે અને સંબંધિત વ્યકિતને તે બાબતની જાણ કરશે.

૧૯. રિફંડ ચૂકવણી હુકમ.- નિયમ-૧૮ હેઠળ રિફંડ માટેનો હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે કમિશ્નર અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અથવા દંડને લીધે કોઇ વ્યકિતા પાસેથી લેણી ચૂકવણી સામે રિફંડની રકમ મજરે આપે તે સિવાય, કમિશ્નરે, નમૂના ૧૩ મુજબ રિફંડ ચૂકવણીનો હુકમ તેને કાઢી આપવો જોઇશે અને સાથોસાથ તેની એક નકલ સંબંધિત તિજોરી અધિકારીને અથવા ભારતીય સ્ટેટ બેન્કની સંબંધિત શાખાને અથવા સૌરાષ્ટ્ર સ્ટેટ બેન્કની સંબંધિત શાખાને મોકલવી જોઇશે.

૨૦. માંડવાળની રકમ સ્વીકારવા બાબતનો હુકમ.- (૧) કલમ ૪૧ હેઠળ કમિશ્નર ગુનાની માંડવાળ પેટે કોઇ વ્યકિતા પાસેથી કોઇ રકમ સ્વીકારે ત્યારે, તેણે.-

(ક) માંડવાળની રકમ તરીકે નકકી કરેલી રકમ,

(ખ) જે તારીખે અથવા જે તારીખ પહેલા સરકારી તિજોરીમાં રકમ ભરવી જોઇએ તે તારીખ,

(ગ) જેની સમક્ષ અને જે તારીખે અથવા જે તારીખ પહેલા પહોંચવાળુ ચલન આવી ચૂકવણીની સાબિતી રૂપે રજૂ કરવું જોઇએ તે સત્તાધિકારી અને તારીખ, અને

INDEX

(ઘ) જે તારીખે અથવા જે તારીખ પહેલા વ્યકિતએ કમિશ્નરને તે હકીકતનો રિપોર્ટ કરવો જોઇએ તે તારીખ,

નમૂના ૧૪માં તે નિર્દિષ્ટ કરીને તે અર્થે જાણ કરવી જોઇશે.

(૨) કમિશ્નરે, જે વ્યકિત પાસેથી સદરહુ રકમ માંડવાળ પેટે સ્વીકારી હોય તેને અને પેટા-નિયમ (૧)ના ખંડ (ગ)માં ઉલ્લેખ સત્તાધિકારીને પણ એવા હુકમની નકલ મોકલવી જોઇશે.

૨૧. <u>નિયમોના ભંગ માટે દંડ.-</u> માલિક દ્વારા આ નિયમો પૈકી કોઇપણ નિયમનો ભંગ, આ નિયમ હેઠળ ગુનો ગણાશે અને તે દોષિત ઠર્યે, બે હજાર રૂપિયા સુધીના દંડની શિક્ષાને પાત્ર થશે અને ગુનો ચાલુ રહે તો, ગુનો ચાલુ રહે તે દરમિયાન, રોજના સો રૂપિયા કરતાં વધુ ન હોય તેટલા દંડની શિક્ષાને પાત્ર થશે.

નમૂનો-૧

(જુઓ નિયમ ૪ (૧))

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૯ હેઠળ લાઇસન્સ માટેની અરજી.

પ્રતિ,

કમિશ્નર,

.....

હું ..... જે ..... ના નામથી જાણીતી પેઢીનો એકમાત્ર માલિક/પેઢીનો ભાગીદાર/કંપનીના ડિરેકટર/સેક્રેટરી/એસોસીએશનનો સભ્ય છું, અને ..... સ્થળે રજિસ્ટર થયેલ ઓફિસ ધરાવું છું. જે/જેઓ ..... સ્થળે આવેલી .... તરીકે જાણીતા કારખાના/યુનિટના માલિકો છીએ જેઓને તેમના નો માલિક છું જેને તેના વતી અરજી કરવા માટે અધિકૃત કર્યા હતા તે, આથી, સદરહુ કારખાનામાં ખાંડ બનાવવામાં અથવા સદરહુ યુનિટમાં ખાંડસરી ખાંડના ઉત્પાદનમાં શેરડીનો ઉપયોગ કરવાના હેતુ માટે તે ખરીદવા માટે ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ હેઠળ લાઇસન્સ માટે અરજી કરું છું.

૨. લાઇસન્સ આપવા માટેની ફી તરીકે પચાસ રૂપિયાની ફી આ અરજી સાથે મોકલી છે.

૩. કારખાના/યુનિટનું સરનામું :

ગામ અથવા નગર :
પોસ્ટ ઓફિસ :
તાલુકો :
જિલ્લો :
નજીકનું રેલ્વે સ્ટેશન :

INDEX

૪. નીચેનાનું નામ અને પૂરેપુરૂ રહેઠાણનું સરનામું :

૧. એકમાત્ર માલિક.
૨. પેઢીના તમામ ભાગીદારો.
૩. કંપનીના ડિરેકટરો અને મેનેજર, સેક્રેટરી અને મુખ્ય કારોબારી અધિકારી.
૪. એસોસીએશનના અધ્યક્ષ અને સેક્રેટરી અને એસોસીએશનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો.

હું ઉપર જણાવેલ અરજદાર, પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે ઉપર કરેલા નિવેદનો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

અરજદારની સહી.

તારીખ .....

સ્થળપ્રત

લાઇસન્સ માટે ..... ની પાસેથી ..... તારીખની પચાસ રૂપિયાની ફી સાથેની અરજી મળી છે.

કમિશ્નર,
(આ સ્થળપ્રત અરજદારને આપવી)

તારીખ .....

નંબર ..... તારીખ .....

આ લાઇસન્સ, આથી તારીખ ..... થી ૩૦મી સપ્ટેમ્બર, ૧૯..... સુધી ફરી તાજું કરી આપવામાં આવ્યું છે.

સિક્કો.

.....
ખરીદવેરા કમિશ્નર,
(શેરડી)

નમૂનો-૨

(જુઓ નિયમ- ૪ (૨))

કારખાનામાં અથવા યુનિટમાં ખાંડ બનાવવામાં અથવા ઉત્પાદન કરવામાં શેરડીનો ઉપયોગ કરવાના હેતુ માટે તેની ખરીદી કરવા માટે કલમ ૯ હેઠળનું લાઇસન્સ.

લાઇસન્સ નંબર.....
તારીખ.....

INDEX

શ્રી/મેસર્સ ..... ખાતે આવેલી .....
..... (કારખાના/યુનિટના) માલિકોને, આથી, અધિનિયમની અને તે હેઠળ કરેલા નિયમોની જોગવાઇઓને અને નીચેની શરતોને આધીન રહીને, કારખાનામાં/યુનિટમાં ખાંડ બનાવવામાં અથવા તેનું ઉત્પાદન કરવામાં શેરડીનો ઉપયોગ કરવાના હેતુ માટે તેની ખરીદી કરવા માટે ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૯ હેઠળ લાઇસન્સ આપવામાં આવે છે :-

શરતો :- (૧) માલિકે, ખરીદેલ શેરડીનાં જથ્થાનો, વાપરેલ શેરડીના જથ્થાનો અને બનાવેલ ખાંડના જથ્થાનો અથવા ઉત્પાદન કરેલી ખાંડસરી ખાંડનાં જથ્થાનો રોજેરોજનો ખરો હિસાબ રાખવો જોઇશે.

(૨) માલિકે, ખરીદવેરા અધિકારી (શેરડી)ને, જે મહિનાને લગતું પત્રક હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદરનું માસિક પત્રક પૂરું પાડવું જોઇશે,

(૩) પત્રક મુજબ ભરવાપાત્ર વેરાની રકમ જે મહિનાને લગતી ચૂકવણી હોય તે મહિનાના અંતથી ત્રીસ દિવસની અંદર ભરવી જોઇશે.

(૪) માલિકે, માસિક પત્રક ઉપર આકારેલ વેરાની રકમ અને પત્રક અનુસાર ભરેલા વેરાની રકમ એ બે વચ્ચેનો તફાવત, હોય તો તે, તે માટે છૂટ આપેલ સમયની અંદર ભરવો જોઇશે.

(૫) માલિકે, અધિનિયમના હેતુઓ માટે, કમિશ્નર ફરમાવે તેવી માહિતી અને તેઓ દસ્તાવેજો કમિશ્નરને પૂરા પાડવા જોઇશે.

(૬) માલિકે, અધિનિયમની જોગવાઇઓનું અને તે હેઠળ કરેલા નિયમોનું પાલન કરવું જોઇશે.

આ લાઇસન્સ, અધિનિયમની જોગવાઇઓ અનુસાર અગાઉ રદ કરવામાં ન આવ્યું હોય તો, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯..... સુધી અમલમાં ચાલુ રહેશે.

સિક્કો

.....
ખરીદવેરા અધિકારી,
(શેરડી)

તાજુ કરી આપવા બાબત

નં..... તારીખ .....
લાઇસન્સ, આથી તારીખ ..... થી ૩૦મી સપ્ટેમ્બર, ૧૯.... સુધી તાજુ કરી આપવામાં આવશે.

સિક્કો

.....
ખરીદવેરા કમિશ્નર,
(શેરડી)

નમૂનો-૩
(જુઓ નિયમ ૩ :૬:)
લાઇસન્સ તાજુ કરાવવા માટેની અરજી

લાઇસન્સ નંબર .....

પ્રતિ,
કમિશ્નર,
.....

હું ..... જે ..... તરીકે ઓળખાતી

INDEX

પેઢીનો એકમાત્ર માલિક/પેઢીનો ભાગીદાર/કંપનીનો ડિરેક્ટર/સેક્રેટરી/એસોસીએશનનો સભ્ય છું અને ..... ખાતે પોતાની રજિસ્ટર્ડ ઓફિસ ધરાવતા ..... ખાતે આવેલી .... તરીકે ઓળખાતા કારખાનાનો/યુનિટનો માલિક છું/છીએ/તેમને/તેમને તે અર્થે અરજી કરવાનો અધિકૃત કર્યા હોઇને, આથી, સદરહુ કારખાનામાં ખાંડ બનાવવામાં/સદરહુ યુનિટમાં ખાંડસરી ખાંડના ઉત્પાદનમાં શેરડીનો ઉપયોગ કરવાના હેતુ માટે તેની ખરીદી કરવા માટે ગુજરાત શેરડી ઉપર ખરીદી વેરા અધિનિયમ, ૧૯૮૯ હેઠળ આપેલ લાઇસન્સ નંબર ..... તારીખ ..... તાજુ કરવા માટે અરજી કરી છે.

૨. તાજુ કરવા માટેની રૂપિયા દસની ફી આ સાથે મોકલું છું.

તારીખ .....

.....
અરજદારની સહી.

(આ અરજીની સાથે મૂળ લાઇસન્સ જોડવું).

સ્થળપ્રત

લાઇસન્સ નંબર .....

દસ રૂપિયાની ફી સાથે ..... ની પાસેથી તારીખ ..... નું લાઇસન્સ તાજુ કરવા માટેની અરજી મળી છે.

તારીખ .....

.....
કમિશ્નર.

(આ સ્થળપ્રત અરજદારને આપવી).

નમૂનો-૪

(જુઓ નિયમ ૫)

આ લેખ દ્વારા તમો સર્વેને જણાવવામાં આવે છે કે, હું ..... નો ક. ખ. (અહીં પેઢી, કંપની, વગેરેનું નામ જણાવવું) ગુજરાત રાજ્ય સરકારની સત્તા વાપરતા, ગુજરાતના રાજ્યપાલની (જેનો આમાં હવે પછી ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે જે શબ્દપ્રયોગમાં સંદર્ભથી અન્યથા જણાતા રામવામાં અથવા વિરૂધ્ધનું હોય તો તે સિવાય તેમાં તેના હોદ્દાની રૂએ તેના અનુગામીઓ અને એસાઇનીઓનો સમાવેશ કરવામાં આવે છે તેમની) સાથે, સરકારને આપવાની રૂપિયા ..... (રૂ.....)ની રકમ માટે ચોકકસપણે બંધાઉં છું. જેના માટે આ લેખ દ્વારા તે રકમ પૂરેપૂરી અને બરેબરી રીતે ભરવા માટે હું મારી જાતે, મારા વારસો, સદરહુ ..... (અહીં પેઢી, કંપની વગેરેના નામ જણાવવા)

INDEX

પોતે જાતે, તેના વારસો, એકઝીકયુટરો, વહીવટકર્તાઓ અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ.

અને ઉપર્યુકત પ્રમાણે બંધાયેલ ક. મ. એ ગુજરાત શેરડી ઉપર મારીદવેરા નિયમો, ૧૯૯૩ (જેનો આમાં હવે ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના નમૂના ૧ મુજબ, ગુજરાત શેરડી, ઉપર મારીદવેરા અધિનિયમ, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૯ હેઠળ લાઇસન્સ આપવા માટે અરજી કરી છે અને તે શરતો હેઠળ તેને લાઇસન્સ આપવામાં આવ્યું હતું તે શરતોએ બંધાવા માટે કબૂલ થાઉં છું.

અને ઉપર્યુકત પ્રમાણે બંધાયેલ ક. મ. નો સદરહુ અધિનિયમ, હેઠળ લાઇસન્સ આપ્યું છે અને આ અધિનિયમ હેઠળ ભરવાના વેરા, વ્યાજ અને દંડની યોગ્ય વસુલાત માટે, આ હેતુ માટે લાઇસન્સમાં નિર્દિષ્ટ કરેલી શરતોએ બંધાવા કબૂલ થાઉં છું.

અને સદરહુ ક.મ. ને, અધિનિયમની કલમ ૭ની પેટા-કલમ (૧) (૨) હેઠળની મારીદી માટે સદરહુ, અધિનિયમ હેઠળની જવાબદારીઓ સદરહુ ક. મ. દ્વારા યોગ્ય રીતે અદા કરી શકે તે અને સદરહુ ક. મ. અથવા તેના હાથ નીચે કામ કરતી વ્યકિત અથવા જેને માટે તે જવાબદાર હોય તેવી વ્યકિતએ સદરહુ અધિનિયમ હેઠળ જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરવામાં ચૂક અથવા કસૂરને કારણે કોઇ રીતે ભોગવવો પડે, વેઠવો પડે અથવા ભરવા પડે તેવા તમામ નુકશાન, ખર્ચ અથવા વ્યય સામે સરકારને ખાતરી આપવાના અને ક્ષતિપૂર્તિ કરી આપવાના હેતુ માટે રૂપિયા ..... (રૂ.....)ની ઉપર જણાવેલી રકમ માટે સરકારની તરફેણમાં જામીન સહિતનું ખત કરવાનું ફરમાવવામાં આવ્યું છે.

હવે, ઉપર લખેલા ખતની શરતો એવી છે કે સદરહુ ક.મ. સદરહુ અધિનિયમ હેઠળ આપેલું લાઇસન્સ તે ધરાવતો હોય ત્યારે હંમેશા સદરહુ અધિનિયમ હેઠળની જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરી હોય અને સદરહુ ક. મ. તેના વારસો, એકઝીકયુટરો અથવા વહીવટકર્તાઓ સદરહુ અધિનિયમની જોગવાઇઓ હેઠળ તેની પાસેથી લેણી નીકળતી રકમો મારીદવેરા કમિશ્નર, અમદાવાદ અથવા આ સંબંધમાં શેરડી ઉપર મારીદ વેરા કમિશ્નરની સત્તા સોંપવામાં આવી હોય તેવા કોઇ અધિકારી સદરહુ ક. મ. પાસેથી એવી રકમની લેખિત માંગણી કર્યા પછી અને સદરહુ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ઠરાવેલી રીતે સદરહુ ક. મ. ઉપર તે માંગણીપત્રક બજાવ્યા પછી ઠરાવેલા સમયની અંદર સરકારને ભરે અથવા ભરાવે અને જે મુદતની અંદર સદરહુ ક.મ. સદરહુ અધિનિયમ હેઠળ વેરો, વ્યાજ અને દંડ ભરવા માટે જવાબદાર હોય તે મુદત દરમિયાન આ પછી કોઇપણ સમયે અથવા સમયોએ સદરહુ ક. મ.ના અથવા તેના હાથ નીચે કામ કરતી અથવા જેમને માટે તે જવાબદાર હોય તેવી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓના કોઇ કાર્યને કારણે અથવા તેની નાદારીના કારણે તમામ સમયે સરકારને ક્ષતિપૂર્તિ કરી આપે અને તમામ અને દરેક નૂકશાન ખર્ચ અથવા વ્યયમાંથી મૂકત રાખે, તો આ જુમ્મેદારી નિરર્થક થશે અને બિન અમલી બનશે અને અન્યથા તે જુમ્મેદારી સંપૂર્ણપણે અમલમાં અને ચાલુ રહેશે.

INDEX

અને આથી વધુમાં એમ કબુલ કરવામાં આવે છે કે, સદરહુ ક.મ. યથાપ્રસંગ, મૃત્યુ પામે અથવા વિસર્જન થાય અથવા નાદાર ઠરે અથવા ભાગલા પડે અથવા આટોપી લેવામાં આવે તે પ્રસંગે અથવા સદરહુ અધિનિયમ હેઠળ સદરહુ ક.મ. ની જવાબદારીનો આખરી અંત આવે ત્યારે અન્યથા આ ખત સદરહુ ક.મ. ના અથવા ઉપર્યુકત એવી કોઇ બીજી વ્યકિત અથવા વ્યકિતઓના કાર્ય અથવા કસુરને કારણે સરકારને ભોગવવા પડયા હોય, થયા હોય અથવા આપ્યા હોય તેવા અને યથાપ્રસંગ સદરહુ ક.મ. ના મૃત્યુ અથવા વિસર્જન નાદારી/ભાગલા અથવા આટોપી લીધા પછી અથવા સદરહુ અધિનિયમ હેઠળ સદરહુ ક.મ. ની જવાબદારી પૂરી થતાં સુધીમાં વસૂલ કરી શકાયા ન હોય તેવા કોઇ નુકશાન, ખર્ચ અથવા વ્યય વસૂલ કરવા માટે શેરડી ખરીદવેરા કમિશ્નર, અમદાવાદ અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલ અધિકારી પાસે રહેશે:

પરંતુ હંમેશા ઉપર્યુકત પ્રમાણેના ખોટ અથવા નુકશાની વસૂલ કરવા માટેના બીજા કોઇ હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય આ ખત હેઠળ ભરવા જોગ રકમ જમીન મહેસૂલી બાકી તરીકે વસૂલ કરવાની સરકારને સત્તા રહેશે.

આની શાખરૂપે સદરહુ ક. ખ. ના વતી સદરહુ ક. ખ./ ગ. ધ. એ આજરોજ સન ૧૯..... ના મહિનાની ..... તારીખે આની ઉપર પોતાની સહી કરી છે.

ઉપર જણાવેલ ક. ખ./ ગ. ધ. એ ની હાજરીમાં સહી કરી સોંપ્યું.

(૧) (સાક્ષીનું નામ) .....

(સરનામું) .....

(સહી) .....

(૨) (સાક્ષીનું નામ) .....

(સરનામું) .....

(સહી) .....

(અરજદારની સહી)

હું ..... ઉપર જણાવેલ ક. ખ. .... ના જામીન તરીકે મારી જાતને જાહેર કરું છું અને બાંયધરી આપું છું કે તે તેમ કરવામાં કસુર કરે તે બાબતમાં ઉપર પ્રમાણે કરવાને અને બજાવવાનું હાથ ધરવામાં તેની/તેમની કસુર થયે તે તેમાં જણાવેલ બધું કરશે અને બજાવશે. તેમ કરવામાં કસુર કરે તે બાબતમાં હું ઉપર જણાવેલ સદરહુ ક.મ. રૂપિયા .... રૂ..... ની રકમ જે પોતે જાતે પોતે

INDEX

આપવાને બંધાયેલ હોય તે રકમ, અથવા એવી કસૂરના કારણે જે રાજ્ય સરકારની કારોબારી સત્તા વાપરવા ગુજરાતના રાજ્યપાલ (જેનો આમાં હવે પછી, ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને ભોગવવી પડે તેવી ખોટ અથવા નુકશાનને પહોંચી વળવા માટે શેરડી મરીદવેરા કમિશ્નર, અમદાવાદને અથવા આ અર્થે તેણે, યોગ્ય રીતે અધિકૃત કરેલા અધિકારીને પૂરતી જણાય તેવી બીજી ઓછી રકમ, સરકાર દાખલ કરવાને મારી જાતે રાજ્યપાલ સાથે આથી બંધાઉ છું.

અને હું કબુલ થાઉં છું કે સરકાર, સરકારના બીજા કોઇ હક અથવા ઉપાયને બાધ આવ્યા સિવાય, સદરહુ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

અને હું એમ પણ કબૂલ થાઉં છું કે સદરહુ શેરડી મરીદવેરા કમિશ્નર, અમદાવાદને તેની જામીનગીરી સમાપ્ત કરવાના પોતાના ઈરાદાની છ અંગ્રેજી મહિનાની લેખિત નોટિસ આપ્યા સિવાય, તેમ કરીશ નહિ, અને આ મુદ્દા હેઠળની મારી જવાબદારી, સદરહુ મહિનાની મુદત પૂરી ન થાય ત્યાં સુધી સદરહુ ક.મ. ના પક્ષે થયેલ તમામ કાર્યો કસૂરો અને નાદારીઓના સંબંધમાં ચાલુ રહેશે.

આજ તારીખ ..... માહે ..... સને ૧૯..... ના રોજ નીચેનાની હાજરીમાં જામીને સહી કરી છે.

(૧) (સાક્ષીનું નામ) .....

(સરનામું) .....

(સહી) .....

(૨) (સાક્ષીનું નામ) .....

(સરનામું) .....

(સહી) .....

(જામીનની સહી).

નમૂનો-૫

(નિયમ - ૬)

પત્રકનો નમૂનો

લાઇસન્સ નંબર.....

સન ૧૯..... ના ..... મહિના માટેનું પત્રક.

INDEX

કારખાના/યુનિટનું નામ _____

માલિકનું નામ _____

સરનામું _____

		કિલોગ્રામ
૧.	શેરડી	
	૧. આ પત્રક જે મહિનાને લગતું હોય તે મહિના પછી આવતા મહિનાના અંતે શેરડીનો જથ્થો.	
	૨. મહિના દરમિયાન ખરીદી કર્યા સિવાય કારખાના/યુનિટમાં મળેલી શેરડી	_____
	૩. _____ મહિના દરમિયાન ખરીદેલી શેરડી	
	કુલ	_____
	૪. મહિના દરમિયાન પીલેલી શેરડી	_____
	૫. મહિનાના અંતે શેરડીનો જથ્થો	_____
૨.	તૈયાર માંડ	
	૧. આ પત્રક જે મહિનાને લગતું હોય તે પછીના મહિનાના અંતે જથ્થો	_____
	૨. મહિના દરમિયાન ઉત્પાદન કરેલો જથ્થો	_____
	૩. મહિના દરમિયાન રવાના કરેલો જથ્થો	_____
	૪. મહિનાના અંતે જથ્થો	_____
૩.	શેરડીની ખરીદી ઉપર વેરાની ગણતરી.	
	૧. મહિના દરમિયાન ખરીદેલી શેરડીનો જથ્થો	_____
	૨. બાદ: કલમ ૪૮ હેઠળ વેરાપાત્ર ન હોય તેવી ખરીદીઓ	_____
	૩. સિલક	_____
	૪. બાદ: નિયમ ૭ સાથે વાંચતાં અધિનિયમની કલમ-૩ની પેટા-કલમ (૩) હેઠળ બાદ કરેલ ટકા	_____
	૫. જેના ઉપર વેરો ભરવાપાત્ર હોય તે સિલક	_____
	૬. ઉપર બાબત નં.૫માં શેરડીના જથ્થા ઉપર લેણા વેરાની રકમ.	_____

INDEX

૭. જેમાં વેરાની રકમ જમા કરાવવાની હોય તે સરકારી તિજોરીનું નામ _____

૮. ચલન નંબર અને તારીખ ચલન નંબર. _____

તારીખ. _____

હું _____ ઉપરના કારખાના/ઉપરના યુનિટનો માલિક/માલિકે અધિકૃત કરેલ હોઇને આથી પ્રતિજ્ઞાપૂર્વક જાહેર કરું છું કે ઉપર જણાવેલી વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

સહી _____

પત્રકમાં સહી કરનાર વ્યકિતનો હોદ્દો

તારીખ _____

પ્રતિ,

_____

_____

_____

નમૂનો-૬

ચલન

મૂળ નકલ

(ભરનાર માટે)

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯

(જુઓ નિયમ ૮)

૧૨. વેચાણવેરા-રાજ્ય વેચાણવેરા અધિનિયમ હેઠળના વેરા.

બીજી ચીજવસ્તુઓ ...

તારીખ _____ થી _____ સુધીની મુદત માટે _____ _____ ની તિજોરી/પેટા-તિજોરીમાં ભરવામાં આવેલો વેરો, વ્યાજ, દંડ અને માંડવાળ તરીકે નકકી કરેલી રકમનું ચલન.

INDEX

કોણે આપેલા તે _____

_____* ને ખાતે ભરવામાં આવેલા નાણા.

_____ રકમ
(આંકડામાં)
રૂ. પૈ.

જે વ્યકિતની વતી નાણાં ભરવામાં આવ્યા હોય તેનું નામ અને સરનામું

_____

_____

લાઇસન્સ નંબર _____

(ક) ખરીદવેરો
(ખ) વધારાનો વેરો
(ગ) વ્યાજ
(ઘ) દંડ
(ચ) કલમ ૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલ રકમ.

રૂપિયા (શબ્દોમાં) _____

તારીખ _____ માલિકની સહી

* ખરીદવેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમ અલગ રીતે નોંધવી.

_____

(તિજોરીના ઉપયોગ માટે)

૧. રૂ.(આંકડામાં) _____ (રૂપિયા) (શબ્દોમાં) _____
નું ભરણું મળ્યું છે.

૨. નોંધ્યા તારીખ _____
ચલન નંબર _____

(તિજોરી અધિકારી)

કોષાધ્યક્ષ

_____

નમૂનો-૬

ચલન

બીજી નકલ
(કમિશ્નરને મોકલવી)

ગુજરાત શેરડી ઉપર વેચાણવેરા અધિનિયમ, ૧૯૮૯.
(જુઓ નિયમ ૮)

૧૨. વેચાણવેરો રાજય-વેચાણવેરા અધિનિયમ હેઠળનો વેરો.
બીજી ચીજ વસ્તુઓ.

INDEX

તારીખ _____ થી _____ સુધીની મુદત માટે તિજોરી/પેટા-તિજોરીમાં ભરવામાં આવેલા વેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમનું ચલન.

કોણે આપેલા તે _____

_____ * ને ખાતે ભરવામાં આવેલ નાણા.

	રકમ (આંકડામાં) રૂા.પૈ.
જે વ્યકિત વતી નાણા ભરવામાં આવ્યા હોય તેનું નામ અને સરનામું _____ _____	(ક) મરીદવેરો _____
	(ખ) વધારાનો વેરો _____
	(ગ) વ્યાજ _____
લાઇસન્સ નંબર _____	(ઘ) દંડ _____
	(ચ) કલમ-૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલી રકમ. _____

રૂપિયા (શબ્દોમાં) _____

તારીખ _____

માલિકની સહી

* અહીં મરીદવેરો, વ્યાજ અને દંડ માંડવાળની રકમ અલગ રીતે નોંધવી.

_____

(તિજોરીના ઉપયોગ માટે)

૧. રૂા._____ (આંકડામાં) રૂપિયા _____ _____ (શબ્દોમાં) નું ભરણું મળ્યું છે.

૨. નોંધ્યા તારીખ _____

ચલણ નંબર _____

તિજોરી અધિકારી

કોષાધ્યક્ષ

_____

INDEX

નમૂનો-૬

ત્રીજી નકલ
(તિજોરી માટે)

ચલન

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯
(જુઓ નિયમ ૮)

૧૨. લેચાણવેરો રાજ્ય લેચાણવેરા અધિનિયમ હેઠળનો વેરો.
બીજી ચીજ વસ્તુઓ .

તારીખ _____ થી _____ સુધીની મુદત માટે _____ ની તિજોરી/પેટા-તિજોરીમાં ભરવામાં આવેલ વેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમનું ચલન.

કોણે આપેલા તે _____ _____ * ને ખાતે ભરવામાં આવેલા નાણા.

	રકમ (આંકડામાં) રૂ. પૈ.
જે વ્યકિત વતી નાણાં ભરવામાં આવ્યા હોય તેનું નામ અને સરનામું. _____	(ક) ખરીદવેરો _____
	(ખ) વધારાનો વેરો _____
	(ગ) વ્યાજ _____
	(ઘ) દંડ _____
લાઇસન્સ નંબર _____	(ચ) કલમ ૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલી રકમ.
રૂપિયા (શબ્દોમાં) _____	
તારીખ _____	

માલિકની સહી.

* અહીં ખરીદવેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમ અલગ રીતે નોંધવી.

(તિજોરીના ઉપયોગ માટે)

૧. રૂ. _____ (આંકડામાં) રૂપિયા _____ _____ (શબ્દોમાં) નું ભરણું મળ્યું છે.

૨. નોંધ્યા તારીખ _____

ચલન નંબર _____

તિજોરી અધિકારી

કોષાધ્યક્ષ

INDEX

નમૂનો-૬

ચલન

ચોથી નકલ

(તિજોરીએ કમિશ્નરને મોકલવી)

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯.

(જુઓ નિયમ-૮)

૧૨. વેચાણવેરો-રાજ્ય વેચાણવેરા અધિનિયમ હેઠળના વેરા બીજી ચીજ વસ્તુઓ.

તારીખ _____ થી _____ સુધીની મુદત માટે _____ _____ ની તિજોરી/પેટા-તિજોરીમાં ભરવામાં આવેલો વેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમનું ચલન.

કોણે આપેલા તે _____ * ને ખાતે ભરવામાં આવેલ નાણાં

_____

	રકમ (આંકડામાં) રૂ. પૈસા
જે વ્યકિતની વતી નાણાં ભરવામાં આવ્યા હોય તેનું નામ અને સરનામું.	(ક) ખરીદવેરો _____
_____	(ખ) વધારાનો વેરો _____
_____	(ગ) વ્યાજ _____
લાઇસન્સ નંબર _____	(ઘ) દંડ _____
_____	(ચ) કલમ-૪૧ હેઠળ માંડવાળ તરીકે નકકી કરેલ રકમ.

રૂપિયા (શબ્દોમાં) _____

તારીખ _____

માલિકની સહી

* અહીં ખરીદવેરો, વ્યાજ, દંડ અને માંડવાળની રકમ અલગ રીતે નોંધવી.

(તિજોરીના ઉપયોગ માટે)

૧. રૂ._____ (આંકડામાં) રૂપિયા _____ _____ (શબ્દોમાં)નું ભરણું મળ્યું છે.

૨. નોંધ્યા તારીખ _____

ચલન નંબર _____

તિજોરી અધિકારી.

કોષાધ્યક્ષ

_____

INDEX

નમૂનો-૭

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૧૩ની પેટા-કલમ (૪) હેઠળની નોટીસ

(જુઓ નિયમ-૯)

પ્રતિ,

(નામ) .....

(સરનામું) .....

તમો કારખાના અથવા યુનિટના માલિક તરીકે લાઇસન્સ નંબર ..... ધરાવો છો.

અને ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૧૩ હેઠળ .... મહિના માટેનું પત્રક તમે પૂરું પાડ્યું છે.

અને પત્રક મુજબ તમારે ભરવાની વેરાની રકમ રૂ..... સદરહુ અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૨) થી ફરમાવ્યા પ્રમાણે ભરી નથી.

અને પત્રક અનુસાર ભરવાની બાકી હોય તેવી વેરાની રકમ રૂ..... દર્શાવતી પહોંચવાળા ચલનની નકલ, સદરહુ કલમ ૧૩ની પેટા કલમ (૨)થી ફરમાવ્યા પ્રમાણે સામેલ કરેલ નથી.

અને પત્રક અનુસાર હોય અને સદરહુ કલમ ૧૩ની પેટા કલમ (૨) હેઠળ ભરવાનું ફરમાવ્યું હોય તેવી રૂ..... ની વેરાની રકમ સામે ફકત રૂ..... ની રકમ ભર્યાનું દર્શાવતા પહોંચવાળા ચલનની રકમ પૂરી પાડી છે.

તેથી, હવે, તમને આથી પત્રક અનુસાર રૂ..... ની વેરાની રકમની ચૂકવણી કરવાનું ફરમાવવામાં આવે છે.

સરકારી તિજોરીમાં સરકારના ખાતે પત્રક અનુસાર વેરાની રકમ ભર્યાનું દર્શાવતી પહોંચવાળી ચલનની નકલ પૂરી પાડવી.

સરકારી તિજોરીમાં સરકારના ખાતે પત્રક અને પત્રકની સાથે જોડેલ ચલનમાં દર્શાવેલ રકમના તફાવતની ચૂકવણી કરવી.

સરકારી તિજોરીમાં સરકારના ખાતે આ નોટીસ બજાવ્યાની તારીખથી પંદર દિવસની અંદર અને આવી ચૂકવણી કર્યા અંગેનું ચલન, ઉપયુકત પંદર દિવસ પૂરા થયા પછી સાત દિવસની અંદર કમિશ્નરને મોકલવું અને તેમ કરવામાં ચૂક થયે સદરહુ રકમ, તમારી પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવામાં આવશે.

૩. તમને આથી જાણ કરવામાં આવે છે કે જો તમે વાજબી કારણ વિના ઉપયુકત વેરાની રકમ નહિ ભરો તો, અધિનિયમની કલમ-૧૭ની પેટા-કલમ (૨) હેઠળ તમારા ઉપર દંડ નાંખી શકાશે.

INDEX

તમને આથી, એમ પણ જણાવવામાં આવે છે કે જો તમે ઉપર્યુકત વેરાની રકમ ભરવાનું ચૂકશો તો તમે અધિનિયમની કલમ ૧૮ની પેટા-કલમ (૧) હેઠળ ભરવાપાત્ર વેરાની રકમ, અધિનિયમની કલમ ૧૩ની પેટા-કલમ (૧) હેઠળ પત્રક રજૂ કરવા માટેના છેલ્લા દિવસની તરતજ પછીની તારીખથી લેણા વેરાની રકમની ચૂકવણી કરવામાં આવે ત્યાં સુધી, દરેક મહિનાની રકમ ઉપર મહિના દીઠ બે ટકાના દરે, લેણી થતી રકમ ઉપર સાદુ વ્યાજ ભરવું પડશે.

સિકકો સહી .....

સ્થળ ..... કમિશ્નર

તારીખ .....

નમૂનો-૮

(જુઓ નિયમ-૧૧)

(કોર્ટ-ફી સ્ટેમ્પ માટે જગ્યા)

ગુજરાત શેરડી ઉપર મરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૨૧ હેઠળ અપીલ અથવા બીજી અપીલ

(અહીં ચૉંટાડેલ કોર્ટ-ફી સ્ટેમ્પની રકમ જણાવવી).

પ્રતિ,

_____

_____

જેની વિરૂધ્ધ અપીલ કરી હોય તે હુકમની તારીખ _____

હુકમ મળ્યાની તારીખ _____ છૂટ આપેલા સમયની અંદર અપીલ/બીજી અપીલ કરી ન હોય તો તે માટેના કારણો :-

હુકમ કરનાર અધિકારીનું નામ અને હોદ્દો _____

૧. માંગણાની નોટિસ, હોય તો તે, આ સાથે જોડેલી છે.

૨. જે હુકમ વિરૂધ્ધ અપીલ કરી હોય તેની પ્રમાણિત નકલ આ સાથે જોડી છે.

૩. વિવાદાસ્પદ વેરાની અને/અથવા દંડની રકમ _____

૪. કેસોની હકીકતોનું પત્રક _____

(જરૂર હોય તો જુદો કાગળ જોડવો)

INDEX

૫. અપીલ કરનારે જે હુકમ વિરૂધ્ધ અપીલ કરી હોય તે હેઠળ આકારેલો વેરો અને/અથવા નાખેલો દંડ ભર્યો છે જેની વિગતો નીચે મુજબ છે :-

૬. _____ એ કરેલા હુકમ વિરૂધ્ધ અપીલ કરનારની પહેલી અપીલ _____ એ ના મંજૂર કરી છે/કાઢી નાંખી છે/અંશતઃ દાખલ કરી છે.

૭. અપીલ કરનારે કોઇ સત્તાધિકારી સમક્ષ કોઇપણ સમયે ઉપર્યુકત હુકમ વિરૂધ્ધ અપીલ દાખલ કરી નથી.

૮.આ અપીલના હેતુ માટે જે કારણો ઉપર આધાર રાખતા હોય તે અહીં દાખલ કરવા. (જરૂર હોય તો જુદો કાગળ જોડવો.)

૯. આ અપીલ કરનાર, તેથી,અરજ કરે છે કે :-

ઉપર જણાવેલા અપીલ કરનાર _____

આથી જાહેર કરે છે કે આમાં જે કાંઇ જણાવ્યું છે તે પોતાની પૂરી જાણ અને માન્યતા મુજબ ખરું છે.

આજ તારીખ _____ માહે _____ સન _____

સહી _____

(અપીલ કરનારે અથવા આ અર્થે અપીલ કરનારે લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલા એજન્ટે સહી કરવી)

અપીલ કરનારનું પૂરેપૂરું સરનામું :-

_____

_____

_____

_____

નોંધ :- વિવાદાસ્પદ રકમ એટલે દંડ સાથે અથવા તે સિવાય વેરાની અથવા દંડ માગ્યો હોય તો તેની રકમ અને વેપારીએ પોતે ભરવાનું કબૂલ કરેલી રકમ અથવા દંડ સાથે અથવા તે સિવાય વેરાની અથવા દંડ પાછો આપ્યો હોય તો તેની રકમ અને પોતાને પરત મળવાપાત્ર રકમ તરીકે માલિકે માંગેલી રકમ એ બે વચ્ચેનો તફાવત.

નોંધ :- જરૂર ન હોય તે મજકૂર છેકો નાંખવો.

INDEX

નમૂનો - ૯

(જુઓ નિયમ-૧૧)

(કોર્ટ ફી સ્ટેમ્પ માટેની જગ્યા)

ગુજરાત શેરડી ઉપર ખરીદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ-૨૨ હેઠળ
ફેરતપાસ માટેની અરજી.

(અહીં ચોંટાડેલા કોર્ટ ફી-સ્ટેમ્પની રકમ જણાવવી.)

પ્રતિ,

_____

_____

જે હુકમની વિરૂધ્ધ અરજી કરી હોય તેની તારીખ .....

હુકમ મળ્યાની તારીખ .....

..... છૂટ આપેલા સમયની અંદર ફેરતપાસ માટે અરજી કરી ન હોય તો તેનાં કારણો :-

હુકમ કરનાર અધિકારીનું નામ તથા હોદ્દો .....

૧. માંગણાની નોટીસ હોય તો તે, આ સાથે જોડી છે.

૨. જે હુકમ વિરૂધ્ધ ફેરતપાસ માટેની અરજી કરી હોય તેની પ્રમાણિત નકલ આ સાથે જોડી છે.

૩. વિવાદાસ્પદ વેરાની અને/અથવા દંડની રકમ.

૪. અરજદારે જે હુકમ વિરૂધ્ધ અરજી કરી હોય તે હેઠળ આકારેલો ફરી આકારેલા વેરો અને/ અથવા નાંખેલો કોઇ દંડ ભર્યો છે જેની વિગતો નીચે મુજબ છે :-

૫. કેસની હકીકતોનું પત્રક.
(જરૂર હોય તો જુદો કાગળ જોડવો)

૬. મદદનીશ કમિશ્નરે કરેલા હુકમ વિરૂધ્ધ અરજદારની અપીલ કમિશ્નરે નામંજૂર કરી છે/કાઢી નાખી છે/તેમાં ફેરફાર કર્યો છે/અંશતઃ મંજૂર કરી છે અથવા સદરહુ હુકમમાં ફેરફાર કર્યો છે.

૭. અરજદારે કોઇ સત્તાધિકારી સમક્ષ કોઇપણ સમયે ઉપર્યુકત હુકમ વિરૂધ્ધ ફેરતપાસ માટે અરજી કરી નથી.

૮. ફેરતપાસ માટેની આ અરજીના હેતુ માટે જે કારણો ઉપર આધાર-રાખતા હોય તે અહીં લખવા.
(જરૂર હોય તો જુદો કાગળ જોડવો)

INDEX

૯. અરજદાર તેથી અરજ કરે છે કે-

ઉપર જણાવેલ અરજદાર ..... આથી જાહેર કરે છે કે આમાં જે કોઇ જણાવ્યું છે તે પોતાની પૂરી જાણ અને માન્યતા મુજબ મરું છે.

સહી.....

(અરજદારે અથવા અરજદારે આ અર્થે લેખિતમાં યોગ્ય રીતે અધિકૃત કરેલા એજન્ટે સહી કરવી).

આજ તારીખ ..... માહે ..... સન .....

અરજદારનું પૂરેપૂરું સરનામું.

નોંધ :- વિવાદાસ્પદ રકમ એટલે દંડ સાથે અથવા તે સિવાય વેરાની અથવા દંડ માંગ્યો હોય તો તેની રકમ અને વેપારીએ પોતે ભરવાનું કબૂલ કરેલી રકમ અથવા દંડ સાથે અથવા તે સિવાય વેરાની અથવા દંડ પાછો આપ્યો હોય તો તેની રકમ, અને પોતાને પરત મળવાપાત્ર રકમ તરીકે માલિકે માંગેલી રકમ એ બે વચ્ચેનો તફાવત.

નમૂનો-૧૦

(જુઓ નિયમ-૧૨)

જામીનગીરીબાંધ

આ લેખ દ્વારા તમો સર્વેને જણાવવામાં આવે છે કે હું ..... નો ક.મ. ગુજરાત રાજ્ય સરકારની કારોબારી સત્તા વાપરતા, ગુજરાતના રાજ્યપાલની (જેમાં આમાં હવે પછી ''સરકાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે અને જે શબ્દપ્રયોગમાં સંદર્ભ દ્વારા બાકાત રાખવામાં આવે અથવા તે ઉપર બાધ આવતો હોય તો તે સિવાયના તેના હોદ્દાના અનુગામીઓનો અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે તેમની) સાથે સરકારને આપવાના રૂપિયા ..... (રૂ.....)ની રકમ માટે ઓકડસપણે બંધાઉં છુ જેના માટે આ લેખ દ્વારા હું મારી જાતે, મારા વારસો, એકઝીકયુટરો, વહીવટકર્તાઓ અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ.

અને ઉપરોકત પ્રમાણે બંધાયેલા ક. મ. એ ગુજરાત શેરડી ઉપર મરોદવેરા અધિનિયમ, ૧૯૮૯ની કલમ ૨૧ હેઠળ અપીલ કરી છે.

INDEX

અને સદરહુ ક. મ. ને સદરહુ અધિનિયમની કલમ ૨૧ની પેટા-કલમ (૪) અનુસાર સદરહુ ક.મ. સદરહુ અધિનિયમ હેઠળની જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરી શકે તે માટે અને સદરહુ ક.મ. ને અથવા તેના હાથ નીચે કામ કરતી અથવા જેને માટે તે જવાબદાર હોય તેવી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓએ સદરહુ અધિનિયમ હેઠળની જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરવામાં કરેલી ચૂક અથવા કસૂરને કારણે સરકારને કોઇ રીતે ભોગવવા પડે, વેઠવા પડે અથવા આપવા પડે તેવા તમામ નુકશાન, ખર્ચ અથવા વ્યય સામે સરકારને ખાતરી આપવાના અને ક્ષતિપૂર્તિ કરી આપવાના હેતુ માટે ..... ની ઉપર જણાવેલી રકમ માટે સરકારની તરફેણમાં જામીન સહિતનું બોન્ડ આપવાનું ફરમાવવામાં આવ્યું છે.

હવે, ઉપર લખેલ બોન્ડની શરત એવી છે કે સદરહુ ક.મ. એ હંમેશાં સદરહુ અધિનિયમ હેઠળની જવાબદારીઓ યોગ્ય રીતે અદા કરી હોય તો, અને સદરહુ ક.મ. તેના વારસો, એકઝીકયુટરો અથવા વહીવટકર્તાઓ સદરહુ અધિનિયમની જોગવાઇઓ હેઠળ તેની પાસેથી લેણી નીકળતી રકમ અમદાવાદના વેચાણવેરા કમિશ્નર અથવા આ સંબંધી વેચાણવેરા કમિશ્નરની સત્તા સોંપવામાં આવી હોય તેવા કોઇ અધિકારી, સદરહુ ક. મ. પાસેથી એવી રકમની લેખિત માંગણી કર્યા પછી અને સદરહુ અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમો હેઠળ ઠરાવેલી રીતે સદરહુ ક. મ. ઉપર તે બજાવ્યા પછી ઠરાવેલા સમયની અંદર, સરકારને ભરે અથવા ભરાવે અને જે મુદતમાં સદરહુ ક. મ. સદરહુ અધિનિયમ હેઠળ વેરો ભરવાને જવાબદાર થયો હોય તે મુદત દરમિયાન હવે પછી કોઇપણ સમયે અથવા સમયોએ સદરહુ ક. મ. ના અથવા તેના હાથ નીચે કામ કરતી અથવા જેમને માટે તે જવાબદાર હોય તેવી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓના કોઇ કાર્યને કારણે અથવા તેની જવાબદારીના કારણે સરકારે ભોગવ્યા હોય, વેઠયા હોય અથવા આપ્યા હોય અથવા સરકાર ભોગવે, વેઠે અથવા આપે અથવા સરકારને વેઠવા પડે, ભોગવવા પડે અથવા આપવા પડે તેવા તમામ અને દરેક નુકશાન ખર્ચ અથવા વ્યવમાંથી તમામ સમયે સરકારને ક્ષતિપૂર્તિ કરી આપે અને તેમને નુકશાનમાંથી મુકત રાખે, તો જુમ્મેદારી નિરર્થક થશે અને બિન અમલી બનશે અને અન્યથા તે જુમ્મેદારી સંપૂર્ણપણે અમલમાં અને ચાલુ રહેશે.

અને આથી, વધુમાં એમ કબુલ કરવામાં આવે છે કે સદરહુ ક. મ. મૃત્યુ પામે ત્યારે અથવા સદરહુ અધિનિયમ હેઠળ સદરહુ ક. મ. ની જવાબદારીઓના આખરી અંત આવે ત્યારે અથવા બીજી રીતે આ મકતા સદરહુ ક. મ. ના અથવા ઉપર્યુકત પ્રમાણેની બીજી કોઇ વ્યકિત અથવા વ્યકિતઓના કાર્યો અથવા કસૂરને કારણે સરકારને ભોગવવા પડયા હોય/ચૂકવ્યા હોય અથવા આપ્યા હોય તેવા અને તેનું મૃત્યુ થતા સુધીમાં અથવા અધિનિયમ હેઠળની સદરહુ ક. મ. ની જવાબદારી પૂરી થતાં વસુલ કરી શકાયા ન હોય તેવા કોઇ મોંટું ખર્ચ અથવા વ્યય વસુલ કરવા માટે ..... મહિના સુધી કમિશ્નર, અમદાવાદ અથવા તેનો આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા અધિકારી, પાસે રહેશે.

INDEX

પરંતુ હંમેશાં ઉપર્યુકત પ્રમાણેના ખોટ અથવા નુકશાની વસૂલ કરવા માટેના બીજા કોઇ હક અથવા ઉપાયોને બાધ આવ્યા સિવાય આ મત હેઠળ ભરવાપાત્ર રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની સરકારને સત્તા રહેશે.

આની સાખ રૂપે ક. ખ. એ આજરોજ સન ૧૯..... મહિનાની ..... તારીખે આની ઉપર પોતાની સહી કરી છે.

POLICE CONSTABLE (ARMED BRANCH) CLASS-III, IN THE GUJARAT SUB_ ORDINATE SERVICE, IN THE POLICE DEPARTMENT, RECRUITMENT RULES, 1993.

પોલીસ ખાતામાં, ગુજરાત તાબાની સેવામાં, પોલીસ કોન્સ્ટેબલ (હથિયારધારી શાખા) વર્ગ-૩ ની ભરતી બાબતના નિયમો, ૧૯૯૩ સંબંધી

જાહેરનામું.

ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૧૯૯૩

INDEX

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક:જીજી-૧૪૯-આરસીટી-૧૦૯૧-૩૭૪૨-(૧)-સી :- મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઇના ૨૨ મા) ની કલમ-૫ ના ખંડ (બ) થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિધીમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, પોલીસ ખાતામાં, ગુજરાત તાબાની સેવામાં, પોલીસ કોન્સ્ટેબલ (હથિયારધારી શાખા) વર્ગ-૩ની જગ્યા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઇ કરવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો 'પોલીસ ખાતામાં, ગુજરાત તાબાની સેવામાં, પોલીસ કોન્સ્ટેબલ (હથિયારધારી શાખા) વર્ગ-૩ ના ભરતી નિયમો, ૧૯૯૩' કહેવાશે.

૨. પોલીસ ખાતામાં, ગુજરાત તાબાની સેવા, વર્ગ-૩ માં પોલીસ કોન્સ્ટેબલ (હથિયારધારી શાખા) ની જગ્યા ઉપરની નિમણૂંક સીધી પસંદગીથી કરવામાં આવશે.

૩. નિયમ ૨ માં દર્શાવેલી જગ્યા ઉપર સીધી ભરતીથી નિમણૂંકને પાત્ર થવા માટે ઉમેદવાર, -

(ક) બાવીસ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહી.

પરંતુ મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિ આદિજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારની બાબતમાં પાંચ વર્ષ સુધી ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે અને કોમ્બેટન્ટ (યુધ્ધક્ષેત્રે ફરજ બજાવનાર) એકમમાંથી નિવૃત લશ્કરી કર્મચારીની બાબતમાં પિસ્તાલીસ વર્ષ સુધી, અને નિવૃત્ત લશ્કરી કર્મચારી જેઓને -

૧. બોમ્બ અને સ્ફોટક પદાર્થનું સંચાલન કરવાનું ખાસ જ્ઞાન હોય, અથવા

૨. ઝડપી અગ્નિશસ્ત્રોનું સંચાલન કરવામાં નિષ્ણાત હોય, અથવા

૩. જે હથિયારો રીપેર કરી શકે તેમ હોય અથવા જેણે સશસ્ત્ર દળોમાં શસ્ત્રો બનાવનાર તરીકે કામ કર્યું હોય, અથવા

૪. ભારતીય લશ્કરની અશ્વસેના એકમમાં નાળ બાંધનારાઓ, સેવર્સ, રિસાલદાર અથવા રિસાલદાર-મેજર તરીકે કામ કર્યું હોય, અથવા

૫. લશ્કરમાં બેન્ડ લાવવા-લઇ જવામાં અથવા સંદેશા વ્યવહારમાં કામ કર્યું હોય,

તેની બાબતમાં, સુડતાલીસ વર્ષ સુધી ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) જેણે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવેલી માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા અથવા તેની સમકક્ષ પરીક્ષા પાસ કરી હોય,

(ગ) ઉંચાઇ ૧૬૨ સેન્ટીમીટર (મૂળ ગુજરાતના અનુસૂચિત આદિજાતિના ઉમેદવારની બાબતમાં, ૧૫૭ સેન્ટીમીટર) કરતાં ઓછી હોવી જોઇએ નહી.

(ઘ) ઓછામાં ઓછી ૫ સેન્ટીમીટરની પૂરી ફૂલાવેલી છાતી, સાથે છાતીનું માપ ૭૭ સેન્ટીમીટર કરતાં ઓછું હોવું જોઇએ નહી, અને

(ચ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ, પરતું,

INDEX

૧. હળવા અને ભારે મોટર વાહનો ચલાવવાનું જાણતો હોય અને તે માટેનું ડ્રાઇવીંગ લાઇસન્સ ધરાવતો હોય, અથવા

૨. અંગ્રેજી અથવા ગુજરાતી ટાઇપ કામ, માસ કરીને, મિનિટ દીઠ ૨૦ શબ્દોથી ઓછી ન હોય તેટલી ઝડપે ગુજરાતી ટાઇપ કામ જાણતો હોય, અને રાજય પરીક્ષા બોર્ડ એનાયત કરેલ સરકારી વાણિજય પ્રમાણપત્ર ધરાવતો હોય, અથવા

૩. તરવાનું જાણતો હોય, અથવા

૪. સાયકલ ચલાવવાનું જાણતો હોય,

તે ઉમેદવારને પ્રથમ પસંદગી આપી શકાશે.

વધુમાં કોમ્બેટન્ટ એકમમાંથી નિવૃત્ત થયેલ લશ્કરી કર્મચારી હોય અથવા આ નિયમોના નિયમ ૩ ના પેટા-નિયમ (૬) ના પરંતુકમાં જણાવ્યા પ્રમાણે માસ જ્ઞાન પૈકી કોઇપણ માસ જ્ઞાન ધરાવતા નિવૃત્ત લશ્કરી કર્મચારી હોય તેવા ઉમેદવારની બાબતમાં જાહેર હિતમાં આ નિયમો, હળવા કરી શકાશે.

૪. પસંદ થયેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૫. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર વખતો વખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને પ્રોબેશનની મુદત દરમિયાન પરીક્ષા પાસ કરવી પડશે.

૬. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર, વખતો વખત ઠરાવે તેવા નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

૭. સરકારી ખર્ચે તાલીમ લીધી હોય તેવા પસંદ થયેલ ઉમેદવારે, ત્રણ વર્ષની મુદત સુધી સરકારી નોકરી કરવી પડશે અને સરકાર વખતો વખત ઠરાવે તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરાં પાડવા પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.આર.મોદી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩ ના ગુજરાત

INDEX

સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૬૨-ડીવીપી-૩૦૯૩-૬૬૧-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૩

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૬૨-ડીવીપી-૩૦૯૩-૬૬૧-એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૮૮ ના સરકારી જાહેરનામાં ક્રમાંક:જીએચ-વી-૧૯૮૮નો ૧૫૩-ડીવીપી-૩૦૮૬-૨૭૦૩(૮૮)-એલ હેઠળ મંજૂર કરેલી ગોધરા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ-૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી -

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઇપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામાં ક્રમાંક:જીએચ-વી-૧૯૮૮નો ૧૫૩-ડીવીપી-૩૦૮૬-૨૭૦૩(૮૮)-એલ થી મંજૂર કરેલી ગોધરાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

INDEX

૧. ગોધરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે ABCDEA તારીકે નિશાની કરેલી, ''ઔદ્યોગિકઝોન'માટે મુકરર કરેલી, ગોધરાના મહેસૂલી સરવે નંબર ૪૮૭/૨/એ (૧-એ-૨૧-૭) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ '' રહેણાંકના ઝોન'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૩

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૩ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૩૯-ડીવીપી-૨૨૯૦-૩૪૬૫ (૯૩)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૦મી નવેમ્બર, ૧૯૯૩

INDEX

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૨૩૯-ડીવીપી-૨૨૯૦-૩૪૬૫-(૯૩)એલ :- ઇડર વિસ્તાર વિકાસ સત્તામંડળે (ઇડર નગર પંચાયતો) (જિલ્લો સાબરકાંઠા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ સત્તામંડળ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ માં) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઇઓ હેઠળ, સદરહુ અધિનિયમની કલમ-૧૩(૧) હેઠળ તેની નગર પંચાયતની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી ''સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો હતો અને પ્રસિધ્ધ કર્યો હતો અને સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સુચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૨૬મી ઓકટોબર, ૧૯૮૯ ના ગુજરાત સરકારી રાજપત્રના ભાગ-૨ પ્રકીર્ણ અને જાહેરખબર, સેન્ટ્રલ સેકશનમાં પાના નંબર ૪૨૫ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી,

અને ગુજરાત નગરરચના અને શહેરી અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઇઓ હેઠળ સદરહુ સત્તામંડળ (નગર પંચાયતો) રાજય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો (જેનો આમાં હવે પછી, ''સદરહુ ફેરફારો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું,

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૧૭ ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફાર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩ ના સરકારી જાહેરનામાં ક્રમાંક:જીએચ-વી-૧૯૯૩નો ૬૫-ડીવીપી-૨૨૯૦-૧૭૧૫ (૯૩) એલ હેઠળ, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૩ ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર, ભાગ-૪ બી ના પાના નંબર ૪૪-૨ થી ૪૪-૬ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઇ વ્યકિતને વાંધા અથવા સુચનો કોઇ હોય તો તે, તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૩ નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું,

અને ગુજરાત સરકારે, સદરહુ ફેરફારોના સંબંધમાં પોતાને મળેલાં સુચનો અને વાંધા વિચારણામાં લીધા છે,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૧૭ ની પેટા-કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી -

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે,

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે, અને

(ગ) સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો અમલમાં આવવાની તારીખ તરીકે તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૩ નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

ગુજરાત સરકારે આમરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના ઇડર વિસ્તાર વિકાસ સત્તામંડળ (ઇડર નગર પંચાયત) ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફાર.

૧. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે મુકર કરેલ, આ સાથે જોડેલા પ્લાન પર સી.ટી.એસ.નંબર:૫૭૬૦વાળી જમીન અને આ સાથેના પ્લાનમાં A B C D નિશાની કરેલ આજુબાજુની ખુલ્લી જમીન, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (બ) હેઠળ ''ખુલ્લી જગા'' માટે અનામત રાખવી.

૨. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ''સ્યુએજ ફાર્મ'' માટે અનામત રાખેલ, આ સાથે જોડેલા પ્લાનમાં H I J K L H નિશાની કરેલ, ઇડર-વલસાના માર્ગની ઉત્તર બાજુ પર મ.સ.નં.૧૭૭ પૈકી અને ૧૭૬ પૈકીની જમીન, અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૩. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ''બડડ વિસ્તાર'' તરીકે મુકરર કરેલ, આ સાથે જોડેલ પ્લાનમાં N M O P Q R N તરીકે નિશાની કરેલ, મહેસૂલી સરવે નંબર:૩૮ પૈકી, ૪૦ પૈકી, ૪૨, ૪૩ પૈકી અને ૪૪ પૈકીની જમીન સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ કૃષિવિષયક ઉપયોગ માટે મુકરર કરવી.

૪. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર:૧૬૭વાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ કૃષિવિષયક ઉપયોગ માટે મુકરર કરવી.

૫. ઇડરની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિવિષયક ઉપયોગ માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં A_1 A_2 A_3 A_4 A_5 તરીકે નિશાની કરેલ મહેસૂલી સરવે નંબર ૨૫૨, ૨૫૩ વિગેરેવાળી જમીન, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૬. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં D_1 D_2 D_3 D_1 તરીકે નિશાની કરેલ નંબર વગરની જમીન, સદરહુ ઉપયોગમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૭. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ''પાકીંગ'' માટે અનામત રાખેલા આ સાથે જોડેલા પ્લાનમાં B_3 B_4 B_5 B_6 B_3 તરીકે નિશાની કરેલ એસ.ટી.એસ.નંબર:પરપલ્વાળી ખુલ્લી જમીનની પટ્ટી સદરહુ અનામતમાંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ''રહેણાંકના ઉપયોગ'' માટે મુકરર કરવી.

૮. વિકાસ યોજનાના મુસદ્દામાં ''પાકીંગ'' માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં C_1 C_2 C_3 C_4 C_1 તરીકે નિશાની કરેલ મહેસૂલી સરવે નંબર ૧૧૧ (ગામતળ) ની આગળના ભાગમાંની જમીનની પટ્ટી, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૯. ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, '' ખુલ્લી જગ્યા અને મનોરંજન'' માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં, મહેસૂલી સરવે નંબર ૬૧/૧ પૈકીની જમીન, અનામતમાંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૦.ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ''ખુલ્લી જગ્યા'' માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં F_1 F_2 F_3 F_4 F_1 તરીકે નિશાની કરેલ મહેસૂલી સરવે નંબર ૧૧૧ (ગામતળ) ની આગળના ભાગની ખૂણાની જમીનની પટ્ટી, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૧.ઇડરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં સમાવિષ્ટ કરેલ વિકાસ નિયંત્રણ વિનિયમના વિનિયમ ક્રમાંક ૭ પછી, વાણિજ્યિક અને ઔદ્યોગિક વિકાસ સંબંધી નીચેનો નવો વિનિયમ ક્રમાંક:૭-ક ઉમેરવો :

૭.ક.

૭.ક.૧ વાણિજ્યિક ઉપયોગ માટે,

(૧) નાના વર્કશોપ, નાના કારખાના, દવાખાનું, પોસ્ટ ઓફીસ, બેંક, પ્રસુતિ ગૃહ, હોટેલ, રેસ્ટોરન્ટ, શિશુ શાળાના બાંધકામ માટે ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર, ૩૩૩ ચોરસ મિટરનો હોવો જોઇશે.

(૨) કોમ્યુનીટી હોલ માટેનો ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર, ૫૦૦ ચોરસ મિટરનો હોવો જોઇશે.

(૩) લેકચર હોલ, શાળા, કે.જી.સ્કૂલ, મોટર રીપેરીંગ ગેરેજ, સર્વિસ સ્ટેશન સાથે કે તે સિવાયના પેટ્રોલ પંપ માટેનો ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર, ૧૦૦૦ ચોરસ મિટરનો હોવો જોઇશે.

INDEX

(૪) કોમર્શીયલ સેન્ટર, હોટેલ, રેસ્ટોરાં, હોસ્પિટલ, કોમ્યુનીટી હોલ, સંગીતનો હોલ, કોમ્યુનીટી રીલીજીયસ (ધાર્મિક) બીલ્ડીંગ (મકાનો), હાઇસ્કૂલ, કોલેજ, નર્સીંગ હોમ, પોસ્ટ ઓફીસ, બેંક, શો-રૂમ અને બહુમાળી મકાનને ૧૨ મીટર અને તે કરતાં વધારે પહોળા માર્ગ ઉપર જ પરવાનગી આપવામાં આવશે.

(૫) એક જ પ્લોટમાં બાંધકામ કરેલ બે ઓછી ઉંચાઇવાળા મકાનો વચ્ચેનું ઓછામાં ઓછું અંતર, ૪.૫ મીટરનું હોવું જોઇશે.

(૬) બેંક અને ઓફીસોના બાંધકામની પરવાનગી માત્ર ભોંયતળીયે અને પ્રથમ માળ ઉપર આપવામાં આવશે, જ્યારે રહેણાંકના મકાનની પરવાનગી ઉપરના માળોએ આપવામાં આવશે.

(૭) કોમર્શીયલ સેન્ટરના વિકાસ માટે, આંતરિક માર્ગ ઓછામાં ઓછા ૭.૫ મીટર પહોળાઇ ધરાવતા લે-આઉટ પ્લાનના આંતરિક માર્ગ ઉપર દુકાનોની જરૂર હોય તો, પ્લીન્થ લેવલે ૪.૫ મીટર પહોળા આંતરિક માર્ગની સંપૂર્ણપણે વાતાનુકૂલિત બજાર અને સ્ટોલોના બાંધકામ માટે, પરવાનગી આપવામાં આવશે.

(૮) કોમર્શીયલ સેન્ટરના પ્લોટની આગળની બાજુમાં સી.ઓ.પી.ની જોગવાઇ હોવી જોઇશે. પ્લોટ એક કરતાં વધુ આગળના ભાગનો હોય તો સી.ઓ.પી.ની સ્થિતિ, યોગ્ય સત્તાધિકારીના નિર્ણય મુજબ હોવી જોઇશે. સી.ઓ.પી.ની જોગવાઇ એવી રીતે કરવામાં આવી હોય કે જેથી કરીને, પ્લોટનો આગળનો ભાગ આવરી લેવાય તે કિસ્સામાં, એક મકાનના બાંધકામ માટે, ઓછામાં ઓછી આગળની ખુલ્લી જગા ૯-૦૦ મીટરની હોવી જોઇશે.

(૯) <u>ઓરડાનું માપ અને ક્ષેત્રફળ.</u>

<u>૬. ઓફીસ.</u>

(૧) ઓફીસનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૫૦.૦૦ ચોરસ મીટર હોવું જોઇશે.

(૨) ઓફીસની કોઇપણ બાજુ ૩.૦૦ મીટર કરતાં ઓછી હોવી જોઇશે નહી.

(૩) સહિયારા પ્રવેશમાર્ગની ઓછામાં ઓછી પહોળાઇ ૧.૮ મીટરની હોવી જોઇશે.

(૪) ફ્લોર લેવલથી થાંભલાના ટોચ સુધીની ઓછામાં ઓછી ઉંચાઇ ૩ મીટર હોવી જોઇશે.

(૫) વાતાનુકૂલિત ઓફીસો માટે ફ્લોર લેવલથી થાંભલાની ટોચ સુધીની ઓછામાં ઓછી ઉંચાઇ ૨.૧ મીટર હોવી જોઇશે.

(૬) ઓફીસ અથવા શો રૂમ માટે હવાબારીનો ઓછા ઓછો વિસ્તાર અને બારીનો વિસ્તાર ૧૦% હોવો જોઇશે.

<u>૮. દુકાન.</u>

(૧) દુકાનની ઓછામાં ઓછી પહોળાઇ અને ઉંડાઇ ૩.૦૦ મીટર હોવી જોઇશે અને ઓછામાં ઓછો વિસ્તાર ૧૩.૫ મીટર હોવો જોઇશે, સ્ટોલનું ઓછામાં ઓછું માપ ૨.૪×૧.૮ મીટરનું હોવું જોઇશે.

(૨) દુકાનના ફ્લોર લેવલથી થાંભલાની ટોચ સુધીની ઓછામાં ઓછી ઉંચાઇ ૩.૦૦ મીટર હોવી જોઇશે.

INDEX

(૩) બારી અને હવાબારીનો ઓછામાં ઓછો વિસ્તાર ફ્લોર વિસ્તારના ૧૦% જેટલો હોવો જોઇશે.

૧. સ્થાનિક દુકાનો :-

(૧) સ્થાનિક દુકાનોના અર્થમાં, શાકભાજી દૂધ અને તેની બનાવટો, કટલરી, છૂટક અનાજની દુકાન, વોશીંગ કંપની, દરજીકામ, ચિનાઇમાટી, કેરોસીન, કોલસો, ફળો, આટા મીલ, તેલ ઘાણી વિગેરેની દુકાનોનો અને લોકોની રોજબરોજની જરૂરીયાતોની બીજી દુકાનોનો સમાવેશ થાય છે.

(૨) આટા મીલના બાંધકામ માટે જરૂરી ઓછામાં ઓછો વિસ્તાર, ૨૫૦ ચોરસ મીટરનો હોવો જોઇશે.

(૩) સ્થાનિક દુકાન માટેનો ઓછામાં ઓછો વિસ્તાર, ૬ ચોરસ મીટરનો હોવો જોઇશે. અને આવી દુકાનની કોઇપણ બાજુ ૨ મીટર કરતાં ઓછી હોવી જોઇશે નહી અને તેની ઓછામાં ઓછી ઉંચાઇ ૨.૭ મીટર હોવી જોઇશે.

(૪) દરેક છ દુકાનો અથવા સ્ટોલો માટે એક સંડાસ અને બે મુતરડીઓની જોગવાઇ કરવી જોઇશે. વધારામાં સ્ત્રીઓ માટે એક મુતરડીની પણ જોગવાઇ કરવી જોઇશે.

૭.૬.૨.ઔદ્યોગિક ઉપયોગ માટે.

(૧) પ્લોટના આગળની બાજુમાં ઓછામાં ઓછો માર્જિન ૪.૫ મીટરનો હોવો જોઇશે અને ઔદ્યોગિક વિકાસ માટે, ૩૩૩.૦૦ ચોરસ મીટર કરતાં ઓછા વિસ્તારવાળા પ્લોટ માટે માર્જિનની બાજુ ઓછામાં ઓછી ૩.૦ મીટર હોવી જોઇશે.

(૨) બે કરતાં વધુ માર્ગો ઉપર આવેલા મકાન માટે ઓછામાં ઓછો માર્જિન ૪.૫ મીટરનો હોવો જોઇશે.

(૩) ઔદ્યોગિક વિકાસ માટે ૩૩૩ ચોરસ મીટર (૪૦૦ ચોરસ વાર) કરતાં વધુ પણ ૧૦૦૦ ચોરસ મીટર (૧૨૦૦ ચોરસ વાર) કરતાં ઓછા વિસ્તારવાળા પ્લોટમાં આગળ ઓછામાં ઓછા ૬.૦૦ મીટર (૨૦.૦૦) ના માર્જિનની જોગવાઇ કરવી જોઇશે. બીજી તમામ બાજુઓએ ઓછામાં ઓછો ૩.૦૦ મીટર (૧૦.૦૦'') નો માર્જિનની જોગવાઇ કરવી જોઇશે.

(૪) ઔદ્યોગિક વિકાસ માટે ૧૦૦૦ ચોરસ મીટર કરતાં વધારે વિસ્તારવાળા પ્લોટની તમામ બાજુઓએ ૬.૦૦ મીટરના માર્જિનની જોગવાઇ કરવી જોઇશે.

(૫) ૧૦૦૦ ચોરસ મીટર (૧૨૦૦ ચોરસ વાર) સુધીના વિસ્તારવાળા ઔદ્યોગિક પ્લોટમાં પ્રવેશદ્વાર નજીકની માર્જિનમાં ઓકોદારની ઓરડીનું બાંધકામ, ૫.૦૦ ચોરસ મીટર (૬.૦૦ ચોરસ વાર) સુધી રાખવું જોઇશે, જ્યારે ૧૦૦૦ ચો.મી.કરતાં વધારે વિસ્તારવાળા પ્લોટમાં ઓછામાં ઓછા ૧૦.૦૦ ચોરસ મીટર (૧૨ ચોરસ વાર) ના વિસ્તારની ઓકોદારની ઓરડીની જોગવાઇ કરવી જોઇશે.

(૬) મિલો અને કારખાનાના હેતુઓના બાંધકામમાં ઓછામાં ઓછો બાંધકામ વિસ્તાર માટે પ્લોટના વિસ્તારના ૫૦% સુધી પરવાનગી આપવામાં આવશે.

INDEX

(૭) થાંભલા અથવા બોટમ પોઇન્ટ ઓફ ફ્લોડસ રૂફથી ભોંયતળિયા સુધીની ઓછામાં ઓછી ઉંચાઇ ૩.૦૦ મીટર હોવી જોઇશે.

(૮) ઔદ્યોગિક હેતુ માટેના જરૂરી ઓછામાં ઓછો વિસ્તાર ૧૩.૫ ચોરસ મીટરનો હોવો જોઇશે, જેની પહોળાઇ ૩.૦૦ મીટર કરતાં ઓછી હોવી જોઇશે નહી અને ઉંડાઇ ૪.૫ મીટર કરતાં ઓછી હોવી જોઇશે.

(૯) ઇન્ડસ્ટ્રીયલ લે-આઉટમાં આંતરિક માર્ગની ઓછામાં ઓછી પહોળાઇ ૭.૫ મીટર હોવી જોઇશે.

(૧૦) કુલ કામદારો અથવા મકાનમાં કામ કરતી વ્યકિતની સંખ્યા માટે આરોગ્યની સુવિધા માટે, વ્યકિતદીઠ ૫ ચોરસ મીટર અથવા ભોંયતળિયાના વિસ્તારના જેટલી જોગવાઇ કરવી જોઇશે.

૭.૬.૩ પેટ્રોલ પંપ, સર્વિસ સ્ટેશન અને સાર્વજનિક ગેરેજ

(૧) પેટ્રોલ પંપના બાંધકામ માટે જરૂરી ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર, ૧૦૦૦ ચોરસ મીટરનો હોવો જોઇશે.

(૨) સાર્વજનિક ગેરેજ માટે જરૂરી ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર ૮૦૦-૦૦ ચોરસ મીટરનો હોવો જોઇશે.

(૩) સર્વિસ સ્ટેશન માટે જરૂરી ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર, ૫૦૦ ચોરસ મીટરનો હોવો જોઇશે.

(૪) પેટ્રોલ પંપ, સર્વિસ સ્ટેશન અને સાર્વજનિક ગેરેજની પરવાનગી માત્ર ઓછામાં ઓછા ૧૮-૦૦ મીટર પહોળા માર્ગ ઉપર જ આપવામાં આવશે.

(૫) પ્લોટની પરિસીમાં સહીત ચોખ્ખી તમામ બાજુઓએ ઓછામાં ઓછી ૬-૦૦ મીટરની માર્જીનની જોગવાઇ કરવી જોઇશે અને બે મકાનોના એકમ વચ્ચે ઓછામાં ઓછું ૬.૦૦ મીટરનું અંતર હોવું જોઇશે.

(૬) જમીન સપાટીએ પ્લોટના ઓછામાં ઓછા ૪૦% બાંધકામ કરવાની પરવાનગી આપવામાં આવશે.

(૭) ભોંયતળિયાની સપાટીથી થાંભલા અથવા ટુસની તળિયાની સપાટી સુધીની ઓછામાં ઓછી ઉંચાઇ ૩.૬ મીટર હોવી જોઇશે.

(૮) સર્વીસ સ્ટેશન અને મોટર રીપેર ગેરેજ માટે પ્લોટની હદ સહિત કમ્પાઉન્ડ વોલનું બાંધકામ કરવું પડશે.

(૯) દરેક સર્વિસ સ્ટેશન અને સાર્વજનિક ગેરેજમાં એક સંડાસ અને એક મુતરડીની જોગવાઇ કરવી જોઇશે. મુખ્ય મકાનથી ટોઇલેટ બ્લોક છૂટો હોય તો, ટોઇલેટ માટે મુખ્ય બાંધકામથી ઓછામાં ઓછું ૩-૦૦ મીટરનું અંતર હોવું જોઇશે. વળી, પ્લોટના પરિઘથી ટોઇલેટ માટેની ઓછામાં ઓછો ૩-૦૦ મીટરનો માર્જિન હોવો જોઇશે.

૭.૬.૪.સિનેમા માટે :

(૧) સિનેમા અને થિયેટર માટે જરૂરી ઓછામાં ઓછો પ્લોટ વિસ્તાર ૨૦૦૦ ચોરસ મીટરનો હોવો જોઇશે.

INDEX

(૨) ઓછામાં ઓછા ૧૮ મીટર પહોળાઇવાળા માર્ગો ઉપર સિનેમા થિયેટરની પરવાનગી આપવામાં આવશે.

(૩) આગળનો માર્જિન ઓછામાં ઓછો ૧૨-૦૦ હોવો જોઇશે.

(૪) પ્લોટનો હદથી ૬-૦ મીટરનો પાછળ અને દરેક બાજુએ માર્જિનની જોગવાઇ કરવી જોઇશે. પરંતુ મજબૂત પ્લીન્થને બદલે, થાંભલાઓ ઉપર સમગ્ર મકાનનું બાંધકામ કરેલું હોય તો, સત્તાધિકારી, લેખિતમાં કારણોની નોંધ કરીને, ૩ મીટર સુધી બાજુની માર્જિનની જરૂરિયાતમાં છૂટછાટ મૂકી શકશે. તેમ છતાં, પ્લોટની બન્ને બાજુએ અને પાછલી બાજુએ અને પ્રથમ સ્લેબ સપાટી સુધી ૬ મીટરનો ઓછો માર્જિન હોવો જોઇશે.

(૫) તદઉપરાંત, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં જોગવાઇ કરેલા નિયમોથી મુંબઇ સિનેમા નિયમો, ૧૯૫૪ની જોગવાઇ, સિનેમા હોલના બાંધકામને લાગુ પડશે, જનતા સિનેમા, ડ્રાઇવ-ઇન-સિનેમા, ફરતા સિનેમાના બાંધકામને, મુંબઇ સિનેમા અધિનિયમ, ૧૯૫૩ ની જોગવાઇઓ લાગુ પડશે.

(૬) સિનેમા થિયેટરમાંની બેઠક, તમામ સાંકડા માર્ગોને બાકાત રાખીને ફોયરનો વિસ્તારને,૭.૨ ચોરસ મિટર (૨.૫ ચોરસ ફૂટ) દરે હોવો જોઇશે.

(૭) પ્રવેશ અને બહાર નીકળવાના રસ્તાની પહોળાઇ ઓછામાં ઓછી ૨.૦૦ મીટર હોવી જોઇશે. પાણીની ઓરડી, અલ્પાહારનો રુમ વિસ્તાર ઓછામાં ઓછો ૩.૦૦ મિટર × ૩.૦૦ મિટર (૯.૦૦ ચોરસ મિટરનો) હોવો જોઇશે.

(૮) ટિકિટ બારી ફોયરમાં રાખવી જોઇશે, જેથી કરીને, ટિકિટ ખરીદવા માંગતી વ્યકિતઓની લાઇનથી, પ્લોટ માર્જિનમાં અડચણ ન પડે.

(૯) સિનેમા માટેના પ્લોટનો આગળની બાજુમાં સી.ઓ.પી નો જોગવાઇ કરવો જોઇશે. પ્લોટને બે કરતાં વધુ આગળની જગાઓ હોય તે કિસ્સામાં, સી.ઓ.પી. ની સ્થિતિ, યોગ્ય સત્તાધિકારીના નિર્ણય પ્રમાણે રહેશે. સી.ઓ.પી. ની જોગવાઇ એવી રીતે કરવામાં આવી હોય કે જેથી કરીને પ્લાટના આગળના ભાગનો જ માત્ર સમાવેશ થતો હોય તો, મકાનના બાંધકામ માટે, આગળનો માર્જિન ઓછામાં ઓછો, ૯-૦૦ મીટર હોવો જોઇશે.

(૧૦) સિનેમા અથવા થિયેટરના દાખલામાં, પાકીંગ તરીકે અને વાહનો લઇ જવાના માર્ગો તરીકે સી.ઓ.પી.ની ૫૦% જગા વાપરવાની છૂટ આપી શકાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯૩/૩૯/એચસીટી/૧૦૯૨-ક. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURTS (GUJARAT AMENDMENT) ACT, 1993.

મુંબઇ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

જાહેરનામું

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૩.

મુંબઇ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : જીકે/૯૩/૩૯/એચસીટી/૧૦૯૨-ક.- મુંબઇ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૯મા) ની કલમ-૧ ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ અમલમાં આવવાની તારીખ તરીકે ૧લી નવેમ્બર, ૧૯૯૩ નકકી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.બી.જાડેજા,
સરકારના નાયબ સચિવ.

INDEX

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તા.૧-૧૨-૯૪થી ૩૧-૧૨-૯૪ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામા નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ-૯		
૧	૭૯	૪૫૫/૮-૧૨-૯૪ કેવી/૫૫૭/૯૪/એનપીએલ/૪૫૯૪/૪૬૦૯/એમ, તા.૫-૧૨-૯૪	૯-૧૨-૯૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.
૨	૮૦	ભા.એ.૨૯૭ જીએચએન/૨૩/જીએલઆર/૧૦૯૪/(૭૬)-ઠ, તા.૨૭-૭-૯૪	૧૬-૧૨-૯૪	નાણા વિભાગ
૩	૮૧	૪૬૬ સન ૧૯૯૪ ગુજરાત વિધેયક-૨૮ (શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિ.)	૧૭-૧૨-૯૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ.
૪	૮૨	૪૬૫ સન ૧૯૯૪-ગુજરાત વિધેયક-૨૯	૧૭-૧૨-૯૪	મહેસૂલ વિભાગ.
૫	૮૩	૪૬૭ સન ૧૯૯૪-ગુજરાત વિધેયક-૩૦	૧૭-૧૨-૯૪	શિક્ષણ વિભાગ.
૬	૮૪	૪૭૧ કેવી-૫૯૧/૯૪/એનપીએલ/૪૫૯૪/૪૬૦૯/એમ, તા.૧૭-૧૨-૯૪	૨૧-૧૨-૯૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.
૭	૮૫	૪૭૫/૧ - ૨૩-૧૨-૯૪ સન ૧૯૯૪નું વિધેયક ક્રમાંક : ૩૧	૨૩-૧૨-૯૪	વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.
૮	૮૬	૪૭૬/૧ સન ૧૯૯૪નું ગુજરાત વિધેયક ક્રમાં : ૩૨	૨૩-૧૨-૯૪	શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

એમ.આર.પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, FEBRUARY 2, 1995/MAGHA 13, 1916 No. 5

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૧મી મે, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૯૪/૬૭/બીઆરયુ/૧૦૯૪/૫૨૧(૧)એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર/૯૪/૬૭/બીઆરયુ/૧૦૯૪/૫૨૧(૧)/એમ(૩).— મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૯૬મા)ની કલમ-૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે, "મેસર્સ એલ.એમ.પી. પ્રીસીસન એન્જિનિયરીંગ કંપની લિમિટેડ, મહાદેવનગર, બીલીમોરા (ગુજરાત) " કે જેણે "ગુજરાત ઔદ્યોગિક રોકાણ કોર્પોરેશન લિમિટેડ દ્વારા આપવામાં આવેલી લોન, હોય તો, તે ભરપાઇ કરવાની છે તે, સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ, સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૩૭/૯૪/ટીટીસી/૧૦૮૮/૪૧૯૨/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારેખી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE CODE OF CRIMINAL PROCEDURE, 1973

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ ૧૯૯૪.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીજી/૩૭/૯૪/ટીટીસી/૧૦૮૮/૪૧૯૨/વી.—ગુજરાત રાજ્યને લાગુ પાડયા પ્રમાણેના ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩(સન ૧૯૭૪ના ૨ જા)ની કલમ-૨ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદમાંની તકેદારી એકમની કચેરી, પોલીસ સ્ટેશન ગણાશે અને નિર્દિષ્ટ કરે છે કે ગુજરાત રાજ્યના ન્યાય ખાતાના અધિકારીઓ અને કર્મચારીઓ સામેના લાંચરૂશ્વતના કેસો નોંધવા અને તેની તપાસ કરવા માટે સમગ્ર ગુજરાત રાજ્યમાં તેની હકૂમત રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. દેસાઈ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૫૧/એમવીએ-૧૮૮૯/૨૬૮૪-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

અ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું
ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી અપ્રિલ, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪/૫૧/એમવીએ-૧૮૮૯/૨૬૮૪/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧)થી મળેલાં સત્તાની રૂએ, અને આ અર્થે કાઢેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૧ના જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૧/૮/એમવીએ/૧૮૮૯/૨૬૮૪/ખ રદ કરીને, ગુજરાત સરકાર, સદરહું પેટા કલમ (૧)ના ખંડો (ક)થી (ઘ) ની જોગવાઈઓને લક્ષમાં લઈને આથી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને જામનગર પ્રદેશના પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા, જામનગર મ્યુનિસિપલ વાહન વ્યવહાર સેવા, જામનગર દ્વારા ચલાવવામાં આવતા સ્ટેજ કેરેજો માટે ભાડાં અને નૂર નક્કી કરવા સબંધી આદેશો કાઢે છે. ભાડાંના આ દરો, સન ૧૯૯૪ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવશે.—

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર (ઉતારૂ વેરાની રકમ સહિત) કોઈ હોય તો તે ભાડાં, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૧ અને ૨માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે, તે સમયે અમલમાં હોય તેટલા પૂરતું સદરહું અનુસૂચિના કોલમ ૩માં તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવા અધિકતમ ભાડાને અધીન રહેશે.

પરંતુ વિદ્યાર્થીદ્વારા કરવામાં આવેલી કોઈ મુસાફરીના કેસમાં, ઉપર્યુક્ત પ્રમાણેનો કોઈ વેરો લેવાપાત્ર ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું તેવા વેરાની રકમમાંથી બાકાત રાખીને, તેવી રીતે સરભર કરવી જોઈશે.

અનુસૂચિ

વિસ્તારો	રૂટ	ઉતારૂભાડા સહિત અધિકતમ ભાડું
૧.	૨.	૩.
મ્યુનિસિપલ કેન્ટોનમેન્ટ વિસ્તારો અને મંજૂરી આપેલ રૂટોવાળા* તેની લગોલગના વિસ્તારો કે જ્યાં જામનગર મહાનગર પાલિકા, જામનગર દ્વારા સ્ટેજ કેરેજ (શહેરી ઉતારૂ બસ સેવા) ચલાવવામાં આવતી હોય તે વિસ્તારો.	તમામ રૂટો	(૧) પ્રથમ ૨ કિલો મિટર અથવા તેના ભાગ માટે, રૂ. ૧.૦૦ (૨) ત્યાર પછી ૮ કિલો મીટર સુધી પછીના દરેક ૨ કિલોમિટર અથવા તેના ભાગ માટે વધુ ૨૫ પૈસા. (૩) ત્યાર પછી ૧૪ કિલો મીટર સુધી પછીના દરેક ૩ કિલો મિટર અથવા તેના તેના ભાગ માટે વધુ ૨૫ પૈસા. (૪) ત્યાર પછી, દરેક ૨ કિલો મિટર અથવા તેના ભાગ માટે વધુ ૨૫ પૈસા. પરંતુ અધિકતમ ભાડું એક રૂપિયો હોવું જોઈશે.

નોંધ:-

આ જાહેરનામામાં "ઉતારૂ" એ શબ્દનો, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૨ના ખંડ (૬) અને નિયમ ૧૧૯ના પેટા નિયમ-૧માં જે અર્થ આપવામાં આવ્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ. પાટકીયા,
સરકારના ઉપ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧લી જુન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૪-૬૮-બીઆરયુ-૧૦૯૪- ૫૨૧-(૨)-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

અ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૫૮.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર-૯૪-૬૮-બીઆરયુ-૧૦૯૪-૫૨૧-(૨)-એમ (૩).— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે—

"મેસર્સ એલ.એમ.પી. પ્રિસીસન એન્જિનીયરીંગ કંપની લિમિટેડ, બિલિમોરા (ગુજરાત) કે જેને શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૪-૬૭-બીઆરયુ-૧૦૯૪-૫૨૧-(૧) હેઠળ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું હોય તેના સંબંધમાં, સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વહોરેલ, તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (જાહેર નાણાંકીય સંસ્થા એટલે કે જી.આઈ.આઈ.સી. અમદાવાદના સંબંધમાંની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને સદરહુ રાહત અન્ડરટેકિંગના કામદારોના સંબંધમાં કાયદામાંથી ઉપસ્થિત થતી જવાબદારીઓ અને તેના અમલ માટેનો કોઈ ઉપાય મોકુફ રાખવો અને કોઈ કોર્ટ ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહી જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ, રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે, સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૭/ડીવીપી/૨૯૯૨-૧૩૦૩-(૯૪) ઓલ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

અ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT, ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૭/ડીવીપી/૨૯૯૨-૧૩૦૩-(૯૪)-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૮૦/ડીવીપી/૨૯૮૯/

INDEX

૨૫૧૩(૯૦) એલ હેઠળ મંજૂર કરેલી માંડવી (જિલ્લો : કચ્છ) નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનુ જાહેર હિતમાં જરૂરી છે, તેથી હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ના (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૯મી સપ્ટેબર, ૧૯૯૦) સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦ના ૧૯૦/ડીવીપી/૨૯૯૯/૨૫૧૩(૯૦) એલ, થી મંજૂર કરેલી માંડવી જિલ્લો કચ્છની છેવટની વિકાસ યોજનાઓનો સૂચિત ફેરફાર.

માંડવી (જિલ્લો કચ્છ)ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેની મ.સ.નં. ૧૩૮, ૧૪૦ અને ૧૪૧ વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો-૨૭૪/ડીવીપી/૩૧૯૨/૨૩૭૩/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી મે, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૪/ડીવીપી/૩૧૯૨/૨૩૭૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/૨૦૬૭/(૮૮), એલ હેઠળ મંજૂર કરેલી ભરૂચની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક :જીએચ/પી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/ ૩૧૮૬/૨૦૬૭/(૮૮)/એલ થી મંજૂર કરેલી ભરૂચની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCA' નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે મંજૂર કરેલી ભરૂચની સુધારેલી વિકાસ યોજનામાં 'ઔદ્યોગિક ઝોન' માટે મુકરર કરેલી વેજલપુર પટ્ટીની મ. સ. નં. ૪૩/પૈકી, ૪૫/પૈકી, ૪૬/પૈકી, ૪૭, ૪૮, ૪૯, ૫૦,૫૧/પૈકી, ૫૪/પૈકી અને ૫૫/પૈકી વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મૂકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે, મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :જીએચ/વી/૧૯૯૪નો-૨૬૮/ટીપીએસ/૩૧૯૨/૧૮૩૭નો/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૮/ટીપીએસ/૩૧૯૨/૧૮૩૭/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ ભરૂચ નગરપાલિકાએ નગરરચના યોજના ભરૂચ નંબર-૧ દ્વિતીય સુધારા કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, ભરૂચ નગરપાલિકાએ (જેને આમાં હવે પછી, સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગરરચના યોજના ભરૂચ નંબર-૧ તૃતીય સુધારામાં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં તૃતીય સુધારા યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી સદરહુ તૃતીય સુધારા યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી એ સદરહુ નગરપાલિકાએ સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને સદરહુ તૃતીય સુધારા યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલાં ફેરફારોને આધીન રહીને, સદરહુ તૃતીય સુધારા યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ તૃતીય સુધારા યોજના ભરૂચ નગરપાલિકાની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૨૬૭/ટીપીએસ/૩૧૮૯/૧૮૦૧/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૨૬૭/ટીપીએસ/૩૧૮૯/૧૮૦૧/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે, તે)ની કલમ ૪૧ હેઠળ ભરૂચ નગરપાલિકાએ નગરરચના યોજના ભરૂચ નંબર-૧ પ્રથમ સુધારો કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ ભરૂચ નગરપાલિકાએ (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" કહી છે તેણે) નગરરચના યોજના ભરૂચ નંબર-૧ (પ્રથમ સુધારા)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં પ્રથમ સુધારા યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ પ્રથમ સુધારા યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ નગરપાલિકાએ સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ પ્રથમ સુધારા યોજના રજૂ કરેલી;

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારો અધીન રહીને, સદરહુ પ્રથમ સુધારા યોજના મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે, સદરહુ પ્રથમ સુધારા યોજના ભરૂચ નગરપાલિકાની કચેરીમાં, તમામ કામકાજ દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા ખુલ્લી રહેશે.

અનુસૂચિ

યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારી, યોગ્ય સત્તામંડળ અને કલેકટર સાથે વિચાર વિનિમય કરીને, નગરરચના યોજના ભરૂચ નંબર-૧ના મુસદ્દાના પ્રથમ સુધારામાં સમાવિષ્ટ કરેલ મૂળ પ્લોટ નંબર ૧૫/એ માં પોતાના હિસ્સાના બદલામાં અરજદારને (સિસન્સ સરવે નંબર—૪૫૧—મહેસૂલી સરવે નંબર ૧૫૮ વાળી જમીનના ખાનગી માલિકને) છેવટનો યોગ્ય પ્લોટ ફાળવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૦૭/ડીવીપી/૨૩૮૬/૧૭૫૬ (૯૪) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂન, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ--વી--૧૯૯૪નો ૩૦૭--ડીવીપી--૨૩૮૬--૧૭૫૬-(૯૪)--એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૬-ડીવીપી--૨૩૮૭--૧૪૩--(૯૦)--એલ અને જીએચ/વી/૧૯૯૦નો ૭/ડીવીપી/૨૩૮૬/૧૪૩(૧)(૯૦) એલ હેઠળ મંજૂર કરેલ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા)ના કલમ—૧૯ની પેટા—કલમ(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

INDEX

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે :—

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/-૧૯૯૦નો ૬/ડીવીપી/૨૩૮૭/૧૪૩/--(૯૦)--એલ અને જીએચ/વી/૧૯૯૦નો ૭/ડીવીપી/૨૩૮૬/૧૪૩-(૧)--(૯૦)--એલ થી મંજૂરી કરેલી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ભાવનગર વિકાસ વિસ્તાર માટેની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "બી.એ. ડી. એ. નેબરહુડ સેન્ટર" માટે અનામત રાખેલ 'ABCDA' તરીકે નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે આશરે ૫૭,૫૦૦ ચોરસ મીટર માપનો વરતેજનો મ. સ. નં. ૩૯૭/ભાગ, ૩૯૬/ભાગ, ૩૯૫/ભાગ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ
પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૩મી જૂન, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી મે, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૯૧/એમડબલ્યુએ/૧૦૯૩/૨૮૦૧/એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, LABOUR AND EMPLOYMENT DEPARTMENT, NO. KHR-83-MWA-1093-2801-M(2), DATED THE 13TH MAY, 1994.

શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૩મી મે, ૧૯૯૪નું સરકારી જાહેરનામું.
ક્રમાંક: કેએચઆર-૮૩-એમડબલ્યુએ-૧૦૯૩-૨૮૦૧-એમ(૨) સુધારવા સંબંધી જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી મે, ૧૯૯૪.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૯૧/એમડબલ્યુએ/૧૦૯૩/૨૮૦૧./એમ (૨).—ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧ મા) ની કલમ ૨૬ની ચેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૩મી મે, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક : કેએચઆર/૮૩/એમડબલ્યુએ/૧૦૯૩/૨૮૦૧/એમ(૨) નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં પાના નંબર ૧૬/૨ ઉપર અને નવમી લીટીમાં "૧૬મી જૂન, ૧૯૯૪" ને બદલે "૧૫મી મે, ૧૯૯૪" એ પ્રમાણે વાંચવું..

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. ડી. ચાવડા,
સેકશન અધિકારી.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨જી, જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૫૯/ડીવીપી/૧૭૯૨/૩૧૩૨/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૫૯/ડીવીપી/૧૭૯૨/૩૧૩૨/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૪મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૫૫/ડીવીપી/૧૭૮૫/૫૩૫/-(૮૮)-એલ. હેઠળ મંજૂર કરેલ ડભોઈ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા) ની કલમ ૧૯૫ પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૪મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ને ૫૫/ડીવીપી/૧૭૮૫/૫૩૫/(૮૮)--એલ, થી મંજૂર કરેલ ડભોઈની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર. ડભોઈની મંજૂર-કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "ઉપયોગ અને સેવા (એસ. ટી.)" તરીકે દર્શાવેલ આ સાથે જોડેલા પ્લાન પર ABCDA નિશાની કરેલ ડભોઈની મહેસૂલી સરવે નંબર. ૧૪૮૮/ક (૩૨૧૧ ચોરસ મીટર) વાળી જમીન, સદરહુ ઉપયોગ અને સેવામાંથી કમી કરવી અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭ જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૫૮/ડીવીપી/ ૩૧૯૨--૩૧૪૬--એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારથી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૫૮/ડીવીપી--૩૧૯૨--૩૧૪૬--એલ.--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/-(૮૬) એલ, હેઠળ મંજૂર કરેલ જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :--

૧. આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭-નો ૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/૮૬/એલ થી મંજૂર કરેલ જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

જંબુસરની મંજુર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલ જંબુસરની મહેસૂલી સરવે નંબર-૧૩૮૧/ભાગ $\left(\frac{\text{એકર}}{૨} \quad \frac{\text{ગુંઠા}}{૩૮}\right)$ વાળી જમીન સદરહું ઉપયોગમાંથી કમી કરવી. અને એવી રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

———

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૦-ડીવીપી-૩૨૯૨-૩૪૭૮-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ-વી-૧૯૯૪નો ૨૬૦-ડીવીપી-૩૨૯૨-૩૪૭૮-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૧૯/ડીવીપી/૩૨૮૯-૨૬૧૦-(૯૧)-એલ, હેઠળ મંજૂર કરેલ વ્યારા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૧૯-ડીવીપી-૩૨૮૯-૨૬૧૦-૯૧-એલથી મંજૂર કરેલ વ્યારાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

વ્યારાની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "નગરપાલિકા માટે જાહેર ગૃહ નિર્માણ" માટે અનામત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં A. B. C. D. E. F. G. A. નિશાની કરીને દર્શાવેલ વ્યારાના સીટી સરવે નંબર ૧૩૭૮/ભાગ, ૧૮૭૧/ભાગ, ૧૩૭૫/-ભાગ, ૧૩૭૭/ભાગ વાળી જમીન, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૪-૨૩-ઈપીટી-૧૦૯૪-૧૭૪૪-ઈ—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT, ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૪/૨૩-ઈપીટી-૧૦૯૪-૧૭૪૪-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી વિનોદ ચોપ્રા મુબઈ-એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "૧૯૪૨–લવસ્ટોરી" પ્રદર્શિત કરવાને, આ સાથેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવા પાત્ર કરના ૭૦ ટકા જેટલો મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

અનુસુચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી મનોરંજનમાં વિદ્યમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિદ્યમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજયમાં પ્રદર્શિત કરવાની નવ પ્રિન્ટસ પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢાર અઠવાડિયા સુધી ફિલ્મ સન ૧૯૯૧ની વસ્તી ગણતરી મુજબ જેની વસ્તી ૫૦,૦૦૦ થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આ મુકિતનો લાભ, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. કે. અઝરાની,
સરકારના નાયબ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જુન, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી-૯૪-૧૯)/ઈપીટી/૧૦૯૪/૧૩૯૬/ઈ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT. 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જી-એચટી/૯૪/૧૯)/ઈપીટી/૧૦૯૪/૧૩૯૬/ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેના આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)નો કલમ-૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ(ખ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નટરાજ થિયેટર, અમદાવાદમાં, તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ થી તારીખ ૧૬મી જૂન, ૧૯૯૪ સુધી હંસા સિનેમા વીઝન, અમદાવાદ ધ્વારા પડદા ઉપર દર્શાવવાની ઈન્ડિયન પેનોરમા, '૯૩ની ફિલ્મ પ્રદર્શિત કરવાને, નીચે દર્શાવેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર મનોરંજન કર ભરવામાંથી સંપુર્ણ મુકિત આપે છે.

શરતો

૧. કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહિ અને પ્રવેશના વિદ્યમાન દરો, આપેલી મુકિતની રકમ જેટલા ઘટાડવા.

૨. મુકિતની ઉપરની શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ-૩૦ હેઠળ પગલાં લે તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એચ. અરારાની,
સરકારના નાયબ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૪૦/ડીવીપી/૨૧૯૦/૨૨૧૨/(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Corrigendum

Re

GOVERNMENT NOTIFICATION, URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT NO. GH/V/252 OF 1994/DVP-2190-1293-(94)-L, DATED THE 25TH APRIL, 1994.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/-૧૯૯૪ના ૨૫૨/ડીવીપી/૨૧૯૦-૧૨૯૮-(૯૪)-એલ અંગેનું શુધ્ધિપત્ર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

શુધ્ધિપત્ર

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૩૪૦/ડીવીપી/૨૧૯૦/૨૨૧૨-(૯૪)-એલ.—તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, ભાગ--૪બીના પાનાં ક્રમાંક : ૬૩-૧ થી ૬૩-૩ ઉપર પ્રસિધ્ધ થયેલ, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪નું શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૨૫૨/ડીવીપી/૨૧૯૦-૧૨૯૮-(૯૪)-એલ,માં 'અનુસૂચિ' માં અનુક્રમાંક ૧૦ અને ૧૧માં આવતા સુધારામાં અનુક્રમે આવતાં આંકડા "૪ (૪) અને ૪.૩ (૮)" ને બદલે "૪.૧ (૪) અને "૪.૧ (૮)" એ આંકડા વાંચવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. જે. પટેલ,
સેકશન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૪/૪૪/એસટીપી/૧૦૯૩/૧૨૧૪/એમ-૧—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન, ૧૯૯૪.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ/એમ/૯૪/૪૪/એમ/એસટીપી/૧૦૯૩/૧૨૧૪/એમ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, અને તા. ૧૭મી ઓકટોબર, ૧૯૬૮ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૨૯૫૪/એસટીપી/૧૫૬૧/૩૭૩૪૪/એચ, રદ કરીને, ગુજરાત સરકાર આથી, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ

INDEX

રચેલી અથવા રચેલી હોવાનું ગણાતી હોય તેવી ગ્રામ પંચાયત વતી કરેલા અથવા તેની તરફેણમાં કરેલા ભારતના બંધારણની અનુસૂચિ સાતની, યાદી—૧ની નોંધ ૯૧માં, આવતા હોય તે સિવાયના અન્ય લેખો ઉપર, સમગ્ર ગુજરાત રાજ્યમાં સદરહુ અધિનિયમ હેઠળ લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૪૩/ડીવીપી/૧૨૯૦/૨૫૯૩/એલનો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૪૩/ડીવીપી/૧૨૯૦/૨૫૯૩/એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તા. ૧૦મી જૂન, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાનાં ક્રમાંક : ૧૩૫-૧ થી ૧૩૫-૨ ઉપર પ્રસિધ્ધ થયેલ, તારીખ ૯મી જૂન, ૧૯૯૨ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી-૧૯૯૨નો ૧૨૪/ડીવીપી/૧૨૯૦/૨૫૯૩/એલ, રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૯૪/૧૦૦-બીઆરયુ-૧૦૯૪-૧૯૭-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

94

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૪.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર/૯૪/૧૦૦/બીઆરયુ/૧૦૯૪/૧૯૩/એમ(૩).—શ્રમ અને રોજગાર વિભાગના તા. ૧૭મી જુલાઈ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૯૩/૧૪૩/બીઆરયુ-૧૦૮૪-યુઓ-૪૩-(૧)-એમ (૩) (જેનો આમાં હવે પછી, "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રુએ ગુજરાત સરકાર, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક-૯૬મા)ની કલમ-૩ની પેટા-કલમ -(૧) હેઠળ આથી આદેશ કરે છે કે, સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઈલ મીલ્સ લિમિટેડ, અમદાવાદ, (જેનો આમાં હવે પછી "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને તા. ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૩થી બાર મહિનાની મુદત માટે બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈશે.

અને સદરહું અન્ડરટેકિંગ એવી રીતે ચલાવવાનું ચાલુ રાખવાનું જરૂરી બને તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક : ૯૬મા)ની કલમ-૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) સદરહું જાહેરનામાની કાયદેસરતા બાર મહિનાની વધુ મુદત માટે તાજી કરે છે; અને

(ખ) જાહેર કરે છે કે, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૪થી શરૂ થતી બાર મહિનાની મુદત સુધી સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઈલ મિલ્સ, લિમિટેડ અમદાવાદને સદરહુ અધિનિયમના હેતુઓ માટે બેરોજગારી રાહતમાં પગલાં તરીકે અન્ડરટેકિંગ ચલાવવાનું ચાલુ રાખવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXVI] THURSDAY, FEBRUARY 9, 1995/MAGHA 20, 1916 [No. 6

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૩૪૨/ ડીવીપી/૩૧૯૩/૩૧૯૩/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬
હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૪૨/ડીવીપી/૩૧૯૩/૩૧૯૭/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/-૨૦૬૭/(૮૮)/એલ હેઠળ મંજૂર કરેલ ભરૂચની સુધારેલી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી,, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૬મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/૨૦૬૭/(૮૮)/એલ થી મંજૂર કરેલી, ભરૂચની સુધારેલી છેવટની વિકાસ યોજનાનો સૂચિત ફેરફાર.

ભરૂચની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "જાહેર હેતુ" માટે મુકરર કરેલ, આ સાથેના પ્લાનમાં "ABCDEFGHA" નિશાની કરેલ, ૪૦૦૩૭ ચો. મિટર માપની, (વધારેલી હદની) કસકપટ્ટી-ભરૂચની મહેસૂલી સ. નં. ૫૯/૧, ૬૫/૧+૨, ૬૬/૧, ૬૬/૨-૬૭/૧+૨, ૬૮/૧ પૈકીની જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૨૮/ડીવીપી/૨૭૯૦/૧૮૩૭/(૯૪)/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂન ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૩૨૮/ડીવીપી/૨૭૯૦/૧૮૩૭/(૯૪)/એલ : ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫-(૮૭)/એલ હેઠળ મંજૂર કરેલ પાટણ વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૨૨-૫-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫/(૮૭)/એલ થી મંજૂર કરેલી પાટણની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

પાટણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઝોન" તરીકે દર્શાવેલ પાટણના મહેસૂલી સરવે નંબર ૪૬, ૪૫, ૪૩, ૪૨ અને ૧૦૦, ૧૦૧, ૧૧૨ વચ્ચેનો નાળાનો વિદ્યમાન માર્ગ, સદરહુ ઝોનમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ધ) હેઠળ માર્ગ માટે અનામત રાખવી. આ નાળા માર્ગની પહોળાઈ, આ સાથેના પ્લાન ઉપર ABCDEFGHIA નિશાની કરીને દર્શાવ્યા મુજબ જ્યાં તેની વિદ્યમાન પહોળાઈ ૨૦' કરતાં વધારે છે ત્યાં તેટલી રાખવી. જ્યારે જ્યાં તેની પહોળાઈ ૨૦' કરતાં ઓછી છે. ત્યાં ઓછામાં ઓછી ૨૦' પહોળાઈ રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓગસ્ટ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ક્રમાંક : જીએચઆર/૯૪/૧૦૧/બીઆરયુ/૧૦૯૪/૧૯૭૭/એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮
હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૪.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર/૯૪/૧૦૧/બીઆરયુ/૧૯૯૪/૧૯૭૭ એમ (૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮-ના (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા) ની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી આદેશ કરે છે કે, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ જેને શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૧૦મી જૂન, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચઆર/૯૪/૧૦૦/બીઆરયુ/૧૦૯૪/૧૯૭૭/એમ/૧ હેઠળ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું હોય તેવા સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઈલ્સ મિલ્સ લિમિટેડ અમદાવાદના સંબંધમાં સદરહુ અન્ડરટેકિંગ ઉપર્યુક્ત જાહેરનામા હેઠળ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકકો, વિશેષાધિકારો, ફરજો અથવા (બેન્કોની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ, અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ, સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહી, જે તારીખથી સદરહુ અન્ડરટેકિંગ સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે તારીખથી એક વર્ષની વધુ મુદત માટે સ્થગિત કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/જી/૯૪/૯૫/એમવીઆર-૧૦૯૩-૨૭૬૯-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જીએચ/જી/૯૪/૯૫/એમબીઆર-૧૦૯૩-૨૭૬૯-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળના જાહેરનામાનો મુસદ્દો, ગૃહ વિભાગના તારીખ ૩૦મી ઓગસ્ટ ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/જી/૯૩/૧૧૧/એમવીઆર-૧૦૯૩-૨૭૬૯-ખ, હેઠળ, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-એના પાના નંબર ૭૫ થી ૭૫-૪ ઉપર, પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

INDEX

અને સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં, સરકારને મળેલા વાંધા અથવા સૂચનો, સરકારે વિચારણામાં લીધા હતા;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન.૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૯ અને ૧૦૦(૩)ની જોગવાઈઓથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આમાં હવે પછી જણાવ્યા પ્રમાણે માર્ગ વાહનવ્યવહાર સેવાની યોજના પ્રસિધ્ધ કરે છે :—

(૧) અન્ડર ટેકિંગનું પૂરેપૂરું નામ :	ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, અમદાવાદ.
(૨) સરનામું :	વાહન વ્યવહાર ભવન, ગીતામંદિર, રોડ, અમદાવાદ-૩૮૦૦૨૨.
(૩) યોજનામાં આવરી લીધેલ માર્ગ/માર્ગો અથવા વિસ્તાર/વિસ્તારો.	આ યોજનાને જોડેલા પરિશિષ્ટના કોલમ (૩)માં દર્શાવેલ વિસ્તાર/વિસ્તારો અથવા માર્ગ/માર્ગો સિવાયનાં, ગુજરાત રાજયના સમગ્ર વિસ્તારનું, આ યોજનામાં આવરી લીધા છે.

(૪) બીજી વ્યકિતઓને સંપૂર્ણત: અથવા અંશત: બાકાત રાખીને અથવા અન્યથા, યોજનામાં આવરી લીધેલ સદરહુ માર્ગ અથવા વિસ્તાર ઉપર, અન્ડરટેકિંગે માર્ગ-વાહનવ્યવહાર સેવા ચલાવવા દરખાસ્ત કરી છે કે કેમ;

ગુજરાત સરકારે એવી દરખાસ્ત કરી છે કે સ્ટેજ કેરેજ સર્વિસ ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન ગુજરાત રાજયના સમગ્ર વિસ્તારમાં અને નીચેના સિવાય બીજી તમામ વ્યકિતઓને સંપૂર્ણપણે બાકાત રાખીને સદરહુ વિસ્તારમાં આવતા તમામ રૂટો અને તેના ભાગોમાં ચલાવવી :—

(૧) મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨ની પેટા-કલમ (૪૨) હેઠળ, વ્યાખ્યા કર્યા પ્રમાણે, રાજય વાહન વ્યવહાર અન્ડરટેકિંગ.

(૨) સદરહુ અધિનિયમની કલમ ૮૮ની પેટા-કલમ (૧) ના બીજા પરંતુક હેઠળ આવતા હોય તે સિવાયના આંતર-રાજય રૂટો ઉપર યોગ્ય રીતે સામી સહી કરેલી પરમિટો ધરાવનારાઓ.

(૩) આ યોજનાને જોડેલા પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે શહેર કે નગરના વિસ્તાર અથવા આવા વિસ્તારની નજીકના કોઈપણ વિસ્તારમાં જ ચલાવાતા સ્ટેજ કેરેજ માટેની પરમિટો ધરાવનારાઓ.

(૫) (૧) ઉપર પેરા-૩માં જણાવેલ વિસ્તારોમાં અને રુટ(રુટો) ઉપરના વિદ્યમાન પરમિટ ધારકોના નામ અને સરનામા, આ યોજનાને જોડેલી પુરવણીમાં આપવામાં આવેલ છે.

(૨) આ યોજનાથી આવરી લીધેલ કોઈપણ વિસ્તાર કે વિસ્તારો અથવા રૂટ કે રુટો અથવા તેના કોઈપણ ભાગના સંબંધમાં જેનાં નામ અને સરનામાં આ યોજનાને જોડેલા પરિશિષ્ટમાં જણાવવામાં આવ્યા ન હોય તેવા કોઈપણ વિદ્યમાન પરમિટ ધરાવનારને આ યોજનાથી અસર થશે નહિ અને સદરહુ પરિશિષ્ટમાં તેનો સમાવેશ કર્યો હોવાનું ગણાશે.

(૬) બજાવવાની સૂચિત સેવાનો પ્રકાર

જાહેર સેવા વાહનોના કાફલા સાથે ઉતારુઓ માટેની માર્ગ વાહનવ્યવહાર સેવા (સ્ટેજ કેરેજ સર્વિસ) આ તમામ, સમગ્ર ગુજરાત રાજયમાં ઓમ્ની બસોનું બનશે.

(૭) યોજના હેઠળ કોઈપણ એક સમયે ફેરવવાના સૂચિત વાહનોની વધુમાં વધુ સંખ્યા : ૮૮૨૩.

(૮) યોજના હેઠળ કોઈપણ એક સમયે ફેરવવા માટે સૂચિત વાહનોની ઓછામાં ઓછી સંખ્યા અને ઓછામાં ઓછી રોજની ટ્રીપોની સંખ્યા :—

(૧) યોજના હેઠળ કોઈપણ એક સમયે ચલાવવાના સૂચિત વાહનોની ઓછામાં ઓછી સંખ્યા : ૭૫૨૧.

(૨) ઓછામાં ઓછી રોજની ટ્રીપોની સંખ્યા :—૫૬૩૦૬.

(૯) સિંગલ ડેકર સહિત મોટર કેબ્સ સિવાયના જાહેર સેવા વાહનોમાં, દરેક વાહનમાં, ડ્રાઈવર/કંડકટર સિવાય ૧૯ કેઠકોની ૬૫ બેઠકો સુધીની રેન્જમાં બેઠક વ્યવસ્થા, ડબલ ડેકરમાં ૧૦૫ બેઠકો, સેમીલકઝરી બસમાં ૫૫ની બેઠક વ્યવસ્થા, લકઝરી બસમાં ૩૨ થી ૪૫ની બેઠક વ્યવસ્થા, મીની બસમાં ૧૧ થી ૩૦ની બેઠક વ્યવસ્થા, એર કન્ડીશન બસોમાં ૩૭ થી ૪૫ અથવા વધુ બેઠક વ્યવસ્થા અને વીડીયો કોચમાં રુટ/ટ્રીપની જરૂરિયાત અનુસાર રહેશે.

(૧૦) દરેક રુટ ઉપર ચલાવવાની સૂચિત ટ્રીપોની સંખ્યા :—

આ યોજનાને જોડેલા પુરવણીના કોલમ (૩)માં દર્શાવેલ વિસ્તાર/વિસ્તારો અથવા રુટ/રુટો સિવાયના ગુજરાત રાજયના સમગ્ર વિસ્તાર/વિસ્તારોમાંની તમામ ટ્રિપો.

INDEX

(૧૧) લેવાના સૂચિત પ્રમાણભૂત ભાડાનો દર :—

સદરહુ અધિનિયમ હેઠળ રાજ્ય/પ્રદેશિક વાહન વ્યવહાર સત્તામંડળ વખતોવખત ઠરાવે અથવા ઠરાવી શકાય તે પ્રમાણેના તેવા ભાડાનો દર.

(૧૨) મંજૂર થયેલ યોજનાની પ્રસિધ્ધિની તારીખથી ૩૦ દિવસની અંદર, અન્ડરટેકિંગ સર્વિસ ચલાવવાનો આરંભ સૂચવે છે.

(૧૩) જેની હકૂમત હેઠળ રુટ (રુટો) અથવા વિસ્તાર અથવા તેનો કોઈ ભાગ આવતો હોય તે પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળોનાં નામો પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળો, અમદાવાદ, મહેસાણા, રાજકોટ, ભાવનગર, સુરત, વડોદરા, નડિયાદ, વલસાડ, જુનાગઢ, જામનગર, ભૂજ, અને ગોધરા.

પરિશિષ્ટ

મંજૂર થયેલી યોજનામાંથી બાકાત રાખવાના વિદ્યમાન પરમિટ ધરાવનારાઓ (સ્ટેજ કેરેજ)ના નામો.

અનુક્રમાંક	નામ અને સરનામું	રુટો
૧	૨	૩
૧.	મેસર્સ ડી. આઈ. મામલતદાર એન્ડ કું. ભરૂચ	ભરૂચ સીટીમાં ચલાવવા.
૨.	મેસર્સ સિધુ રીસેટલમેન્ટ કોર્પોરેશન ગાંધીધામ, કંડલા.	૧. આદિપુર થી ગાંધીધામ સુધી. ૨. ગાંધીધામથી મુકત વેપાર ઝોન સુધી.
૩.	આદમરાણા, બગસરા.	બગસરા સ્ટેશનથી બગસરા નગર સુધી.
૪.	મેસર્સ જયસ્વાલ એન્ડ ટ્રાન્સપોર્ટ કંપની વાડિયા,	વાડિયાથી વાડિયા સ્ટેશન સુધી.
૫.	મેસર્સ મોરબી પેસેન્જર્સ અને ગુડઝ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન, મોરબી.	મોરબી સીટી સર્વિસ.
૬.	મેસર્સ ચોલેરા ટ્રાન્સપોર્ટ સર્વિસ જસદણ અને મોરબી.	(૧) અમરેલીથી અમરેલી સ્ટેશન સુધી. (૨) અમરેલી થી જેસીંગપુરા સુધી (૩) જસદણથી જસદણ રેલ્વે સ્ટેશન સુધી.
૭.	મેસર્સ રઘુભા દાધુભા ઝાલા, ધ્રાંગધ્રા.	ધ્રાંગધ્રાથી ધ્રાંગધ્રા સ્ટેશન સુધી.
૮.	મેનેજર, ઓસીસી લિમિટેડ સેવાલિયા,	બાલાસિનોરથી સેવાલિયા સુધી ફકત સ્ટાફના સભ્યો માટે.
૯.	ગુજરાત કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા,	પાલનપુરથી દાંતીવાડા સુધી ફકત સ્ટાફના સભ્યો માટે.
૧૦.	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.	અમદાવાદ સીટી.
૧૧.	આણંદ નગરપાલિકા, આણંદ	આણંદ સીટી.
૧૨.	કલોલ નગરપાલિકા, કલોલ	કલોલ સીટી.
૧૩.	મહેસાણા, નગરપાલિકા, મહેસાણા.	મહેસાણા સીટી.
૧૪.	જામનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ, સર્વિસ, જામનગર	જામનગર સીટી.
૧૫.	પોરબંદર નગરપાલિકા, પોરબંદર	પોરબંદર સીટી.

INDEX

૧	૨	૩
૧૬.	ભાવનગર મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ ભાવનગર.	ભાવનગર સીટી.
૧૭.	જૂનાગઢ નગરપાલિકા, જૂનાગઢ.	જૂનાગઢ સીટી.
૧૮.	લીમડી નગરપાલિકા, લીમડી.	લીમડી સીટી.
૧૯.	ચુડા ગ્રામ પંચાયત, ચુડા.	ચુડા સીટી.
૨૦,	વેરાવળ, પાટણ સંયુકત નગરપાલિકા, વેરાવળ.	વેરાવળ સીટી અને વેરાવળ પાટણ.
૨૧.	મહુવા નગરપાલિકા, મહુવા	મહુવા સીટી થી મહુવા રેલ્વે સ્ટેશન સુધી.
૨૨.	ધોરાજી નગરપાલિકા, ધોરાજી.	ધોરાજી સીટી.
૨૩.	પાલનપુર નગરપાલિકા, પાલનપુર.	પાલનપુર સીટી.
૨૪.	નડિયાદ નગરપાલિકા, નડિયાદ.	નડિયાદ સીટી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૨૬૬/ડીવીપી/૩૨૯૧/૩૨૭૪/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૬/ડીવીપી/૩૨૯૧/૩૨૭૪/એલ.—કોસંબા નગર વિકાસ સત્તામંડળ કોસંબા નગર પંચાયતે (જિલ્લો-સુરત) (જેનો આમાં હવે પછી "સદરહું નગર પંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની નગર પંચાયતોની હદોની અંદરની

INDEX

જમીનોના સંબંધમાં ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો હતો અને સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, સન ૧૯૯૦ના એપ્રિલ મહિનાની ૧૨મી તારીખના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ—૨ના પાના નંબર ૨૮૯--૨૯૦ ઉપર પ્રસિધ્ધ કરી હતી ;

અને સદરહુ, નગરપંચાયતે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ મંજુરી માટે રાજ્ય સરકારને સદરહુ નગરપંચાયતે રજૂ કરેલ સદરહુ, સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું ;

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા--કલમ (૧)ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨)-ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩ નો ૧૭૫/ડીવીપી/૩૨૯૧/૩૨૭૪/એલ હેઠળ સદરહુ ફેરફારો તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ--૪--બી ના પાના નંબર ૧૫૩/૨ થી ૧૫૩/૩ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું ;

અને ગુજરાત સરકારે સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલા સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે.

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા--કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે ;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે ; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે ૩૦મી મે, ૧૯૯૪ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપેલી કોસંબા (જિલ્લો સુરત) ના સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના આખરી સ્વરૂપ આપેલા ફેરફારો.

(૧) કોસંબાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ કોસંબાના મહેસૂલી સરવે નંબર ૧૫૯, ૧૬૦,૧૭૩, ૧૭૩/૧, ૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૮૦, ૩૬૩/ભાગ, ૩૬૪/ભાગ, ૩૬૫, ૩૬૬/ભાગ, ૩૬૭/ભાગ, ૩૬૮, ૩૬૯/૧, ૩૬૯/૨, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૮૧ વિગેરેવાળી જમીન સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ ઉપર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૨) કોસંબાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ કોસંબાના મહેસૂલી સરવે નંબર ૪૧૬/ભાગ, ૪૧૭, ૪૧૮/ભાગ, ૪૧૯/ભાગ, ૪૨૦ થા ૪૨૨, ૪૩૩, ૭૯૨ થી ૮૦૩, ૮૦૫/ભાગ, ૮૧૨ થી ૮૩૩, ૯૨૭ થી ૯૩૩, ૯૩૫, ૯૩૯ થી ૯૪૫, ૯૪૫/ભાગ વિગેરે વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક : ૨ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૩) કોસંબાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ કોસંબાના મહેસૂલી સરવે નંબર ૨૭૫/૧, ૨૭૬, ૨૭૭, ૨૮૨/૧, ૨૮૩, ૨૮૪/૧, ૨૮૫/૧, ૨૮૬/૧, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૨૯૦, ૨૯૧, ૨૯૨/૧ વિગેરે વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક : ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૪) કોસંબાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ કોસંબાના મહેસૂલી સરવે નંબર ૪૫૦, ૪૫૧, ૪૬૧, ૪૬૨, ૪૬૩, ૪૬૪, ૪૬૫/૨, ૪૬૫/૩, ૪૬૬ થી ૪૬૯, ૪૭૫, ૪૭૮ થી ૪૯૦, ૪૯૨, ૪૯૩, ૪૯૪/ભાગ, ૪૯૫/-ભાગ, ૪૯૬/ભાગ, ૪૯૭, ૫૦૨/ભાગ, ૫૦૩, ૫૦૪/ભાગ, ૫૬૭/ભાગ, ૫૬૯/ભાગ, ૫૭૦, ૫૭૧, ૫૭૩/ભાગ, ૫૭૪ થી ૫૮૨ વિગેરે-વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક : ૪ ઉપર

INDEX

દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૫) કોસંબાની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી કોસંબાના મહેસૂલી સરવે નંબર ૪૯૧, ૪૯૮, ૪૯૯, ૫૦૦, ૫૦૧, ૫૦૫/૧, ૫૦૬, ૫૦૭, ૫૦૮/ભાગ, ૫૧૧/ભાગ, ૫૧૩, ૫૧૨, ૫૧૪, ૫૩૪/ભાગ, ૫૩૫/ભાગ, ૫૩૬, ૫૬૨, ૫૬૩, ૫૬૪/ભાગ વિગેરે વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, અનુક્રમાંક : ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૬) મહેસૂલી સરવે નંબર ૩૯૯, ૩૭૨, ૩૭૧ અને ૩૬૭ વિગેરેની ઉત્તર બાજુએ ૧૨ મિટર પહોળા રસ્તાની સૂચિત લાઈનદોરી, પહોળી કરવી અને આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક : ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ ૧૮ મિટર પહોળા રસ્તાની લાઈનદોરી કરવાનું સૂચવવું.

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તન્નાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૯૯/એમવીએ/૧૫૯૨/જીઓઆઈ/૭/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના નાયબ-સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪/૯૯/એમવીએ/૧૫૯૨/જીઓઆઈ/૭/ખ.- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૬ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૮) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ (વાહન-વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૪/ એમવીએ-૧૫૯૨/જીઓઆઈ/૭—ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૯૬ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૮)થી મળેલી સત્તાની રૂએ, અને તે અર્થે અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

(૧) આ નિયમો 'ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

INDEX

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૨૪ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :—

"૧૨૪-ક શૈક્ષણિક સંસ્થાની બસને અમુક રીતે રંગવા કે તેને ચિહ્ન્નો લગાડવા બાબત :—

શૈક્ષણિક સંસ્થાની બસને પીળા રંગથી રંગવી જોઈશે અને "શૈક્ષણિક સંસ્થાની બસ" એ શબ્દો સાંઠ સેન્ટીમીટરનો વ્યાસ ધરાવતા વર્તુળની અંદર, વાહનની બન્ને બાજુએ લખવા જોઈશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૧૮૯/પીઆરએન/૧૦૯૪/૧૧૮૮-જે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

re

THE GUJARAT PANCHAYATS (POWERS OF DISTRICT DEVELOPMENT OFFICERS AND TALUKA DEVELOPMENT OFFICERS TO GRANT LEAVE) RULES, 1994.

ગુજરાત પંચાયત (રજા મંજૂર કરવાની જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની સત્તા) બાબતના નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૭મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૧૮૯/પીઆરએન/૧૦૯૪/૧૧૮૮/જે.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૧૩૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)ના પેટા ખંડ (૩) અને કલમ ૧૬૨ સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૧) હેઠળ ફાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ, સદરહુ કલમ-૨૭૪ની પેટા-કલમ ૧થી ઠરાવ્યા પ્રમાણે, પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો સરકારી રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદત પુરી થયેથી અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. કોઈ વ્યકિત તરફથી ઉપર્યુકત મુદત પુરી થયા પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અને સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૧૮૯/પીઆરએન-૧૦૯૪/૧૧૮૮/જે.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૧૩૭ની પેટા કલમ (૨)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૩) અને કલમ ૧૬૨ સાથે વાંચતાં કલમ ૨૭૪ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા :— આ નિયમો 'ગુજરાત પંચાયત (રજા મંજૂર કરવાની જિલ્લા વિકાસ અધિકારીઓ અને તાલુકા વિકાસ અધિકારીઓની સત્તા) બાબતના નિયમો, ૧૯૯૪' કહેવાશે.

INDEX

૨. વ્યાખ્યાઓ :— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

(ખ) "કલમ" એટલે અધિનિયમની કલમ.

૩. જિલ્લા વિકાસ અધિકારીએ રજા મંજૂર કરવા બાબત :—

(૧) જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા કોઈ અધિકારીની ચાર મહિનાથી વધુ ન હોય તેટલી મુદત માટે ગેરહાજર રહેવાની રજા, કલમ ૧૬૨ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૩) હેઠળ મંજૂર કરી શકશે.

(૨) જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત હકૂમતના વિસ્તારમાં આવેલી તાલુકા પંચાયત હેઠળ નિમાયેલા તાલુકા વિકાસ અધિકારી અને પ્રોજેક્ટ અધિકારી-સહ-તાલુકા વિકાસ અધિકારીને ચાર મહિનાથી વધુ ન હોય તેટલી મુદત માટે ગેરહાજર રહેવાની રજા મંજૂર કરી શકશે.

૪. તાલુકા વિકાસ અધિકારીએ રજા મંજૂર કરવા બાબત.—તાલુકા વિકાસ અધિકારી, કલમ ૧૩૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)ના પેટા-ખંડ-(૩) હેઠળ, તાલુકા પંચાયત હેઠળ હોદ્દો ધરાવતા હોય તેવા કોઈ અધિકારીની બે મહિનાથી વધુ ન હોય તેટલી મુદતની ગેરહાજર રહેવાની રજા મંજૂર કરી શકશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. ડી. રાઠોડ,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી,૧૯૯૪નો ૨૬૪/ડીવીપી/૨૮૯૧/૧૩૦૧/(૯૪) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/ 1/૧૯૯૪નો ૨૬૪/ડીવીપી/૨૮૯૧/૧૩૦૧ (૯૪)એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૮૧/ડીવીપી/૨૮૮૬/૭૪૩-(૯૧) એલ હેઠળ મંજૂર કરેલ, વઢવાણ નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહું વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૭મી મે, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૯૩નો ૭૯/ડીવીપી/૨૮૯૧/૧૩૪૨/(૯૩)એલ હેઠળ તારીખ ૭મી મે, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪ બીના પાના નંબર ૬૭/૧ થી ૬૭/૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા;

INDEX

અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને, કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ના કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફારો મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે જણાવેલા ફેરફારો તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૮૧/ડીવીપી/૨૮૮૬-૭૪૩-(૯૧)-એલ થી મંજૂર કરેલી વઢવાણ નગર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વઢવાણની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર ૧૦૯૪, ૧૦૯૫, ૧૧૦૪ ૧૧૦૫/૧, ૧૧૦૫/૨, અને ૧૧૦૬ (કુલ ૧૨ એકર—૨૦ ગુંઠા)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત થયેલી જમીન આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩જી મે, ૧૯૯૪ના ગુજરાત સરકાર ના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી.એચ/વી/૧૯૯૪નો ૨૭૬/ડીવીપી/૧૮૯૨/૩૪૫૫/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વલોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ.ન. પંડિત
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૩જી મે, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૭૬/ડીવીપી/૧૮૯૨/૩૪૫૫/એલ.—બાલાસિનોર નગર પંચાયતે (જિલ્લો--ખેડા) (જેનો આમાં હવે પછી પછી, "સદરહું નગર પંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે), ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન

INDEX

૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ તેની નગર પંચાયતની હદોની અંદર સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહું વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહું વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર. તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ-૨માં, પાના નં. ૩૭૭ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી ;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ નગર પંચાયતે રાજય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહું વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું.

અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહું ફેરફારો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૨૭૦/ડીવીપી/૧૮૯૨/૩૪૫૫ એલ, હેઠળ, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ-૪-બી માં પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ વ્યકિતને વાંધા અથવા સૂચનો કોઈ હોય તો તે, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૩નું સદરહું સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું ;

અને ગુજરાત સરકારે, સદરહું ફેરફારોના સંબંધમાં મળેલા સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

તેથી હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે ;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહું વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૪ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ.

રાજય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેના બાલાસિનોર (જિલ્લો-ખેડા)ની વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફાર.

(૧) વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર. ૨૦૨૯/૧, ૨૦૨૫ ૨૦૧૨, ૨૦૧૬/ભાગ, ૨૦૦૯/૨/૬, ૨૦૩૭/ ૨૦૨૭/૩/ભાગ, વગેરેવાળી જમીન સદરહું ઝોનમાંથી કમી કરવી અને સદરહું ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક : ૧-ક પર આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજય ઝોન" માટે મુકરર કરેલ બાલાર ગામના મહેસૂલી સરવે નંબર ૨૦૭૨/ભાગ, ૨૦૨૦/૧/૨/ભાગ, ૨૦૨૦/૧/૩/ભાગ, ૨૦૧૯/ભાગ વગેરેવાળી જમીનો, સદરહું ઝોનમાંથી કમી કરવી અને સદરહું ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧-ખ પર આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૨) વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૧૭૨૬, ૧૭૨૪, ૧૭૨૦/૨/ભાગ, ૧૭૨૧/૧, ૧૭૦૫, ૧૬૭૦, ૧૬૭૨/૧, ૧૬૬૬/ભાગ, ૧૧૧૯/ભાગ, ૧૧૨૫/૧/ભાગ, ૧૬૬૭/ ૧૭૩૯, ૧૭૫૧, ૧૭૫૨ ૧૭૪૦/૧ વગેરેવાળી જમીનો, સદરહું ઝોનમાંથી કમી કરવી અને સદરહું ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૨ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૩) વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૯૯/ભાગ, ૧૦૭૯/ભાગ, ૩/ભાગ, ૧૦૭૮/૨, ૧૦૭૮/૧/ભાગ, ૧૦૭૭/૧/ભાગ, ૧૦૯૬/ભાગ, ૧૧૦૩/ભાગ, ૧૧૧૫/ભાગ, ૧૧૧૮, ૧૧૨૫/૨/ભાગ, ૧૧૨૪, ૧૦૯૧/૧/ભાગ, ૧૧૫૧/૨, ૧૦૯૬ વગેરેવાળી જમીનો, સદરહું ઝોનમાંથી કમી કરવી અને સદરહું ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક. ૩ પર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

(૪) વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૦૧/૧, ૧૦૮૭/૧/ભાગ, ૧૦૭૪/૨/ભાગ, ૧૦૮૦/૧ વગેરે વાળી જમીનો સદરહું ઝોનમાંથી કમી કરવી અને સદરહુ ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક : ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૫) વિકાસ યોજનાનાં મુસદ્દામાં "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર, ૧૦૯૬/ભાગ, ૧૦૯૮, ૧૦૯૯, ૧૧૦૦, ૧૦૦૨, ૧૧૦૩, ૧૧૦૫, ૧૧૧૫/૨/ભાગ, વગેરેવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને સદરહું સદરહુ ઝોનમાંથી એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક. ૫ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૬) વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલ બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર. ૬૭૮/ભાગ વાળી, જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૬ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૭) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૩૧૩/ભાગ, ૩૧૨/ભાગ, ૩૦૧/ભાગ, ૯૭૯/ભાગ, ૯૮૩/ભાગ, ૧૨૬૮/ભાગ, ૧૨૦૮/ભાગ, ૧૧૯૨/ભાગ, ૧૧૪૨/ભાગ, ૧૬૧૨/૨/ભાગ, ૧૮૦૧/ભાગ, ૧૭૬૪/૧/ભાગ, ૨૦૩૬/ભાગ, ૨૦૬૫/ભાગ, ૨૦૮૯/ભાગ, ૨૦૯૦/ભાગ વગેરેમાંથી પસાર થતાં વિકાસ યોજનાના મુસદ્દાની ૨૪.૦૦ મિટરની પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક : ૭ ઉપર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૮) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૩૦૧/૧/ભાગ, ૩૦૧૨/ભાગ, ૩૧૮/ભાગ, ૩૦૩/ભાગ, વગેરેમાંથી પસાર થતા થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈન દોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક. ૮ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૯) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૩૧૮/ભાગ, ૩૬૧/૨/ભાગ, ૩૬૩/ભાગ, ૩૧૩/ભાગ, વગેરેમાંથી પસાર થતા 'વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમે અનુક્રમ નંબર--૯-ક અને ૯--ખ પર દર્શાવ્યા પ્રમાણે , અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" અને "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૦) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર. ૯૮૩/૨/ભાગ, ૧૨૭૭/૧, ભાગ, ૧૨૭૮/ ાગ, ૧૦૧૩/ભાગ, ૧૦૧૬/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક : ૧૦--ક, અને ૧૦--ખ પર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" અને "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૧) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૧૨૭૪/ભાગ, ૧૦૮૧/ભાગ, ૧૦૮૬/ભાગ, ૧૦૮૭/૧/ભાગ, ૧૦૮૮/૨/ભાગ, ૧૦૮૮/૩/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમ નંબર ૧૧ ખાતે દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૨) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર : ૧૧૯૮/ભાગ, ૧૨૦૨/૧/ભાગ, ૧૦૮૯/ભાગ, ૧૦૭૮/૨/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈન દોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમ; નંબર ૧૨ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૩) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૧૬૭૨/૧/ભાગ, ૧૧૧૮/ભાગ, ૧૬૨૪/૧/ભાગ, ૧૧૨૮/૩/ભાગ વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૧૩ ખાતે દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ " કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૪) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર : ૧૧૦૨/૨/ભાગ, ૧૦૬૭/૨/ભાગ, ૧૧૦૦/ ાગ, ૧૦૯૯/ભાગ, ૧૦૭૬/૨/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટરના પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૧૪ પર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૩ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

(૧૫) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર, ૧૧૨૫/ભાગ, ૧૬૬૬/ભાગ, ૧૬૬૨/ભાગ, ૧૭૪૮/૧ ભાગ, ૧૬૪૬/ભાગ, ૧૭૧૩/૧/ભાગ, ૧૭૭૮/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૧૫ પર દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨)-(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૬) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર : ૧૭૨૦/૨/ભાગ, ૧૭૨૪/ભાગ, ૨૦૨૯/૨/ભાગ, ૨૦૨૭/૩/ભાગ, ૨૦૯૩/ભાગ, ૧૭૭૮/ભાગ, ૧૭૧૮/ભાગ, ૧૭૧૧/ભાગ, ૧૭૬૩/૧/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક : ૧૬ પર દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ " કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૧૭) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર નંબર ૧૭૭૮/ભાગ, ૧૬૪૩/ભાગ, ૧૮૦૫/ભાગ ૧૬૦૧/ભાગ વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક : ૧૭ ખાતે દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૮) બાલાસિનોર ગામના મહેસૂલી સિરવે નંબર ૨૦૬૮/ભાગ, ૨૦૨૯/૨/ભાગ, ૨૦૩૩/૨/ભાગ, ૨૦૩૪/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક. ૧૮ ખાતે દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૧૯) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૨૦૨૯/૧/ભાગ, ૨૦૨૯/૨/ભાગ, ૨૦૨૭/૧/ભાગ, ૨૦૦૧/૪/ભાગ, ૨૦૦૪/ભાગ વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદા નં. ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક. ૧૯ ખાતે દર્શાવ્યા પ્રમાણે અધિનિયમની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૨૦) બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર. ૬૭૮/ભાગ, ૭૨૧/ભાગ, વગેરેમાંથી પસાર થતા વિકાસ યોજનાના મુસદ્દાના ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની લાઈનદોરી, કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી. અને બાલાસિનોર ગામના મહેસૂલી સરવે નંબર ૬૭૮/ભાગ, ૬૮૦/ભાગ, ૬૮૧ ભાગ, ૬૮૨/ભાગ, ૬૬૩/ભાગ, અને ૭૨૧/ભાગ વગેરેમાંથી પસાર થતા ૧૮.૦૦ મિટર પહોળા માર્ગની ફરી લાઈનદોરી, કરવાનું આ સાથે જોડેલા પ્લા ા પર અનુક્રમે, અનુક્રમાંક. ૨૦-ક, અને ૨૦-ખ ખાતે દર્શાવ્યા પ્રમાણે, અધિનિયમની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ સૂચિત કરવામાં આવ્યું છે.

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારનો શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૩૯/ડીવીપી/૨૩૯૨/૨૨૦૫/(૯૪)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ક. ન. પંડિત
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૮મી જુલાઈ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૩૯/ડીવીપી/૨૩૯૨/૨૨૦૫/(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૬/ડીવીપી/૨૩૮૭-૧૪૩/(૯૦)-એલ અને જીએચ/વી ૧૯૯૦નો ૭/ડીવીપી/૨૩૮૬-૧૪૩-(૧)-(૯૦) એલ હેઠળ મંજૂર કરેલ, ભાવનગર વિસ્તાર વિકાસ સત્તા-મંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૧મી એપ્રિલ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક :- જીએચ/વી/૧૯૯૨નો ૭૮/ડીવીપી/૨૩૯૨/૨૧૮૭/(૯૨)એલ હેઠળ, તા. ૨૨મી એપ્રિલ, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૮૬-૧ થી ૮૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય, તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તા. ૯મી ઓગસ્ટ, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો-૬/ડીવીપી/૨૩૮૭-૧૪૩-(૯૦)-એલ અને જીએચ/વી/૧૯૯૦નો ૭/ડીવીપી-૨૩૮૬-૧૪૩-(૧)(૯૦)-એલથી મંજૂર કરેલ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો આખરી ફેરફાર.

ભાવનગરની મંજૂર કરેલ વિકાસ યોજનાના વિકાસ નિયંત્રણ વિનિમયોના પ્રકરણ-૪માં વિનિમય ક્રમાંક-૧૫ પછી નીચેનો નવો વિનિયમ ક્રમાંક ૧૫ (ક) ઉમેરવો.

૧૫ (ક) : ગામતળ વિસ્તાર માટેના ઉપરના તમામ વિનિયમો, નીચે દર્શાવેલા વિસ્તારો માટે અને આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે પણ લાગુ પડશે.

(૧) આ સાથે જોડેલ પ્લાન પર અનુક્રમાંક ૧ તરીકે નિશાની કરીને દર્શાવેલ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર મ્યુનિસિપલ કોર્પો-રેશને ફાળવેલ "પચાસ વારીયા" (૫૦ ચોરસ વારના માપણી કરેલ પ્રત્યેક પ્લોટ) તરીકે ઓળખાતા ૨૧ પોકેટો.

(૨) આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૨ (૧) થી ૨(૧૭) તરીકે નિશાની કરીને દર્શાવેલ નિર્મલ નગર ગાંધીનગર કોલોની, વડવા તલાવડી, વડવા, તલાવડી નજીક હરિજનવાસ, વાઘરીવાસ, ભીલવાસ, સુથારવાડ, તરીકે ઓળખાતા વિસ્તારો સ્ટેશન રોડનો ફરતો વિસ્તાર ઉપર કોટ, સિધી રસાલા કેમ્પ, મટન માર્કેટ સામે હરિજન ક્વાર્ટર્સ અને ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની પૂર્વે ના રહેણાંકના વિસ્તાર સહિત ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન પચાસ વારિયા પ્લોટો તરીકે જાણીતા કુંભાર વાડાના અમુક વિસ્તારો. ઠક્કરબાપા સોસાયટી, ફકીર સોસાયટી, ગોપાલક સોસાયટી, સિહા કોલોની, હરીજનવાસ.

(૩) આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૩ તરીકે નિશાની કરીને દર્શાવેલ અડડેડિયાવાસ, હરિજનવાસ, વણકરવાસ, ચમારવાસ, વાઘરી-વાસ, ગંદા વસવાટો અને રાવલા જમીન તરીકે ઓળખાતો એક પોકેટ.

(૪) આ સાથે જોડેલ પ્લાન પર અનુક્રમાંક-૪ તરીકે નિશાન કરીને દર્શાવેલ કૃષ્ણપરા ગામ વિસ્તાર તરીકે ઓળખાતો એક પોકેટ.

(૫) આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૫ તરીકે નિશાની કરીને દર્શાવેલ વિદ્યાનગર હરિજનવાસ વિસ્તાર તરીકે ઓળખાતો એક પોકેટ અને

(૬) આ સાથે જોડેલા પ્લાન પર અનુક્રમાંક ૬ તરીકે નિશાની કરીને દર્શાવેલ જૂના અને નવા સિધુનગર રસાલા કેમ્પનો એક પોકેટ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી ઓગષ્ટ ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ/૯૪/૫૭/ઈસીએલ/૨૯૧/૯૫૪/છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT AGRICULTURAL LAND CEILING ACT, 1960.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૪.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૬૦

ક્રમાંક : જીએચએમ/૯૪/૫૭/ઈસીએલ/૨૯૧/૯૫૪/છ.-- હરસિધ્ધી સામુદાયિક કૃષિ સહકારી મંડળી, લિમિટેડ, અડાસ, તાલુકા આણંદ, જિલ્લો ખેડા-એ (જેનો આમાં હવે પછી, "અરજદાર મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૦ના નિયમ ૪ સાથે વાંચતા, ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) હેઠળ મુકિત માટે અરજી કરી છે;

અને રાજય સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સરવે નંબરોવાળી જે જમીનો (જેનો આમાં હવે પછી, " સદરહુ જમીન/જમીનો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), અરજદાર મંડળીને, ખેડૂતોની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ સુધારવાના અથવા ખેતી માટે જમીન/જમીનનો પૂરો અને કાર્યક્ષમ ઉપયોગ કરવાના પોતાના ઉદ્દેશો માટે જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૧ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૭ માની કલમ ૩ની પેટા કલમ (૧)ના ખંડ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કલમ ૩ ની પેટા-કલમ (૧) ના સદરહું ખંડ (૧) ના હેતુ માટે અરજદાર મંડળી મંજૂર કરે છે.

અનુસૂચિ

જિલ્લો	તાલુકો	ગામ	સરવે નં.	ક્ષેત્રફળ/હેકટર
ખેડા	આણંદ	અડાસ	૭૬૨/ખ	૨૨--૦૮--૫૮
			૮૧૮ પૈકી	૦૧--૪૧--૬૪
			૮૨૫/ક	૧૫--૨૯--૦૭
			૯૨૬	૦૩--૫૫--૧૧
			૮૭૪/૬	૦૦--૨૫--૨૯
			૮૭૫/૧૦	૦૦--૯૦--૦૪
			૮૨૫/ખ	૦૦--૦૫--૯૧
			કુલ	૪૩--૫૫--૬૪

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

બી. બી. રોહિત,
સરકારના ઉપસચિવ.

IX–37

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગસ્ટ ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી-૯૪/૧૦૪ /એમટીએ/૧૫૯૨/૬૯(૧) ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૪/૧૦૪/એમટીએ/૧૫૯૨/૬૯(૧)ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, કાઠવા ધારેલા જાહેરનામાના નીચેના મુસદ્દો સદરહુ અધિનિયમની કલમ-૨૩ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયા પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. કોઈ વ્યકિત તરફથી ઉપયુકત મુદત પૂરી થયે અથવા તે પહેલા, સદરહુ મુસદ્દાના સંબંધમાં, સચિવ (વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામા મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૪/૧૦૪/એમટીએ/૧૫૯૨/૬૯-(૧)-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં નિયમ ૮માં, ખંડ (૩)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૩) (ક) જે મુદત માટે છેલ્લો વેરો ભર્યો હોય તે મુદત પૂરી થયાની તારીખથી વીસ દિવસની અંદર અથવા રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા, આ નિયમોમાં નક્કી કરે તેવી વધારેલી મુદતની અંદર, કલમ-૩ હેઠળ વેરો ભરવામાં આવ્યો હોય ત્યારે,

(ખ) જે મુદત માટે છેલ્લો વેરો ભર્યો હોય તે મુદત પુરી થયાની તારીખથી દસ દિવસની અંદર અથવા રાજ્ય સરકાર, રાજ્યપત્રમાં જાહેરનામા દ્વારા આ નિયમોમાં નક્કી કરે તેવી વધારેલી મુદતની અંદર, કલમ-૩-ક હેઠળ વેરો ભરવામાં આવ્યો હોય ત્યારે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા.
સરકારના ઉપ-સચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૨મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૩૬/એમવીઆર-૧૦૯૨-૪૨૯૬-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ-સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION RULES, 1962.

ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૪/૧૩૬/એમવીઆર/૧૦૯૨-૪૨૯૬-ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ ૩૨ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૩૨ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલા સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, સચિવ (વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય ગાંધીનગર-ને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તેના ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૪/૧૩૭/એમવીઆર-૧૦૯૨-૪૨૯૬-ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ ૩૨થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, 'ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં ખંડ (છ)માં "મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ અથવા મુંબઈ મોટર વાહન નિયમો, ૧૯૫૯માં" એ શબ્દોને અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અથવા કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯માં" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૧૩માં પેટા-નિયમ (૧)માં,—
(૧) "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "યથાપ્રસંગ, વાહન વ્યવહાર કમિશ્નર, અથવા વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.
(૨) "નાયબ સચિવ" એ શબ્દોને બદલે, "સંયુકત સચિવ (વાહન વ્યવહાર) અથવા નાયબ સચિવ (વાહનવ્યવહાર)" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-કેઓચઈ-૧૦૯૪-૪૨-સીઓસઓ-૧૦૯૩-૨૨૭૨-છનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ-સચિવ

Notification

Under

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર તા. ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ક્રમાંક : જીએચકેઓચ-૧૦૯૪-૪૨-સીએસઓ-૧૦૯૩-૨૨૭૨-છ.-ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા)ની કલમ ૧૪૫-ખના ખંડ (ક)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી મહેસૂલી સબ ડીવીઝનોના ચાર્જ ધરાવતા હોય તેવા પ્રાપ્ત અધિકારીઓ/મદદનીશ કલેકટરને અને નાયબ કલેકટરોના દરજ્જાથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા અધિકારીઓને સંબંધિત રજીસ્ટર થયેલી મંડળીઓ આવેલી હોય તેવા, તેમની સંબંધિત હકૂમત હેઠળના વિસ્તારોમાં સદરહુ અધિનિયમના પ્રકરણ-૧૧-ક હેઠળ કલેકટરની સત્તા વાપરવા અને ફરજો બજાવવા કલેકટરો તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. જી. ભાવસાર,
સરકારના નાયબ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૪-૨૩૬-બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓકટોબર, ૧૯૯૪.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૪-૨૩૬-બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ-(૩) : ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૪ સાથે વાંચતાં મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૯મા) ની કલમ ૬થી મળેલી સત્તાની રૂએ,

INDEX

ગુજરાત સરકાર, આથી, "નવરાત્રી" અને "દિવાળી" ના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૪ન થી તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ સુધી (બંને દિવસો સહિત) ની મુદત માટે ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

	સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ.	શરતો
	૧	૨	૩
૧	દુકાનો	કલમ ૧૧ની પેટા-કલમ	(૧) કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧--૦૦ વાગ્યા કરતા મોડી બંધ કરવી નહિ.
૧.	હિસાબના ચોપડા વેચતી દુકાનો	(૧)ના ખંડ (ક) કલમ--૧૧	
૨.	દારૂખાનું વેચતી દુકાનો	કલમ ૧૪ કલમ--૧૬ કલમ--૧૮	(૨) કોઈ નોકરને કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકો કરતાં વધુ કામ કરવું પડે તો, તે ઓવરટાઈમ કામના સંબંધમાં, કલમ ૬૩ (૧)માં નિર્દિષ્ટ કરેલ દરે વેતન માટે હકદાર થશે, જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે.
૩.	આટાની દુકાનો અને આટાની મિલો.	એજન	(૩) કામનો એકંદર સમય, કોઈપણ દિવસે ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
૪.	દરજીની દુકાનો, તૈયાર કપડાં વેચતી દુકાનો સહિત કાપડની દુકાનો અને હોઝીયરીનીદુકાનો	એજન	(૪) અઠવાડિક રજા નહિ મળવાને કારણે, દરેક નોકરને (૧) તેનાં બદલામાં તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ પછી, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે, અથવા (૨) એવી રજાઓમાં કરેલા કામ માટે કલમ ૬૩ (૧)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૫.	અત્તર વેચતી દુકાનો	એજન	...
૨.	તમામ રેસ્ટોરાં અને ભોજન ગૃહો	કલમ ૧૯ કલમ ૨૦ કલમ ૨૧ કલમ ૨૪	(૧) કોઈપણ રેસ્ટોરેરાં અથવા ભોજનગૃહ કોઈપણ દિવસે રાતના ૧૨--૦૦ કરતાં મોડા બંધ કરવા નહિ. (૨) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજન ગૃહમાંના કોઈ નોકરને, કલમ ૨૧માં નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો, તે ઓવરટાઈમ કામના સંબંધમાં, કલમ ૬૩ (૨) માં ઠરાવેલા દરે વેતન માટે હકદાર થશે, જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે. (૩) ઠરાવેલી અઠવાડિક રજા નહિ મળવાને કારણે, કોઈ રેસ્ટોરન્ટ અથવા ભોજન ગૃહમાંના દરેક નોકરને, (૧) તેના બદલામાં તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ પછી, તેટલી જ સંખ્યામાં રજા આપવી જોઈશે. (૨) એવી રજામાં કરેલા કામ માટે, કલમ ૬૩ (૨)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

આ વિભાગની ફાઈલ નંબર : બીઓસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ-(૩)- ઉપર તારીખ ૪--૧૦--૯૪ના રોજ ગૃહ વિભાગની સંમતિ સાથે આ બહાર પાડ્યું છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓસ. ડી. પરમાર,
સેકશન અધિકારી.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૨૦૩-આઈઈએ--૧૦૮૨--આઈ--૨૨-એમ (૪)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY INDUSTRIAL EMPLOYMENT (STANDING ORDERS) RULES, 1959.

મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી

જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ ૧૯૪૬.

ક્રમાંક : કેએચ/આર/૨૦૩/આઈઈએ/૧૦૮૨/આઈ/૨૨/એમ(૪).—ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, ૧૯૪૬(સન ૧૯૪૬ના ૨૦મા) ની કલમ ૧૫ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૫ ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓના જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી, નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અથવા એક મહિના પછી ગુજરાત સરકાર, સદરહુ નિયમોનો મુસદો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત તારીખ પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી મજૂર કમિશનર, શ્રમ ભુવન, ગન હાઉસ નજીક ખાનપુર, અમદાવાદને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તેના ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : કેએચ/આર/૨૦૩/આઈઈએ/૧૦૮૨/આઈ-૨૨/એમ(૪).-- ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) અધિનિયમ, ૧૯૪૬ (સન ૧૯૪૬ના ૨૦મા) ની કલમ ૧૫ થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૭મી ફેબ્રુઆરી ૧૯૮૯ના શ્રમ અને રોજગાર વિભાગનું સરકારી જાહેરનામું ક્રમાંક : કેએચઆર/૩૦/આઈઈએ/૧૦૮૨/આઈ/૨૨/એમ (૪) રદ કરીને, ગુજરાત સરકાર, આથી, મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો "મુંબઈ ઔદ્યોગિક (સ્થાયી હુકમો) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪ કહેવાશે."

૨. તે, અનુચિત સરકાર રાજપત્રમાં જાહેરનામા દ્વારા નક્કી કરે તે તારીખથી અમલમાં આવશે.

૩. મુંબઈ ઔદ્યોગિક રોજગાર (સ્થાયી હુકમો) નિયમો, ૧૯૫૯માં, અનુસૂચિ ૧ માં, "નમુનારૂપ સ્થાયી હુકમો" એ શીર્ષક હેઠળ નીચેના ફેરફારો કરવા. :—

(૧) "શારીરિક શ્રમનું અથવા ટેકનિકલ કામ કરતા કામદારો માટે " એ પેટા શિર્ષક હેઠળ, સ્થાયી હુકમ ક્રમાંક ૪ પછી, નીચેનો હુકમ દાખલ કરવો.--

"૪ક. (ક) બદલી :-- કામની આવશ્યકતા અનુસાર, એકજ વ્યવસ્થા તંત્ર હેઠળના એક દુકાન અથવા ખાતામાંથી બીજી દુકાન અથવા ખાતામાં અથવા એક મથકેથી બીજા મથકે અથવા એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં કામદારની બદલી કરી શકાશે. પરંતુ આવી બદલી કરવાથી, કામદારોના પગાર, પગાર ધોરણ, નોકરીની સાતત્યતા અને તેમની અન્ય શરતોને પ્રતિકૂળ અસર થવી જોઈશે નહિ.

INDEX

વધુમાં, એક કામ ઉપરથી બીજા કામ પર કામદારની બદલી કરવામાં આવે, તો જે પ્રકારનું કામ તે કરી શકે એમ હોય તે જ પ્રકારનું કામ તે હોવું જોઈશે, આવી બદલીના કિસ્સામાં તે કામદારોને,

(૧) વાજબી નોટિસ આપવી જોઈશે, અને (૨) એક મથકેથી બીજા મથકે બદલી કરવામાં આવે, તો હાજર થવાનો વાજબી સમય આપવો જોઈશે. વાહન ખર્ચ વત્તા આનુષંગિક ખર્ચને પહોંચી વળવા માટે તેના પચાસ ટકા સહિતનું મુસાફરી ભથ્થું સંબંધિત કામદારને આપવું જોઈશે.

(ખ) અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય.-- કોઈપણ કામદાર તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતા અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, ઈજા પામેલ કામદારને તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે અને તેનું ધ્યાન રાખતા દાક્તરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) તબીબી તપાસ.-- કામદારની પ્રથમ નિમણૂક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે, પોતાના ખર્ચે, રજિસ્ટર થયેલ તબીબી વ્યવસ્થા દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ઘ) અનન્ય સેવા.-- જે ઔદ્યોગિક સંસ્થામાં કામદારને કામે રાખવામાં આવ્યા હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે કોઈપણ સમયે કામ કરવું જોઈશે નહિ અને તે સંસ્થામાંના તેના કામ ઉપરાંત તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ, કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ."

(૨) "ખ" કારકુની અથવા દેખરેખના કામ ઉપર રાખેલા કામદારો માટે" એ પેટા-- શિર્ષક હેઠળ સ્થાયી હુકમ ક્રમાંક ૪--ક પછી, નીચેનો હુકમ દાખલ કરવો.--

(ક) બદલી :--

કામની આવશ્યકતા અનુસાર, એક જ વ્યવસ્થાતંત્ર હેઠળના એક દુકાન અથવા ખાતામાંથી બીજી દુકાન અથવા ખાતામાં અથવા એક મથકેથી બીજા મથકે એક સંસ્થામાંથી બીજી સંસ્થામાં કામદારની બદલી કરી શકશે.

પરંતુ આવી બદલી કરવાથી, કામદારોના પગાર, પગાર ધોરણ, નોકરીની સાતત્યતા અને તેમની અન્ય શરતોને પ્રતિકૂળ અસર થશે જોઈશે નહિ.

વધુમાં, એક કામ ઉપરથી બીજા કામ પર કામદારની બદલી કરવામાં આવે, તો જે પ્રકારનું કામ તે કરી શકે એમ હોય તે જ પ્રકારનું કામ તે હોવું જોઈશે. અને વધુમાં આવી બદલીઓની, તે કામદારને--

(૧) વાજબી નોટિસ આપવી જોઈશે, અને

(૨) એક મથકેથી બીજા મથકે બદલી કરવામાં આવે, તો હાજર થવાનો વાજબી સમય આપવો જોઈશે. સંબંધિત કામદારને વાહન ખર્ચ વત્તા આનુષંગિક ખર્ચને પહોંચી વળવા માટે, તેના પચાસ ટકા સહિતનું મુસાફરી ભથ્થું આપવું જોઈશે.

(ખ) અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય.--

કોઈપણ કામદાર, તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતા અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, ઈજા પામેલ કામદારને, તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે, સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે અને તેનું ધ્યાન રાખતા દાક્તરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) તબીબી તપાસ.--

કામદારની પ્રથમ નિમણૂક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે, પોતાના ખર્ચે રજિસ્ટર થયેલ તબીબી વ્યવસ્થા દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ઘ) અનન્ય સેવા.--

જે ઔદ્યોગિક સંસ્થામાં કામદારને કામે રાખવામાં આવ્યો હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે કોઈપણ સમયે કામ કરવું જોઈશે નહિ અને તે સંસ્થામાંના તેના કામ ઉપરાંત, તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ, કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ."

(૩) "ગ" સવેતન પત્રકારો માટે" એ પેટા--શિર્ષક હેઠળ, સ્થાયી હુકમ ક્રમાંક ૪ પછી, નીચેનો હુકમ દાખલ કરવો.--

INDEX

(ક) અકસ્માતોના પ્રસંગે તબીબી સહાય.--

કોઈપણ સવેતન પત્રકાર, તેના રોજગાર દરમિયાન અથવા તેના રોજગારમાંથી ઉપસ્થિત થતા અકસ્માતનો ભોગ બને, ત્યારે માલિકે, માલિકના ખર્ચે, ઈજા પામેલ સવેતન પત્રકારને તાત્કાલિક અને જરૂરી તબીબી સહાય આપવા માટે સંતોષકારક ગોઠવણ કરવી જોઈશે અને તેનું ધ્યાન રાખતા ડાકતરને જરૂરી લાગે, તો તેની વધુ સારવાર માટે ગોઠવણ કરવી જોઈશે.

(ખ) તબીબી તપાસ :—

સવેતન પત્રકારની પ્રથમ નિમણૂંક થયે, તેની તબીબી તપાસ કરવાનું ભરતી નિયમોમાં ઉલ્લેખેલ હોય, ત્યારે માલિકે પોતાના ખર્ચે રજિસ્ટર થયેલ તબીબી વ્યવસાયી દ્વારા તબીબી તપાસ કરાવવા માટે ગોઠવણ કરવી જોઈશે.

(ગ) અનન્ય સેવા :—

જે ઔદ્યોગિક સંસ્થામાં સવેતન પત્રકારને કામે રાખવામાં આવ્યો હોય તે ઔદ્યોગિક સંસ્થાના હિતની વિરૂધ્ધ તેણે, કોઈપણ સમયે કામ કરવુ જોઈશે નહિ અને તે સંસ્થામાંના તેના કામ ઉપરાંત, તેના માલિકના હિતને પ્રતિકૂળ અસર પહોંચે તેમ કોઈપણ રોજગાર હાથ ધરવો જોઈશે નહિ"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. ડી. પરમાર,

સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૪-૩૪-એમકેએમ-૧૦૯૪-સીએમઆર-૨૪-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૫મી ઓકટોબર, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૪-૩૪-એમકેએમ-૧૦૯૪-સીએમઆર-૨૪-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ૧૬મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રી પી. આર. નથવાણી રાજકોટ- એ નિર્માણ કરેલ હિન્દી ફિલ્મ "ધુન હી ધુન" પ્રદર્શિત કરવાને, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર મનોરંજન કર ભરવામાંથી કરના ૭૦ ટકા મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ

(૧) કરની રકમ બાકાત રાખીને, મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન પ્રવેશ દરો વધારવા નહિ. અને વિદ્યમાન પ્રવેશના દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા સુધી ઘટાડવા અને ૩૦ ટકા કર લેવો અને સરકારને ભરવો.

(૨) પ્રત્યેક નકલ ઉપર કર ભરવામાંથી આપેલી મુકિત છ અઠવાડિયાની મુદત સુધી રહેશે. અને ગુજરાત રાજ્યમાં પડદા ઉપર પ્રદર્શિત કરવાની નવ નકલો પુરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢાર અઠવાડિયા કરતા વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ, સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસ્તી ૫૦,૦૦૦થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલ મુકિતનો લાભ, આ જાહેરનામું કાઢવાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતન રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. કે. અસરાની,
સરકારના નાયબ-સચિવ.

વૌધનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારીજાહેરનામા ક્રમાંક : એચઆર/આઈડીએ/૧૦૯૩/૨૩૭૯/એમ (૪) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDUSTRIAL DISPUTES ACT, 1947.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭.

ક્રમાંક : કેએચ/આર/આઈડીએ/૧૦૯૩/૨૩૭૯/એમ (૪).-- ઔદ્યોગિક તકરાર અધિનિયમ, ૧૯૪૭ (સન ૧૯૪૯ના ૧૪મા) ની કલમ ૨૫-એચની પેટા-કલમ (૧) અને કલમ ૨૫-ઓન ની પેટા કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, અને શ્રમ અને રોજગાર વિભાગની તારીખે ૧૪મી જુન ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ/આર/૫૧૯/આઈડીએ/૧૦૮૪ ૧૯૦૬૫ (એ) એમ (૪) રદ કરીને, ગુજરાત સરકાર આથી, આ સાથે જોડેલી અનુસુચિના કોલમ ૨ માં દર્શાવેલા અધિકારીઓને, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે, સદરહુ કલમો ૨૫-એમ અને ૨૫-ઓન ના હેતુઓ માટે નિર્દિષ્ટ સત્તાધિકારીઓ તરીકે નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અનુક્રમાંક	અધિકારીઓ	વિસ્તાર
૧	૨	૩
(૧)	નાયબ મજૂર કમિશ્નર, અમદાવાદ.	અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, બનાસકાંઠા અને સાબરકાંઠાના જિલ્લાઓ.
(૨)	નાયબ મજૂર કમિશ્નર, સૂરત	સૂરત, વલસાડ અને ડાંગ જિલ્લાઓ.
(૩)	નાયબ મજૂર કમિશ્નર, વડોદરા	વડોદરા, ભરૂચ, ખેડા અને પંચમહાલ જિલ્લાઓ.
(૪)	નાયબ મજૂર કમિશ્નર, રાજકોટ	રાજકોટ, જામનગર, જુનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ, અને સુરેન્દ્રનગર જિલ્લાઓ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મા સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૧૭/એમટીએ/૨૪૮૭-એમઆઈએનઆઈ-૨૫-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મા સપ્ટેમ્બર, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક . જી/જી/૯૪/૧૧૭/એમટીએ/૨૪૮૭-એમઆઈએનઆઈ-૨૫-ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૨૬/એમટીએ/૨૪૮૭-એમઆઈએનઆઈ-૨૫-ખ હેઠળ, તા. ૧૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૩૭-૧ અને ૩૭-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી તારીખ ૧૧મી એપ્રિલ, ૧૯૯૪ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ જાહેરનામા અંગે સરકારને કોઈ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૧૩ની પેટા-કલમ (૨) સાથે વાંચતા મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારતા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં નિયમ ૧૬-કમાં ખંડ (૧૧)ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

INDEX

"(૧૧) ખેડૂતો અથવા ખેડૂતોની સહકારી મંડળીઓની માલિકીના ટ્રેકટર-કમ-ટ્રેઈલરો-જે આવા વાહનોનો, આવા ખેડૂતોએ, મંડળીઓએ અથવા યથાપ્રસંગ, આવી મંડળીઓના સભ્યોએ, પોતે જાતે ખેતી કરતા હોય તે જમીન અને તેમના રહેઠાણના સ્થળ અથવા ગોદામ અથવા આવી જમીન ઉપર તેમણે ઉગાડેલ ખેત ઉત્પન્નના કોઈ બજારના સ્થળ વચ્ચે, હેરફેર માટે અથવા આવી જમીનની ખેતીના સંબંધમાં તેમને જરૂરી હોય અથવા ફાર્મ હાઉસના બાંધકામ માટે અથવા તેમના અંગત ઉપયોગ અથવા વપરાશ માટે અન્ય જરૂરી માલ-સામાનની હેરફેર માટે વાપરતા હોય, પણ વાણિજ્યિક અથવા વેપારના હેતુઓ માટે વાપરતા ન હોય તો."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે-૨૦/૯૪/ઈએસટી/૧૧૮૨/જીપીએચસી/એચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

re

THE SECTION OFFICERS CLASS-II (IN THE OFFICE OF THE GOVERNMENT PLEADER, (GUJARAT HIGH COURT) RECRUITMENT RULES, 1994.

સેકશન અધિકારીઓ, વર્ગ-૨ (સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની ઓફિસમાં)ની ભરતી નિયમો, ૧૯૯૪ સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓકટોબર, ૧૯૯૪.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૨૦/૯૪/ઈએસટી/૧૧૮૨/જીપીએચસી/એચ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની ઓફિસમાં સેકશન અધિકારી વર્ગ-૨ની જગા પરની ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો 'સેકશન અધિકારીઓ, વર્ગ-૨ (સરકારી, વકીલ, ગુજરાત હાઈકોર્ટની ઓફિસમાં)ની ભરતી નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની ઓફિસમાં સેકશન અધિકારી વર્ગ-૨ની જગા પરની નિમણૂક, સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની ઓફિસમાં સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતી અને સુપ્રિન્ટેન્ડેન્ટ તરીકે સાત વર્ષ કરતાં ઓછા ન હોય તેટલો અનુભવ ધરાવતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે.

પરંતુ નિમણૂક કરનાર અધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યકિત બઢતી માટે પ્રાપ્ય નથી, અને ઓછા અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો, તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલ કરેલ મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દોશી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૭મી નવેમ્બર ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૨૧/ડીવીપી/૧૧૯૧-૨૯૭૧-(૯૪)એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારેખી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૭મી ઓકાબર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૨૧-ડીવીપી-૧૧૯૭-૨૯૭૧-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-પી-૧૯૮૩નો ૨૦૩-ડીવીપી-૧૧૭૬-૨૨૭૯-(૮૩)-એલ. હેઠળ મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સાચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે;

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૨મી ઓગસ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬-૨૭૭૯-(૮૩)-એલ,થી મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

૧. અમદાવાદની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં, "વિવિધલક્ષી હેતુ માટે અનામત રાખેલ" નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૮ના (૨૪,૦૦૦ ચો. મિ. માપની) છેવટના પ્લોટ નં. ૬૮૨/પી વાળી જમીન અને નગરરચના યોજના અમદાવાદ નં. ૨૮ (૩૦૦૦ ચો. મિ.)ના છેવટના પ્લોટ નં. ૬૮૨/પી વાળી બાકીની જમીન, અનુક્રમે સદરહુ અનામતમાંથી અને મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમ નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ "સરકારે કરવાના જાહેર હેતુ" માટે મુકરર કરવી.

૨. અમદાવાદની મંજૂર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં, "વિવિધલક્ષી હેતુ માટે અનામત રાખેલી" નગર રચના યોજના અમદાવાદ નં. ૨૮ની છેવટના પ્લોટ નં. ૬૭૬, ૬૭૭, ૬૭૮ અને ૬૭૦ અને ૬૮૦/પી વાળી (અનુક્રમે ૧૧૦૩, ૯૭૯, ૯૯૮, ૧૨૩૦ અને ૩૦૦૦ ચો. મિ. માપની) જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમ નં. ૨ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેઠાણના ઝોન" માટે મુકરર કરવી.

૩. અમદાવાદની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "ટ્રાન્સપોર્ટ નોડ ટી. ઓ માટે અનામત રાખેલ" નગર રચના યોજના, અમદાવાદ નં. ૨૮ (૭૨,૦૦૦ ચો. મી. માપની) છેવટના પ્લોટ નં. ૮૨૩વાળી જમીન સદરહુ અનામતમાંથી કમી કરવી અને મુકત કરેલી આ

INDEX

જમીન પૈકી (૧) આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમ નં. ૩ (૧) ઉપર દર્શાવ્યા મુજબ A, B, C, D, E, F, G, A નિશાની કરેલી સદરહુ છેવટના પ્લોટ નં. ૮૨૩ની દક્ષિણ બાજુની ૫૭,૦૦૦ ચો. મિ. જમીન ગુજરાત ૨ નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (૬) હેઠળ "ખુલ્લી જેલ અને પરેડ ગ્રાઉન્ડ વગેરે જેવા જેલના ખુલ્લા ઉપયોગ" માટે મુકરર કરવી અને (૨) આસાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૩ (૨) ઉપર દર્શાવ્યા મુજબ E.H.I.J.F.E. " નિશાની કરેલ સદરહુ છેવટના પ્લોટ નં. ૮૨૩ની ઉત્તર બાજુની આશરે ૧૫,૦૦૦ ચો. મિ. માપની બાકીની જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (૬) હેઠળ જેલની પ્રવૃત્તિને લગતા મકાનના હેતુઓ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ઓકટોબર, ૧૯૯૪ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એચ/વી/૧૯૯૪નો ૪૪૯/ડિવીપી/૧૫૯૪/૩૧૧૯/(૯૪)/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૪૯/ડિવીપી/૧૫૯૪/૩૧૧૯/(૯૪)/એલ : ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૯૮૭નો ૨૪૦/ડિવીપી/ ૧૫૮૩/૪૪૨૦/(૮૭)/એલ હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી, ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી જૂન, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચવી/૧૯૯૪ નો ૩૦૯/ડિવીપી-૧૫૯૪-૧૭૫૯-(૯૪)-એલ હેઠળ તારીખ ૨જી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજ્યપત્ર અસાધારણ ભાગ ૪--બી ના પાના નંબર ૧૦૪/૧ અને ૧૦૪/૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને તેથી, ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ સૂચનો કે વાંધાઓ મળ્યા નથી;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફારો, તારીખ, ૧૭મી ઓકટોબર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડિવીપી/૧૫૮૩/૪૪૨૦-(૮૭)-એલ થી મંજૂર કરેલા ઔડા માટેની છેવટની શહેરી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ઔડાના વિકાસ વિસ્તાર માટે મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાનમાં A, B, C, D, E, F, G, H, A તરીકે દર્શાવ્યા પ્રમાણે અને "મનોરંજન ઝોન" માટે મુકરર કરેલ, મહેમદાવાદની (જિ. ખેડા) ના મહેસૂલી સર્વે નંબર ૩૨૦/એ/૨ પૈકી સીટી સર્વે નંબર ૪૦૨૬/બી પૈકીની (આશરે ૪૨૦૫ ચો. મીટર)વાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન માટે અનામત રાખવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૪૬૦/ડીવીપી/૨૭૯૦/૩૨૦૯/(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ ના ૪૬૦/ડીવીપી/૨૭૯૦/૩૨૦૯/(૯૪)/એલ : ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ ના ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫/(૮૭)/એલ હેઠળ મંજૂર કરેલી પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેને આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી જૂન, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ ના ૩૨૮/ ડીવીપી/૨૭૯૦/૧૮૩૭/(૯૪)-એલ હેઠળ તારીખ ૨૨મી જુન, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪ બી ના પાના નંબર ૧૧૯/૧ અને ૧૧૯/૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતાં. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખ થી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધીક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેન સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને, સૂચિત ફેરફારો અંગેના કોઈ સૂચનો અને વાંધાઓ મળેલ નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭) માની કલમ ૧૯ થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :–

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે અને;

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલ ફેરફાર, તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫/(૮૭)/એલ થી મંજૂર કરેલી પાટણની વિકાસ યોજનામાંના ફેરફાર.

પાટણની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "રહેણાંક ઝોન" તરીકે દર્શાવેલ પાટણના મહેસૂલી સરવે નંબર ૪૬, ૪૫, ૪૩, ૪૨ અને ૧૦૦, ૧૦૧ અને ૧૧૨ વચ્ચેના વિદ્યમાન નાલિયા રોડને સદરહુ ઝોનમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલ યોજનામાં દર્શાવ્યા મુજબ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ડી) હેઠળ રસ્તા માટે મુકરર કરવી. આ સાથે જોડેલ યોજનામાં ABCDEFGHIA નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે નાલિયા રોડની પહોળાઈ જયાં ૨૦' થી વધુ છે ત્યાં, તે પ્રમાણે રાખવી; જયારે તેની પહોળાઈ ૨૦' થી ઓછી હોય ત્યાં તે ઓછામાં ઓછી ૨૦' રાખવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૪૫૫નો ૧૯૯૪/ટીપીએસ/૧૪૯૩/૩૯૫૯/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1979.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૪૫૫નો ૧૯૯૪/ટીપીએસ-૧૪૯૩/૩૯૫૯/એલ : ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, એ નગરરચના યોજના સુરત ક્રમાંક ૨૦ (નાના-વરાછા-કપોદરા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, નગરરચના યોજના સુરત ક્રમાંક ૨૦ (નાના-વરાછા-કપાદરા)માં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન-એ (જેને આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહી છે, તેણે) યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે.

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનને, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના સાદર રજૂ કરી છે ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે ; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીનાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ ક્રમાંક : ૮, ૧૨, ૩૫/એ--બી, ૩૯/એ--બી અને ૬૦ પૈકી દરેક માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે એમ એક સરખી રહેશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ ક્રમાંક : ૪૪, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૩ અને ૫૯ પૈકી દરેક માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે એક સરખી રહે.

(૩) સરકારી જમીન માટે સરેરાશ ઘટાડાની ટકાવારી ૩૪.૩૦ હોવાથી, યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર-રચના અધિકારીએ જોવું જોઈશે કે સરકારી જમીનના વિસ્તારમાં સરેરાસ ઘટાડાની ટકાવારી યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે એક સરખી રહે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ ક્રમાંક : ૪,૫,૬, ૯,૧૧,૧૬,૧૮,૧૯/એ--બી ૩૦,૩૧,૪૦,૪૨,૪૪ અને ૫૬ પૈકી દરેક માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે એક સરખી રહે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ પુન: વહેંચણી અને આકારણી પત્રકમાં, દરેક મૂળ પ્લોટના પ્રમાણિત ભોગવટાનો સમાવેશ કરવો જોઈશે.

(૬) જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને છેવટના પ્લોટ ફાળવ્યા હોય તે કિસ્સામાં, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, યોજના વિસ્તારના હિતાધિકારીઓ અને જાહેર જનતાની ટકાવારી નક્કી કરવી જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગર રચના અધિકારીએ યોગ્ય સત્તાધિકારીને ફાળવેલા વિકસિત અને અવિકસિત છેવટના પ્લોટ માટેના આકારણી પત્રકમાં મૂલ્યનો દર જણાવવો જોઈશે.

(૮) યોગ્ય સત્તામંડળને જાહેર હેતુ અથવા હેતુઓ માટે ફાળવેલા છેવટના પ્લોટ માટેના યોજનાના દસ્તાવેજોમાં "અનામત" શબ્દ ને સ્થાને "ફાળવણી" એ શબ્દ મૂકવો.

(૯) યોજના માટે સમાવિષ્ટ વિકાસ નિયંત્રણ વિનિયમોને સ્થાને સૂડાની મંજૂર થયેલ વિકાસ યોજનાના વિકાસ નિયંત્રણ વિનિયમો મૂકવા.

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૮૦ની પુન: રચનાનો નિર્ણય એવી રીતે લેવો જોઈશે કે જેથી તેને યોજનાના વિકાસ નિયંત્રણ વિનિયમોની જોગવાઈ મુજબ ૧૨ મીટરને બદલે ૧૫ મીટરનો રવેશ રહે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૪૩/એમવીઆર/૧૫૯૪/૭૧૩/૩/એચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪/૧૪૩/એમવીઆર/૧૫૯૪/૭૧૩/કેએચ. - તારીખ ૧૨મી જૂન, ૧૯૮૯ના ભારત સરકારના ભૂમિ વાહન વ્યવહાર મંત્રાલય (વાહન વ્યવહાર વીંગ) જાહેરનામા ક્રમાંક ૪૪ (ગ) ની સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૪૧ની પેટા-કલમ (૬) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી બંદરો, પરિવહન અને મત્સ્યોદ્યોગ વિભાગના તારીખ ૨૮મી જૂન, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/બી/૮૯/૧૧૯/એમવીઆર/૧૫૮૯/૨૪૨૪/-(૧૧)-ટી નીચે મુજબ સુધારે છે :—

સદરહુ જાહેરનામાની સાથે જોડેલ કોષ્ટકમાં નીચેની નોંધ ઉમેરવી.

રજીસ્ટર કરનાર સત્તાધિકારી	પોતે વાપરવાનો જિલ્લા કોડ.
"ગાંધીનગર	૧૮"

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી માર્ચ, ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી-૯૪-૩૫)-ઈપીટી-૧૦૯૪-જીઓઆઈ-૨૮-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT ENTERTAINMENT TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી-૯૪-૩૫)-ઈપીટી-૧૦૯૪-જીઓઆઈ-૨૮-ઈ.— ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચટી-૯૪-30) ઈપીટી-૧૦૯૪-જીઓઆઈ-૨૮-ઈ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિ–૨માં શરત નંબર (૫) પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :—

"(૬) અનુસૂચિ–૧માં, અનુક્રમાંક ૧૬ની સામે ઉપર દર્શાવેલ "સરદાર (હિન્દી)" ફિલ્મને, શરતો નંબર (૨), (૩) અને (૪), લાગુ પડશે નહિ અને આ ફિલ્મને કર ભરવામાંથી મળતી મુકિત કાયમી મુદત માટે રહેશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. કે. અસરાની,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૪નો ૪૫૪/ડીવીપી-૧૪૯૩-૨૮૨૨-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૫૪/ડીવીપી-૧૪૯૩-૨૮૨૨-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલી સૂરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફારો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ક્યાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૮મી માર્ચ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૬/ડીવીપી-૧૪૯૩-૨૮૨૨-એલ હેઠળ તા. ૨૮મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નં. ૪૬-૧ થી ૪૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થવાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને (ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે કરવાના ફેરફારો તા. ૧લી ઓકટોબર, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિમાણ વિભાગના તા. ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૬નો ૪૬-ડીવીપી/૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ થી મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર.

સુરત શહેરી વિકાસ વિસ્તાર માટે મંજૂર કરેલ વિકાસ યોજનામાં "વાહનવ્યવહાર" (ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન)નો ટી/૧૫ માટે અનામત રાખેલી, આ સાથે જોડેલ પ્લાનમાં A. B. C. D. E. F. A. નિશાનીથી દર્શાવેલ ગામ કરોદરા તાલુકો પલસાણાના બ્લોક નં ૧૯૬/ભાગ (મહેસૂલી સર્વે નં ૧૬૨/૫ ભાગ, ૧૬૨/૬)વાળી ૨૦૫૨૯ ચોરસ મીટરની માપવાળી જમીન સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથેના ઉપરોકત પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "સામન્ય વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૦મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક : જકે/૨૧/૯૪/એઆરબી/૧૦૯૨/૬૦૬/આઈ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Corrigendum

re

TO THE GOVERNMENT NOTIFICATION LEGAL DEPARTMENT NO. GK/13/93 /ARB/1092/606/K, DATED THE 6TH APRIL, 1993.

કાયદા વિભાગના તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૧૩/૯૩/એઆરબી/૧૦૯૨/૬૦૬/કે સંબંધી શુધ્ધિપત્ર

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૪.

ક્રમાંક : જીકે/૨૧/૯૪/એઆરબી/૧૦૯૨/૬૦૬/આઈ.– તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩ના ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૫૧/૧ થી ૫૧-૬માં પ્રસિધ્ધ થયેલા, ગુજરાત જાહેર બાંધકામ સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ નિયમો, ૧૯૯૩ સંબંધી કાયદા વિભાગના તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૧૩/૯૩/એઆરબી/૧૦૯૨/૬૦૬/કેમાં,–

(૧) "નમૂનો–ક
(જુઓ નિયમ-૭)એ શીર્ષકને બદલે,
"નમૂનો–ક.
(જુઓ નિયમ-૬ (૧) એ શીર્ષક વાંચવું.

(૨) પાના ૫૧-૪માં,–
"નમૂનો–ખ (જુઓ નિયમ-૭) એ શીર્ષકને બદલે "નમૂનો-ખ
(જુઓ નિયમ-૬ (૩)" એ શીર્ષક વાંચવું.

(૩) પાના ૫૧-૫માં,–

(૧) "નમૂનો–ગ.
(જુઓ નિયમ-૮) એ શીર્ષકને બદલે "નમૂનો-ગ (જુઓ નિયમ-૭) એ શીર્ષક વાંચવું.

(૨) "અનુસૂચિ
(જુઓ નિયમ-૯)" એ શીર્ષકને બદલે "અનુસૂચિ (જુઓ નિયમ-૮)" એ શીર્ષક વાંચવું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. બી. ગાંધી,
સરકારના નાયબ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૫૨૭મો/ટીપીએસ/૨૮૮૮/૩૦૯૭/(૯૪) ઓલ, ગુજરાતીનો અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૫૨૭મો/ટીપીએસ-૨૮૮૮/૩૦૯૭/(૯૪)/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૮૩નો ૫૦મો/ટીપીએસ/૨૮૮૧/૩૪૭/(૮૩)/એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, વઢવાણ નગરપાલિકા, વઢવાણએ પોતાને સાદર કરેલી નગરરચના યોજના, વઢવાણ નંબર-૧નો મુસદ્દો મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી.

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ની પેટા કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના વઢવાણ નંબર ૧ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહું પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ગુજરાત સરકારને સાદર કરેલ છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ સુધારાને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે, "સદરહુ યોજના" વઢવાણ નગરપાલિકા, વઢવાણની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટાકલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૧૨મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોને, પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં થી બાકાત કર્યા હોય તેમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને

સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

Government Central Press, Gandhinagar

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, FEBRUARY 16, 1995/MAGHA 27, 1916 [No. 7

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩મી મે ૧૯૯૪ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૨૮૦/ડીવીપી/૧૪૯૩/૫૪૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી મે, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૨૮૦/ડીવીપી--૧૪૯૩/૫૪૬/એલ.—હજીરા વિકાસ વિસ્તાર સત્તામંડળે (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની હદમાં સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭--૧૦--૧૯૮૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૨૧/શુડીએ/૧૧૮૧/૫૧૦૦/ વી પ્રમાણે વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને અધિનિયમની કલમ ૧૩ હેઠળ સદરહુ વિકાસ યોજનાનો સદરહુ મુસદ્દો, પ્રસિધ્ધ કરવા સંબંધી અને સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે સૂચનો અને વાંધા મંગાવતી નોટિસ તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૮૯ ના ગુજરાત સરકારી રાજ્યપત્રના ભાગ--૨ માં પાનાં નંબર ૪૭ થી ૪૯ ઉપર પ્રસિધ્ધ કરી હતી; અને સદરહુ વિસ્તાર વિકાસ સત્તામંડળે, સૂચિત સુધારા સંબંધી કોઈ વ્યકિત તરફથી સૂચનો અથવા વાંધા મંગાવતી, અધિનિયમની કલમ--૧૫ હેઠળની નોટિસથી સદરહુ વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો પ્રસિધ્ધ કર્યા હતા;

અને સદરહુ વિસ્તાર વિકાસ સત્તા મંડળે, સદરહુ વિસ્તાર વિકાસની વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે અધિનિયમની કલમ ૧૬ હેઠળ ગુજરાત સરકારને મંજૂરી માટે રજૂ કર્યો હતો ;

અને સદરહુ વિસ્તાર વિકાસ સત્તામંડળે, રાજ્ય સરકારને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ મંજૂરી માટે રજૂ કરેલા સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું ;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૭ ની પેટા--કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૩નો/૩૩/ડીવીપી-૧૪૯૧-૬૯૯(૯૧)-એલ, હેઠળ સદરહુ ફેરફારો સન ૧૯૯૩ ના જાન્યુઆરી મહિનાની ૨૯મી તારીખના ગુજરાત સરકારી રાજ્યપત્ર અસાધારણ ભાગ--૪--બી ના પાના નંબર ૧૦--૧ થી ૧૦--૭ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય, તો તે, તારીખ ૨૮મી જાન્યુઆરી ૧૯૯૩ નું સદરહુ સરકારી જાહેરનામુ પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવ્યું હતું,

અને ગુજરાત સરકારે સદરહુ ફેરફારો સંબંધી પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૭ ની પેટા--કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે.

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને આધીન રહીને, સદરહુ વિકાસ યોજના અને તે અંગેના વિનિયમો મંજૂર કરે છે ; અને

(ગ) જે તારીખે છેવટની વિકાસ યોજના અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૧૯૯૪ ના જૂન મહિનાની ૮મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળ (હાઠા) ના વિકાસ વિસ્તારની વિકાસ યોજનાના મુસદ્દામાં આખરી સ્વરૂપ આપેલા ફેરફારો.

INDEX

૧. હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજનાના મુસદ્દામાં, ટી-૧ નિશાની કરેલ સૂચિત રેલવે લાઈનની આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક--૧ ઉપર દર્શાવ્યા મુજબ NTPC નજીક ફરી લાઈનદોરી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનનો ભાગ, --

(૧) અનુક્રમાંક ૧ (૧) ઉપર આ સાથે જોડેલા પ્લાન નં. ૩ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ (NTPC માટે) રહેઠાણના ઉપયોગ માટે મુકરર કરવો,

(૨) અનુક્રમાંક ૧ (૨) ઉપર, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ (લીલીપટ્ટી) અને G.I.D.C. એ કરવાની કોરીડોરના વપરાશ માટે અનામત રાખવી.

(૩) અનુક્રમાંક ૧(૩) ઉપર, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ ઉપર દશાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ GIDC એ કરવાની કોરીડોરના વપરાશ માટે અનામત રાખવી.

૨. હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજનાના મુસદ્દાનાં પી--૬ નિશાની કરેલ સૂચિત ૬૦ મિ. પહોળા રસ્તાની ફરી લાઈન દોરી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, અનુક્રમાંક ૨ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દશાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ લીલીપટ્ટી અને G.I.D.C. એ કરવાની કોરીડોરના વપરાશ માટે અનામત રાખવી.

૩. હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજનાના મુસદ્દામાં, ટી-૧ નિશાની કરેલ સૂચિત રેલવે લાઈનની પી-૬ અને ઈ-૩ નિશાની કરેલ માર્ગના જંકશન નજીક ફરી લાઈન દોરી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, અનુક્રમાંક ૩ ઉપર, આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ લીલીપટ્ટી અને G.I.D.C એ કરવાની કોરીડોરના વપરાશ માટે અનામત રાખવી.

૪. હજીરા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ યોજનાના મુસદ્દામાં, સૂચિત ૪૫.૭૨ મિટર પહોળા માર્ગની ઈ-૩ ની આ સાથેના પ્લાન નંબર ૪ ઉપર અનુક્રમાંક ૪ પર દર્શાવ્યા મુજબ ફરી લાઈન દોરી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનના ભાગનો—

(૧) અનુક્રમાંક ૪ (૧) ઉપર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ, P.P.4 નિશાની કરેલ G.E.B માટે અનામત રાખવામાં સમાવેશ કરવો.

(૨) અનુક્રમાંક ૪ (૨) ઉપર, આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૫. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં ટી--૧ નિશાની કરેલ સૂચિત રેલવે લાઈન, સુવાલી ગામના મહેસૂલી સરવે નં. ૩૮૦, ૩૮૧, ૩૭૯ વગેરે વાળી જમીનો પાસેથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૫ ઉપર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૬. (ક) હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં -('A' થી 'B' સુધી) પી-૨ નિશાની કરેલ, સૂચિત ૬૦ મિટર પહોળો માર્ગ, અનુક્રમાંક ૬ ઉપર આ સાથે જોડેલ પ્લાન નં. ૪ અને ૧ ઉપર દર્શાવ્યા મુજબ, કમી કરવો અને એ રીતે મુકત કરેલ જમીનનો ભાગ, (૧) અનુક્રમાંક ૬(ક)(૧) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ (૧૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

(૨) અનુક્રમાંક ૬(ક) (૨) પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ગ) હેઠળ વન વિસ્તાર માટે મુકરર કરવી.

(ખ) હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં પી--૨ નિશાનીવાળો સૂચિત ૬૦ ફુટ પહોળા માર્ગના ભાગનો માર્ગ બદલવો અને અનુક્રમાંક ૬ (ખ) પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ (A. M. N.) નિશાની કર્યા મુજબ ફરી લાઈન દોરી કરવી.

નોંધ--(ક) ઉપર્યુકત (ખ) મુજબ માર્ગ તૈયાર થયા પછી કાર્યાન્વિત થાય અને તેની શરૂઆત થાય તે પછી ઉપર્યુકત (ક) પ્રમાણે કરવું જોઈશે.

૭. વાંસવા ગામના મહેસૂલી સરવે નંબર ૧૪૩ અને ૧૫૩ માંથી પસાર થતા પી--૩ નિશાનીવાળા સૂચિત ૪૫--૭૨ મિટર પહોળા માર્ગની X X૧X૨X૩X૪Y થી X Z Z$_1$Z$_2$Z$_3$Z$_4$Y માંથી ફરી લાઈન દોરી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, અનુક્રમાંક ૭ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૫ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૮. પૂર્વે ૬૦ મિટર પહોળો ઈ-૧ માર્ગ અને પશ્ચિમે ૪૫.૭૨ મિટર પહોળા પી-૪ માર્ગને જોડતા, મોરા ગામના મહેસુલી સરવે નં. ૪૯૮ વગેરેમાંથી પસાર થતો નવો ૩૦ મિટર પહોળો માર્ગ, અનુક્રમાંક ૮ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં સૂચિત કરવો.

૯. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, સુવાલી ગામના મહેસૂલી સરવે નં. ૧૭૮, ૧૯૨, ૧૯૮ વગેરેમાંથી પસાર થતો, પી–૧૦ નિશાનીવાળો સૂચિત ૩૦ મિટર પહોળો માર્ગ, કમી કરવો અને એ રીતે મુકત કરેલ જમીનનો ભાગ—

(૧) અનુક્રમાંક ૯ (૧) પરના આ પાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવો.

(૨) અનુક્રમાંક ૯ (૨) પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ગ) હેઠળ વન વિસ્તાર માટે મુકરર કરવો.

૧૦. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં $H^4H^6H^7H^9$ નિશાનીવાળી G.I.D.C. એ ગૃહનિર્માણ માટે અનામત રાખેલ અને H^8 નિશાનીવાળી "G.M.B. એ ગૃહનિર્માણ" માટે અનામત રાખેલ H^3 નિશાનીવાળી, હાડાએ (પુર્નવસવાટ) ગૃહનિર્માણ માટે અનામત રાખેલ જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો અનુક્રમાંક ૧૦ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ અને ૧ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૧. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, H^2 નિશાનીવાળા "G.I.D.C. એ ગૃહનિર્માણ," માટે અનામત રાખેલી જમીનોમાંથી તે ભાગ, સદરહુ અનામતમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧૧ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૨. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં H_6 નિશાનીવાળો "G.I.D.C. એ ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનોમાંથી

(૧) સુવાલી ગામના મહેસુલી સરવે નંબરો ૧૮૪, ૧૮૫, ૧૮૬/પી, ૨૩૬/પી, ૨૩૭, ૨૩૮, ૨૩૯/એ, ૨૪૧ અને ૨૪૨ વાળી જમીનો અનુક્રમાંક ૧૨(૧)પર આ સાથે જોડેલા પ્લાન નં ૧ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ગ) હેઠળ વન વિસ્તાર માટે મુકરર કરવી.

(૨) બાકી રહેલી જમીનો, અનુક્રમાંક ૧૨(૨) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૩. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં "GIDC" એ વાણિજ્યિક ઉપયોગ માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૩ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૪. હાડાની વિકાસ યોજનાના મુસાામાં (I_4) નિશાની કરેલ" G.I.D.C." એ ત્રાસદાયક અને જોખમી ભારે ઉદ્યોગો માટે અનામત રાખેલી" જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને રીતે મુકત કરેલ જમીનોનો ભાગ,—

(૧) અનુક્રમાંક ૧૪ (૧) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ " G.I.D.C. " એ ગૃહનિર્માણ માટે અનામત રાખવી,

(૨) અનુક્રમાંક ૧૪(૨) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ખ) હેઠળ "હાડા" એ વાણિજ્યિક ઉપયોગ માટે અનામત રાખવી અને

(૩) અનુક્રમાંક ૧૪(૩) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૧૫. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં I_4 નિશાની કરેલી "G.I.D.C."એ ત્રાસદાયક અને જોખમી ઉદ્યોગો માટે" અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧૫ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

INDEX

૧૬. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં (T-2)નિશાનીવાળી"G.M.B."એ બંદર માટે અનામત રાખેલ સૂચિત જમીનોમાંનો ભાગ, સદરહુ અનામતમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧૬ પરના આ સાથે જોડેલા પ્લાન નં. ૪ અને ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૧૭. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલ, અનુક્રમાંક ૧૭ પર જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, "B_1, B_2, B_3, B_1," નિશાનીવાળી સૂચિત રેલવે લાઈન ટી-૧ ની પૂર્વે આવેલી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧૭ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૧૮. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, ૧૬, ૧૭, ૧૮ નિશાનીવાળી "G.I.D.C."એ ત્રાસદાયક અને જોખમી ઉદ્યોગ" માટે અનામત રાખેલી જમીનો સદરહુ અનામતમાંથી કમી કરવી અને રીતે મુકત કરેલ જમીનો, અનુક્રમાંક ૧૮ પર આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૧૯. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, "P. P4." નિશાની કરેલ, "જી.ઈ.બી. સબ-સ્ટેશન" માટે અનામત રાખેલી જમીનના ભાગ બનતા મોરા ગામની સરવે નં. ૨૫/પી વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૧૯ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૦. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલી, અનુક્રમાંક ૨૦ પર જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, "B_4,B_5,B_6,B_7,B_8,B_9,B_1,"નિશાની કરેલી સૂચિત રેલવે લાઈન(T-1) ની પશ્ચિમે આવેલી જમીનો, સદરહુ ઉપાગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૨૦ પર જોડેલા પ્લાનનં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૨૧. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, O-૨ નિશાની કરેલી "G.I.D.C. એ લીલીપટ્ટી" માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી, એ રીતે મુકત કરેલી જમીનોનો ભાગ,—

(૧) અનુક્રમાંક ૨૧(૧) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ "G.I.D.C. એ ગૃહનિર્માણ" માટે અનામત રાખવો.

(૨) અનુક્રમાંક ૨૧(૨) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ખ) હેઠળ "હાડાએ વાણિજ્યિક" માટે અનામત રાખવો.

(૩) અનુક્રમાંક ૨૧(૩) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૨. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, "O_3O_4" નિશાની કરેલી "G.I.D.C. એ લીલીપટ્ટી" માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો અનુક્રમાંક ૨૨ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૪ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૩. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં "O_5,O_6" નિશાનીવાળી " G.I.D.C. એ લીલીપટ્ટી" માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૨૩ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ત કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યાગિક ઉપયોગ માટે મુકરર કરવી.

૨૪. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં (I_3) નિશાનીવાળી "G.I.D.C. એ ત્રાસદાયક અને જોખમી ઉદ્યોગો" માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૨૪ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૫ અને ૬ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૫. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં O1 નિશાનીવાળી " G.I.D.C. એ લીલીપટ્ટી " માટે અનામત રાખેલી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનોનો ભાગ, —

(૧) અનુક્રમાંક ૨૫(૧) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૫ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

(૨) અનુક્રમાંક ૨૫(૨) પર આ સાથે જોડેલા પ્લાન નં. ૫ અને ૬ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ઙ) હેઠળ ખુલ્લી જગા માટે મુકરર કરવી.

INDEX

૨૬. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં વન વિસ્તાર માટે મુકરર કરેલી મહેસુલી સરવે નં. ૪૩૪-એ/૧-બી/પી, ૪૩૪-એ/૧, સી/પી, ૪૩૪-એ/૧-૨/પી, ૨૮૧/પી, ૪૪૦ અને ૫૭ વાળી જમીનો, સદરહુ વિસ્તારમાંથી કમી કરવી અને અનુક્રમાંક ૨૬ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ખેતીના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૭. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઉપયોગ માટે મુકરર કરેલ લીમ્બા ગામની મહેસૂલી સરવે નં. ૯૩/પી, ૧૬૬, ૯૪/પી, ૯૭, ૯૫/પી,૧૦૬, ૧૦૭, ૧૧૦, ૧૧૧ વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અનુક્રમાંક ૨૭ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૩ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, (ક્રીબકો માટે) રહેઠાણના ઉપયોગ માટે મુકરર કરવી.

૨૮. હાડાની વિકાસ યોજનાના મુસદ્દામાં, ખેતીના ઉપયોગ માટે મુકરર કરેલ, ચુવાલી ગામની મહેસૂલી સરવે નં. ૩૯૨/પી, ૩૯૩/પી, ૩૯૭/પી વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો અનુક્રમાંક ૨૮ પર આ સાથે જોડેલા પ્લાન નં. ૧ ઉપર દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(૬) હેઠળ ખુલ્લી જગા માટે મુકરર કરવી.

૨૯. હાડાની વિકાસ યોજનાના "G.D.C.R." ૧૯૯૧ ના પાના નં. ૮૮ થી ૯૧ ઉપર ત્રાસદાયક અને જોખમી ઉદ્યોગો પરિશિષ્ટ-૧ ની યાદી સાથે હાડાની વિકાસ યોજનાના મુસદ્દાના " G.D.C.R."૧૯૯૧ ના પાના નં. ૮૭/એ ઉપર ઝોન અંગેના વિનિયમોના કોષ્ટક પરિશિષ્ટ--ઝ ના અનુક્રમાંક--૪ પર ત્રાસદાયક અને જોખમી ઉદ્યોગો માટેના સૂચિત ઝોન અંગેના વિનિયમો કમી કરવા.

૩૦. ખેતીના ઝોન માટેના નીચેના નવા ઝોન અંગેના વિનિયમો, હાડાની વિકાસ યોજનાના મુસદ્દાના "G.D.C.R."૧૯૯૧ ના પાના નં.૮૭--એ ઉપર અનુક્રમાંક--૪ મુજબ ઝોન અંગેના વિનિયમોના કોષ્ટક પરિશિષ્ટ-ઝ માં ઉમેરવા.

અનુ- ક્રમાંક.	ઝોનનો પ્રકાર	નકશાનો ઉલ્લેખ.	જે વિકાસ માટે ઝોન પ્રારંભિક રીતે કરવા ધાર્યો છે તે વિકાસનો પ્રકાર.	સી. ઈ. એ. ની ખાસ સંમતિ લઈને જે વિકાસ માટે પરવાનગી આપી શકાય તે વિકાસનો પ્રકાર.	જે વિકાસ માટે પરવાનગી આપી ન શકાય તે વિકાસનો પ્રકાર.	વિશેષ નોંધ.
૧	૨	૩	૪	૫	૬	૭
(૪)	કૃષિ વિષયક ઝોન.	લીલી (હરિત)	મરઘાં ઉછેર, દૂધ ઘરો, પ્રાણી ઉછેર, તબેલા, મત્સ્યોદ્યોગ, ડુક્કર વાડા વગેરે, ખાતરોના સ્ટોરેજ અને ચૂકવણી સહિત ખેતી વિષયક અને તેને સંલગ્ન કામકાજ કરવા સાથે સંકળાયેલા તમામ ઉપયોગો, અને રેતી, માટી અથવા કાંકરી ખોદવા, ગોલ્ફ કલબ અને લીંક જેવા મનોરંજનના ઉપયોગો, જાહેર બગીચા, ખાનગી બગીચા, રમતગમતના મેદાનો, રેઈસ, ટ્રેકસ અને શુટિંગ રેન્જના મનોરંજન માટે તમામ પ્રકારના ઉનાળુ કેમ્પ, પ્રાણીઘર,	ફાર્મ હાઉસ, વિદ્યુત બોર્ડના સબ-સ્ટેશનો જેવાં જાહેર ઉપયોગ સાથે સંબંધિત મકાનો, ધાર્મિક મકાન, વોટર વર્કસ વગેરે, હવાઈક્ષેત્ર, માર્ગ અને રેલ્વે ટર્મિનસ માટે જરૂરી કોઈપણ, કામ.	કોલમ ક્રમાંક ૫ અને ૬માં દર્શાવ્યા ન હોય તેવા તમામ અન્ય ઉપયોગો.	પ્લોટ વિસ્તારના ૩ ટકાથી વધારે ન હોય તેવો બાંધકામ વિસ્તાર અને જે માર્ગની લગોલગ પ્લોટ આવેલો હોય તે માર્ગથી ૩૦.૦ મિટર કરતાં ઓછા ન હોય તેટલા અંતરે બાંધવાનું હોય તે મકાન.

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
			સ્ટેડિયમ, બાગાયત, નર્સરી, ફૂલના બગીચા, પ્રાણી ઉછેર અને સંવર્ધન, વન સંવર્ધન કામચલાઉ, મકાનો, ખેતીને લગતા ઓજારો, ખેત પેદાશોનો સંગ્રહ, તેની પ્રક્રિયા કરવાનુ, અને તેનું વેચાણ, માર્ગો, રેલવે, એરપોર્ટ વગેરે જેવી સગવડોને સાંકળતા કોઈપણ રસ્તાનું બાંધકામ.			

૩૧. હાડાની વિકાસ યોજનાના મુસદ્દાના G. D. C. R. ૧૯૯૧ના પાના નં. ૮૭–એ ઉપર ઝોન અંગેના વિનિયમ કોષ્ટક-પરિશિષ્ટ-ઝ ના અનુક્રમાંક ઉના કોલમ નં. ૨ માંથી "સામાન્ય/સલામત/પાણીના કિનારે આવેલ જમીન/આનુષંગિક" એ શબ્દો અને કોલમ ૪ માંથી "જોખમકારક વાંધાજનક ઉદ્યોગો સાથે સંકળાયેલ ન હોય તેવા" એ શબ્દો કમી કરવા.

૩૨. હાડાની વિકાસ યોજના, ૧૯૯૧ના મુસદ્દાના રિપોર્ટમાં કાવાસ હજીરા ખાતેના પ્રોજેક્ટો દર્શાવતા પાનાં ક્રમાંક ૬૯ થી ૭૨ નીચે મુજબ બદલવા.

કંપની	પ્રોજેક્ટોનું નામ.	ફાળવેલી જમીનો.	જરૂરી જમીન	વિશેષ નોંધ.
૧	૨	૩	૪	૫
ક્રિભકો.	ફર્ટિલાઈઝર પ્લાન્ટ હેવી વોટર પ્લાન્ટ	૪૭૪ હે.	...	કાર્યાન્વિત કરેલ ફર્ટિલાઈઝર પ્લાન્ટ, કાર્યાન્વિત કરવાનો હેવી વોટર પ્લાન્ટ. કુલ ૭૩૦ હે. જમીનોમાંથી ૪૭૪ હે. જમીનો હાડાના વિસ્તારમાં આવે છે અને બાકીની ૨૫૬ હે. ની બધી જમીનો સુડાના વિસ્તારમાં આવે છે.
એન.ટી.પી.સી.	ગેસ/એનસીઓલ આધારિત પાવર પ્લાન્ટ.	૨૦૮ હે.	...	કાર્યાન્વિત કરવાનો પ્રોજેક્ટ વિસ્તૃતિકરણ માટે પૂરતી જમીન.
રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ લિમિટેડ.	પોલીવીની ક્લોરાઈડ (PUC) હાઈ ટેન્સીટી પોલી ઈથીલીન (HDPE), ક્લોરાઈન કોસ્ટીક સોડા, મોનો ઈથીલીન ગ્લાય કોલ (M.G.E.) N.G.L. ક્રેકર, પોલીપ્રોપ્લીન.	૨૭૫ હે.	...	બાંધકામ હેઠળનો પ્લાન્ટ.
મેસર્સ સાહની પેટ્રો પોલીઓલ્સ		૧૬ હે.	...	કાર્યાન્વિત કર્યો ન હોય તેવો પ્રોજેક્ટ, રિલાયન્સના પ્લોટમાં આવતી સાહનીને ફાળવેલી જમીન પાછી આપવા માટે રિલાયન્સે પૂછાવેલ છે.
લાર્સન એન્ડ ટુબ્રો	ન્યુ ક્લીયર સાધનસામગ્રી, દરિયામાં કાંઠાથી દૂર પ્લેટફાર્મ, વહાણની મરામત કરવી વગેરે માટે મોટા પાયા પર નિર્માણ કરવું	૮૧.૦ હે.	...	મોટા પાયા પર નિર્માણ કરેલ પ્રોજેક્ટ દરિયા કાંઠાથી દૂર પ્લેટફોર્મ કરવા માટે કાર્યાન્વિત કરેલ છે. કરવાના પ્રોજેક્ટને લેટર.

INDEX

૧	૨	૩	૪	૫
ઈસ્સાર ગુજરાત	સ્પોન્જ આયર્ન (ફેસ-૧)	૪૦ હે.	...	સ્પોન્જ આયર્ન ફેસ-૧ પ્રોજેક્ટ કાર્યાન્વિત કર્યો છે.
	સ્પોન્જ આયર્ન સ્ટીલ બનાવતો પ્લાન્ટ (ફેસ--૨).	૩૧૫ હે.	...	ફેસ-૨ માટે જમીનની નિશાની કરી છે.
	G. I. D. C. એ કરવાના આનુષંગિક ઉદ્યોગો.	૭૧.૬૨ હે.	...	જમીનની ફાળવણી G.I.D.C. કરશે.
	G. I. D. C. એ કરવાનો પાણીની કિનારે આવેલ જમીનનો ભાવિ પ્લાન.	૭૧.૩૩ હે.	...	—એજન—

૩૩. હરા, ૧૯૯૧ની વિકાસ યોજનાના મુસદ્દાના રિપોર્ટમાં પાના નં. ૯૫ અને ૯૬ પર આપેલી અનામત જમીનોના સંપાદનની શરતોમાં વિકાસ યોજનાના અમલના ખર્ચનું પત્રક નીચે પ્રમાણે બદલવું.

અનામત જમીનોના સંપાદનની શરતોમાં વિકાસ યોજનાના મુસદ્દાના અમલના સુધારેલા ખર્ચમાં, વિદ્યમાન દરો ગણતરીમાં લેવાં.

આનુક્રમ નંબર.	યોજના અને એજન્સી.	હેક્ટરમાં વિસ્તાર	સંપાદન કરવા માટે જમીનનું મૂલ્ય. (રૂપિયા લાખમાં)
૧	૨	૩	૪
૧.	ગૃહ નિર્માણ ૧. G.I.D.C. H_1 H_2નવો વિસ્તાર.	૨૨૪.૦૦	૧૧૨.૦૦
૨.	વાણિજ્યિક ૧. H.A.D.A.	૩૦.૦૦	૧૫.૦૦
૩.	ઔદ્યોગિક ૧. G.I.D.C.	૧૪૩.૦૦	૭૧.૫૦
૪.	ગ્રીટ સ્ટ્રીપ અને ગ્રીન સ્ટ્રીપ અને કોરિડોરની ખુલ્લી જગાની ઉપયોગિતા (સંબંધિત ઉદ્યોગોને આપવું).	૩૯૫.૦૦	૧૯૭.૫૦
૫.	A. વાહન--વ્યવહાર		
	૧ G.S.R.T.C.	૧૪.૩૪	૭૧.૭૦
	૨. રેલવે.	૯૫.૦૦	૪૭.૫૦
	૩. બંદર (G.M.B.) અને જહાજવાડો	૫૪.૫૦	૨૭.૨૫
૫.	B. માર્ગ-વિકાસ	૨૯૫.૦૬	૧૪૭.૫૩
૬.	જાહેર હેતુ		
	૧ H.A.D.A. ઓફિસ કોમ્પ્લેક્ષ	૧૬.૯૫.૦૪	૮.૪૭
	૨. વિદ્યુત સબ-સ્ટેશન G.E.B.	૧૩.૧૦	૬.૫૫
		કુલ...	૭૦૫.૦૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, FEBRUARY 23, 1995/PHALGUNA 4, 1916 [No. 8

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૮મી જૂન, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૩૦/એમવીઆર/૧૧૮૯/૬૧૮૬૪/કેએચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT, No. GH/G/91-41/MVR/1589/6564/KH, DATED THE 20TH APRIL, 1991.

ગૃહ વિભાગના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એચ/૯૧/૪૧/એમવીઆર/૧૫૮૯/૬૫૬૪/કેએચ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી જુલાઈ, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪/૭૦/એમવીઆર/૧૫૮૯/૬૫૬૪/કેએચ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૦૩ના પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે તેને આમત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૯૧/૪૧/એમવીઆર/૧૫૮૯/૬૫૬૪/કેએચ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં આ સાથે જોડેલી અનુસૂચિમાં કોલમો ૧, ૨ અને ૩માં નોંધ ૧ પછી નીચેની નોંધ ઉમેરવી :—

(૨)	અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત શહેરોના પોલીસ કમિશનરના નિયંત્રણ હેઠળ રાજ્ય ટ્રાફિક શાખા અને શહેર ટ્રાફિક શાખાઓમાં તેમની ફરજો બજાવતા હોય તેવા ઈન્સ્પેક્ટરના દરજ્જાના પોલીસ ખાતાના અધિકારીઓ.	કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯નો નિયમ ૧૦૧	૫૦
		મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ-૧૧૯	૫૦
		કેન્દ્રીય-મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૧૯	૫૦
		કલમ—૧૨૨.	૫૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા.
સરકારના સંયુક્ત સચિવ.

———

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૪૬/એમવીપી/૧૦૯૨/૪૫૮૩/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારેખી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓકટોબર, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪/૧૪૬/એમવીપી/૧૦૯૨/૪૫૮૩/ખ :– મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૬ અને ૨૧૧ લેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા–કલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી સચિવશ્રી (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૪/૧૪૬/એમવીડી/૧૦૯૨/૪૫૮૩/ખ : મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૬ અને ૨૧૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેનાં નિયમો કરે છે :–

૧. આ નિયમો 'ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૬માં,–

(ક) ખંડ (૨) માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) ખંડ (૪) માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) ખંડ (૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) ખંડ (૬)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ચ) ખંડ (૬)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(છ) ખંડ (૭)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૬માં,–

(ક) ખંડ (૧)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) ખંડ (૨)માં, "પાચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) ખંડ (૪)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) ખંડ (૫)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા.

INDEX

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪૩માં,—

(ક) ખંડ (૨)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) ખંડ (૩)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) ખંડ (૪)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) ખંડ (૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ચ) ખંડ (૬)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(છ) ખંડ (૮)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭૧માં,—

(ક) ખંડ (૨)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ખ) ખંડ (૩)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ગ) ખંડ (૪)માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો પચ્ચીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઘ) ખંડ (૭)માં, "એકસો પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણસો રૂપિયા" એ શબ્દો મૂકવા

(ચ) ખંડ (૮)માં, "બસો પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(છ) ખંડ (૯)માં, "પચ્ચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(જ) ખંડ (૧૦)માં, "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઝ) ખંડ (૧૧)માં, "દોઢસો રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ટ) ખંડ (૧૨)માં, "પંદર રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ઠ) ખંડ (૧૩)માં, "પચ્ચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ડ) ખંડ (૧૪)માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" શબ્દો મૂકવા ;

(ઢ) ખંડ (૧૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(ત) ખંડ (૧૬)માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(થ) ખંડ (૧૭)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(દ) ખંડ (૧૮)માં "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા ;

૬. સદરહ નિયમોમાં, નિયમ ૧૬૬માં પેટા-નિયમ (૩)માં, "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દોમૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૧૬/એસએએ/૧૧૮૮/૧૨૮-(ડી)--કે. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT SLUM AREARS (IMPROVEMENT, CLEARANCE AND RE-DEVELOPMENT) RULES, 1975.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૫ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત ગંદા વસવાટ, વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૧૬/એસએએ/૧૧૮૮--૧૨૮(ડી) કે.— ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૧ મા) ની કલમ ૫૮ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગંદા, વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

૨. ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૫ (જેનો આમાં હવે પછી" "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ ૨૫ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૨૫. કલમ ૧૮ (૧) હેઠળ ભાડૂત કેટલી મુદતની અંદર એકરારનામું કરી શકે તે બાબત.— ગંદા વિસ્તારમાંના કોઈ મકાનનો ભોગવટો કરતો કોઈ ભાડૂત સુધારણાનું કામ અથવા મકાનનું પુન: બાંધકામ પૂરું થયા પછી, મકાનમાં ફરી રહેવા જવાની ઈચ્છા છે એવો એકરાર કરે તો, ભાડૂતે યથાપ્રસંગ આવું કોઈ મકાન ખાલી કર્યાની અથવા તે ખાલી કરીને ચાલ્યા જવાની તારીખથી ત્રીસ દિવસની અંદર નમૂના "છ" માં નિયત સત્તાધિકારી સમક્ષ એકરાર ફાઈલ કરવો જોઈશે."

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૫ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

" ૨૫--ક. જે મુદતની અંદર માલિક, કલમ ૧૮ (૨) હેઠળ નકશાઓ પૂરા કરી શકે તે મુદત.— ખાલી કરેલ મકાનના માલિકે, નિયત સત્તાધિકારીને, મકાનના ખર્ચના આશરે અંદાજ સાથે મકાનના સુધારણા કામના અથવા પુન-બાંધકામના નકશાઓ અને જરૂરી હોય તેવી અન્ય વિગતો, નિયત સત્તાધિકારી તરફથી તેને જાણ થયાની તારીખથી તેત્રીસ દિવસની અંદર, મોકલવા જોઈશે.

૪. સદરહુ નિયમોમાં, નમૂના 'ચ' પછી, નીચેનો મજકૂર ઉમેરવો :—

" નમૂનો 'છ'

(જુઓ નિયમ ૨૫)

એકરારનામું

હું નીચે સહી કરનાર શ્રી.————————————————ચાલીનો રહેવાસી આથી બાંયધરી આપું છું કે.———— ————————————ખાતે, ગૃહ નિર્માણ યોજના હેઠળ ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડ દ્વારા મને મકાનની ફાળવણી કરવામાં આવશે તો, પછી, હું મૂળ મકાન/ઝૂંપડી ખાલી કરીશ અને સ્વેચ્છાપૂર્વક મારા ઘરનો સરસામાન ઉપર જણાવેલ સ્થળે બદલી

INDEX

નાંખીશ. હું વધુમાં બાંયધરી આપું છું કે ગુજરાત ગંદા વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૧ પ્રમાણે, હું જરૂરી ડિપોઝીટ અને ભાડા ખરીદ હપ્તાઓ, નિયમિત રીતે ભરીશ.

મેં. આ બાંયધરી પૂરી વિચારણા કર્યા પછી આપેલી છે.

નામ :

ચાલીનું નામ :

રહેવાસી :

મકાન નંબર :

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. ઓ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ઓકટોબર ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૪૨૦/ડીવીપી/૧૫૯૧/૩૦૫૮-(૯૪)-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ.

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૪૨૦નો /ડીવીપી/૧૫૯૧/૩૦૫૮-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/સન ૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩/૪૪૨૦-(૮૭)/એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજના કરવા ધારેલો સૂચિત ફેરફાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/

INDEX

સને ૧૯૯૧નો ૨૫૮/ડીવીપી/૧૫૯૧/૩૩૭૩/(૯૧)/ઓલ હેઠળ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૧નાં ગુજરાત સરકારના રાજપત્ર, ભાગ-૪-બીના પાના નંબર ૨૩૮-૧ થી ૨૮૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે; અને સરકારે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે. તેથી, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલ ફેરફારો, તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીઅચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦થી મંજૂર કરેલી ઔડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની યોજનામાંનો ફેરફાર.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ગુજરાત હાઉસીંગ બોર્ડ માટે અનામત રાખેલી વેજલપુર ગામની મે. સર્વે નંબર ૮૦૦/૧, ૮૦૦/૨ અને મકરબા ગામની મે. સર્વે નંબર ૮૩૧/પી વાળી જમીન, સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન; આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર યોજના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (E) હેઠળ, સાર્વજનિક ધર્માદા ટ્રસ્ટ અધિનિયમ હેઠળ નોંધાયેલા YMCA ની સાંસ્કૃતિક સહ-પ્રવાસન વગેરે પ્રવૃત્તિઓ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
ગુજરાતના સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજી પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીઅચવ/વી/૧૯૯૪નો ૪૫૬/ટીપીઓસ/૧૪૯૨/૨૮૮૭/ઓલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ, અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીઅચ/વી/૧૯૯૪નો૪૫૬/ટીપીઓસ/૧૪૯૨/૨૮૮૭/ઓલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૮૮નાં સરકારી જાહેરનામા ક્રમાંક જીઅચ/વી/૧૯૮૮ના ૧૭૫/ટીપીઓસ/૧૪૮૮/૩૦૪૮/ઓલ. હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭માં) (જેનો આમાં હવે પછી

INDEX

"સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજના, સુરત નંબર ૬ (પીપલોદ)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજુર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને નિમાયેલા નગરરચના અધિકારીઓ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨-ની પેટા કલમ (૨) અને ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના સુરત નં. ૬-પીપલોદ-પ્રારંભિક યોજના (જેનો હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે) તે ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટાકલમ (૨)નાં ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૪ના નવેમ્બર મહિનાની ૨૧મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૧૨૫ પર ખુ. પ્લોટ નં. ૫૩/બી/૧ અને ૫૩/બી/૨ના કોલમ નં. ૮ અને પાના નં. ૧૨૭ પર ખુ. પ્લો. નં. ૫૩/બી/૩ અને ૫૩/બી/૪નાં કોલમ નં. ૮ માં શેરો/નોંધ, "સુડાએ મંજૂર કરેલ વિકાસ યોજના મુજબ સુડા ગૃહનિર્માણ અને સુડા વાણિજ્ય માટે અનામત " એ શબ્દો ઉમેરવા.

૨. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૧૨૯ અને ૧૩૧ પર અનુક્રમાંક--૬૮નાં કોલમ નં. ૨માં "મુખ્ય કારોબારી સત્તાધિકારી, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત "એ શબ્દોને સ્થાને "યોગ્ય સત્તાધિકારી, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત" શબ્દો મૂકવા.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમોને, પ્રારંભિક યોજનાનાં દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪ના ૪૫૭માં/ટીપીએસ/૧૪૯૩/૩૬૮૫/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૪૫૭/ટીપીએસ/૧૪૯૩/૩૬૮૫/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૬મી ડીસેમ્બર ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦/ના ૨૪૭/ટીપીએસ/૧૪૯૦/૩૮૭૦/એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી સત્તાની રુએ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન એ પોતાને સાદર કરેલી નગર રચના યોજના સુરત નંબર ૧૨ (અડાજણ) (પ્રથમ ફેરફાર)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલી યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ પ્રથમ ફેરફાર કરેલી યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણુંક કરી હતી :

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના-૪૦૩/ટીપીએસ-૧૪૯૩/૨૯૬/એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭માં)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, નગર રચના યોજના સુરત નંબર ૧૨ (અડાજણ) (પ્રથમ ફેરફાર) પ્રારંભિક યોજના મંજૂર કરી છે.

અને નગર રચના અધિકારીએ સદરહુ અધિનિયમની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ-૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગર રચના યોજના, સુરત નંબર ૧૨ અડાજણ પ્રથમ ફેરફાર આખરી યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રથમ ફેરફાર આખરી યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) "સદરહુ પ્રથમ ફેરફાર આખરી યોજના"ને મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલી આખરી યોજના," સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરતની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૪ના નવેમ્બર મહિનાની ૨૧મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ, વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીવાય/૨૬/પીએફએ/૧૦૯૪/૩૫૩૬/જેએચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

PREVENTION OF FOOD ADULTERATION ACT, 1954.

ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪ હેઠળ જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓક્ટોબર, ૧૯૯૪.

ખાદ્ય ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪.

ક્રમાંક જીવાય/૨૬/પીએફએ/૧૦૯૪/૩૫૭૬/જેએચ.—ખાદ્ય પદાર્થ ભેળસેળ પ્રતિબંધ અધિનિયમ, ૧૯૫૪ (સન ૧૯૫૪ના અધિનિયમ ક્રમાંક ૩૭)ની કલમ-૨ના ખંડ (૮-ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, આરોગ્ય તબીબી અધિકારી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદને, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તાર માટે, આરોગ્ય તંત્રનો હવાલો ધરાવતા સ્થાનિક (આરોગ્ય) સત્તાધિકારી તરીકે નીમે છે અને તે હેતુ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના તા. ૨૬મી ઓગસ્ટ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીવાય/૮૭/૩૮/પીએફએ/૧૦૮૬/૨૨૩૨/(૧)-જેએચ નીચે પ્રમાણે સુધારો છે.

સદરહુ જાહેરનામાની અનુસૂચિમાં અનુક્રમાંક-૧ આગળની નોંધને બદલે નીચેનો મજકુર મૂકવો.—

૧	૨	૩
"૧"	આરોગ્ય તબીબી અધિકારી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ.	અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અમદાવાદની હદોની અંદરનો વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સુશીલ કે. ત્રિવેદી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ (સ્પેશિયલ)ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી/૧૩૯/એસબીઆઈ/પીઓએ/૨૭૯૨/૧૩૯૮૫.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

OFFICIAL SECRET ACT, 1923.

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ (સ્પેશિયલ)

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી ઓક્ટોબર, ૧૯૯૪.

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીજી/૧૩૯/એસબીઆઈ--પીઓએ--૨૭૯૨--૧૩૯૮૫.—ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સ્થળ સંબંધી અથવા તેનો નાશ અથવા તેમાં અવરોધ અથવા દખલ કરવા સંબંધી માહિતી કોઈ દુશ્મનને ઉપયોગી થશે;

INDEX

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪ થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક : ૨૧/૨૦/૬૨/પોલ (૧) સાથે વાંચતાં સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯ મા) ની કલમ ૨ ના ખંડ (૮) ના પેટા-ખંડ (ધ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, સદરહું અધિનિયમના હેતુઓ માટે આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખે અને તે તારીખથી, સદરહું સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવાનો આદેશ કરે છે.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર.—

૧. આ રાજ્યના પોલીસ દળના સભ્યોને;

૨. સંઘના નૌકાદળ, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને;

૩. ઉપર્યુકત સ્થળોમાં નોકરીમાં રાખેલી વ્યકિતઓને; અને

૪. પગારદાર મેજિસ્ટ્રેટોને ;
લાગુ પડશે નહિ.

અનુસૂચિ.

સ્થળનું નામ	વિસ્તાર	સર્વે નંબર, ક્ષેત્રફળ અને હદ
ઓલપીજી ગેસ રીકવરી પ્લાન્ટ નં. સી. ૨ અને સી. ૩ ગામ : વાઘોડિયા, જિલ્લો : વડોદરા.	વાઘોડિયા ગામ, તા. વાઘોડિયા, જિ. વડોદરા.	૧. ક્ષેત્રફળ ૭૦ હેકટર ૩૧ આર. અને ૩૮ ચો. મીટર. ૨. સર્વે નંબર : પુરવણી 'ક' મુજબ. ૩. હદો : ઉત્તર : સર્વે નં. ૧૬૩૫, ૧૬૩૩, ૧૬૬૯, ૧૬૭૦, ૧૬૭૧/૧, ૧૬૭૫, ૧૬૫૦, ૧૦૪, ૧૦૮, ૧૬૯૬, ૧૬૯૭, ૧૭૦૧/૧, ૧૭૦૧, ૧૭૨૯, ૧૭૫૬. પૂર્વ : સર્વે નં. ૧૭૫૭, ૧૭૬૧, ૧૭૬૨/૧, દક્ષિણ : જી. આઈ. ડી. સી., વાઘોડિયા વિસ્તાર. પશ્ચિમ : લીમડા ગામની હદ.

પૂરવણી -- ક

સર્વે નંબર :

૧૦૨, ૧૦૩/૧ અને ૨, ૧૪૭૨/૧ ભાગ, ૧૪૭૩/ભાગ, ૧૪૮૭/ભાગ, ૧૪૮૮/ભાગ ૧ અને ૨, ૧૪૮૯, ૧૪૯૦/ભાગ, ૧૪૯૩/૩-ભાગ, ૧૪૯૮/૧ ભાગ, ૧૪૯૮/૨ ભાગ, ૧૪૯૯/ભાગ, ૧૫૦૦/ભાગ, ૧૫૪૯/૧ થી ૩/ભાગ, ૧૫૫૧/ ભાગ, ૧૫૫૨, ૧૫૫૩, ૧૫૫૪, ૧૫૫૫/૧ ભાગ, ૧૫૫૫/૨ ભાગ, ૧૫૫૫/૩ ભાગ, ૧૫૫૬/ભાગ, ૧૬૧૪/ભાગ, ૧૬૧૬/ભાગ, ૧૬૧૭/ભાગ /૧+૨ ૧૬૧૮/ભાગ, ૧૬૧૯, ૧૬૨૦, ૧૬૨૧, ૧૬૨૨.

૧૬૨૩, ૧૬૨૪, ૧૬૨૫, ૧૬૨૬, ૧૬૨૭, ૧૬૨૮, ૧૬૨૯, ૧૬૩૦, ૧૬૩૧, ૧૬૩૨, ૧૬૩૩/ભાગ, ૧૬૩૪, ૧૬૭૨, ૧૬૭૩/૧, ૧૬૭૩/૨, ૧૬૭૪, ૧૬૭૮, ૧૬૭૯, ૧૬૮૦, ૧૬૮૧, ૧૬૮૨, ૧૬૮૩, ૧૬૮૪, ૧૬૮૫, ૧૬૮૬/એ, ૧૬૮૬/બી, ૧૬૮૭/એ, ૧૬૮૭/બી ૧૬૮૮/૧, ૧૬૮૮/૨, ૧૬૮૮/૩/એ, ૧૬૮૮/૩/બી, ૧૬૮૯, ૧૬૯૦/૧, ૧૬૯૦/૨, ૧૬૯૧, ૧૬૯૨, ૧૬૯૩, ૧૬૯૪, ૧૬૯૫, ૧૭૦૨, ૧૭૦૩, ૧૭૦૪, ૧૭૦૫, ૧૭૦૬/૧, ૧૭૦૬/૨, ૧૭૦૭/એ, ૧૭૦૭/બી, ૧૭૦૮/બી, ૧૭૦૮/એ, ૧૭૦૯/૧ એ, ૧૭૦૯/૧બી, ૧૭૦૯/૨, ૧૭૧૦, ૧૭૧૧/ભાગ, ૧૭૧૨, ૧૭૧૩, ૧૭૧૪, ૧૭૧૫, ૧૭૧૬, ૧૭૧૭, ૧૭૧૮, ૧૭૧૯, ૧૭૨૦/૧, ૧૭૨૦/૨, ૧૭૨૧/૧, ૧૭૨૧/૨, ૧૭૨૨, ૧૭૨૩, ૧૭૨૪/૧, ૧૭૨૪/૨, ૧૭૨૫/૧-બી, ૧૭૨૫/૨, ૧૭૨૫/૧/એ, ૧૭૨૬/૧/એ, ૧૭૨૬/૨, ૧૭૨૬/૧/બી, ૧૭૨૭, ૧૭૨૮, ૧૭૩૦/એ, ૧૭૩૦/બી, ૧૭૩૧/૧, ૧૭૩૧/૨, ૧૭૩૨, ૧૭૩૩, ૧૭૩૪, ૧૭૩૫, ૧૭૩૬, ૧૭૩૭, ૧૭૩૮, ૧૭૩૯/૧, ૧૭૩૯/૨, ૧૭૪૦/૧, ૧૭૪૦/૨, ૧૭૪૧, ૧૭૪૨, ૧૭૪૩/૧, ૧૭૪૩/૨, ૧૭૪૪/૧, ૧૭૪૪/૨, ૧૭૪૫/૧, ૧૭૪૫/૨, ૧૭૪૬, ૧૭૪૭, ૧૭૪૮, ૪૭/૨/ભાગ, ૫૬/૧/ભાગ, ૫૭/ભાગ, ૫૯/ભાગ, ૬૦/બી, ૬૧/એ, ૬૧/બી/ ૬૨/બી/ ભાગ, ૬૯/બી/ભાગ, ૧૪૬૭/ભાગ, ૧૪૬૮/બી,/ભાગ, ૧૪૬૯/ભાગ, ૧૪૭૦/ભાગ, ૧૪૭૧/૧/ભાગ, ૧૪૭૨/ભાગ, ૧૪૭૨/૨/ભાગ, ૧૪૭૩/ભાગ, ૧૭૬૩/બી/ભાગ, ૧૭૬૬/૨/ભાગ, ૧૭૬૬/૧/એ, ૧૮૩૦/૧/બી/ભાગ, ૧૮૩૧/બી/ ભાગ, ૧૮૩૮/બી/ભાગ, ૧૮૩૯/૧/બી/ભાગ, ૧૮૪૪/૧/બી/ભાગ, ૧૮૪૫/ભાગ, ૧૮૪૬/ભાગ, ૧૮૪૮/બી/ભાગ, ૧૮૪૯/બી/ભાગ,

INDEX

૧૮૫૨/૧, ૧૮૫૨/૨/ભાગ, ૧૮૫૩/૧/ભાગ, ૧૮૫૪/ભાગ, ૧૮૫૪/૧/ભાગ, ૧૮૫૫/૧/ભાગ, ૧૮૫૫/૧/, ૧૮૫૬/ભાગ, ૧૮૫૯/ભાગ, ૧૬૮૬, ૧૬૮૭, ૧૬૮૮, ૧૭૦૭, ૧૭૦૮, ૧૭૦૯/૧, ૧૭૦૯/૨, ૧૭૨૫/૧, ૧૭૨૬/૧, ૧૭૨૬/૨, ૧૭૩૦, ૧૭૪૭, ૧૭૧૧, ૧૬૯૧, ૧૫૫૩, ૧૧૫૪, ૧૭૨૭, ૧૭૧૦, ૧૭૨૪/૧, રસ્તો અને નહેર, ૧૭૬૬/૧, ૧૬૬૮, ૧૬૭૬/૧, ૧૬૭૬/૨, ૧૬૭૧/૨.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. આર. રાજપૂત,
ગુજરાત સરકારના ઉપસચિવ,
ગૃહ વિભાગ (સ્પેશ્યલ)

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૮મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪ના ૪૬૯મા/ડીવીપી/૧૯૯૨/૪૦૧૩-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨૮મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪ના ૪૬૯મા/ડીવીપી/૧૯૯૨/૪૦૧૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન૧૯૮૯ના ૧૫૬મો/ડીવીપી-૧૯૮૭/૨૭૦૦-(૮૯)એલ, હેઠળ મંજૂર કરેલી ઉના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૮૯ ૧૫૬/મોડીવીપી/૧૯૮૭૨૭૦૦ (૮૯)-એલ.થી મંજૂર કરેલી ઉના વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર'

INDEX

ઉના વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિઝોન" માટે મુકરર કરેલ ઉનાની મહેસૂલી સરવે નંબર ૧૪૦, ૧૪૧, ૧૪૨, ૧૪૩, ૧૪૪/ભાગ અને ૧૪૫/ભાગ ક્ષેત્રફળ હે–૩૧, આર–૭૪, ૧૭ ચો. મી.વાળી જમીનો સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાંદર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૪) હેઠળ "જીઆઈડીસી"ના ઔદ્યોગિક વિસ્તાર" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૧૯૯૪નો ૪૫૩-એનપીએલ-૪૫૯૧-૩૪૨૮-એમ ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

CONSTITUTION OF INDIA.

ગુજરાત સરકાર

ભારતના સંવિધાન હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

ભારતનું સંવિધાન.

ક્રમાંક કેવી-૧૯૯૪-નો ૪૫૩-એનપીએલ-૪૫૯૧-૩૪૨૮-એમ.—ભારતના સંવિધાનની કલમ ૨૩૪-ન ના ખંડ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારની વસતીને, તેમાંની વસતીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે ઉત્પન્ન થતી આવકને અને આર્થિક મહત્વને ધ્યાનમાં લઈને સદરહુ વિસ્તારને નાના શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

(૧) આ જાહેરનામા તારીખથી તરત પહેલાં વિદ્યમાન ઘોરાજી મ્યુનિસિપલ બરોની હદની અંદરનો વિસ્તાર. અને

(૨) મ. સર્વે નં. ૬૧૧ થી ૬૧૯, ૬૪૦ થી ૭૬૧ ભાગ ૭૬૮ થી ૭૭૮, પ્લોટ સાથે ૭૮૬ થી ૮૩૦ પ્લોટ સાથે સરવે નંબર ૮૪૮ થી ૮૬૩. (ઉત્તર બાજુ)

મ. સર્વે નં. ૮૪૯ થી ૮૬૩ પ્લોટ સાથે
સરવે નં. ૪ થી ૩૮ પ્લોટ સાથે,
સરવે નં. ૫૮ થી ૬૦ પ્લોટ સાથે.
૭૬ થી ૧૭૧ પ્લોટ સાથે. (પૂર્વ બાજુ).
મ. સર્વે નં. ૧૭૨ થી ૨૧૬ પ્લોટ સાથે.
૨૪૫ થી ૪૭૮ થી (દક્ષિણ બાજુ) પ્લોટ સાથે.
મ. સ. નં ૪૬૯ થી ૫૪૩ પ્લોટ સાથે.
૫૬૭ થી ૬૧૦ પ્લોટ સાથે.
અને ૬૨૦, ૮૯૦, ૬૨૨, પ્લોટ સાથે (પશ્ચિમ બાજુ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાક જીએચએમ/૯૪/૬૩/એમ-એસટીપી-૧૦૯૪/૫૭૦]એચ-૧નો ગુજરાતી અનુ વાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

ORDER

re

AMENDMENT TO THE GOVERNMENT ORDER REVENUE DEPARTMENT NO. GNM/92/37/M-STP/1491/3226/DATED THE 6TH APRIL, 1992.

મહેસૂલ વિભાગના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૨ના સરકારી હુકમ ક્રમાંક જીએચએમ/૯૨/૩૭/એમ-એસટીપી-૧૪૯૧/૩૨૨૬/એચ-૧ સુધારવા સંબંધી હુકમ.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓકટોબર, ૧૯૯૪.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચએમ/૯૪/૬૩]એમ-એસટીપી/૧૦૯૪/૫૭૦/એચ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ-૯ના ખંડ (ક) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી મહેસૂલ વિભાગના તારીખ ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૨ના સરકારી હુકમ ક્રમાંક જીએચએમ/૯૨/૩૭/એમ-એસટીપી/૧૪૯૧/૩૨૨૬/એચ-૧, નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ હુકમમાં, પરિશિષ્ટ-૧માં અનુક્રમ નં. ૧૯ની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી :—

"૨૦, ભારતીય પ્રવાસન નાણાં નિગમ લિમિટેડ, નવી દિલ્હી."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૪-૨૬૨-ઈસીએ-૧૦૮૮/૧/૩૩૬-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Regarding

CHILD LABOUR (PROHIBITION AND REGULATION) (GUJARAT) RULES, 1994.

બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) (ગુજરાત) નિયમો, ૧૯૯૪ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી નવેમ્બર, ૧૯૯૪.

બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬.
(સન ૧૯૮૬નો ૬૧મો)

ક્રમાંક : જીએચઆર-૯૪-૨૬૨-ઈસીએ-૧૦૮૮/૧/૩૩૬-એમ(૩).—તારીખ ૨૯—૬—૯૪ના જાહેરનામા નં. જીએચઆર-૯૪-૧૦૮-ઈસીએ-૧૦૮૮-૧-૩૩૬-એમ(૩)નો મુસદ્દો, તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારના રાજપત્ર અસાધારણ ભાગ-૪-એ માં પાન ૬૪ થી ૬૪--૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને, સદરહુ મુસદ્દા પર ઉપર્યુકત જાહેરનામામાં નિર્દિષ્ટ મુદત દરમિયાન, સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬ના ૬૧મા)ની કલમ--૧૮થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:--

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) (ગુજરાત) નિયમો, ૧૯૯૪ કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે બાળ મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬ (સન ૧૯૮૬નો ૬૧મો).

(ખ) "નમૂનો" એટલે આ નિયમોની સાથે જોડેલ કોઈ નમૂનો.

(ગ) "અનુસૂચિ" એટલે અધિનિયમની સાથે જોડેલ અનુસૂચિ.

૩. (૧) કોઈપણ બાળકને, કોઈપણ સંસ્થામાં, કામકાજના કોઈપણ દિવસે પાંચ કલાક કરતાં વધુ સમય માટે કામે રાખવાનું, ફરમાવી શકાશે નહિ કે પરવાનગી આપી શકાશે નહિ.

(૨) કલમ ૭ની જોગવાઈઓ અનુસાર જેમાં બાળકોને કામે રાખવામાં આવ્યા હોય તેવી દરેક સંસ્થામાં, દરેક દિવસ માટે જે સમયગાળા દરમિયાન બાળકામદારોએ કામ કરવું જરૂરી હોય તે સ્પષ્ટ રીતે બતાવવી, બાળકો માટેના કામના સમયગાળાની નોટિસ, નમૂના--૧ મુજબ પ્રદર્શિત કરવી જોઈશે અને યોગ્ય રીતે રાખવી જોઈશે.

૪. રજિસ્ટર.—(૧) દરેક સંસ્થાના કબજેદારે, કામે રખાયેલા કે કામ કરવાની પરવાનગી આપી હોય તેવા બાળકોના સંબંધમાં નમૂના--૨ મુજબ રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) રજિસ્ટર વાર્ષિક ધોરણે રાખવું જોઈશે પણ તેમાં કરાયેલી છેલ્લી નોંધની તારીખ પછી ત્રણ વર્ષની મુદત માટે માલિકે રાખવું જોઈશે.

૫. ઉંમરનું પ્રમાણપત્ર.—(૧) સદરહુ અધિનિયમની અનુસૂચિના ભાગ--ક માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયના કોઈપણ વ્યવસાયમાં અથવા જેમાં સદરહુ અધિનિયમની અનુસૂચિના ભાગ--ખ માં નિર્દિષ્ટ કરેલ હોય તે સિવાયની કોઈપણ પ્રક્રિયા ચાલતી હોય તેવા, કોઈપણ વર્કશોપમાં નોકરીમાં કોઈ બાળકને રાખનાર દરેક કબજેદાર, કોઈ ઈન્સ્પેકટર દ્વારા જ્યારે પણ એવી રીતે ફરમાવવામાં આવે ત્યારે, યોગ્ય સત્તાધિકારી પાસેથી ઉંમરનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈશે.

(૨) પેટા-નિયમ (૧)માં ઉલ્લેખેલ ઉંમરનું પ્રમાણપત્ર નમૂના--૩ મુજબ કાઢી આપવું જોઈશે.

INDEX

(૩) આવું પ્રમાણપત્ર કાઢી આપવા માટે તબીબી સત્તાધિકારીને ચૂકવવાપાત્ર ચાર્જ, સમાન હેતુ માટે રાજ્ય સરકારે કે તબીબી બોર્ડે ઠરાવ્યો હોય તેટલો જ રહેશે.

(૪) જે બાળકની ઉંમર વિશે વાંધો ઉઠાવ્યો હોય તેના સંબંધમાં, તબીબી સત્તાધિકારીને ચૂકવવાપાત્ર ચાર્જ, કબજેદારે ભોગવવો પડશે.

સ્પષ્ટીકરણ.—પેટા-નિયમ (૧)ના હેતુઓ માટે, "યોગ્ય તબીબી સત્તાધિકારી," કોઈપણ મદદનીશ જિલ્લા સર્જનથી ઉતરતા દરજ્જાના ન હોય તેવા સરકારી તબીબી અધિકારી અથવા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં અથવા કામદાર રાજ્ય વીમા દવાખાનું કે હોસ્પીટલમાં કામે રાખેલ સમાન દરજ્જાના કોઈ નિયમિત દાકતર રહેશે.

૫. મુકત રાખવાની સત્તા.—રાજ્ય સરકાર પોતે યોગ્ય ગણે તેવી શરતો નિર્દિષ્ટ કરતા હુકમ દ્વારા, અને તેટલી મુદત માટે, કોઈપણ સંસ્થાને આ નિયમોની તમામ કે તે પૈકીની કોઈપણ જોગવાઈઓમાંથી મુકત રાખી શકશે.

નમૂના નં. ૧

(જુઓ નિયમ ૩ (૨)]

બાળ કામદારો માટે કામની મુદતની નોટિસ

સંસ્થાનું નામ..... જિલ્લો.....

કામની મુદત કામનો પ્રકાર થેરો

બાળકો

કામે રાખેલા બાળકોની કુલ સંખ્યા.....

..... થી
સુધી

..... થી
સુધી

આ નોટિસ પ્રથમ જે તારીખે પ્રદર્શિત કરી હોય તે તારીખ.....૧૯૯

(સહી).....
વ્યવસ્થાપક.

INDEX

નમૂનો—૨

(જુઓ નિયમ ૪ (૧))

વર્ષ..... કામનું સ્થળ.....

માલિકનું નામ અને સરનામું.....

સંસ્થાએ કરવાના કામનો પ્રકાર.....

અનુક્રમાંક	બાળકનું નામ.	પિતા/વાલીનું નામ.	બાળકની જન્મતારીખ.	(૧) તેનું કાયમી સરનામું. (૨) હાલનું ટપાલનું સરનામું.	સંસ્થામાં જોડાયાની તારીખ.
૧	૨	૩	૪	૫	૬

બાળકના કામનો પ્રકાર.	દૈનિક કામના કલાકો.	કામની મુદત	પોતે મેળવવા હકદાર હોય તેવા વિરામના ગાળા.	ચૂકવાયેલા વેતનો દૈનિક/માસિક.	શેરો.
૭	૮	૯	૧૦	૧૧	૧૨

નમૂનો—૩

ઉંમરનું પ્રમાણપત્ર

(જુઓ નિયમ ૫(૨))

પ્રમાણપત્ર નં. :

હું આથી, પ્રમાણિત કરું છું કે, મેં.....ના પુત્ર/પુત્રી.....(નામ) રહેવાસી.....ની જાતે તપાસ કરી છે અને તેણે/તેણીએ પોતાના ચૌદ વર્ષ પૂરા કર્યા છે અને મારી તપાસથી જેટલા પ્રમાણમાં ખાતરી કરી શકાય તેટલા પ્રમાણ મુજબ તેની/તેણીની ઉંમર.....વર્ષ (પૂરા) છે. તેના/તેણીના ઓળખચિહ્નો.....છે.
બાળકના અંગૂઠાનું નિશાન/સહી.....

તબીબી સત્તાધિકારી

હોદ્દો :

સ્થળ : .....

તારીખ : .....

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા.
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઅચઆર-૯૪- -બીએસઈ-૧૦૯૪-૨૦૦૭-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૧૯૯૪.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૪-૨૬૪-બીએસઈ-૧૦૯૪-૨૦૦૭-એમ-(૩).—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈ અધિનિયમ ક્રમાંક : ૭૯મા) ની કલમ ૬ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી કાર્તકી પૂનમ મેળા (સાંસ્કૃતિક મેળા) ના પ્રસંગે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩, (સન ૧૯૬૪ના અધિનિયમ ક્રમાંક : ૩૪મા) હેઠળ રચાયેલ સિધ્ધપુર નગરપાલિકા, જિલ્લો મહેસાણાની હદોની અંદર દુકાનો, નિવાસી હોટલો, રેસ્ટોરાં અને ભોજન ગૃહોના સંબંધમાં આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧) માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ સદરહુ અનુસૂચિના કોલમ-(૨)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૪થી તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪ (બંને દિવસો સહિત) ની મુદત દરમિયાન મોકૂફ રાખે છે.

અનુસૂચિ

જે જોગવાઈઓનો અમલ કામચલાઉ મોકૂફ રાખેલ હોય તે જોગવાઈઓ		જેને આધીન રહીને જોગવાઈનો અમલ મોકૂફ રાખેલ હોય તે શરતો
૧		૨
(૧)	કલમ—૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
(૨)	કલમ—૧૨	માલની ફેરી, રાતના બાર સુધી કરી શકાશે.
(૩)	કલમ—૧૪	(ક) આ જોગવાઈનો અમલ, ફક્ત દુકાનોના સંબંધમાં મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને, નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો, તે અધિનિયમની કલમ--૬૩ની પેટા--કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા વેતન મેળવવા હકદાર રહેશે.
(૪)	કલમ—૧૬	કામનો કુલ સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
(૫)	કલમ—૧૮	(ક) આ જોગવાઈનો અમલ, ફક્ત દુકાનોના સંબંધમાં મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાનો દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪ પછી, તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે, અથવા વળી, (૨) એવી રજામાં થયેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ની પેટા--કલમ (૧) મુજબ ઓવર ટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

INDEX

૧		૨
(૬)	કલમ—૧૯	કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ, કોઈપણ દિવસે રાતના બાર કરતાં મોડે સુધી ખુલ્લાં રાખી શકાશે નહિ.
(૭)	કલમ—૨૦	...
(૮)	કલમ—૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨) માં નિર્દિષ્ટ કરેલા દરે, વેતન મેળવવા હકદાર રહેશે.
(૯)	કલમ—૨૪	ઠરાવેલી અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૪ પછી, તેના બદલામાં, રજા મેળવવા હકદાર રહેશે. અથવા વળી, (૨) રજાના દિવસે કરેલ કામ માટે, અધિનિયમની કલમ ૬૩ ની પેટા-કલમ (૨) મુજબ ઓવરટાઈમ કામ માટે, નિર્દિષ્ટ દરે વેતન મેળવવા હકદાર રહેશે

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૨૮મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૫૦/એમટીએ/૧૭૯૨/એમ--૫૫/કે. એચ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ, જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર. ૧૬મી નવેમ્બર, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૪/૧૫૦/એમટીએ/૧૭૯૨/એમ--૫૫/કેએચ:— મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ--૧૬--ક ના ખંડ (૧) સાથે વાંચતાં, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નાં મુંબઈના ૬૫ મા) ની કલમ ૧૩ ની પેટા--કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ -૩માં નિર્દિષ્ટ કરેલા અને સંત શ્રી આશારામ આશ્રમ, સાબરમતી અમદાવાદની માલિકીનાં જે વર્ગનાં મોટર વાહનો સખાવતી અને ધાર્મિક ઉદેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે મોટર વાહનોને આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ઉપર્યુકત ઉદેશ સાધવા માટે એવી રીતે ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક. ૧	મોટર વાહનોના વર્ગ. ૨	નોંધણી ચિહન. ૩
૧.	LMV—સ્ટેશન વેગન (તાતા બંધ બોડી.)	GCG— ૧૬૮૧
૨.	LMV—કોન્ટેશા (સીડન બોડી)	GBN— ૯૯૩૫

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ--સચિવ,.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨જી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૫મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૫૪૫/ડીવીપી-૧૫૯૪-૩૪૩૭-(૯૪)-એલ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૫મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૫૪૫/ડીવીપી-૧૫૯૪-૩૪૩૭-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦((૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અંથવા વાંધા હોય તો તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩ ૪૪૨૦/(૮૭)-એલ થી મંજૂર કરેલ ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

(૧) ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDEF-GHA તરીકે" નિશાની કરીને દર્શાવેલ વિંઝોલના મ. સ. નં. ૫૬૪/૧/ભાગની આશરે ૪૬૫૪ ચો. મી.ના માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમીકરવી અને એ રીતે મુકત કરેલ જમીન આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાક-૧ આગળ દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંક ઝોન" તરીકે મુકરર કરવી.

(૨) ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગ્યા" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં JKLMNOJ તરીકે નિશાની કરીને દર્શાવેલ વિંઝોલના મ. સ. નં. ૫૬૫/૧ ભાગની આશરે ૬૪૭૫ ચો. મી. માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, આ સાથે જોડેલ યોજનામાં અનુક્રમાંક ૨ પર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંક ઝોન" તરીકે મુકરર કરવી.

(૩) ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં A1B1C1D1—E1F1G1H1I1 અને PQRSTUVWP નિશાની કરીને દર્શાવેલ અનુક્રમે ચેનપુરના મ.સ.નં. ૪૨/ભાગની આશરે ૭૭૦૪ ચો. મી. માપવાળી અને મ.સ.નં. ૩૫+૪૦/ભાગની આશરે ૧૩૩૦૩ ચો. મી. માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલ યોજનામાં અનુક્રમાંક ૩ પર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંક ઝોન" તરીકે મુકરર કરવી.

INDEX

(૪) ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં "સામાન્ય ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં JKLMNOPQJ નીશાની કરીનેદર્શાવેલ રાણીપના મ. સ. નં. ૨૨૨/એ/૨ની આશરે ૩૭૦૬ ચો. મી. માપવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલ યોજનામાં અનુક્રમાંક ૪ પર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "શહેરી ગરીબ માટેના રહેણાંક ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૯૯૪નોધ૪૩/એનપીએલ/૪૫૯૦/એમ/૩૨૪/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

CONSTITUTION OF INDIA.

ભારતના સંવિધાન હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૧૯૯૪.

ભારતનું સંવિધાન.

ક્રમાક : કેવી/૧૯૯૪નો ૫૪૩/એનપીએલ/૪૫૯૦/એમ/૩૨૪/એમ.—ભારતના સંવિધાનની કલમ ૨૪૩–ન ના ખંડ (૨)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારની વસતીને, તેમાની વસ્તીની ગીચતા સ્થાનિક વહીવટ માટે ઉત્પન્ન થતી આવક, આર્થિક મહત્વ અને ભૌગોલિક સાનિધ્યને ધ્યાનમાં લઈને સદરહુ વિસ્તારને જેતપુર–નવાગઢ મ્યુનિસિપલ બરોના નામે એક નાના શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

(૧) આ જાહેરનામાની તારીખની તરત પહેલાં વિદ્યમાન જેતપુર મ્યુનિસિપલ બરોની હદની અંદરનો વિસ્તાર, અને

(૨) આ જાહેરનામાની તારીખની તરત પહેલાં વિદ્યમાન નવાગઢ મ્યુનિસિપલ બરોની હદની અંદરનો વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એમ. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૩જી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તા. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંક : કેવી–૧૯૯૪નો/૫૬૫–એનપીએલ-૪૫૯૩–૪૧૨૧–એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

CONSTITUTION OF INDIA.

ભારતના સંવિધાન હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : કેવી-૧૯૯૪નો–૫૬૫–એનપીએલ–૪૫૯૩–૪૧૨૧–એમ.— ભારતના સંવિધાનની કલમ ૨૪૩–ના ખંડ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ આથી, આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તારની વસતીને, તેમાંની વસતીની ગીચતા, સ્થાનિક વહીવટ માટે ઉત્પન્ન થતી આવક, આર્થિક મહત્વ અને ભૌગોલિક સાનિધ્યને ધ્યાનમાં લઈને, સદરહુ વિસ્તારને સુરેન્દ્રનગર–દૂધરેજ મ્યુનિસિપલ બરોના નામે એક નાના શહેરી વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

(૧) આ જાહેરનામાની તારીખથી તરત પહેલાં વિદ્યમાન સુરેન્દ્રનગર મ્યુનિસિપલ બરોની હદની અંદરનો વિસ્તાર, અને

(૨) આ જાહેરનામાની તારીખની તરત પહેલાં વિદ્યમાન દૂધરેજ મ્યુનિસિપલ બરોની હદની અંદરનો વિસ્તાર.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કમલ દયાણી,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૩મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૬૮/ડીવીપી-૨૧૯૧-૩૫૧૧-(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૬૮/ડીવીપી-૨૧૯૧-૩૫૧૧-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫નો ૧૦૬/ડીવીપી-૨૩૭૯-૨૨૪૯-(૮૫)-એલ હેઠળ મંજૂર કરેલી બોટાદ નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૭મી એપ્રિલ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૬૮/ડીવીપી-૨૧૯૧-૧૧૦૪-(૯૪)-એલ, હેઠળ તા. ૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪-બીના પાના નંબર ૪૫૫/૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો કે વાંધા હોય તો તે, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે બોટાદ વિસ્તાર વિકાસ સત્તામંડળ, બોટાદ સાથે વિચારણા કરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલ અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫નો-૧૦૬/ડીવીપી-૨૩૭૯-૨૨૪૯-(૮૫)-એલ,થી મંજૂર કરેલ બોટાદ માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

બોટાદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે અને "A.B.C.D.E.F.A." તરીકે નિશાની કરેલી, મહેસૂલી સરવે નંબર ૬૭૬/પી (સી. એસ. નં. ૬૦૫૬–૪૧૬૯.૩૭ ચો. મીટર ક્ષેત્રફળ) અને મહેસૂલી સર્વે નં. ૬૭૮/૮ (સી.એસ. નં. ૬૦૫૭/૬--૩૩૦૬.૬૩ ચો.મીટર ક્ષેત્રફળ) વાળી જમીન સદરહુ મુકરર કરેલ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ડીસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/સી/૫૨/૯૪/એનવીઆર/૧૦૯૨/૫૩૪--કે.એચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. જી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી નવેમ્બર, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/સી/૫૨/૯૪/એનવીઆર--૧૦૯૨--૫૩૪--કેએચ.--ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટેનાં નિયમોનો મુસદ્દો, મોટરવાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા)ની કલમ ૨૧૨ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૭૭/૯૩/એમવીઆર/૧૦૯૨/૫૩૪/કેએચ, હેઠળ તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ--૪ ઓના પાના નં. ૧૨૮ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સન ૧૯૯૩ના જુલાઈ મહિનાની ૨૯મી તારીખ સુધીમાં વાંધા તથા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં ;

અને, સદરહુ મુસદ્દા અંગે કોઈપણ વ્યકિત તરફથી સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ નો ૫૯ મા)ની કલમ ૧૧૧ ની પેટા--કલમ ૧ થી મળેલી સત્તાની રૂએ, અને તે અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો ઠરે છે.

૧. આ નિયમો, "ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૬૬ માં, પેટા નિયમ (૧૦) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૧૦) ડિઝાઈનની આવી તપાસ કરવા માટે, ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ લઈ શકે તેવી મહત્તમ ફી વખતોવખત નિર્દિષ્ટ કરવી જોઈશે. ટેસ્ટીંગ, ઈન્સ્ટીટયુટ દર ત્રણ વર્ષે એક વાર, રાજય સરકાર સાથે વિચાર વિનિમય કરીને, ફી નક્કી કરશે. નક્કી કર્યા પ્રમાણેની અને નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની ફી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટ માંગણી કરે એટલે અરજદારે ટેસ્ટીંગ ઈન્સ્ટીટયુટને ભરવી પડશે અને તે રીફંડ કરવામાં આવશે નહિ.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ--સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭ મી નવેમ્બર, ૧૯૯૪નાં ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી એચ/વી/૧૯૯૪ નો ૧૬૪/ ડી વી પી /૨૭૯૩--૩૫૧૩--(૯૪)--એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૧૬૪/ડીવીપી/૨૭૯૩/૩૫૧૩--(૯૪)--એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૨મી મે, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ નો ૧૨૮/ડીવીપી--૨૭૮૨--૧૯૦૫--(૮૭)--એલ હેઠળ મંજૂર કરેલી પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહું વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહું વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૬૮/ડીવીપી--૨૭૯૩--૨૫૦૦--(૯૪)--એલ હેઠળ તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪ બીના પાના નંબર ૧૫૫-૧ અને ૧૫૫--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭ મા) ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે , સદરહું વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી--૨૭૮૨--૧૯૦૫--(૮૭)--એલ, થી મંજૂર કરેલ પાટણની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) પાટણની મંજૂર કરેલ વિકાસ યોજનામાં જાહેર હેતુ (ભૈરવનાથ મહાદેવ) માટે મુકરર કરેલ પાટણની સર્વે નંબર ૧૦૦૫/૧/ખ ભાગવાળી જમીન સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ આગળ દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

INDEX

(૨) પાટણની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલ પાટણની સરવે નંબર ૧૦૦૨ વાળી જમીન સદરહુ ઉપયોગ કરવામાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ઓ સાથે જોડેલ પ્લાનમાં અનુકમાંક : ૨ આગળ દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ "મંદિર" (ભૈરવનાથ મહાદેવ) માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા કમાંક : જીએચ/વી/સન ૧૯૯૪ના ૫૬૩મા/ડીવીપી-૨૭૯૧-૩૫૧૨/(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

કમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૫૬૩/ડીવીપી-૨૭૯૧-૩૫૧૨-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૮મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા કમાંક : જીએચ/વી/સન ૧૯૮૬નો ૧૭૪મા-ડીવીપી-૨૭૮૧-૩૯૩૩-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલી માણસા વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ કમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા કમાંક :- જીએચ/વી/સન ૧૯૯૪નો ૩૬૯/ડીવીપી-૨૭૯૧-૨૪૯૭-(૯૪)-એલ હેઠળ તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર : ૧૫૫/૨, ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તેને, સદરહુ ફેરફારો પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા ગુજરાત સરકારને મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ કમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે જણાવેલો ફેરફાર તા. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૮મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૮૬ના ૧૭૪મા/ડીવીપી-૨૭૮૧-૩૯૩૩-(૮૬)-એલ,થી મંજૂર કરેલી માણસાની વિકાસ યોજનામાંનો ફેરફાર.

માણસાની મંજૂર થયેલી વિકાસ યોજનામાંની "ઔદ્યોગિક કામદારો માટેની કોલોની માટેના રહેઠાણના" ઝોન', માટે મુકરર કરેલ આ સાથે,જોડેલ પ્લાનમાં એબી.સી.ડી.ઈ.એફ.એ. તરીકે નિશાની કરીને દર્શાવેલ માણસા નગરની મહેસૂલી સરવે નંબર : ૧૬૮૩, ૧૬૮૪, ૧૬૮૫/ભાગ, અને ૧૭૩૧/ભાગ થી એકત્રિત બનતી મહેસૂલી સરવે નંબર ૧૭૩૧/ભાગ (૦૩ એ અને ૦૩-જી)વાળી જમીનો, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીનો, ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી/૯૪/૩૬/ઈપીટી/૧૦૯૧/૫૯૩/ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૧૯૯૪.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : જીએચટી/૯૪/૩૬/ઈપીટી/૧૦૯૧/૫૯૩/ઈ : મુંબઈ. સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા માટેના કેટલાક મુસદ્દાના નિયમો, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા) ની કલમ ૯ની પેટા-કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા. ૨૭મી ઓકટોબર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી/૯૩/૪૩/ઈપીટી/૧૦૯૧/૫૯૩/ઈ હેઠળ, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બીના પાના નં. ૧૬૯-૧ થી ૧૬૯-૨ માં પ્રસિધ્ધ કર્યા હતા અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તા. ૨૬મી નવેમ્બર, ૧૯૯૩ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ મુસદ્દા અંગે લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા) ની કલમ ૯ની પેટા-કલમ (૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ સિનેમા (ગુજરાત દ્વિતીય સુધારા) અધિનિયમ, ૧૯૯૪" કહેવાશે.

INDEX

૨. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦૮ને બદલે, નીચેનો નિયમ મૂકવો :—

"૧૦૮. ફી–(૧) કાર્યપાલક ઈજનેરે કરવાની તપાસણી સહિત, લાઈસન્સ આપવા અથવા લાઈસન્સ તાજું કરવા અંગેની ફી નીચે પ્રમાણે રહેશે :—

(ક) કાયમી સિનેમા, અર્ધકાયમી અથવા ફરતા સિનેમા માટે :—

બેઠકોની સંખ્યા (૧)	વર્ષદીઠ લાઈસન્સ ફી (રૂ.) (૨)
૨૦૦ સુધી	૨૦૦
૨૦૧ થી ૫૦૦	૪૦૦
૫૦૧ અને તે કરતાં વધારે	૬૦૦

પરંતુ કોઈપણ સ્થળે લાઈસન્સ ફી ભરવામાં આવી હોય તેવા ફરતા સિનેમાની બાબતમાં, અને જે પોતાનો મુકામ બદલે તે બાબતમાં, આવા લાઈસન્સ માટે નવી લાઈસન્સ ફી ભરવાનું જરૂરી નથી.

(ખ) ડ્રાઈવ–ઈન–સિનેમા માટે :—

મોટરકારોની સંખ્યા (૧)	વર્ષ દીઠ લાઈસન્સ ફી (રૂ.) (૨)
૧૦૦ સુધી	૧૫૦૦
૧૦૧ થી ૨૫૦	૨૦૦૦
૨૫૧ અને તે કરતાં વધારે	૨૫૦૦

(૨) વીજળીના જોડાણોની તપાસણી અંગેની ફી, ભારત વિજળી નિયમો, ૧૯૩૭ હેઠળ જાહેર કરેલા દરો અનુસાર અલગ અલગ ભરવી જોઈશે.

(ક) સિનેમા અંગેના લાઈસન્સમાં કોઈપણ ફેરફાર અથવા વધારો કરવા માટેની ફી રૂપિયા, ૫/– થશે. અને લાઈસન્સની બીજી નકલ માટેની ફી રૂ. ૧૦/– થશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૨૯ને બદલે, નીચેના નિયમો મૂકવા :—

"૧૨૯. લાઈસન્સની તબદીલી : (૧) પેટા-નિયમ (૨)ની જોગવાઈઓને આધીન રહીને, આ નિયમો હેઠળ આપેલ લાઈસન્સ તબદીલ કરી શકાશે નહિ પણ જે વ્યકિતને તે આપવામાં આવ્યું હોય તે તેના જ લાભ માટે અંગત ગણાશે.

(૨) લાઈસન્સદાર મૃત્યુ પામે ત્યારે—

(૧) લાઈસન્સદારના કાયદેસરના વારસદારો પૈકીના કોઈ વારસદાર, લાઈસન્સદાર ના મૃત્યુની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર, લાઈસન્સદારના મૃત્યુ પ્રમાણપત્રની ખરી નકલ જોડીને, કાયદેસરના બીજા તમામ વારસદારોની લેખિત સંમતિ લઈને અને નિયમ ૧૦૨માં જણાવેલી રીતે અને લાઈસન્સ સત્તાધિકારી ફરમાવે તો આ નિયમો હેઠળ "ના વાંધા પ્રમાણપત્ર" સહિત અને નિયમ ૯૩ હેઠળ કાઢી આપેલ મકાનની પરવાનગીની ખરી નકલ જોડીને, લાઈસન્સમાં તેનું/તેણીનું નામ મૂકવા માટે લાઈસન્સ સત્તાધિકારીને અરજી કરી શકશે.

(૨) તે અર્થે પોતાને કરેલી અરજી ઉપરથી, લાઈસન્સ સત્તાધિકારીને એવી ખાતરી થાય કે નિયમોની સંબંધિત જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે. તો તે, મરહુમ વ્યકિતના સ્થાને એવા કાયદેસરના વારસદારનું નામ મૂકી શકશે અને લાઈસન્સદાર તરીકે બાકીની મુદત માટે આવા કાયદેસરના વારસદાર ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ડી. એન. પરમાર,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૧૯૨/ડીવીપી/૧૧૯૧/૩૯૨૨/(૯૪)/એલ/ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર તા. ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૧૯૨/ડીવીપી/૧૧૯૧/૩૯૨૨/(૯૪)/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨–૮–૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬/૨૭૭૯/(૮૩)/એલ હેઠળ મંજૂર કરેલી, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું,

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા–કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯–૫–૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૨૯૩/ડીવીપી/૧૧૯૧/૧૫૭૫/(૯૪)/એલ, તારીખ ૧૯–૫–૧૯૯૪ના ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ–૪–બીના પાના નંબર ૯૩–૧ થી ૯૩–૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી ;

અને રાજ્ય સરકારે, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૧૯મી ડિસેમ્બર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૩ નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬/૨૭૭૯/(૮૩)/એલ થી મંજૂર કરેલી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી યોજનામાંનો ફેરફાર.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદની મંજૂર થયેલી સુધારેલી વિકાસ યોજનામાં, "એ.એમ.સી. ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૬ (વાસણા)ના છેવટના પ્લોટ નં. ૧૯૮, ૧૯૯, ૨૦૪, ૨૧૦, ૨૨૩, ૨૨૭, ૨૨૮, ૨૩૦, ૨૩૧ અને ૨૩૫ ધરાવતી (લગભગ ૩૩, ૮૯૪૫ચો.મી.) જમીનોને સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, ગુજરાત નગરરચના શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ, પ્રેસ, ગાંધીનગર

તા. ૧-૧-૯૫ થી ૩૧-૧-૯૫ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્ર ક્રમાંક	જાહેરનામા નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ— ૪		
૧	૧	સન ૧૯૯૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક--૧	૧૨-૧-૯૫	વે. અને સં.બા. વિ.

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, MARCH 2, 1995/PHALGUNA 11, 1916 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી ડીસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૪ ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી--૯૪--૩૮) એમએનઆર--૧૩૮૮--૬૦૪(૩)-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENT TAX RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી--૯૪.૩૮) એમએનઆર--૧૩૮૮--૬૦૪(૩)-ઈ.—ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા માટેના નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ ના ગુજરાતના ૧૬મા) ની કલમ ૩૧ ની પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી--૯૩/૫૦) એમએનઆર-૧૩૮૮-૬૦૪--(૩)-ઈ હેઠળ, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૩ ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, ભાગ--૪--બી ના પાના નંબર ૨૧૬-૧ થી ૨૧૬-૭ પર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તે તમામ વ્યક્તિઓ પાસેથી, ગુજરાત સરકારી રાજપત્રમાં સદરહુ જાહેરનામાની પ્રસિદ્ધિથી ત્રીસ દિવસની મુદત સુધીમાં, વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં ;

અને, મળેલાં વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ ના ગુજરાતના ૧૬મા) ની કલમ ૩૧ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, "ગુજરાત મનોરંજન કર (સુધારા) નિયમો, ૧૯૯૪" કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯, (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં નિયમ ૩માં,—

(ક) પેટા--નિયમ (૧) માં, "મનોરંજન સ્થળમાં દાખલ થવા માટે કાઢી આપેલ દરેક ટિકિટ અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટ ગુજરાતી ભાષામાં હોવી જોઈશે" એ શબ્દો પહેલા, "નમૂના--૧ ક પ્રમાણે" એ શબ્દો, આંકડા અને અક્ષર દાખલ કરવા ;

(ખ) પેટા--નિયમ (૧ક) માં, "પરંતુકમાં, "૧૯૮૪" એ આંકડાને બદલે, "૧૯૯૪" એ આંકડા મૂકવા ;

(ગ) પેટા--નિયમ (૧ક) પછી, નીચેનો મજકૂર દાખલ કરવો ;

"(૧ખ) માલિકે, નમૂના ક્રમાંક--૧૭ અથવા યથાપ્રસંગ, નમૂના ક્રમાંક--૧૯ ફાઈલ કરતાં પહેલાં દરેક શો અને વર્ગ માટે બુકીંગ બંધ કરવા વિષે દરેક ટિકિટ બુકના છેલ્લા પાના ઉપર શેરો કરવો જોઈશે. સંબંધિત નમૂનો ફાઈલ કર્યા પછી, કોઈપણ શો માટે કરેલા કોઈપણ ત્યારપછીના બુકીંગના દાખલમાં, સંબંધિત નમૂનામાં વધારાની નોંધ લેવી જોઈશે."

(ઘ) પેટા--નિયમ (૨) ને બદલે, નીચેનો મજકુર મૂકવો:—

"(૨) ટિકિટ અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટના દરેક ભાગ ઉપર, ક્રમવારી પ્રમાણે નંબર, બુક નંબર, અનુક્રમ નંબર, દાખલ થવા માટેની ફી, અને કઈ તારીખે અને કયા શો માટે તે કાઢી આપવામાં આવી છે તે છાપેલું હોવું જોઈશે. ટિકિટ અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટની દરેક શ્રેણી ક થી શરૂ થતી અને વ થી પૂરી થતી શ્રેણી નંબરોવાળી હોવી જોઈશે. ત્યારપછી, દરેક શ્રેણી ક્ક, ક્ખ, ક્ગ.....થી શરૂકરીને ક્વ સુધી નવા શ્રેણી નંબરવાળી હોવી જોઈશે. કોમ્પ્લીમેન્ટરી ટિકિટો ન હોય તેવી ટિકિટોની દરેક સીરીઝ, છેલ્લી વસતી ગણતરી પ્રમાણે એક લાખ અને તેથી વધારે અથવા એક લાખથી ઓછી વસતીવાળા સ્થાનિક વિસ્તારમાં અનુક્રમે ૨૫,૦૦૦ ટિકિટો અથવા ૧૦,૦૦૦ ટિકિટોવાળી હોવી જોઈશે. કોમ્પ્લીમેન્ટરી ટિકિટોના સંબંધમાં હોય તે સિવાય અને છેલ્લી વસતી ગણતરી પ્રમાણે એક લાખ કરતાં વધારે ન હોય તેવી વસતીવાળા સ્થાનિક વિસ્તારના સંબંધમાં હોય તે સિવાય દરેક સીરીઝ અને નંબર દરેક દિવસ અને શો મુજબ છાપવા જોઈશે,

પરંતુ આ નિયમોના આરંભ પહેલા માલિકના કબજામાં હોય તેવી ટિકિટો, મનોરંજન કર કલેકટર ખાસ અથવા સામાન્ય હુકમોથી નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે માન્ય ગણાશે."

INDEX

(થ) પેટા--નિયમ (૩) ને બદલે, નીચેના મજકૂર મૂકવો:—

"(૩) માલિકે વાપરવાની હોય તેવી ટિકિટ બુકો અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટ બુકોના સંબંધમાં તેના અનુક્રમો અને નંબરો, નિયત અધિકારીએ અથવા મનોરંજન કર કલેક્ટર, લેખિત હુકમથી નિર્દિષ્ટ કરે તેવા મનોરંજન કર ઈન્સ્પેકટરે નીચે પ્રમાણે અગાઉથી મંજૂર કરવા જોઈશે,—

(ક) દરેક ટિકિટ બુક અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટ બુકના દરેક ૨૦મા પાના ઉપર પોતાનું સીલ મારીને અને પોતાની સહી કરીને ;અથવા

(ખ) ટિકિટ બુક અથવા કોમ્પ્લીમેન્ટરી ટિકિટ બુકના પ્રત્યેક પાના ઉપર પોતાનું સીલ મારીને અને પોતાની સહી કરીને :

પરંતુ લેણો નીકળતો મનોરંજન કર પૂરેપૂરો ભર્યો ન હોય તો, નિયત અધિકારી અથવા મનોરંજન કર ઈન્સ્પેકટર ; ટિકિટોના સમગ્ર જથ્થા અથવા તેના કોઈપણ ભાગને મંજૂર કરી શકશે અથવા કરવાની ના પાડી શકશે ;

વધુમાં એકત્રિત કરેલ કર માટે વિકલ્પ સ્વીકાર્યો હોય તેવા માલિકોની દાખલામાં, ટિકિટોની મંજૂરી લેવાની જરૂર રહેશે નહિ."

૩. સદરહુ નિયમોમાં, નિયમ--૪ માં, "વપરાયા વગરની રહે," એ શબ્દો પછી, "અથવા શો રદ થવાના કારણે અથવા બીજા કોઈપણ કારણસર કોઈપણ શો માટે કાઢવામાં આવી હોય તે કોઈ ટિકિટ પાછી લેવામાં આવી હોય તો" એ શબ્દો દાખલ કરવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ--૪--ક ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૪--ક. નિયમો ૩ અને ૪ ની જોગવાઈઓ અધિનિયમની કલમ--૬-ક હેઠળ કર ભરવાનો વિકલ્પ વાપર્યા હોય તેવા વિડિયો કેસેટ પ્લેયર અથવા વિડિયો કેસેટ રેકોર્ડર દ્વારા પ્રદર્શિત કરાતા મનોરંજનના માલિકને, લાગુ પડશે નહિ."

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૫ માં, પેટા-નિયમ (૨)માં,— (ક) ખંડ (૧)માં,—

(૧) "અને સિનેમાના" એ શબ્દો પછી, "અથવા વિડિયો સિનેમાના માલિકે" એ શબ્દો દાખલ કરવા,

(૨) "કલમ--૩ ની પેટા--કલમ (૧ક) અને "એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર. કમી કરવા ;

(ખ) ખંડ (૨) માં, "મનોરંજનના સ્થળમાં પ્રાપ્ય બેઠકો માટેની તમામ ટિકિટો કાઢી આપવામાં આવી હોય તેમ.....થી હોવી જોઈશે" એ શબ્દો પછી, "મોટર વાહનના કરની ગણતરી કરવા માટેનું ધોરણ, દરેક મોટર વાહન એક જ સમયે ઓછામાં ઓછી ચાર વ્યક્તિઓની સગવડ થઈ શકે તેવું હોવું જોઈશે" એ શબ્દો ઉમેરવા ;

(ગ) ખંડ (૩) માં, "કલમ ૩ નો પેટા--કલમ (૧ક) અને " એ શબ્દો" કૌંસ, આંકડા અને અક્ષરો કમી કરવા,

(ઘ) ખંડ (૪) માં, "પેટા--કલમ (૧) અને "એ શબ્દો, કૌંસ અને આંકડા કમી કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫-ઘ કમી કરવો.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૬ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"૬. નિયત અધિકારી:—મનોરંજન કર કલેક્ટરે અધિકૃત કરેલા મનોરંજન કરના તમામ નાયબ કમિશનરો, તમામ તાલુકા મામલતદારો, તમામ મનોરંજન કર મામલતદારો અને કોઈપણ બીજા અધિકારી, નિયત અધિકારી ગણાશે ;

પરંતુ, પત્રકો, મનોરંજન કર કલેક્ટરે અધિકૃત કરેલા સંબંધિત નિયત અધિકારીને મોકલી આપવા જોઈશે."

૮. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં,—

(ક) પેટા--નિયમ (૧) માં—

(૧) "કલમ ૩ ની પેટા--કલમ (૧ક) અને.....હેઠળ" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર કમી કરવા,

(૨) "સિનેમાને" એ શબ્દો પછી, "અથવા વિડિયો સિનેમાને" એ શબ્દો દાખલ કરવા.

(ખ) પેટા--નિયમ (૧ક) માં, "કલમ ૩ ની પેટા--કલમ (૧ક) અને" એ શબ્દો કૌંસ, આંકડા અને અક્ષર કમી કરવા.

INDEX

(ગ) પેટા-નિયમ (૧૫) માં, "અને કલમ ૬ક્ની પેટા-કલમ (૩) ના ખંડ (ઘ) માટેના પત્રકો નમૂના ૩-ગ મુજબ હોવા જોઈશે". એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષર કમી કરવા.

(ઘ) પેટા-નિયમ (૩) માં, "અને વધારાના મનોરંજન કર" એ શબ્દો કમી કરવા.

૯. સદરહુ નિયમોમાં, નિયમ-૮ માં, પેટા-નિયમ (૩) માં, "૦૪૫" એ આંકડાને બદલે, "૦૦૪૫" એ આંકડા મૂકવા.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા-નિયમ (૧માં,) "આવો નિયત અધિકારી જેના તાબામાં હોય તેવા "એ શબ્દોને બદલે "મનોરંજનનું આવું સ્થળ જ્યાં આવેલું હોય તેવા" એ શબ્દો મૂકવા.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૧૭ માં, —

(ક) પેટા-નિયમ (૪) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૪) સિનેમા અથવા વિડિયોને લગતા મનોરંજનના માલિકે, ઉપર્યુંકત રજીસ્ટરોમાં, મનોરંજનના દરેક શો ના આરંભથી નેવું મિનિટની અંદર, દરેક દિવસ અને દરેક શો ના સંબંધમાં તે અંગેની નોંધ પૂર્ણ કરીને, હિસાબો રાખવા જોઈશે. આવાં રજિસ્ટરો પાના બાંધીને બુકના અથવા ખાતવહીના રૂપમાં જાળવવા જોઈશે અને તે નિયત અધિકારી દ્વારા મંજૂર કરેલાં હોવાં જોઈશે.

પરંતુ અધિનિયમની કલમ ૩ ની જોગવાઈ હેઠળ કર ભરવા માટે વિકલ્પ સ્વીકાર્યો હોય તેવા સિનેમા અથવા વિડિયોના માલિકે, છેલ્લા અઠવાડિયામાં બતાવેલ મનોરંજનને લગતા નમૂના ૧૭ ની નકલો, ત્યારપછીના અઠવાડિયાના દરેક સોમવારે અથવા મંગળવારે આવા અઠવાડિયાના અંતે, નિયત અધિકારીને મોકલવી જોઈશે."

(ખ) પેટા-નિયમ (૬) કમી કરવો.

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦માં, —

(ક) પેટા-નિયમ (૧) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(૧) પોતે રજુ કરેલા દસ્તાવેજની અથવા કોઈ સત્તાધિકારીએ તેના સંબંધમાં કરેલા હુકમની પ્રમાણિત નકલ કોઈ વ્યકિત મેળવવા માંગતી હોય, તો તેણે તે સત્તાધિકારીને પાંસઠ પૈસાની કિંમતના, ચોંટે તેવા, કોર્ટ ફી સ્ટેમ્પવાળી અરજી કરવી જોઈશે."

(ખ) પેટા-નિયમ (૩)માં,—

(૧) ખંડ (ક) માં, "એક રુપિયો" એ શબ્દોને બદલે; "દશ રૂપિયા" એ શબ્દો મૂકવા,

(૨) ખંડ (ખ) માં, "પચાસ પૈસા" એ શબ્દોને બદલે, "બે રૂપિયા" એ શબ્દો મૂકવા ;

(૩) ખંડ (ગ) કમી કરવો.

૧૩. સદરહુ નિયમોમાં, વિદ્યમાન નમૂના ૧ને, નમૂના ૧ક તરીકે ફરી નંબર આપવો, અને તેવી રીતે ફરી નંબર આપેલા નમૂના પહેલાં, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"નમૂનો-૧.

(જુઓ નિયમ ૩(૧))

સીરીઝ નંબર	અનુક્રમાંક	સીરીઝ નંબર	અનુક્રમાંક	સીરીઝ નંબર	અનુક્રમાંક
(ગ)		(ઘ)		(ઘ)	
૧	૨	૩	૪	૫	૬
સિનેમાનું નામ અને સ્થળ		સિનેમાનું નામ અને સ્થળ		સિનેમાનું નામ અને સ્થળ	
વર્ગ		વર્ગ		વર્ગ	
દિવસ		દિવસ		દિવસ	
તારીખ		તારીખ		તારીખ	
શો		શો		શો	
પ્રવેશ દર		પ્રવેશ દર		પ્રવેશ દર	
કર		કર		કર	
કુલ		કુલ		કુલ	
રો-નંબર	બેઠક નંબર	રો-નંબર	બેઠક નંબર	રો-નંબર	બેઠક નંબર

INDEX

૧૪. સદરહુ નિયમોમાં, નમૂના ૨ માં, કોલમ ૮ માં, ગુજરાતીમાં "નિયત અધિકારીની" એ શબ્દો પછી, "અથવા મનોરંજન કર ઈન્સ્પેકટરની સહી" એ શબ્દો ઉમેરવા.

૧૫. સદરહુ નિયમોમાં, નમૂના ૨ ક માં, અનુસૂચિમાં,—

(૧) બાબત—૫, નીચેના કોષ્ટકમાં, કોલમ ૩માં,

"અધિનિયમની કલમ—૩(૧)(ક)(૩) હેઠળ" એ શબ્દો, આંકડા, કૌંસ અને અક્ષરોને બદલે, "અધિનિયમની કલમ—૩ હેઠળ" એ શબ્દો અને આંકડા મૂકવા.

(૨) બાબત—૬માં, "હું એક અઠવાડિયામાં વધારેમાં વધારે.....શો રાખવા માંગું છું અને" એ શબ્દો કમી કરવા.

૧૬. સદરહુ નિયમોમાં, નમૂના ૨ ખમાં, શરત ૩ કમી કરવી.

૧૭. સદરહુ નિયમોમાં, નમૂનો ૨ ઘ કમી કરવો.

૧૮. સદરહુ નિયમોમાં, નમૂના ૨ ઘ(૧)માં, અનુસૂચિમાં,—

(ક) બાબત ક્રમાંક ૩ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"૩ ક. જેના સંબંધમાં અરજી કરવામાં આવી હોય તે વિડિયો સિનેમાની મંજૂર કરેલી બેઠકની ક્ષમતા."

(ખ) બાબત ક્રમાંક ૫ માં, કોષ્ટકમાં, કોલમ ૪ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૪. મહિના દીઠ ભરવાના કરની રકમ".

(ગ) બાબત ૬માં "મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪" એ શબ્દો અને આંકડાને બદલે "ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા ફિલ્મોનું પ્રદર્શન) નિયમો, ૧૯૮૪" એ શબ્દો, કૌંસ અને આંકડા મૂકવા.

(ઘ) બાબત ૬ પછી, છેલ્લાં પેરામાં, "હું આથી, એકરાર કરું છું કે હું નીચેના સમયોએ દિવસમાં.....મનોરંજનો યોજવા માંગું છું અને" એ શબ્દોથી શરૂ થતો અને "અહીં મનોરંજનના સમય નિર્દિષ્ટ કરવા" એ શબ્દોથી પૂરો થતો મજકૂર કમી કરવો.

૧૯. સદરહુ નિયમોમાં, નમૂના ૨ ચ માં,—

(ક) પ્રથમ પેરામાં, "પોતે નિયત કરેલી સંખ્યામાં મનોરંજનો યોજાતો હોય કે ન હોય તો પણ" એ શબ્દો અને બીજા પેરામાં, "મનોરંજન કર અધિકારી.....ને ખાતરી થઈ છે કે ઉપરના શહેર/નગર/ગામની વસતી.....છે અને" એ શબ્દો કમી કરવા.

(ખ) શરત ૨ માં "દૈનિક" એ શબ્દ કમી કરવો.

(ગ) શરતો ૩ અને ૪ કમી કરવી.

(ઘ) અંતે આવતા "મનોરંજન કર અધિકારી" એ શબ્દોને બદલે "નિયત અધિકારી" એ શબ્દો મૂકવા.

૨૦. સદરહુ નિયમોમાં, નમૂના ૩માં,—

(ક) "વધારાના મનોરંજન કર સહિતના" એ શબ્દો કમી કરવા.

(ખ) પત્રકમાં,—

(૧) કોલમ ૩માં, "વેચાયેલ ટિકિટોની કુલ સંખ્યા" એ શબ્દોને બદલે, "સિરીઝ અનુક્રમાંક, ટિકિટોના દર અને (દિવસદીઠ/શો દીઠ/બુક દીઠ) વેચાયેલ ટિકિટોની કુલ સંખ્યા" એ શબ્દો મૂકવા.

(૨) કોલમ ૪માં, "અને તેની શ્રેણીઓ (સિરીઝ)" એ શબ્દો કમી કરવા.

(૩) કોલમ ૫માં, "અને ૫" એ શબ્દ અને આંકડો કમી કરવા.

INDEX

(૪) કોલમ ૬માં, "મનોરંજન કર કલમ ૩" એ શબ્દોને બદલે, "કોલમ ૩ હેઠળ મનોરંજન કર" એ શબ્દો મૂકવા.

(૫) કોલમ ૭ કમી કરવી.

૨૧. સદરહુ નિયમોમાં, નમૂના ૩-ક માં,—

(ક) બાબત ક્રમાંક ૧ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"૧(ક) ચલચિત્ર/ફિલ્મ/મનોરંજનનું નામ".

(ખ) બાબત ૨માં,—

(૧) "તારીખ ૧લી એપ્રિલ, ૧૯૮૨ના રોજ અથવા ત્યાર પછીની તારીખે, એ બેમાંની જે કોઈ તારીખે વધુ હોય તે પ્રમાણે" એ શબ્દો અને આંકડાને બદલે, "મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ હેઠળ લાઈસન્સ અધિકારીએ કાઢી આપેલ લાઈસન્સમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે" એ શબ્દો અને આંકડા મૂકવા.

(૨) કોષ્ટકમાં, કોલમ ૩માં, "અધિનિયમની કલમ ૩(૧)(ક)(૩) હેઠળ" એ શબ્દો, કૌંસ, આંકડા અને અક્ષરને બદલે, "અધિનિયમના કલમ ૩ હેઠળ" એ શબ્દો અને આંકડા મૂકવા.

૨૨. સદરહુ નિયમોમાં, નમૂનો ૩(ખ) કમી કરવો.

૨૩. સદરહુ નિયમોમાં નમૂના ૩ ગ ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"નમૂનો–૩ગ.

(જુઓ નિયમ ૭ (૧-ખ))

માસિક પત્રક.

પ્રતિ,

નિયત અધિકારી,

હું.....ગામ/નગર

.....તાલુકા .....

જિલ્લા.....માં આવેલ વિડિયો-સિનેમા.....ના

માલિક, સન ૧૯૯૮.....ના વર્ષના.....મહિના માટે અગાઉથી કર ભરવા પેટે, રૂા.....

(રૂા.....) ની

રકમનું તારીખ.....નું તિજોરી ચલન નંબર.....બીડું છું.

૧. મંજૂર કરેલ બેઠકની ક્ષમતાની સંખ્યા.

૨. પડદાનું કદ.

૩. ભરવાપાત્ર કરની રકમ અને ચૂકવણીની તારીખ.

એકરાર

હું/અમે.....એકરાર

કરું છું/કરીએ છીએ કે મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ ઉપર આપેલી માહિતી સાચી અને ખરી છે.

સ્થળ:—

તારીખ:— સહી/—. "

INDEX

૨૪. સદરહુ નિયમોમાં, નમૂના ૪માં,—

(ક) "..... ની મુદત દરમિયાન મનોરંજન કર અને વધારાના મનોરંજનનું કરનું હિસાબ-રજિસ્ટર" એ શબ્દોને બદલે, "..... ની મુદત દરમિયાન મનોરંજન કરનું હિસાબ-રજિસ્ટર" એ શબ્દો મૂકવા;

(ખ) કોલમો ૪, ૬ અને ૮ કમી કરવા.

૨૫. સદરહુ નિયમોમાં, નમૂના ૫માં, કોલમ ૭ કમી કરવી.

૨૬. સદરહુ નિયમોમાં, નમૂના ૬માં,—

(૧) જ્યાં જ્યાં "૪૦૫" એ આંકડા આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "૦૦૪૫" એ આંકડા મૂકવા;

(૨) "(૨) વધારાના કર" એ કૌંસ, આંકડો અને શબ્દો કમી કરવા;

(૩) દ્વિતીય ચેરામાં "વધારાના કર" એ શબ્દો કમી કરવા;

(૪) "(ખ) વધારાના કર" એ કૌંસ, અક્ષર અને શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાંથી તે કમી કરવા.

૨૭. સદરહુ નિયમોમાં, નમૂના ૭માં, "અને રૂ. ..... (આંકડામાં) રૂ. ..... (શબ્દોમાં)નો વધારાનો કર" એ શબ્દો અને કૌંસ અને "અને વધારાના કર" એ શબ્દો અને "અને વધારાના કર તરીકે રૂ. ..... (આંકડામાં) રૂ. ..... (શબ્દોમાં) એ અક્ષરો, કૌંસ અને શબ્દો કમી કરવા.

૨૮. સદરહુ નિયમોમાં, નમૂના ૮માં, બાબત (૬) અને (૮)માં "વધારાના કર" એ શબ્દો કરી કરવા.

૨૯. સદરહુ નિયમોમાં, નમૂના ૧૨માં,—

(૧) બાબત (૬)માં, "વધારાના કર" એ શબ્દો કરમી કરવા.

(૨) બાબત (૮)માં, "અથવા વધારાનો કર" એ શબ્દો કમી કરવા.

૩૦. સદરહુ નિયમોમાં, નમૂના ૧૭માં,—

(૧) કોલમ ૧ પછી, નીચેની કોલમ દાખલ કરવી:—

"૧ક. ચલચિત્ર/ફિલ્મ/મનોરંજનનું નામ."

(૨) કોલમ ૨માં, "અને વધારાના કર" એ શબ્દો કમી કરવા.

૩૧. સદરહુ નિયમોમાં, નમૂનો ૧૭-ક કમી કરવો.

૩૨. સદરહુ નિયમોમાં, નમૂના ૧૮માં, કોલમ ૨ માં, "અને વધારાનો કર" એ શબ્દો કમી કરવા.

૩૩. સદરહુ નિયમોમાં, નમૂના ૨૦માં, બાબત "ખ. આકારેલો વધારાનો કર, રૂપિયા ....." કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. ઓ. બાદી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, PHALGUNA 18, 1995/MAGHA 27, 1916 [No. 10

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી નવેમ્બર, ૧૯૯૪

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરન કમાંક જીએચએમ-૯૪-૬૪-એમ-આરજીએન-૧૦૯૩-૩૧૩૦-એચ-૧નો ગુજરાતી અનુવાદ ઓથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT, NO. GHM-93-26-M-RGN-1091-2528-H. 1 DATED THE 15TH FEBRUARY, 1993.

મહેસૂલ વિભાગના તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૩-૨૬-એમ-આરજીએન-૧૦૯૧-૨૫૨૮ એચ-૧ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૪.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગાંમાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧.

ક્રમાંક જીએચએમ-૯૪-૬૪-એમ-આરજીએન-૧૦૯૩-૩૧૩૦-એચ.-૧.—ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગાંમાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨ મા)ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી મહેસૂલ વિભાગનું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ-૯૩-૨૬-એમ-આરજીએન-૧૦૯૧-૨૫૨૮-એચ.-૧ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલ અનુસૂચિમાં, "અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામ્ય વિસ્તારો" એ શીર્ષક હેઠળ".—

(૧) અનુક્રમાંક ૫, ગોમતીપુર (બાપુનગર)માં, કોલમ ૩માં, અનુક્રમાંક ૩૬ આગળની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી:—

"૩૭. રાજપુર નાનો અને મોટો વણકર વાસ.
૩૮. જીવરાજ ભટ્ટ ચોલી,
૩૯. પરમાનંદ ચાલી,
૪૦. રાજપુર ટોલનાકા, જૈન દેરાસર ખાંચો.
૪૧. લીંબાતી શેરી, ભાટની પોળ, ગોમતીપુર ગામ.
૪૨. નગરી મિલ રોડ, મગન કુંભારની ચાલી, નટવરલાલ વકીલની ચાલી, કેશા બાબુની ચાલી, રમણપુરાની ચાલી વિસ્તાર.
૪૩. અમ્રપાલી રોડ, જૈન નગર સોસાયટી, ફલવાડી સોસાયટી, ગજાનંદ નગર, ગાંધી પાર્ક".

(૨) અનુક્રમાંક ૧૪ ગાયકવાડ હવેલીમાં, કોલમ ૩માં, અનુક્રમાંક ૨૯ પરની નોંધ પછી, નીચેની નોંધો ઉમેરવી :—

"૩૦. રાયખડ રોહિલવાડ.
૩૧. મજાજનનો વંડો.
૩૨. પાંવાગઢ ચોક.
૩૩. રંગણીમાતા મંદિર વિસ્તાર ખાટકી વાડ.
૩૪. રાયખડ દરવાજા વિસ્તાર."

(૩) કારંજ માટેના અનુક્રમાંક ૧૬માં કોલમ ક્રમાંક ૩માં, અનુક્રમાંક ૬ આગળની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી :—

"૭. લાલ દરવાજા બસ સ્ટેન્ડ સિવાયનો પોલીસ સ્ટેશનનો બાકીનો સમગ્ર વિસ્તાર."

(૪) અનુક્રમાંક ૧૭ શાહપુરમાં કોલમ ક્રમાક ૩માં, અનુક્રમાંક ૬ આગળની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી :—

"૭. પોલિસ સ્ટેશનનો બાકીનો સમગ્ર વિસ્તાર."

(૫) અનુક્રમાંક ૨૦ આગળની નોંધ પછી, નીચેની નોંધ ઉમેરવી :—

"૨૧. માધવપુરા : (૧) દૂધેશ્વર પોલિસ ચોકી વિસ્તાર.
(૨) ઈદગાહ પોલિસ ચોકી વિસ્તાર."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સી-૧૯૯૪નો ૪૫૮મા/ડીવીપી/૨૧૯૨/૩૦૮૧/૯૪/એસ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
Under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૪૫૮/ડીવીપી/૨૧૯૨/૩૦૮૧/૯૪/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૩મી ઓગષ્ટ, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ના ૧૫૯/ડીવીપી/૨૩૮૪-૨૮૯૭/(૮૬)/એલ હેઠળ મંજૂર કરેલી મહુવા નગર (જિ. ભાવનગર) માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦મી મે, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી-૧૯૯૪ના ૨૯૫/ડીવીપી/૨૧૯૨/૧૫૭૬(૯૪)-એલ, હેઠળ તારીખ ૨૦મી મે, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૯૫/૧ થી ૯૫/૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સુચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો, તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવાતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી:

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલા ફેરફારો, તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬ના ૧૫૯/ડીવીપી/૨૩૮૪/૨૮૯૭/(૮૬)-એલ થી મંજૂર કરેલ મહુવા નગર (જિ. ભાવનગર) માટેની છેવટની સુધારેલ વિકાસ યોજનામાંનો ફેરફાર.

"મહુવા"ની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "આનંદપ્રમોદ ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDA" નિશાની કરીને દર્શાવેલ મેઘદૂત સીનેમાની સામેની બાજુએ આવેલ મહેસૂલી સર્વે નંબર ૪૧૧/૨ વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૫૬૯/૧૯૯૪/યુડીએ/૧૮૯૨/૨૫૦૮/કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/૫૬૯/૧૯૯૪/યુડીએ/૧૮૯૨/૨૫૦૮/કે .— તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૩નાં ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ ૪–બીનાં પાના ૧૭૨/૧ થી ૧૭૨/૨ ઉપર પ્રસિધ્ધ થયેલ તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવીગ/૧૯૯૩ના ૧૯૨/યુડીએ//૧૮૯૨/૨૫૦૮/કે રદ કરીને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૧૮ની પેટા–કલમ (૨) ના ખંડ (૧૩) સાથે વાંચતા, કલમ ૯૭ની પેટા–કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૧૮ની પેટા–કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે, અને આથી નોટિસ આપવામાં આવે છે કે, સદરહુ મુસદ્દો, જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે ગુજરાત ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

(૨) ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે, તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક : યુડીએ/૧૮૯૨/૨૫૦૧/કે ,— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૧૮ની પેટા–કલમ (૨)ના ખંડ (૧૩) સાથે વાંચતા, કલમ ૯૭ની પેટા–કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, 'ગુજરાત સમુચિત સત્તામંડળ (પ્રોવિડન્ટ ફંડની રચના) નિયમો, ૧૯૮૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

(૧) આ નિયમો, 'ગુજરાત સમુચિત સત્તામંડળ, (પ્રોવિડન્ટ ફંડની રચના) (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૧૧૦/ડીવીપી/૧૨૯૧-૨૧૪૬-એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦/૪૩૮૪(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, ''સદરહુ વિકાસ યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું,

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૨ નો ૨૦૬/ડીવીપી/૧૨૯૧/૨૧૪૬-એલ હેઠળ, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૨૧૮-૨ થી ૨૧૮-૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઇ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી -

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે , અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર, તારીખ ૨૩મી જૂન ૧૯૯૩ થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૮૩ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૮૩નો ૨૭૮/ડીવીપી/૧૨૮૦-૪૩૮૪(૮૩)-એલ થી મંજૂર કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વડોદરા શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં રહેણાંક અને સામાન્ય વાણિજ્યિક ઝોન'' માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ ABCDA નિશાની કરેલા ઉંદેરા ગામના મહેસૂલી સરવે નંબરો ૨૬૮, ૨૬૯, ૨૭૦, ૨૭૧, ૨૭૨, ૨૭૩, અને ૨૭૪ ધરાવતી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના અધિકારી અને
સંયુકત સચિવ.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જુલાઇ ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી જુન, ૧૯૯૩ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૯૯૩ નો ૧૧૬/ડીવીપી/૧૪૯૨/૧૯૨૭-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુન ૧૯૯૩.

INDEX

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક:જીએચ/વી/૧૯૯૩નો ૧૧૬/ડીવીપી/૧૪૯૨/૧૯૨૭-એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૯૮૬ નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪(૮૬) એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક:૨૭મા) ની કલમ-૧૯ ની પેટા કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, બે મહીનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૯૮૬ નો ૪૬/ડીવીપી-૧૪૮૧-૩૮૪-(૮૬) એલ થી મંજુર કરેલી સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

રહેણાંકના ઝોનમાંથી જમીનો એવી રીતે મુકત કરીને આ સાથે જોડેલા પ્લાન ઉપર નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે, ભાતર ગામના મહેસૂલી સરવે નંબર ૪૬/ભાગ,૫૦/ભાગ,૫૧/ભાગ,૫૫/ભાગ,૮૩/ભાગ અને મજૂરા ગામના ૧૫૩/ભાગમાંથી પસાર થતી ૨૪.૩૮ મીટર પહોળા માર્ગની લાઇનદોરી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ઘ) હેઠળ, કરવા ધાર્યું છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના અધિકારી અને
સંયુકત સચિવ.

INDEX

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી જુન, ૧૯૯૩ ના ગુજરાત સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચએમ/૯૩-૮૩-એમ-એસટીપી-૧૪૮૭-૧૩૦૪-એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Order
Under
THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઇ સ્ટેમ્પ અધિનયમ, ૧૯૫૮ હેઠળ

હુકમ.

મહેસુલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુન, ૧૯૯૩.

મુંબઇ સ્ટેમ્પ અધિ નિયમ, ૧૯૫૮.

ક્રમાંક:જીએચએમ-૯૩-૮૩-એમ-એસટીપી-૧૪૮૭-૧૩૦૪-એચ-૧ :- મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા) નો કલમ-૯ ના ખંડ (૬) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જેઓ સરકારી કર્મચારીઓ હોય અને તેમની નોકરી, કાયદાની સંબંધિત જોગવાઇઓ હેઠળ, રાજ્યસરકારે સ્થાપેલ હોય તેવા બોર્ડ અથવા કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરી હોય, તે કર્મચારીઓએ, તેમના પોતાના વપરાશ માટેના રહેણાંકના મકાન અને યુનિટો બાંધવા, ખરીદવા અથવા મરામત કરવાના હેતુ માટે, બોર્ડ અથવા કોર્પોરેશન પાસેથી તેમણે મેળવેલી પેશકી ભરપાઇ કરવાની ખાતરી માટે, તેમણે કરેલા ગીરોખતના સંબંધમાં સદરહું અધિનિયમ હેઠળ લેવાપાત્ર સ્ટેમ્પડયુટી માફ કરે છે.

સ્પષ્ટીકરણ :

૧.જે તારીખે, કર્મચારીને યથાપ્રસંગ, બોર્ડ અથવા કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરવામાં આવ્યો હોય તે તારીખથી માફી મળવાપાત્ર ગણાશે.

૨.તેની નોકરી બોર્ડ અથવા કોર્પોરેશનમાં સમાવિષ્ટ કરવામાં આવી છે તેવી મતલબનું સક્ષમ સંબંધિત પાસેથી મેળવેલ પ્રમાણપત્ર રજુ કર્યા પછીજ આવી માફી મળવાપાત્ર છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઇ.બી.જોષી,
સરકારના ઉપસચિવ.

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જુન, ૧૯૯૩ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીકે/૯૩/૨૦/સીસીએ-૧૦૯૦/૫૨૧૮/ડી નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE LEGAL DEPARTMENT NOTIFICATION NO.GK/92/18/CCA/1090/5218/D, DATED, 18TH JUNE,1992.

કાયદા વિભાગના તારીખ ૧૮મી જુન, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક:જીકે/૯૨/૧૮/સીસીએ-૧૦૯૦/૫૨૧૮/ડી સુધારવા સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુન, ૧૯૯૩.

મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ,૧૮૬૯.

ક્રમાંક:જીકે/૯૩/૨૦/સીસીએ-૧૦૯૦/૫૨૧૮/ડી :- મુંબઇ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ ના ૧૪મા) ની કલમ-૨૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ વિભાગના તારીખ ૧૮મી જુન, ૧૯૯૨ના જાહેરનામા ક્રમાંક:જીકે/૯૨/૧૮/સીસીએ-૧૦૯૦/૫૨૧૮/ડી નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહું જાહેરનામામાં, -

(૧) ૧૦મી લીટીમાં આવતા ''કોર્ટની'' એ શબ્દને બદલે, 'કોર્ટની' એ શબ્દ મુકવો.

(૨) ૧૨મી લીટીમાં આવતા ' અને ધંધુકા ' એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.બી.જાડેજા,
સરકારના નાયબ સચિવ

INDEX

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી જુલાઇ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચઆર-૯૩-૧૪૩-બીઆરયુ-૧૦૮૪-યુઓ-૪૩(૧) એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISION) ACT, 1958.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી જુલાઇ, ૧૯૯૩.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:જીએચઆર-૯૩-૧૪૩-બીઆરયુ-૧૦૮૪-યુઓ-૪૩(૧)એમ(૩) શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૯૨-૨૮-બીઆરયુ-૧૦૮૪-યુ.ઓ. ૪૩(૧)-એમ (૩) (જેનો આમાં હવે પછી, ''સદરહુ જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની રૂએ, ગુજરાત સરકારે, મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક ૬૬ મા)ની કલમ 3 ની પેટા-કલમ (૧) હેઠળ એવું જાહેર કરેલ છે કે સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઇલ મિલ્સ લિમિટેડ, અમદાવાદ (જેનો આમાં હવે પછી ''સદરહુ અન્ડર ટેકિંગ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી બાર મહિનાની મુદત સુધી બેરોજગારોનાં રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઇશે ,

હવે, સદરહું અન્ડરટેકિંગને એવી રીતે ચાલુ રાખવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક-૬૬મા) ની કલમ-3 ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:

(ક) સદરહુ જાહેરનામાની કાયદેસરતા બાર મહિનાની વધુ મુદત માટે તાજી કરે છે, અને

(ખ) જાહેર કરે છે કે તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૩ થી બાર મહીનાની મુદત માટે સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઇલ મિલ્સ લીમીટેડ, અમદાવાદને બેરોજગારોનાં રાહતના પગલાં તરીકેની કામગીરી માટે ચલાવવાનું ચાલુ રાખવામાં આવશે અને તદનુસાર, તે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.ડી.દવે,
સરકારના નાયબ સચિવ.

INDEX

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી જુન, ૧૯૯૩ના ગુજરાત સરકારના ગૃહવિભાગ ના સરકારી જાહેરનામા ક્રમાંક:જી-જી-૧૧-૯૩-એમવીઆર-૧૦૯૨-૫૩૪-મ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મોંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી જુન, ૧૯૯૩.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક:જી-જી-૧૧-૯૩-એમવીઆર-૧૦૯૨-૫૩૪-મ :- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮મા પલ્મા) ની કલમ-૧૧૧ની પેટા કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૨૧૨ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂં પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨.ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમા કોઇ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના સચિવ (વાહન વ્યવહાર) ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઇ વાંધા અથવા સુચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક:જી-જી-૧૧-૯૩-એમવીઆર-૧૦૯૧-૫૩૪-મ :- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પલ્મા) ની કલમ-૧૧૧ની પેટાકલમ (૧) થી મળેલી સત્તાની અને તે અર્થે તેને અમલ્થાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧.આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૩ કહેવાશે.

૨.ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૬૬માં, પેટા-નિયમ (૧૦) ને બદલે, નીચેનો મજકુર મુકવો :-

INDEX

(૧૦) ડિઝાઇનની આવી તપાસ કરવા માટે ટેસ્ટીંગ ઇન્સ્ટીટયુટ વધુમાં વધુ લઇ શકે તેટલી ફી, વખતો વખત જાહેર કરવી જોઇશે. ફી, ટેસ્ટીંગ ઇન્સ્ટીટયુટે, દર ત્રણ વર્ષે એક વખત રાજય સરકાર સાથે વિચારવિનિમય કરીને નકકી કરવી જોઇશે. નકકી અને જાહેર કર્યા પ્રમાણેની ફી, ટેસ્ટીંગ ઇન્સ્ટીટયુટ માંગશે કે એટલે ટેસ્ટીંગ ઇન્સ્ટીટયુટને અરજદારે, ભરવી પડશે અને તે રીફંડને પાત્ર ગણાશે નહીં.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ.પાટડીયા
સરકારના ઉપસચિવ,

કાયદા વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઇ, ૧૯૯૩.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલ તારીખ ૧૬મી જુલાઇ, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચઆર-૯૩-૧૪૧-બીઆરયુ-૧૦૮૭-યુ.ઓ-૮૪(૧) એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

ર.વિ.મેંગદે,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ

જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુલાઇ, ૧૯૯૩.

મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક:જીએચઆર-૯૩-૧૪૧-બીઆરયુ-૧૦૮૭-યુ.ઓ-૮૪(૧)એમ(૩) :- શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી જુલાઇ, ૧૯૯૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચયુ-૯૨-૧૫૯-બીઆરયુ-૧૦૮૭-યુ.ઓ. ૮૪(૧) એમ(૩) (જેનો આમાં હવે પછી, ''મૂળ જાહેરનામા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની રૂએ, ગુજરાત સરકારે, મુંબઇ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક ૬૬મા)ની કલમ-૩ ની પેટા-કલમ (૧) હેઠળ જાહેર કર્યું છે કે જેના સંબંધમાં રાજય સરકારે, રાજય સરકારના અધિકારીને તેના અધ્યક્ષ તરીકે નીમ્યા

હોય અને તેના અધિકાર હેઠળ ચલાવવામાં આવેલ હોય તેના સંબંધમાં અમદાવાદ મેન્યુફેકચરીંગ એન્ડ કેલીકો પ્રિન્ટીંગ કંપની લિમિટેડનાં (જેનો આમાં હવે પછી ''સદરહુ અન્ડરટેકિંગ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના.

(ક) અમદાવાદ ખાતેના ટેક્ષટાઈલ ડિવિઝન, અને

(ખ) વડોદરા ખાતેના પોલીએસ્ટર ફાઈબર ડિવિઝનને, સન ૧૯૯૨ના ડિસેમ્બર મહીનાની ૮મી તારીખથી બાર મહીનાની મુદત સુધી બેરોજગારીનાં રાહતનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈએ.

હવે સદરહુ અન્ડરટેકિંગ (હવે એક વધારાના ડિવિઝન સહીત એટલે કે કેમીકલ ડિવિઝન) ને એવી રીતે ચાલુ રાખવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, મુંબઇ અન્ડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના ક્રમાંક ૬૬મા) ની કલમ-૩ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) સદરહુ જાહેરનામાની કાયદેસરતા બાર મહીનાની મુદત માટે તાજી કરે છે, અને

(ખ) જાહેર કરે છે કે સન ૧૯૯૨ ના ડીસેમ્બર મહીનાની ૮મી તારીખથી બાર મહીનાની મુદત સુધી અમદાવાદ મેન્યુફેકચરીંગ એન્ડ કેલીકો પ્રીન્ટીંગ કંપની લીમીટેડના (ક) અમદાવાદ ખાતેના ટેક્ષટાઈલ ડિવિઝન, અને (ખ) વડોદરા ખાતેના પોલીએસ્ટર ફાઈબર ડિવિઝન અને (ગ) કેમીકલ ડિવિઝનને બેરોજગારીનાં રાહતનાં પગલાં તરીકેની કામગીરી માટે ચલાવવાનું ચાલું રાખવામાં આવશે અને તદનુસાર, તે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. ડી. દવે,
સરકારના નાયબ સચિવ.

Government Central Press,Gandhinagar.

INDEX

REGISTERED NO. G/GNR/2


सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol.XXXVI] THURSDAY, MARCH 23, 1995/ CAITRA 2, 1917. [No. 12

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચએમ/૯૩/૧૫૬/એમ-ટીપીએ/૧૨૯૨/૪૦૨-જે. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT NO GHM/80/295/M/TAP/1071/124469/J, DATED THE 2ND DECEMBER, 1980

મહેસૂલ વિભાગનું તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૮૦નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચએમ/૮૦/૨૯૫/એ/ટીપીએ/૧૦૭૧/૧૨૪૪૬૯/જે સુધારવા સંબંધી

જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨.

ક્રમાંક: જીએચએમ/૯૩/૧૫૬/એમ-ટીપીએ-૧૨૯૨/૪૦૨/જે.- મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ (સન ૧૮૮૨ના ૪થા)ની કલમ-૫૮ના ખંડ (છ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મહેસૂલ વિભાગનું તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૮૦નું સરકારી જાહેરનામું ક્રમાંક.જીએચએમ/૮૦/૨૯૫/એમ/ટીએપી/૧૦૭૧/૧૨૪૪૬૯/જે. સુધારે છે.

INDEX

સદરહુ જાહેરનામાને જોડેલા ''કોષ્ટક'' માં, મહેસાણાને લગતી અનુક્રમાંક ૧૨ પરની નોંધમાં, કોલમ ક્રમાંક.૩માં, નોંધ ૧૧ પછી, નીચેની નોંધ દાખલ કરવી.

'' ૧૨ માણસા ''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એમ.વણકર,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૯૪નો ૩૯/ટીપીએસ/૧૪૯૧/૨૧૮૩-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.વી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ-વી/૧૯૯૪નો ૩૯/ટીપીએસ/૧૪૯૧/૨૧૮૩/એલ.- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૮નો ૧૩૩/ટીપીએસ/૧૪૮૮/૨૨૩૬-એલ. હેઠળ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી ''મુખ્ય અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને તેને રજૂ કરેલ નગર રચના યોજના,

INDEX

સુરત ક્રમાંક ૪ ઉમરા-દક્ષિણનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, ''સદરહુ યોજનાના મુસદા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો,

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને નિમાયેલા નગર રચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ની રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગર રચના યોજના, સુરત ક્રમાંક.૪ ઉમરા દક્ષિણ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, ''સદરહુ પ્રારંભિક યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તો) ગુજરાત સરકારને રજૂ કરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી-

(૬) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, ''સદરહુ પ્રારંભિક યોજના'' મંજૂર કરે છે,

(૫) એવું જણાવે છે કે, સદરહુ યોજના, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(૭) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (૫)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૪ના એપ્રિલ મહિનાની ૨૭ તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમો, પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખેલા છે એમ ગણાશે.

૨. પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, પુનઃવર્ગીકરણના પત્રકમાં, અનુક્રમાંક 133 પરના કેસ નં.૭૯ માં, ''માલિકનું નામ'' ના કોલમ (નં.૨)માં, ''મુખ્ય કારોબારી સત્તામંડળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ, સુરત'' એ શબ્દોને બદલે, ''યોગ્ય સત્તામંડળ-સુરત મહાનગર પાલિકા'' એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪ ના ૩૮/ડીવીપી/૨૫૯૦/૩૮૮૩-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧લી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૪નો ૩૮/ડીવીપી/૨૫૯૦/૩૮૮૩-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૫નો ૬૪/ડીવીપી/૨૫૮૨/૧૩૧૨/(૮૫)-એલ. હેઠળ મંજૂર કરેલ વાપી (જિ.વલસાડ) નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી ''સદરહુ છેવટની વિકાસ યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે, તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ છેવટની વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાક્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી જુલાઇ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૩નો ૧૪૧/ડીવીપી/૨૫૯૦/૩૮૮૩-એલ, હેઠળ તારીખ ૨૩મી જુલાઇ, ૧૯૯૩ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ-૪બી ના પાના ક્રમાંક. ૧૧૪-૨ થી ૧૧૪-૩ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઇ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઇ હોય તો , તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ છેવટની વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૪ના માર્ચ મહિનાની ૧લી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૫નો ૬૪/કોવીપી/૨૫૮૨/૧૩૨૧/(૮૫)-એલ. થી મંજૂર કરેલી, વાપી (જિ.વલસાડ) નગર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વાપીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, ''રહેણાંકના ઝોન'' માટે મુકરર કરેલી વાપીની મ.સ.નં.૩૦૩વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ડ) હેઠળ '' A.P.M.C.'' માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૭મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/૭/૯૪/૧૦/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ભાગ-૨-મ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી
જાહેરનામું

ગૃહ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જાન્યુઆરી, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/જી/૯૪/૧૦/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/ભાગ-૨/-મ.- ગુજરાત મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પલ્મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો ગૃહ વિભાગના તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/જી/૯૩/૧૨૪/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/મ હેઠળ તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪એ ના પાના નંબર.૮૧-૧ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો, અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૩ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતા.

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, સરકારને મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પલ્મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની અને તે અર્થે તેને અમલ્થાર અપાતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે -

(૧) આ નિયમો ''ગુજરાત મોટર વાહન (ચોથા સુધારા) નિયમો, ૧૯૯૩'' કહેવાશે.

(૨) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૯૩માં, મંડ (મ) માં, નીચેનો મજકૂર મુકવો :-

''૫૦-કયુબીક સેન્ટીમીટર કરતાં વધુ શકિત ધરાવતું એન્જિન બેસાડેલી મોટર સાયકલ ચલાવતી કોઇપણ વ્યકિત, સન ૧૯૯૪ના સપ્ટેમ્બર મહિનાની ૩૦મી તારીખ સુધી.''

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ.પાટડીયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ પમી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૨૬/એમટીએ/૨૪૮૭/એમઆઇએનઆઇ/૨૫-મ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઇ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી
જાહેરનામું

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, પમી માર્ચ, ૧૯૯૪.

મુંબઇ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જી/જી/૯૪/૨૬/એમટીએ/૨૪૮૭/એમઆઇએનઆઇ/૨૫-મ.- મુંબઇ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૫મા)ની કલમ-૧૩ ની પેટા-કલમ (૨) સાથે વાંચતાં, સદરહુ અધિનિયમની કલમ-૨૩ની પેટા-કલમ (૨)ના મંડ (ઝ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઇ વ્યકિત તરફથી, સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને જે કાંઇ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક: જી/જી/૯૪/૨૬/એમટીએ/૨૪૮૭/એમઆઇએનઆઇ/૨૫/મ.- મુંબઇ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)

INDEX

સાથે વાંચતાં, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ઝ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

(૧) આ નિયમો 'મુંબઇ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

(૨) મુંબઇ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૧૬-૬ માં, ખંડ (૧૧)ને બદલે નીચેનો મજકૂર મૂકવો :-

''૧૧. ખેડૂતો અથવા ખેડૂતોની સહકારી મંડળીઓની માલિકીના ટ્રેકટર-કમ-ટ્રેઇલરો, જો આવા વાહનોનો, આવા ખેડૂતોએ, મંડળીઓએ અથવા યથાપ્રસંગ આવી મંડળીઓના સભ્યોએ, પોતે જાતે ખેતી કરતા હોય તે જમીન અને તેમના રહેઠાણના સ્થળ અથવા ગોદામ અથવા આવી જમીન ઉપર તેમણે ઉગાડેલ ખેત ઉત્પન્નના કોઇ બજારના સ્થળ વચ્ચે, હેરફેર માટે અથવા આવી જમીનની ખેતીના સંબંધમાં તેમને જરૂરી હોય અથવા ફાર્મ હાઉસના બાંધકામ માટે અથવા તેમના અંગત ઉપયોગ અથવા વપરાશ માટે જરૂરી માલ સામાનની હેરફેર માટે વપરાતા હોય, પણ વાણિજ્યિક અથવા વેપારના હેતુઓ માટે વાપરતા ન હોય તો.''

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ.પાટડીયા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઆર/૯૩/૧૮૪/એસગાઇએ/૧૦૯૨/૬૪૦/એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

રાજ્ય કામદાર વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ

જાહેરનામું

INDEX

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૩.

રાજ્ય કામદાર વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીઆર/૯૩/૧૮૪/એસઆઈએ/૧૦૯૨/૬૪૦-એમ (૩) :-

૧. તહોમી અપીલ ટ્રીબ્યુનલ, સુરત શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચ/આર/૯૧-૯૨/એસઆઈએ/૧૦૮૮/૩૫૦૨/એમ-(૩). ૨. તહોમી અપીલ ટ્રીબ્યુનલ, અમદાવાદ. શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૮-૭-૯૨નું સરકારી જાહેરનામુ ક્રમાંક: જીઆર/૯૨/૧૪૦/એઇઆઈએ/૧૦૯૨/૧૭૦૬-એમ-(૩). ૩ અને ૪ તહોમી અપીલ ટ્રીબ્યુનલ, વડોદરા અને રાજકોટ શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૨૭-૨-૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીઆર/૯૨/૫૧/એસ આઈએ/૧૦૯૨/૬૪૦/એમ (૩).	રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો ૧૯૫૦ના વિનિયમ ક્રમાંક.૭૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૩ સુધી, હાંસિયામાં જણાવેલા સરકારી જાહેરનામાઓ મુજબ રચાયેલા તહોમી અપીલ ટ્રીબ્યુનલોની મુદત વધારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.રાણા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએન/૯૪/૧૭/એમ/આરજીએન/૧૦૯૩/૩૨૭/એચ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT REGISTRATION ACT, 1908.

ગુજરાત રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ

જાહેરનામું

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૪થી માર્ચ, ૧૯૯૪.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮.

ક્રમાંક: જીએચએમ/૯૪/૧૭/એમ/આરજીએન/૧૦૯૩/૩૨૭/એચ-૧.- ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી, રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૭૦-ગ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એવો આદેશ કરે છે કે નીચે જણાવેલા પેટા-જિલ્લાઓમાં રજિસ્ટ્રેશન માટે દાખલ કરવાના દસ્તાવેજોની નકલો, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪થી ફોટોગ્રાફથી કરવી જોઈશે.

અનુક્રમાંક	જિલ્લો	પેટા-જિલ્લો
૧	અમદાવાદ	અમદાવાદ-૧ (અમદાવાદ શહેર)
૨	અમદાવાદ	અમદાવાદ-૨ (વાડજ)
૩	અમદાવાદ	અમદાવાદ-૩ (મણીનગર)
૪	અમદાવાદ	અમદાવાદ-૪ (પાલડી)
૫	અમદાવાદ	અમદાવાદ-૫ (નારોલ)
૬	અમદાવાદ	અમદાવાદ-૬ (નરોડા)
૭	અમદાવાદ	અમદાવાદ-૭ (ઓઢવ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એન.દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૭ માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીઆર/૯૪/૩૯/એસઆઈએ/૧૦૯૨/૬૪૦/એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
under
THE EMPLOYEES STATE INSURANCE (GENERAL)REGULATIONS, 1950.

કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ
જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૭ માર્ચ, ૧૯૯૪.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: જીઆર/૯૪/૩૯/એસઆઇએ/૧૦૯૨/૬૪૦/-એમ (૩).- કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ના વિનિમય ક્રમાંક ૭૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી માર્જીનમાં નોંધેલ સરકારી જાહેરનામાઓ પ્રમાણે રચાયેલ તહોમી અપીલ ટ્રીબ્યુનલોની મુદત વધારાની ચાર મહિનાની મુદત સુધી (એટલે કે તા.૧-૧-૧૯૯૪થી તા.૩૦-૪-૧૯૯૪ સુધી) અથવા નવી ટ્રીબ્યુનલ રચાય એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી, લંબાવે છે.

૧.	તહોમી અપીલ ટ્રિબ્યુનલ, સુરત.
	શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક.કેએચ/આર/૯૧/૭૨/એસઆઇએ/૧૦૮૮/૩૫૦૨/એમ-(૩)
૨	તહોમી અપીલ ટ્રિબ્યુનલ, અમદાવાદ.
	શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૮મી જુલાઇ, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક:જીઆર-૯૨/૧૪૦/એસઆઇએ/૧૦૯૨/૧૭૦૬/-એમ (૩).
૩ અને ૪.	તહોમી અપીલ ટ્રિબ્યુનલ, વડોદરા અને રાજકોટ શ્રમ અને રોજગાર વિભાગનું તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક.જીઆર/૯૨/૫૧/એસઆઇએ/૧૦૯૨/૬૪૦/એમ-(૩).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.રાણા,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૭ એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ-૯૪/૧૬/એમ-આરજીએન-૧૦૯૩/૩૨૭/એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

NOtification
under
THE REGISTRATION ACT, 1908.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૪થી માર્ચ, ૧૯૯૪.

રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮.

ક્રમાંક. જીએચએમ-૯૪/૧૬/એમ-આરજીએન-૧૦૯૩/૩૨૭/એચ.૧.- ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલા પૂરતો રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૯૦૮ (સન ૧૯૦૮ના ૧૬મા)ની કલમ ૭૦-ગ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી આદેશ કરે છે કે અહીં હેઠળ દર્શાવેલા પેટા-જિલ્લાઓમાં, રજિસ્ટ્રેશન માટે રજૂ કરેલ દસ્તાવેજોની નકલો, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૪થી ફોટોગ્રાફીના સાધનોથી કરવી.

અનુક્રમાંક	જિલ્લો	પેટા-જિલ્લો
૧	વડોદરા	વડોદરા-૧
૨	વડોદરા	વડોદરા-૨ (દાંતેશ્વર)
૩	વડોદરા	વડોદરા-૩ (અકોટા)
૪	વડોદરા	વડોદરા-૪ (ગોરવા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એન.દવે,
સરકારના નાયબ સચિવ.
મહેસૂલ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચયુ/૯૪/(૩) જીઆઇડી/૧૦૯૩/૬૫૫/જી-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.વી.પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification
under
THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT, 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ
જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક: જીએચયુ/૯૪/(૩)/જીઆઇડી/૧૦૯૩/૬૫૫/જી-૧.- ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ-૨ના ખંડ (જ) હેઠળ મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જેનું હદ-વર્ણન, અનુસૂચિ-૨માં આપેલું છે તેવા, આ સાથે જોડેલી અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કરેલા વિસ્તારને ''વધારાના વાપી (વિસ્તરણ) ઔદ્યોગિક વિસ્તાર'' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ-૧

વધારાના વાપી (વિસ્તરણ) ઔદ્યોગિક વિસ્તાર

ગામ, તાલુકા, જિલ્લાનું નામ	સરવે નંબર	વિસ્તાર હે.આરે.ચો.મી.
૧	૨	૩
કારવાડ	૨૯૪/ભાગ	૧-૦૧-૧૭
પારડી	૨૯૫	૧-૪૯-૭૩
વલસાડ	૩૮૪/૪	૦-૩૮-૪૫
	૩૮૫/ભાગ-૧	૦-૩૭-૪૩

૧	૨	૩
ડારવાડ	૩૮૫/૨	૦-૮૦-૬૪
વલસાડ		+ ૦-૦૮-૦૯ ખ
	૩૮૫/૪	૦-૪૮-૫૬
	૩૮૬/૧+૪	૦-૨૪-૨૦
		૦-૦૭-૦૮
	૩૮૬/૨	૦-૪૧-૪૮
	૩૮૬/૩	૦-૧૪-૧૬
	૩૮૬/૫	૦-૧૪-૧૬
	૩૮૬/૬	૦-૩૭-૪૩
	૩૮૭/૭	
	૩૮૬/૮+૯	૦-૨૮-૩૨
	૩૮૭/ભાગ૧	૧-૨૪-૨૪
	૩૮૭/ભાગ૨	૨-૦૯-૪૩
	૩૮૮/૧	૦-૧૩-૧૫
	૩૮૮/૨	૨-૧૫-૪૯
		+ ૦-૦૬-૦૭ ખ
	૩૮૯/૩	૦-૧૮-૨૧
	૩૯૪	૦-૮૪-૯૮
	૩૯૬/૧	૦-૨૨-૨૩
	૩૯૫/૨	૦-૨૮-૩૦
	૩૯૫/૩	૦-૨૯-૧૪
	૩૯૫/૪	૦-૪૭-૫૯
	૩૯૫/૫	૦-૨૬-૯૩
	૩૯૫/૬	૦-૦૬-૧૬
	૩૯૬/૧	૦-૬૪-૩૩
	૩૯૬/૨	૦-૬૫-૦૩
	૩૯૬/૩	૦-૬૫-૦૮
	૩૯૬/૪	૦-૪૬-૫૩
	૩૯૬/૫	૦-૨૬-૯૩
	૩૯૬/૬	૦-૫૮-૫૩
	૩૯૭	૩-૬૯-૨૮
	૩૯૮	૦-૫૫-૬૪
	૩૯૯	૦-૪૧-૯૬

INDEX

૧	૨	3
	૪૦૦/૧	૦-૨૮-33
	૪૦૦/૨/૧+3/૧	૦-૪૨-૪૯
	૪૦૦/૨/૨/3/૨	૦-૪૧-૪૮
	૪૦૧	૧-૪૬-૭૦
	૪૦૨	૦-૮૭-૦૧
	૪૦3	૦-૯૨-૦૭
	૪૦૪ ભાગ૧	૦-૮૧-૯૫
	૪૦૫/૧/ભાગ૧	૦-૫૮-૬૮
	૪૦૫/૨/ભાગ૧	૦-૬૭-૭૯
	૪૦૬	૨-૪૭-૮૭
	૪૦૭	૦-૬૪-૭૫
	૪૦૮	૦-3૭-૪૪
		+ ૦-૦૨-૦૨ બા
	૪૦૯	3-૫૭-૧૪
	૪૧૦/ભાગ૧	૨-૮૨-૨૭
		+ ૦-૦૬-૦૭ બા
	૪૧૦/ભાગ૧	૦-3૫-૪૧
	૪૧૧/ભાગ૧	૦-૪૦-૪૭
	૪૧૧/ભાગ૧	૦-૧૨-૧૪
	૪૧૧/ભાગ૧	૦-૪૦-૪૭
	૪૧૨/ભાગ૧	૦-૯૭-૧3
	૪૧૨/ભાગ૧	૧-3૮-૬૦
	૪૧3	૧-૦૨-૧૮
	૪૧૪	૨-૬૭-૭૯
	૪૧૫/૧	૦-૫૭-૬૭
	૪૧૫/૨+3	૦-૪૪-૫૨
	૪૧૫/૪	૦-3૪-૪૦
	૪૧૫/૫	૦-3૧-3૬
	૪૧૫/૬	૦-3૯-૪૬
	૪૧૬	૧-3૫-૫૭
		+ ૦-૦૨-૦૨ બા
	૪૧૭/૧/૧	૦-૬૮-૮૦
	૪૧૭/૧/૨	૦-૫૯-૬૯
		+ ૦-૦૧-૦૧ બા
	૪૧૭/૨	૧-3૫-૫૭
		+ ૦-૦૧-૦૧ બા

INDEX

૧	૨	3
	૪૧૭/3/૧	૦-૧૭-૨૦
	૪૧૭/3/૨	૦-૧૬-૧૯
	૪૧૮/૧/પૈકી૧	૦-૩૬-૪૨
	૪૧૮/૨ પૈકી૧	૦-૨૪-૨૮
	૪૧૮/3 પૈકી૧	૦-૨૪-૨૮
	૪૧૮/૪ પૈકી૧	૦-૨3-૨૭
		+ ૦-૦૧-૦૧ ખા
	૪૨૦/૧+૫	૦-૫૯-૬૯
	૪૨૦/૨	૦-૧૮-૨૧
	૪૨૦/3	૦-૧૭-૨૦
	૪૨૦/૪	૦-૧૯-૨૨
	૪૨૦/૬	૦-૧૬-૧૯
	૪૨૦/૭	૦-૧૪-૧૬
	૪૨૦/૮	૦-૯3-૦૮
	૪૬3/૧ પૈકી૧	૦-૫૯-૬૯
		+ ૦-૦૬-૦૭ ખા
	૪૬3/૨ પૈકી૧	૦-૧૪-૧૬
	૪૬3/3 પૈકી૧	૦-૫૯-૫૯
		+ ૦-૦૪-૦૫ ખા
	૪૬3/૪ પૈકી૧	૦-૧3-૧૫
	૪૬૪	૦-૭૪-૮૭
	૪૬૫/૧	૦-૫૪-૫૨
		+ ૦-૦3-૦૪ ખા
	૪૬૫/૨	૦-૪3-૫૦
		+ ૦-૦૬-૦૭ ખા
	૪૬૬/૧	૦-૧૦-૧૨
	૪૬૬/૨	૦-૧૨-૧૪
		+ ૦-૦3-૦૪ ખા
	૪૬૬/3	૦-૯૦-૦૪
	૪૬૬/૪	૦-૮૧-૯૫
	૪૬૬/૫	૦-૫૨-૬૧
	૪૬૭	૦-૭૦-૮૨

INDEX

૧	૨	૩
	૪૬૮/ભાગ૧	૧-૭૩-૦૦ + ૦-૧૨-૧૪ મ
	૪૬૯/ભાગ૧	૨-૮૫-૩૧ + ૦-૦૨-૦૨ મ
	૪૭૦	૧-૦૦-૧૬
	૪૭૧/ભાગ૧	૩-૦૪-૫૩
	૫૮૨/ભાગ૧	૦-૮૭-૦૧
	૫૮૨	૦-૮૮-૬૨
	૫૮૨/ભાગ૧	૦-૮૭-૬૧
	૫૮૩	૧-૦૩-૨૦
	૫૮૪/ભાગ૧	૦-૧૮-૩૭
		૭૮-૪૬-૮૬
ડુંગરા	૩૮૨	૩-૮૫-૪૬
પારડી	૩૮૩	૨-૨૦-૫૫
વલસાડ	૩૮૪	૩-૧૮-૬૭
	૩૮૫	૩-૭૩-૭૨ + ૦-૦૨-૦૩ મ
	૩૮૬	૩-૨૦-૭૨ + ૦-૦૩-૦૩ મ
	૩૮૭	૧-૩૮-૬૧
	૩૮૮	૧-૮૭-૭૫
	૩૮૯	૨-૮૧-૨૬ + ૦-૦૫-૦૬ મ
	૩૯૦	૧-૭૫-૦૩
	૩૯૧/ભાગ૧	૦-૨૦-૭૫
	૫૨૧	૦-૧૯-૨૨
	૫૨૨	૦-૩૦-૩૫
		૨૪-૮૨-૬૩
કોચરવા	૨૫	૦-૯૭-૧૩
પારડી	૨૬	૦-૬૬-૭૯
વલસાડ	૨૭	૧-૦૩-૨૦
	૨૮/ભાગ૧	૦-૮૮-૦૨

INDEX

૧	૨	3
	૨૮/૨/ભાગ૧	૧-૦૦-૧૬
	૨૯/૧	૦-૧૮-૨૧
	૨૯/૨	૦-૯૪-૦૯
	3૦	૦-૯૭-૧3
	3૧	૦-૬૫-૭૬
	3૨	3-૨૮-૮૧
	33/ભાગ૧	૦-૮૦-૯૪
	33/ભાગ૧	૦-૨૦-૨3
	33/ભાગ૧	૦-૧૯-૨૨
	3૪	૦-૯૬-૧૧
	3૫	૧-૧૬-3૫
	3૬	૧-૦૬-૨3
	3૭	૦-૯૫-૧૦
	૪૫/ભાગ૧	3-૨૬-૭૯
		+ ૦-૦૭-૦૮ મ
	૪૬/ભાગ૧	૧-૪૧-૬૪
		+ ૦-૦3-૦૪
		૨૦-૭૨-૦3

વાપી ગૃહ નિર્માણ ઝોન (વિસ્તરણ)

ગામ/તાલુકા જિલ્લો	સરવે નંબર	વિસ્તાર હે.આરે.ચો.મી.
૧	૨	3
કારવાડ	૨૫૦	૧-૨૬-૪૭
પારડી		૦-૦૨-૦૨ મ
વલસાડ	૨૫૧	૧-૧૪-3૨
	૨૫૨/ભાગ૧	૦-૬૬-૮૫
	૨૫3/ભાગ૧	૧-૭3-૮3
	૨૫૪/ભાગ૧	૧-૮3-૧૨
		૦-૦૨-૦૨ મ
	૨૫૫/ભાગ૧	૧-૬૪-૬૪
	૨૫૮/ભાગ૧	૧-૪૧-33
	૨૫૯/ભાગ૧	૨-૦૨-3૫
		૧૨-૦૯-૯૫

INDEX

૧	૨	3
ડુંગરા	૪૩૬	૬-૫૪-૫૮
પારડી	૪૪૦/ભાગ	3-૮૮-૦૦
વલસાડ	૪૪૧	૭-૮૮-૧3
	૪૪૨	3-33-૮૮
	૪૪3	૨-૨૪-૬૦
	૪૪૪	૧-૬૧-૮૭
	૪૪૬/ભાગ	૦-૦3-૦૪
	૪૪૬/ભાગ	૦-૭૭-૬૦
	૪૪૭	૧-૭3-૦૦
	૪૪૯	૦-૫૯-૬૯
	૪૫૧	૧-૫૮-૮૪
	૪૫૨	૨-3૮-૭૭
		3૨-૬૨-3૦

		હે.આરે.ચો.મી.
	કુલ ઔદ્યોગિક (વિસ્તરણ) વિસ્તાર	૧૨૪-૦૧-૫૨
+	કુલ ગૃહ નિર્માણ ઝોન વિસ્તાર	૪૪-૭૨-૨૫
	કુલ વાપરી ઔદ્યોગિક (વિસ્તરણ વિસ્તાર)	૧૬૮-૭3-૭૭

અનુસૂચિ-૨

વધારાના વાપરી ઔદ્યોગિક વિસ્તાર (વિસ્તરણ વિસ્તાર)ની હદનું વર્ણન

	ગામનું નામ	તાલુકો	જિલ્લો
૧	કારવાડ	પારડી	વલસાડ
૨	ડુંગરા	પારડી	વલસાડ
3	કોચરવા	પારડી	વલસાડ

હદનું વર્ણન — ઔદ્યોગિક વિસ્તાર

ઉત્તર હદ : ડુંગરા ગામના સ.નં.૩૮૬ના વાયવ્ય ખૂણાથી શરૂ કરીને, અને સ.નં.૩૮૬, ૪૧3, ૪૧૧, ૪૧૨, 3૯૯, 3૯૮, 3૯૭, 3૯૬ અને 3૯૫ની ઉત્તર હદ સુધી જાય છે અને કોચરવા ગામના સ.નં. ૨૮, ૨૭, ૨૬, અને ૨૫ની ઉત્તર હદ તરફ થઈને, કોચરવા ગામના સ.નં.૨૫

ના વાયવ્ય ખૂણે થઈને પૂર્વની હદ તરફ જાય છે અને સ.નં.૨૫, ૩૨, ૩૩, ૩૭ અને સ.નં.૪૫/પી ની ઉત્તર હદ સુધી જાય છે. અને કોચરવા ગામના સ.નં.૪૫/ભાગના ઇશાન ખૂણે પૂરી થાય છે.

પૂર્વ હદ : સ.નં.૪૫/ભાગના ઇશાન ખૂણેથી શરૂ કરીને, અને કોચરવા ગામના સ.નં.૪૫/ભાગ અને ૪૬/ભાગની પૂર્વ હદ સુધી જાય છે અને કારવાડ ગામના સ.નં.૫૮૪/ભાગના અગ્નિ ખૂણે પૂરી થાય છે.

દક્ષિણ હદ : કારવાડ ગામના સ.નં.૫૮૪/ભાગના અગ્નિ ખૂણેથી શરૂ થઈને, કારવાડ ગામના સ.નં.૫૮૪/ભાગ, ૫૮૩, ૫૮૨, ૩૮૫/ભાગ, ૩૮૭, ૩૮૬, ૩૮૪/૪, ૩૮૬, ૩૮૭, ૩૮૮, ૩૯૪, ૪૦૪, ૪૦૩, ૪૨૦ અને ૪૦૯ની દક્ષિણ હદ અને સ.નં.૪૧૭, ૪૧૮, ૪૬૮, ૪૭૧/ભાગ, ૪૭૧, ૨૯૪/ભાગની પૂર્વ હદ સુધી જાય છે અને કારવાડ ગામના સ.નં.૨૯૪/ભાગ અને ૨૯૫/ભાગના નૈઋત્ય ખૂણે પૂરી થાય છે.

પશ્ચિમ હદ : કારવાડ ગામના સ.નં.૨૯૫/ભાગના નૈઋત્ય ખૂણેથી શરૂ કરીને, અને કારવાડ ગામના સ.નં.૨૯૫/ભાગ, અને ૪૭૧/ભાગની પશ્ચિમ હદે જાય છે. અને સ.નં.૪૭૦ના ઇશાન ખૂણા સુધી જાય છે અને ઇશાન ખૂણાને ઓળંગીને અને કારવાડ ગામના સ.નં.૪૭૦ અને ડુંગરા ગામના સ.નં.૩૯૧ અને ૩૮૨ની દક્ષિણ હદ આગળ જાય છે અને ડુંગરા ગામની પશ્ચિમ હદ તરફ જાય છે અને ડુંગરા ગામના સ.નં.૩૮૨ના અગ્નિ ખૂણા સુધી જાય છે. સ.નં.૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૫ અને ૩૮૬ની પશ્ચિમ હદ આગળ ઓળંગે છે અને સ.નં.૩૮૬ના વાયવ્ય ખૂણે પૂરી થાય છે.

ગૃહ નિર્માણ

ઉત્તર હદ : ડુંગરા ગામના સ.નં.૪૩૮ની વાયવ્ય હદ અને સ.નં.૪૩૮, ૪૪૧, ૪૪૨ની ઉત્તર હદ અને કારવાડ ગામના સ.નં.૨૫૯, ૨૫૮ અને ૨૫૫થી શરૂ કરીને, પૂર્વ હદ આગળ જાય છે અને કારવાડ ગામના સ.નં.૨૫૫ના ઇશાન ખૂણે પૂરી થાય છે.

પૂર્વ હદ કારવાડ ગામના સ.નં.૨૫૫ના ઇશાન ખૂણેથી અને સ.નં.૨૫૫, ૨૫૪ અને ૨૫૦ની પૂર્વ હદથી શરૂ કરીને, દક્ષિણ હદ આગળ જાય છે અને કારવાડ ગામના સ.નં.૨૫૦ના અગ્નિ ખૂણા સુધી જાય છે.

INDEX

દક્ષિણ હદ : કારવાડ ગામના સ.નં.૨૫૦ના અગ્નિ ખૂણેથી શરૂ કરીને, અને પૂર્વથી પશ્ચિમથી આગળ જાય છે અને કારવાડ ગામના સ.નં.૨૫૦, ૨૫૧, ૨૫૯ની ડુંગરા ગામના સ.નં.૪૫૨, ૪૫૧, ૪૪૬, ૪૪૭, ૪૪૯ની દક્ષિણ હદ આગળ જાય છે અને પૂર્વ હદથી શરૂ કરીને સ.નં.૪૪૭ની પશ્ચિમ હદ આગળ જાય છે અને ડુંગરા ગામના સ.નં.૪૪૭ના અગ્નિ ખૂણો પૂરી થાય છે.

પશ્ચિમ હદ : ડુંગરા ગામના સ.નં.૪૪૭ના નૈઋત્ય ખૂણેથી અને સ.નં.૪૪૭, ૪૪૬, ૪૪૪, ૪૪૦ અને ૪૩૮ની પશ્ચિમ હદથી શરૂ કરીને, દક્ષિણથી ઉત્તર તરફ આગળ જાય છે અને ડુંગરા ગામના સ.નં.૪૩૮ના નૈઋત્ય ખૂણો પૂરી થાય છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.એમ.જોષીયારા,
ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૨૬૫/ટીપીએસ/૧૫૮૬/૩૬૦૯/(૯૩)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી ડિસેમ્બર, ૧૯૯૩.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો ૨૬૫/ટીપીએસ/૧૫૮૬/૩૬૦૯/(૯૩)-એલ.- શહેરી વિકાસ

INDEX

અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જુલાઇ, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચપી/૧૯૮૧નો ૧૫૪/ટીપીએસ/૧૫૭૮/૨૫૭૬/(૮૧)-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ પોતાને સાદર કરેલી નગર રચના યોજના, વેજલપુર નંબર-૩નો મુસદ્દો (જેનો આમાં હવે પછી ''સદરહુ યોજનાના મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, નીમેલા નગર રચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગર રચના યોજના વેજલપુર નંબર-૩ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, ''પ્રારંભિક યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(૬) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને અધીન રહીને, ''સદરહુ પ્રારંભિક યોજના'' મંજૂર કરે છે.

(૫) જણાવે છે કે, ''સદરહુ યોજના'' અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદની રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(૭) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (૫)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૪ના જાન્યુઆરી મહિનાની ૧૦મી તારીખ નકકી કરે છે.

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોને પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪નો ૫૩/ડીવીપી/૧૧૯૩/૯૦૯/(૯૪)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
under
THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976-

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪નો ૫૩/ડીવીપી/૧૧૯૩/૯૦૯/(૯૪)-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/પી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬/૨૨૭૯/(૮૩)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, ''સદરહુ વિકાસ યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપયુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે,

૨. કોઇપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/પી/૧૯૮૩નો ૨૦૩/ડીવીપી/૧૧૭૬/૨૭૭૯/(૮૩)-એલ. થી મંજૂર કરેલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની વિકાસ યોજનામાંનો સુધિત ફેરફાર.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન હદની સુધારેલી વિકાસ યોજનામાં, ''સામાન્ય વાણિજ્યિક ઝોન'' માટે મુકરર કરેલ ઇસનપુર ગામ, તાલુકા-શહેર, જિલ્લો-અમદાવાદના સરવે નંબર. પલ્પ (૭૧૨૮ ચોરસ મીટર)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મૂકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ''રહેણાંકના ઝોન'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચએમ/૯૪/૨૦/એમ-એસટીપી/૧૦૮૪/૬૪૯/પાર્ટ એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT STAMP SUPPLY AND SALES RULES, 1987.

ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી માર્ચ, ૧૯૯૪

કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦, મુંબઇ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯, ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ અને મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક. જીએચએન/૯૪/૨૦/એમ-એસટીપી/૧૦૮૪/૬૪૯/પાર્ટ/એચ-૧.- કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦ (સન ૧૮૭૦ના ૭મા)ની કલમ ૩૪, મુંબઇ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ (સન ૧૯૫૯ના ૪૬મા)ની કલમ-૪૫, ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (સન ૧૮૯૯ના ૨જા)ની કલમ ૭૪ અને મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ,૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઇના ૬૦મા)ની કલમો ૬૯ અને ૭૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ''ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ (સુધારા) નિયમો, ૧૯૯૪'' કહેવાશે.

૨. ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૬ માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

''(૧) કલેકટર અથવા રાજ્ય સરકારે આ અર્થે સત્તા આપેલ કોઇપણ બીજા અધિકારી, જે વ્યકિત નીચેની જરૂરીયાતોનું પાલન કરતી હોય તે વ્યકિતને લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તરીકે એક વર્ષની મુદત માટે નિમી શકશે.

(ક) જે વ્યકિત ૨૧ વર્ષ કરતાં ઓછી ઉંમરની ન હોય અને ૪૦ વર્ષ કરતાં વધારે ઉંમરની ન હોય,

(ખ) જેણે, માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરી હોય,

પરંતુ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો, વિધવા અથવા ત્યકતા સ્ત્રી અને અપંગ વ્યકિતની તરફેણમાં ઉપલી વય-મર્યાદા પાંચ વર્ષ સુધી હળવી કરી શકાશે.

(ગ) જે વ્યકિતને લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તરીકે નિમવામાં આવે તે વ્યકિતએ નોકરી મળ્યેથી, સંબંધિત સત્તાધિકારીને તેનું લાઇસન્સ પાછું આપવું જોઇશે.

(ઘ) તેણે, સદરહુ હેતુ માટે ઓછામાં ઓછા રૂપિયા ૮,૦૦૦/- જેટલી રકમનું રોકાણ કરવું જોઇશે.

INDEX

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારીને ખાતરી થાય તો, વિધવા અથવા ત્યકતા સ્ત્રી, અપંગ અને બેરોજગાર શિક્ષિત વ્યકિતના કેસમાં, મૂડી રોકાણની ટોચ મર્યાદા રૂપિયા ૫,૦૦૦/- સુધી હળવી કરી શકશે.

વધુમાં, રૂપિયા ૨,૦૦૦/- થી વધારે કિંમતના સ્ટેમ્પ ઉપર ઉપસાવી કાઢેલા અથવા કોતરેલા સ્ટેમ્પોના વેચાણ માટેનું લાઇસન્સ, રાજય સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી આપવામાં આવશે.

વળી, અમદાવાદ શહેરમાં, સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટ, અધિક સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટ અને નાયબ સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટની બનેલી સમિતિએ, વેચાણના સરેરાશ આંકડાના અને પ્રસ્તુત વિસ્તારની વસતીના ધોરણે, દરેક સ્થળ, વિસ્તાર માટે, પ્રત્યેક બે વર્ષે, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓની સંખ્યા અંગે નિર્ણય કરવો જોઇશે અને તેના સંબંધમાં, એક વર્ષની મુદત માટે, અમુક વ્યકિતઓને, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તરીકે નીમવી જોઇશે.

વિશેષમાં, બીજા શહેરો અને રાજયના જિલ્લાઓમાં, જિલ્લા કલેકટર, વેચાણના સરેરાશ આંકડા અને પ્રસ્તુત વિસ્તારની વસતીના ધોરણે, તેમણે નકકી કર્યા પ્રમાણેના, બીજા અધિકારીઓને સમાવિષ્ટ કરતી એક સમિતિની રચના કરવી જોઇશે અને પ્રત્યેક બે વર્ષે, આવા દરેક સ્થળ, વિસ્તાર માટે લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓની સંખ્યા અંગે નિર્ણય કરવો જોઇશે અને તેના સંબંધમાં, એક વર્ષની મુદત માટે, અમુક વ્યકિતઓને, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓ તરીકે નીમવી જોઇશે.

(૧-ક) કલેકટર અથવા આ અર્થે રાજય સરકારે સત્તા આપેલ કોઇપણ બીજા અધિકારીએ, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તરીકે નીમેલી આવી વ્યકિતને, યોગ્ય રીતે સહી કરેલ અને સિકકો મારેલ, તેમજ પાસપોર્ટ સાઇઝનો ફોટો તેના ઉપર ચોંટાડીને એક ઓળખપત્ર કાઢી આપવો જોઇશે. લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારે હંમેશાં વેચાણના સ્થળ પર પોતાની સાથે સદરહુ ઓળખપત્ર રાખવું જોઇશે.''

૩. સદરહુ નિયમમાં, નિયમ-૭માં.-

(૧) પેટા-નિયમ (૨) પછી, નીચેનાં પરંતુકો દાખલ કરવા :-

''પરંતુ અસલ લાઇસન્સ ગુમ થયું હોય, વિકૃત થયું હોય અથવા ફાડી નાખ્યું હોય ત્યારે તેના બદલે નવું લાઇસન્સ કાઢી આપતી વખતે, દસ રૂપિયાના દરે લાઇસન્સ ફી વસૂલ કરવી જોઇશે.

વધુમાં, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારે, તેના લાઇસન્સની એક વર્ષની મુદત પુરી થયે, નિમણૂંક કરનાર સત્તાધિકારી સમક્ષ તેને તાજુ કરવા માટે રજૂ ન કરે તો, તે લાઇસન્સ અંગેની નવું દિવસની વધારાની મુદત પૂરી થયે તે તાજું કરી આપવું નહિ અને તે આપોઆપ રદ થયેલું ગણાશે.''

(૨) પેટા-નિયમ (૩) કમી કરવો.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૩૫માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

INDEX

''(૧) કલેકટર અથવા રાજ્ય સરકારે, આ અર્થે સત્તા આપેલ કોઇ અધિકારી, જે વ્યકિત નીચેની જરૂરીયાતોનું પાલન કરતી હોય તે વ્યકિતને, એક વર્ષની મુદત માટે લાઇસન્સ આપેલ કોર્ટ ફી સ્ટેમ્પ વેચનારાઓ તરીકે નિમી શકશે :-

(ક) જે વ્યકિત, ૨૧ વર્ષ કરતાં ઓછી ઉંમરની ન હોય અને ૪૦ વર્ષ કરતાં વધારે ઉંમરની ન હોય,

(ખ) જેણે, માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરી હોય,

પરંતુ, અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના ઉમેદવારો, વિધવાઓ અથવા ત્યકતા સ્ત્રીઓ અને અપંગ વ્યકિતની તરફેણમાં, ઉપલી વયમર્યાદા પાંચ વર્ષ સુધી હળવી કરી શકાશે.

(ગ) જે વ્યકિતને લાઇસન્સ આપેલ કોર્ટ ફી સ્ટેમ્પ વેચનાર તરીકે નીમવામાં આવે તે વ્યકિતએ, તેને નોકરી મળ્યેથી, સંબંધિત સત્તાધિકારીને તેનું લાઇસન્સ પાછું આપવું જોઇશે.

(ઘ) તેણે, સદરહુ હેતુ માટે ઓછામાં ઓછું રૂપિયા ૮,૦૦૦/- જેટલી રકમનું રોકાણ કરવાનું રહેશે.

પરંતુ, નિમણૂંક કરનાર સત્તાધિકારીને ખાતરી થાય તો, વિધવા અથવા ત્યકતા સ્ત્રી, અપંગ વ્યકિત અને બેરોજગાર શિક્ષિત વ્યકિતના કેસમાં, મૂડી રોકાણની ટોચ-મર્યાદા રૂપિયા ૫,૦૦૦/- સુધી હળવી કરી શકશે.

વધુમાં, રૂપિયા ૧,૦૦૦/- થી વધારે કિંમતના છાપવાળા કોર્ટ ફી સ્ટેમ્પોના વેચાણ માટેનું લાઇસન્સ, રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવ્યા પછી આપવું જોઇશે.

(૨) પેટા-નિયમ (૩)પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :-

પરંતુ, અમદાવાદ શહેરમાં, સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટ, અધિક સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટ અને નાયબ સ્ટેમ્પ સુપ્રિન્ટેન્ડન્ટની બનેલી સમિતિએ, વેચાણના સરેરાશ આંકડા અને પ્રસ્તુત વિસ્તારની વસતીના ધોરણે દરેક સ્થળ, વિસ્તાર માટે, પ્રત્યેક બે વર્ષે લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓની સંખ્યા અંગે નિર્ણય કરવો જોઇશે અને તેના સંબંધમાં, એક વર્ષની મુદત માટે, અમુક વ્યકિતઓને લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓ તરીકે નીમવી જોઇશે.

વધુમાં, બીજા શહેરો અને રાજયના જિલ્લાઓમાં, જિલ્લા કલેકટર, વેચાણના સરેરાશ આંકડા અને પ્રસ્તુત વિસ્તારની વસ્તીના ધોરણે, તેમણે નકકી કર્યા પ્રમાણેના, બીજા અધિકારીઓને સમાવિષ્ટ કરતી એક સમિતિની રચના કરવી જોઇશે અને પ્રત્યેક બે વર્ષે, આવા દરેક સ્થળ, વિસ્તાર માટે લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓની સંખ્યા અંગે નિર્ણય કરવો જોઇશે અને તેના સંબંધમાં એક વર્ષના મુદત માટે, અમુક વ્યકિતઓને, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારાઓ તરીકે નિમવી જોઇશે.''

INDEX

(૧-ક) કલેકટર અથવા આ અર્થે રાજ્ય સરકારે સત્તા આપેલ કોઇપણ બીજા અધિકારીએ, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તરીકે નિમેલી આવી વ્યકિતને, યોગ્ય રીતે સહી કરેલ અને સિકકો મારેલ, પાસપોર્ટ સાઇઝનો ફોટો તેના પર ચોંટાડીને એક ઓળખપત્ર કાઢી આપવો જોઇશે. લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનારે હંમેશા, વેચાણના સ્થળ પર પોતાની સાથે સદરહુ ઓળખપત્ર રાખ્યું જોઇશે.''

૫. સદરહુ નિયમોમાં, નિયમ-૩૮માં, પેટા-નિયમ (૨) પછી, નીચેનો પરંતુક દાખલ કરવો :-

''પરંતુ, અસલ લાઇસન્સ ગુમ થયું હોય, વિકૃત થયું હોય અથવા ફાડી નખ્યું હોય ત્યારે તેના બદલે નવું લાઇસન્સ કાઢી આપતી વખતે, દસ રૂપિયાના દરે લાઇસન્સ ફી વસુલ કરવી જોઇશે :

વધુમાં, લાઇસન્સ આપેલ સ્ટેમ્પ વેચનાર તેના લાઇસન્સની એક વર્ષની મુદત પૂરી થયે, નિમણૂંક કરનાર સત્તાધિકારી સમક્ષ તેને તાજું કરવા માટે રજૂ ન કરે તો તે લાઇસન્સ અંગેની નેવું દિવસની વધારાની મુદત પૂરી થયે તે તાજું કરી આપ્યું નહિ અને તે આપોઆપ રદ થયેલું ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એન.દવે,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
મહેસૂલ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૧મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૬/ડીવીપી-૧૪૯૩/૨૮૨૨-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.વી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળનું જાહેરનામું

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૪નો ૫૬/ડીવીપી-૧૪૯૩/૨૮૨૨-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪/(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક.૨૭મા)ની કલમ-૧૯ ની પેટા-કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી, કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી-૧૪૮૧/૩૮૪/(૮૬)-એલ. થી મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

સુરત શહેરી વિકાસ વિસ્તારની મંજૂર કરેલ વિકાસ યોજનામાં, ''વાહન વ્યવહાર (જી.એસ.આર.ટી.સી.)-ટી/૧૫'' માટે અમલમત રાખેલ આ સાથે જોડેલા પ્લાનમાં ABCDEFA

નિશાની કરીને દર્શાવેલ ૨૦૫૨૯ ચોરસ મીટરના માપવાળી કડોદરા ગામ, તાલુકો : પલસાણાની બ્લોક નંબર. ૧૬૬/ભાગ (મહેસૂલી સરવે નંબર. ૧૬૨/પ-ભાગ, ૧૬૨/૬)વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મૂકતા કરેલી જમીન, આ સાથે જોડેલા ઉપર્યુકત પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નાં કલમ-૧૨ (૨) (ક) હેઠળ ''સામાન્ય-વાણિજિયક ઝોન'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીયુ/૯૪/૫૩/એફએસી/૧૦૮૯/૨૭૮૭/એમ-૩ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૪.

કારખાના અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: જીયુ/૯૪/૫૩/એફએસી/૧૦૮૯/૨૭૮૭/એમ (૩).- કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩ મા) (જેનો આમાં હવે પછી ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૮૫ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને શ્રમ અને

INDEX

રોજગાર વિભાગનું તારીખ ૧૦મી જૂન, ૧૯૯૨નું સરકારી જાહેરનામું ક્રમાંક. જીઆ/૯૨/૧૨૬/એફએસી/૧૦૮૯/૨૬૮૭/એમ (૩) ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે, સદરહુ અધિનિયમની તમામ જોગવાઇઓ :-

(૧) વીજળીની મદદથી કામ કરવામાં આવતું હોય તો તેમાં કામે રાખેલી વ્યકિતઓની સંખ્યા દસ કરતાં ઓછી હોય અને વીજળીની મદદ સિવાય કામ કરવામાં આવતું હોય તો વીસ કરતાં ઓછી હોય, અથવા

(૨) તેમાં કામ કરતી વ્યકિતઓ, તેના માલિકે કામે રાખેલી ન હોય પણ આવા માલિકની પરવાનગીથી અથવા તેની સાથે કરાર હેઠળ કામ કરતી હોય તે છતાં, જેમાં ઝેરી અથવા તરત સળગી ઉઠે એવા અથવા વિસ્ફોટક હોય તેવા જોખમકારક રસાયણોનો ઉપયોગ, સંગ્રહ વપરાશ, પ્રક્રિયા થતી હોય તેવી ઉત્પાદન પ્રક્રિયા કરવામાં આવતી હોય અથવા જ્યાં એવા પદાર્થો ઉત્પન્ન કરવાનો અથવા ફેંકી દેવાનો સંભવ હોય ત્યાં વીજળીની મદદથી અથવા તે સિવાય કરવામાં આવેલ હોય તે તમામ જગા અથવા સ્થળોને લાગુ પડશે.

પરંતુ માલિક પોતાના કુટુંબની જ મદદ લઇને ઉત્પાદન પ્રક્રિયા કરતો હોવો જોઇએ નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૩મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. ૭/૭/૯૪/૩૫/એમવીએ-૧૮૯૪/૬૬૯-ખ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification
under
THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી માર્ચ, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/જી/૯૪/૬૫/એમવીએ/૧૮૯૪/૬૬૯/-બ.- મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના પ્રલમા)ની કલમ-૬૭ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાનો ૩એ, અને ગૃહ વિભાગનું તારીખ ૧૧મી માર્ચ, ૧૯૯૪નું સરકારી જાહેરનામું ક્રમાંક. જી/જી/૯૪/૨૭/એમવીએ/૧૮૯૪/૬૬૯/બ ૨૬ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડ (ડ)ની જોગવાઇઓ લક્ષમાં લઇને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૪ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તેવી રીતે, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ડ્રાઇવર સિવાયના ત્રણ પુખ્ત વયના ઉતારૂઓ જેમાં બેસી શકે તેવા અને સામાન્ય રીતે ઓટોરીક્ષા તરીકે જાણીતા ગુજરાત રાજ્યમાં ચલાવતા કોન્ટ્રેકટ કેરેજ માટે ભાડાં અને નૂર નકકી કરવાં સંબંધી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને આદેશ આપે છે :-

ગુજરાત રાજ્યમાં ચલાવતા આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલા કોન્ટ્રેકટ કેરેજ માટે ભાડાં અને નૂર, અનુસૂચિના અનુક્રમે કોલમો-૨ અને ૩માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેનાં આવાં ન્યૂનતમ અને અધિકતમ ભાડાંને અધીન રહેશે.

અનુસૂચિ

કોન્ટ્રેકટ કેરેજ ૧	ભાડાં ૨	નૂર ૩
સામાન્ય રીતે ઓટોરીક્ષાઓ તરીકે જાણીતી ડ્રાઇવર સિવાયના ત્રણ પુખ્તવયના ઉતારૂઓ બેસી શકે તેવી મોટર કેબો.	૧. મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની અંદરની મુસાફરી માટે - (ક) પ્રથમ ૧.૨ કીલોમીટર અથવા તેના ભાગ માટે રૂા.૩-૭૫. (બ) પછીના દરેક ૧/૫ કીલોમીટર અથવા તેના ભાગ માટે ૫૫ પૈસા ભાડું રહેશે. ૨. મ્યુનિસિપલ અને લગોલગની કેન્ટોનમેન્ટની હદોની બહારની મુસાફરી માટે, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદોની બહાર કરેલાં મુસાફરીના તે ભાગ માટે ઉપરના ખંડ (૧)માં જણાવેલ દરના $1\frac{1}{2}$ ગણાં દરે ભાડું લઇ શકાશે.	દરેક દાગીના દીઠ ૫૦ પૈસા. પરંતુ એકંદર ૧૫ કીલોગ્રામથી વધુ ન હોય તેવી ચીજવસ્તુ ઉપર ચાર્જ લેવામાં આવશે નહિ. વધુમાં લઇ જવાતા દાગીનાનો કોઇપણ ભાગ વાહનની બહાર નીકળતો હોવો જોઇએ નહિ અને લઇ જવાનો દાગીનો વધુમાં વધુ ૬૦ કીલોગ્રામ હોવો જોઇશે.

INDEX

૧	૨	3
	પરંતુ મ્યુનિસિપલ અને લશ્કરની કેન્ટોનમેન્ટની હદોની બહારની મુસાફરો માટે ઓટો-રીક્ષા ભાડે રાખવામાં આવતી હોય અને ઉતારૂઓ તે જે ઓટોરીક્ષામાં વળતી મુસાફરો કરે અને મૂળ મુસાફરો જ્યાંથી શરૂ કરી હોય તે સ્થળને ધ્યાનમાં લીધા સિવાય, મ્યુનિસિપલ અને લશ્કરી કેન્ટોનમેન્ટની હદોની અંદર પાછા આવે ત્યારે સમગ્ર મુસાફરી ઉપરના ખંડ (૧)માં નિર્દિષ્ટ દરોએ ચાર્જ લેવામાં આવશે.	
	૩. વાહન થોભાવવાનો ચાર્જ પ્રથમ પાંચ મીનીટ પૂરી થયા પછી, દરેક પાંચ મીનીટ માટે ૪૦ પૈસા રહેશે.	
	૪. શહેર-હદ અને કેન્ટોનમેન્ટ વિસ્તારની અંદર વાહન રોકાણની વધુમાં વધુ સમય મર્યાદા, એક કલાકની રહેશે અને શહેર વિસ્તારની બહાર ૨ કલાકની રહેશે.	
	૫. મુસાફરો રાત્રિના ૧૧-૦૦ અને સવારના ૫-૦૦ વચ્ચે શરૂ થાય તો, મુસાફરો પૂરી થયાના સમયને ધ્યાનમાં લીધા સિવાય, રાત્રિના ૧૧-૦૦અને સવારના ૫-૦૦ વચ્ચેની મુસાફરી માટે, ઉપરના ખંડો (૧) અને (૨)માં નિર્દિષ્ટ મૂળભૂત ભાડાનો ૫૦ ટકા સરચાર્જ લેવામાં આવશે.	

નોંધ :- (૧) આ જાહેરનામાના હેતુ માટે ''દાગીનો'' એ શબ્દનો અર્થ ઓટોરીક્ષામાં ઉતારૂઓ દ્વારા લઇ જવામાં કોઇપણ માલ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન.એસ.પાટડીયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૪નો પર/ડીવીપી/૧૫૯૨/૯૧૦-(૯૪)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોનો જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો પર/ડીવીપી/૧૫૯૨/૯૧૦-(૯૪)-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦/(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક.૨૭ મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧) થી નહેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઇપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય, તો તે, આ જાહેરનામું સરકારી રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૫૮૩/૪૪૨૦/(૮૭)-એલ.થી મંજૂર કરેલ ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ''સામાન્ય ઔદ્યોગિક ઝોન'' માટે મુકરર કરેલી અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના કઠવાડા ગામની બ્લોક નં.૧૬૮ (૪૩૫૬૧ ચો.મી.)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલ જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ ''રહેણાંક ઝોન'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮-ની એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૫/ડીએનએસ/૧૦૯૩/૧૯૮૪/એમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

re

AMENDMENT TO THE GOVERNMENT ORDER SOCIAL WELFARE DEPARTMENT NO GH/SH/1100/BPA/1165/60968/DH, DATED THE 10TH SEPTEMBER, 1965

સમાજ કલ્યાણ વિભાગનો તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫નો સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એસએચ/૧૧૦૦/બીપીએ/૧૧૬૫/૬૦૯૬૮/ઢ સુધારવા બાબત.

સમાજ કલ્યાણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૯મી માર્ચ, ૧૯૯૪.

મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૫/ડીએનએસ/૧૦૯૩/૧૯૮૪/એમ.- મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઇના ૨૫ મા)ની કલમ-૧૩૯ની પેટા-કલમ (૧)નાં ક્લોઝ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૬૫ના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એસએચ/૧૧૦૦/બીપીએ/૧૧૬૫/૬૦૯૬૮/ડીએચ, (જેનો આમાં હવે પછી, ''સદરહુ હુકમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ હુકમ સાથે જોડેલા કોષ્ટકમાં અનુક્રમાંક. ૨૪ની નોંધ પછી, અનુક્રમે કોલમ ક્રમાંક. ૧, ૨ અને ૩માં નીચેનો મજકુર દાખલ કરવો.

૨૭.	પિકચર વાર્નિશ.	મેસર્સ સિરાજ એન્ડ કું., ૬૮, કંકોડીવાલા ફેકટરી કંમ્પાઉન્ડ, બહેરામપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ટી.સી.એ. રંગદુરાઇ,
સરકારના અધિક મુખ્ય સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪નો ૫૧/ટીપીએસ/૧૧૯૩/૯૮૫/(૯૪)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.વી.પારઘી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ
જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૪નો પા૧/ટીપીએસ/૧૧૯૩/૯૮પ/(૯૪)-એલ.- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક.જીએચ/વી/૧૯૮૭નો પ૨/ટીપીએસ/૧૧૮૬/૪૯૪/(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મા) (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮નાં પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તેને રજૂ કરેલી નગરરચના યોજના અમદાવાદ ક્રમાંક.૨૧ (આંબાવાડી-દ્વિતિય ફેરફાર) (જેનો આમાં હવે પછી, ''સદરહુ યોજનાના મુસદ્દા'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મુસદ્દો મંજૂર કર્યો હતો.

સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી,

અને નિમાયેલ નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭માં)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ ક્રમાંક.૨૧ આંબાવાડી-દ્વિતિય ફેરફાર પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, ''સદરહુ પ્રારંભિક યોજના'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને રજૂ કરી છે,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક.૨૭માં) ની કલમ-૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(૬) આ સાથે જોડેલાં અનુસૂચિમાં જણાવેલા સુધારાને આધીન રહીને ''સદરહુ પ્રારંભિક યોજના'' મંજૂર કરે છે.

(૮) જણાવે છે કે સદરહુ યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ

INDEX

કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં લોકોને જોવા માટે મૂલ્કી રાખવામાં આવશે.

(૧૧) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ)ના હેતુઓ માટેની તારીખ તરીકે તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૪ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી વિકાસ નિયંત્રણ વિનિયમો બાકાત રાખવામાં આવ્યા છે એમ ગણાશે.

(૨) અમદાવાદની દ્વિતિય ફેરફાર કરેલી યોજના ક્રમાંક.૨૧ ના મંજૂર કરેલા મુસદ્દામાં ગંદા વસવાટોની ઉન્નતિના હેતુ માટે, યોગ્ય સત્તા મંડળ એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના છેવટના પ્લોટ નં.૪૫૦ની ફાળવણી, માનનીય ગુજરાત હાઇકોર્ટે એસ.સી.એ. નં.૨૨૩૦/૧૯૭૮ની બાબતમાં, કરેલા વચગાળાના હુકમને લક્ષમાં લઇને, રદ થયેલ ગણાશે.

યોગ્ય સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન,

એસ.સી.એ.નં.૨૨૩૦/૧૯૭૮ હેઠળ પરવાનગી આપવામાં આવી હોય, તો સદરહુ છેવટના પ્લોટ ક્રમાંક. ૪૫૦નો આખરી નિકાલ કરવામાં આવે ત્યારે, ગંદા વસવાટોની ઉન્નતિના હેતુ માટે, તે પ્લોટની ફાળવણી માટે નવી ફેરફાર કરેલી યોજના તૈયાર કરવા સ્વતંત્ર રહેશે.

(૩) પાના ક્રમાંક. ૩૯ ઉપર પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, નગરરચના યોજના, અમદાવાદ, ક્રમાંક ૨૧ (આંબાવાડી-દ્વિતિય ફેરફાર કરેલી) પ્રારંભિક યોજનાના 'પુનઃ વહેંચણી પત્રક' માં, કોલમ ક્રમાંક ૨ થી ૮માં, અનુક્રમાંક.૧૭-૭ માં, યોગ્ય સત્તામંડળને એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ''સમાજ કેન્દ્ર, માર્કેટ, ઓપનએર થિયેટર, પુસ્તકાલય અને કોમ્યુનીટી હોલ માટે'' ફાળવેલ અસલ પ્લોટ ક્રમાંક.૨૯૮ (૯૨૪૯ ચો.મી.ક્ષેત્રફળ)ની ''પુનર્રચના'' યોગ્ય સત્તામંડળ એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને, ઓફીસના હેતુ માટે અનામત રાખેલ ફાળવણી મુજબ અને છેવટના પ્લોટ ક્રમાંક.૨૯૮/૨ ક્ષેત્રફળ ૪૬૨૪ ચો.મી. યોગ્ય સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને સમાજ કેન્દ્ર, માર્કેટ, ઓપનએર થિયેટર, પુસ્તકાલય અને કોમ્યુનીટી હોલ માટે અનામત રાખેલ'' ફાળવણી મુજબ, છેવટના પ્લોટ ક્રમાંક.૨૯૮ (૯૨૪૯ ચો.મી.ક્ષેત્રફળ) રદ કરવી જોઇશે. અને આ સુધારાના પરિણામે, મંજૂર કરેલ મુખ્ય યોજના પ્રમાણે છેવટના પ્લોટ ક્રમાંક.૨૯૮ (૯૨૪૯ ચો.મી. ક્ષેત્રફળ) સમાજ કેન્દ્ર, માર્કેટ, ઓપનએર થિયેટર, પુસ્તકાલય અને કોમ્યુનીટી હોલ માટે, યોગ્ય સત્તામંડળ એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલ રહેશે. વધુમાં ઉપરના સુધારાના પરિણામે, ઓ.પી.પ્લાન. ઓ.પી.-છેવટનો પ્લોટ/પ્લાન અને છેવટના પ્લોટ/પ્લાનમાં, આ સાથે જોડેલા પ્લાન ક્રમાંક. ૨, ૩ અને ૪માં, દર્શાવ્યા પ્રમાણે અને ''પુનઃ વહેંચણી પત્રક'' માં આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે અંશતઃ સુધારો કરવો જોઇશે.

INDEX

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬

નગરરચના યોજના, અમદાવાદ ક્રમાંક. ૨૧, આંબાવાડી (દ્વિતીય ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના

પુર્ન વહેંચણી પત્રક.

અનુક્રમાંક	માલિકનું નામ	મુદત	મહેસૂલી સરવે નં.	અસલ પ્લોટ		છેવટનો પ્લોટ		શેરો
				નંબર	ચોરસ મીટરમાં ક્ષેત્રફળ	નંબર	ચોરસ મીટરમાં ક્ષેત્રફળ	
૧	૨	૩	૩-ક	૪	૫	૬	૭	૮
			-નગરરચના અધિકારીને સાદર કરેલી પ્રારંભિક યોજના મુજબ					
૧૭.	૭- યોગ્ય સત્તામંડળ ઓફીસના હેતુ, સમાજ કેન્દ્ર, ઓપનએર થિયેટર, પુસ્તકાલય અને કોમ્યુનીટી હોલ માટે અનામત રાખેલ.	-	-	૨૯૮	૯૨૪૯	૨૯૮/૧	૪૬૨૫	ઓફીસ માટે અનામત રાખેલ.
						૨૯૮/૨	૪૬૨૪	સમાજ કેન્દ્ર, માર્કેટ, ઓપનએર થિયેટર, પુસ્તકાલય, અને કોમ્યુનીટી હોલ માટે અનામત રાખેલ.
				ફેરફાર કર્યા પ્રમાણે				
૧૭.	-	-	-	-	-	-	-	-

નોંધ :- પ્લોટ ક્રમાંક.૨૯૮ (૯૨૪૯ ચો.મી.ક્ષેત્રફળ), યોગ્ય સત્તામંડળને એટલે કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને, મંજૂર કરેલી મુખ્ય યોજના પ્રમાણે, સમાજ કેન્દ્ર, માર્કેટ, ઓપનએર થિયેટર, પુસ્તકાલય અને કોમ્યુનીટી હોલ માટે ફાળવેલો છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
સરકારના માસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. (જીએચટી/૯૪/૧૪) એમએનઆર-૧૦૯૩/એમઆઈએનઆઇ-૭૩-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS TAX RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક: (જીએચટી-૯૪/૧૪) એમ એન આર-૧૦૯૩-એમઆઈએનઆઇ-૭૩-ઈ.- ગુજરાત સરકારને એવી માતારી થઇ છે કે, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ-૩૧ની પેટા-કલમ (૪) ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિદ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો 'ગુજરાત મનોરંજન કર (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯માં, નમૂના-૨ ના માં, પેરા ૪ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

૪. ઉપર પેરા-૨ માં દર્શાવ્યા પ્રમાણે કરની રકમ, અઠવાડિયામાં ગમે તેટલી સંખ્યામાં શો યોજ્યા હોય કે ન યોજ્યા હોય તોપણ ભરવો પડશે. સિનેમાના માલિક, કોઇપણ કર મુક્તિ ગુજરાતી ફિલ્મ પ્રદર્શિત કરે તો, રાજ્ય સરકારે પ્રદર્શિત કરવામાં આવે તેવી ફિલ્મને આપવામાં આવે તેવી

INDEX

મૂકિતને અધીન રહીને, અધિનિયમની કલમ-૩ મુજબ તેણે કર ભરવો પડશે. આવી કર મૂકિત ફિલ્મ પ્રદર્શિત કરવામાં આવે તે દરમિયાન માંડી વાળેલ કરનો લાભ મળવાપાત્ર ગણાશે નહિ.''

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે.કે.અસરાની,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ પમી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીજી/૪૦/૯૪/ઇએસટી/૧૦૮૧/૨૨૧૨/સી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY POLICE ACT, 1951.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, પમી એપ્રિલ, ૧૯૯૪.

ક્રમાંક. જીજી/૪૦/૯૪/ઇએસટી/૧૦૮૧/૨૨૧૨/સી.- મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ ના મુંબઇના ૨૨ માં)ની કલમ-૫ ના ખંડ (બ) થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિધમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, પોલીસ ખાતામાં, ગુજરાત રાજ્ય પોલીસ સેવા, વર્ગ-૩ માં, પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા)ની જગા ઉપર ભરતીના નિયમન માટે નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો 'પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા) વર્ગ-૩ ભરતી નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત રાજ્ય પોલીસ સેવા, વર્ગ-૩ માં પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા)ની જગા ઉપરની નિમણૂંક -

INDEX

(ક) પોલીસ તાલીમ કોલેજ દ્વારા સંચાલિત પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા)નો અભ્યાસક્રમ પાસ કર્યો હોય તેવા હેડ-કોન્સ્ટેબલ (બિન-હથિયારધારી મહિલા શાખા) વર્ગ-૩ ને બઢતી આપીને, અથવા

(ખ) હેડ કોન્સ્ટેબલ, ગ્રેડ-૧ (બિન હથિયારધારી મહિલા શાખા) વર્ગ-૩ની કેડરમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોય અને જેણે વખતોવખત સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને, અથવા

(ગ) ગુજરાત પબ્લીક સર્વિસ કમિશને લીધેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામ ઉપરથી સીધી પસંદગી કરીને,

કરવામાં આવશે.

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર્યુકત ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતના અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે ત્યારે તો, કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર્યુકત ખંડ (ખ) માં નિર્દિષ્ટ કરેલ મુદતની બે તૃતિયાંશથી ઓછી ન હોય તેટલી મુદતનો જેને અનુભવ હોય તેવી વ્યકિતને બઢતી આપી શકાશે.

૨. નિયમ-૨ માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂંકને પાત્ર થવા માટે, કોઇ ઉમેદવાર -

(ક) ૧૯ વર્ષથી ઓછી ઉંમરનો અને ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ : પરંતુ રાજ્યના પોલીસ ખાતાના સ્નાતક હેડ-કોન્સ્ટેબલ (બિન-હથિયારધારી મહિલા શાખા) વર્ગ-૩ની તરફેણમાં ઉપલી વયમર્યાદા, ૩૧ વર્ષ સુધી હળવી કરી શકશે.

વધુમાં, મૂળ ગુજરાતના જ હોય તેવા અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત આદિજાતિના અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારની બાબતમાં, ઉપલી વયમર્યાદા પાંચ વર્ષ માટે હળવી કરી શકાશે.

(ખ) ભારતમાં કેન્દ્ર અથવા રાજ્ય વિધાનમંડળના કોઇ અધિનિયમથી સંસ્થાપિત કોઇપણ યુનિવર્સિટીનો અથવા સંસદના કોઇ અધિનિયમથી સ્થાપેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ-૩ હેઠળ યુનિવર્સિટી તરીકે ગણાતી જાહેર કરેલ બીજી કોઇ શૈક્ષણિક સંસ્થાની પદવી ધરાવતો અથવા તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઇએ.

નોંધ :-

જે ઉમેદવારે મિલીટરી અભ્યાસક્રમનો ડીપ્લોમા અથવા નેશનલ કેડેટ કોર્પ્સમાં 'બી' અને 'સી' નાં પ્રમાણપત્ર પરીક્ષા પાસ કરી હોય તેને, સમકક્ષ શૈક્ષણિક લાયકાત તરીકે ગણવામાં આવશે.

INDEX

પરંતુ નેશનલ સિવિલ ડીફેન્સ અને નેશનલ ફાયર સર્વિસ કોલેજ, નાગપુર ખાતે અથવા મીલીટરી એન્જીનિયરીંગ કોલેજ, પુના ખાતે અથવા કમ્બાઇન્ડ સેન્ટર, હોમગાર્ડસ અને સિવિલ ડીફેન્સ ટ્રેઇનીંગ ઇન્સ્ટીટયુટ, બેંગ્લોર ખાતે બુનિયાદી અને ઉચ્ચ તાલીમ લીધી હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપી શકાશે.

(ગ) તેની ઉંચાઇ ૧૫૮ સેન્ટીમીટર (ગુજરાતના અનુસૂચિત આદિજાતિના ઉમેદવારની બાબતમાં ૧૫૬ સેન્ટીમીટર) કરતાં ઓછી હોવી જોઇશે નહિ.

(ઘ) તેનું વજન ઓગણપચાસ કીલોગ્રામ કરતાં ઓછું હોવું જોઇએ નહિ, અને

(ચ) ગુજરાતી અને હિન્દીનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇએ.

૪. બઢતીથી અને ખંડ (ક) (ખ) અને (ગ) હેઠળ સીધી પસંદગીથી નિમણૂંક, અનુક્રમે ૧:૧:૨ ના પ્રમાણમાં કરવામાં આવશે.

૫. નિયમ-૨ના ખંડ (ખ)માં જણાવેલ, પોલીસ ટ્રેઇનીંગ કોલેજ દ્વારા સંચાલિત પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા) ના અભ્યાસક્રમ માટે પસંદ થવાને પાત્ર થવા માટે, ઉમેદવાર -

(ક) તેની તે અર્થે સરકાર ઠરાવે તેવા ભરતી નિયમો અને ભરતી કાર્યરીતિની બાબતો આપ્યા પછી, હેડ-કોન્સ્ટેબલ (બિન-હથિયારધારી મહિલા શાખા), વર્ગ-૩ની કેડરમાં નિમણૂંક હોવી જોઇશે,

(ખ) તેણે હેડ-કોન્સ્ટેબલ (બિન-હથિયારધારી મહિલા શાખા), વર્ગ-૩ની કેડરમાં ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી કામ કર્યું હોવું જોઇશે.

(ગ) તેણે લમા ધોરણની પરીક્ષા પાસ કરી હોવી જોઇશે, અને

(ઘ) તેણે જે વર્ષે પસંદગી કરવામાં આવી હોય તે વર્ષના નવેમ્બર મહિનાની પહેલી તારીખે ઓગણપચાસ વર્ષની ઉંમર પૂરી કરી હોવી જોઇએ નહિ.

પરંતુ અનુસૂચિત જાતિ/અનુસૂચિત આદિજાતિના ઉમેદવારોની બાબતમાં, ઉપલી વય-મર્યાદામાં ૫ વર્ષની છૂટછાટ મૂકવામાં આવશે.

૬. સરકારી ખર્ચે તાલીમ લીધી હોય તેવા સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, પાંચ વર્ષની મુદત સુધી સરકારી નોકરી કરવી પડશે.

૭. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, દોઢ વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૮. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર, વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તો બન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

INDEX

૯. પસંદ થયેલા ઉમેદવારે, પરિશિષ્ટ 'ક' માં નિર્દિષ્ટ કરેલ નમૂનામાં રૂા.૫,૯૦૦/- (ફક્ત રૂપિયા પાંચ હજાર નવસો) માટે જામીનગીરી અને જામીનખત પૂરાં પાડવાં જોઇશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.આર.મોદી,
સરકારના ઉપસચિવ.

પરિશિષ્ટ - ક

(જુઓ નિયમ-૯)

આ લેખથી, લોકોને જણાવવામાં આવે છે કે, હું ..... ગુજરાત પોલીસ ખાતામાં, પોલીસ સબ-ઇન્સ્પેકટર, (બિન-હથિયારધારી મહિલા શાખા)ની જગા ઉપરની નિમણૂંક માટે પસંદ થયેલ ઉમેદવાર, ગુજરાતના રાજ્યપાલને (જેનો આમાં હવે પછી, 'સરકાર' તરીકે ઉલ્લેખ કર્યો છે તે અને જે શબ્દપ્રયોગમાં, સંદર્ભથી, અન્યથા અપેક્ષિત ન હોય તો, હોદ્દાની રૂએ તેમના ઉત્તરા અધિકારીઓ અને એસાઇનીઓનો સમાવેશ થાય છે. તેમને) તાલીમ દરમિયાન સરકાર તરફથી મને આપેલી પગાર અને ભથ્થાની રકમ, સરકારને, પરત ચૂકવવા માટે પાકો રીતે બંધાઉં છું અને આ રકમની ચૂકવણી બરાબર અને સાચી રીતે કરવામાં આવે તે માટે, આ લેખથી મારી જાતો, મારા વારસો, એકઝીકયુટરો, વહીવટદારો અને કાયદેસરના પ્રતિનિધિઓ બંધાઇએ છીએ.

મારી (ક) તાલીમ બંધ થયે, અથવા (ખ) અજમાયશી અંગેના નિયમોની જોગવાઇઓ પૈકી કોઇ જોગવાઇનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળ થયે અથવા (ગ) મારી પોલીસ સબ-ઇન્સ્પેકટર (બિન-હથિયારધારી મહિલા શાખા) તરીકે નિયમિત નિમણૂંકની તારીખથી પાંચ વર્ષની અંદર નોકરી છોડયેથી અથવા અજમાયશની મુદત સંતોષકારક રીતે પૂરી કરવામાં નિષ્ફળ થયે, મારી તાલીમ દરમિયાન, સરકારે મને ચૂકવેલા પગાર અને ભથ્થાની રકમ સરકારને રીફંડ કરવા માટે કબૂલાત કરવા માટે મને, નિયમો હેઠળ ફરમાવ્યું છે.

હવે ઉપરની લેખિત કબૂલાતની શરત એવી છે કે હું મારા પક્ષે પાલન કરવાની અને બજાવવાની અને જે નિયમો આ લેખના એક ભાગરૂપ ગણવામાં આવશે તે સદરહુ નિયમોમાં જણાવેલી બોલીઓ અને શરતોનું યોગ્ય રીતે અને નિષ્ઠાપૂર્વક પાલન કરીશ તથા બજાવીશ તો, ઉપરનું લેખિત ખત રદ થશે. અન્યથા તે પૂરેપૂરું અમલમાં અને અસરકારક રહેશે.

મને ગેરવર્તણૂંક માટે શાળા અને/અથવા કોલેજમાંથી કાઢી મૂકવાના પ્રસંગે અથવા હું શાળા અને/અથવા કોલેજમાં જોડાયાની તારીખથી પાંચ વર્ષ પૂરાં કર્યા પહેલાં મારી નોકરીમાંથી રાજીનામું આપું તો, મારી તાલીમ માટે સરકારે ખર્યાના રૂા.૫૯૦૦/- (રૂપિયા પાંચ હજાર નવસો ફક્ત)ની રકમ, સરકારને ભરી દેવા મારી જાતો, મારા વારસો, મારા એકઝીકયુટરો અને વહીવટદારો બંધાઇએ છીએ.

INDEX

પરંતુ બીજા હક અથવા ઉપાયોને બાધ આવ્યા વિના આ કબૂલાત હેઠળ ચૂકવવાની રકમ સરકાર, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

જેની સાક્ષીમાં આજ તારીખ ..... માહે ..... સન ..... ના રોજ નીચેનાની હાજરીમાં ઉપરના નામવાળાઓએ સહી કરીને સોંપ્યું.

(૧) સહી અને પૂરું સરનામું સહી

(૨) સહી અને પૂરું સરનામું સહી

અમે, ગામ ..... તાલુકે ..... જિલ્લે .....ના રહેવાસી શ્રી ..... અને શ્રી ..... ઉપરના નામવાળા (અહીં આમાં હવે પછી, જેનો ''ઉમેદવાર'' તરીકે ઉલ્લેખ કર્યો છે, તે)ના જામીનો તરીકે અમારી જાતને જાહેર કરી, બાંહેધરી આપીએ છીએ કે ઉમેદવાર જે કરવા અને બજાવવા પોતે બાંહેધરી આપી હોય તે બધું કરશે અને બજાવશે, અને તેની (૬) તાલીમ બંધ થાય અથવા (૮) અજમાયશી અંગેના નિયમોની જોગવાઇઓ પૈકી કોઇ જોગવાઇનું સરકારને સંતોષ થાય એ રીતે પાલન કરવામાં નિષ્ફળ જાય અથવા (૧૦) પોલીસ સબ-ઇન્સ્પેકટર તરીકેની તેની નિયમિત નિમણૂંકની તારીખથી પાંચ વર્ષની અંદર નોકરી છોડી જાય અથવા અજમાયશી મુદત સંતોષકારક રીતે પૂરી કરે નહિ તે પ્રસંગે, અમે આથી, અમારી જાતે સંયુકત રીતે અને પૃથક્ રીતે જે તાલીમ દરમિયાન ઉમેદવાર પોતાની જાતે બંધાયેલ છે તે તાલીમ દરમિયાન સરકારમા તેને ચૂકવેલ પગાર અને ભથ્થાંની રકમ, ગુજરાતના રાજયપાલ (જે શબ્દ પ્રયોગમાં સંદર્ભથી અન્યથા ફરમાવ્યું હોય તે સિવાય તેના ડાયદેસરના વારસદારો અને એસાઇનીઓનો સમાવેશ થાય છે)ને ચૂકવવા બંધાઇએ છીએ અને અમે કબૂલ થઇએ છીએ કે સરકારને ઉપલબ્ધ હોય તેવા અન્ય કોઇ હકો અથવા ઉપાયને બાધ આવ્યા સિવાય, જમીન મહેસૂલની બાકી તરીકે રૂા.૫૯૦૦/- નો સમાટો રકમ અથવા તેના કોઇ ભાગમાંથી સદરહુ રકમ સરકાર વસૂલ કરી શકશે, અને વળી અમો કબૂલ થઇએ છીએ કે સદરહુ નિયમોમાં નિર્દિષ્ટ કરેલી બોલીઓ અને શરતોમાં કોઇ ફેરફાર થવાથી સદરહુ રકમ ચૂકવવાની અમારી જવાબદારીમાંથી અમારાથી છૂટા થઇ શકાશે નહિ અને આ કબૂલાત અથવા જવાબદારી હેઠળની અમારી જવાબદારીના અમલના હેતુ માટે, અમારી જવાબદારી ઉમેદવારની તે જવાબદારી સાથે, સંયુકત અને અલગ અલગ રહેશે.

INDEX

આજ તારીખ ..... માહે ..... સન ૧૯..... ના રોજ ઉપરના નામવાળાને સહી કરીને સોં છું.

(૧) જામીનની સહી, પૂરેપૂરું સરનામું અને ધંધો.

---

(૨) જામીનની સહી, પૂરેપૂરું સરનામું અને ધંધો.

સ્થળ : .....

તારીખ .....

નીચેનાની હાજરીમાં :-

(૧) સાક્ષીની સહી, પૂરેપૂરું સરનામું અને ધંધો.

સાક્ષીની સહી, પૂરેપૂરું સરનામું અને ધંધો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.આર.મોદી,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. (જીએચએન-૧૨) જીએસટી/૧૦૯૪ (એસ-૪૯) (૨૭૨)-ઠ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION,FINANCE DEPARTMENT NO.(GHN 627) GST/1070/(S.49/TH, DATED THE 29TH APRIL,1970.

નાણાં વિભાગના તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૬૨૭)/જીએસટી/૧૦૭૦ (એસ-૪૯)/ઠ સુધારવા સંબંધી જાહેરનામું.

નાણાં વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક.(જીએચએન-૧૨) જીએસટી/૧૦૯૪ (એસ.૪૯) (૨૭૨)-ઠ.- આથી, ગુજરાત સરકારને, જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે,

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા) ની કલમ-૪૯નો પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નાણાં વિભાગનું તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૭૦નું સરકારી જાહેરનામું ક્રમાંક. (જીએચએન-૬૨૭)/જીએસટી/૧૦૭૦ (એસ.૪૯)/ઠ નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૮૧ની નોંધની પેટા નોંધ (૨) પછી, નીચેની પેટા-નોંધ ઉમેરવી :-

૧	૨	૩	૪
"(૩)	મુંબઇ ખાદી અને ગ્રામોદ્યોગ અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૦ ના મુંબઇના ૧૯મા) હેઠળ સ્થાપેલ ગુજરાત રાજ્ય ખાદી	સમગ્ર વેરો.	જ્યારે ખાદી અથવા ખાદી પોલીસ્ટર કાપડ વણવા માટે હાથે અથવા અંબર ચરખાથી કાંતેલ સૂતર માટે

INDEX

૧	૨	૩	૪
	અને ગ્રામોદ્યોગ બોર્ડ અથવા ખાદી અને ગ્રામોદ્યોગ કમિશન અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના અધિનિયમ ક્રમાંક ૧૧ મા) હેઠળ રચેલા ખાદી અને ગ્રામોદ્યોગ કમિશને, સૂતારના બનાવેલ લીરા/ફીતા, પુણી (૩) નાં કરેલાં વેચાણો અથવા તેની ખરીદી.	વેચાણ કર્યું હોય અથવા ખરીદ્યું હોય ત્યારે.	

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ.એન.જોષી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૯૩ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/(૧૯૯૩નો ૧૮૨/ડીવીપી/૧૯૯૨/૩૨૨૦-(૯૩)-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૩નો ૧૮૨/ડીવીપી/૧૯૯૨/૩૨૨૦/(૯૩)-એલ.- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ

INDEX

૧૬મી નવેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૦નો ૨૧૬/ડીવીપી/૧૮૮૯/૩૦૮૨/(૯૦)-એલ, હેઠળ મંજૂર કરેલા કેશોદ નગર (જિલ્લો-જૂનાગઢ) માટે છેવાટનાં વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક.૨૭ માં)ની કલમ-૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખીતા રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૦નો ૨૧૬/ડીવીપી/૧૮૮૯/૩૦૮૨/(૯૦)-એલ.થી મંજૂર કરેલો કેશોદ (જિલ્લો-જૂનાગઢ)નો છેવાટનો વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

---

૧. કેશોદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, 'રહેઠાણના ઝોન'' માટે મુકરર કરેલી, આ સાથેના પ્લાનમાં '' ABCDEA '' નિશાની કરેલી કેશોદની મહેસૂલી સરવે નંબર ૧૬૮/૨ (૧-૦૬) ધરાવતી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકતા કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૬) હેઠળ ''ઔદ્યોગિક ઝોન'' માટે મુકરર કરવી.

૨. કેશોદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં 'રહેઠાણના ઝોન'' માટે મુકરર કરેલી, આ સાથેના પ્લાનમાં FGHI TKF અને OPQRSTUVO નિશાની કરેલી
એ.જી. એ.જી. એ.જી.
કેશોદની મહેસૂલી સરવે નંબર ૧૪૩/૧ અને ૧૪૩/એ (૧-૨૦, ૫-૨૦, ૨-૧૬ અને ૧૫-૩૬) ધરાવતી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકતા કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૬) હેઠળ ''ઔદ્યોગિક ઝોન'' માટે મુકરર કરવી.

INDEX

૩. કેશોદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "રહેઠાણના ઝોન" માટે મુકરર કરેલી, આ સાથેના પ્લાનમાં L M N N N L નિશાનો કરેલી, કેશોદની મહેસૂલી સરવે નંબર 1 2 3
૧૭૮/૧ (૮-૩૯) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૬) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol.XXXVI] THURSDAY, MARCH 30,1995/.CAITRA 9,1917. [No.13

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી/૯૪/૧૧/ઇપીટી/૧૦૯૩/૩૦૨૪-ઇ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
Re
AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, INFORMATION BROADCASTING AND TOURISM DEPARTMENT NO. GHT-94-5-EPT-1093-3024-E, DATED THE 27TH JANUARY, 1994.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી/૯૪-૫/ઇપીટી/૧૦૯૩/૩૦૨૪-ઇ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૬મી માર્ચ, ૧૯૯૪.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક: જીએસટી/૯૪-૧૧/ઇપીટી/૧૦૯૩/૩૦૨૪-ઇ.- ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) નાં કલમ-૨૯નાં પેટા-કલમ (૧) થી મળેલા સત્તાનો

INDEX

રૂએ, ગુજરાત સરકાર, આથી, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ: ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી-૯૪/૫/ઈપીટી/૧૦૯૩/૩૦૨૪-ઈ. નીચે પ્રમાણે સુધારે છે :-

સદરહુ જાહેરનામાના બીજા પેરેગ્રાફના પાંચમી લાઈનમાં ''3'' એ આંકડા પછી, ''અથવા યથાપ્રસંગ કલમ-૬'' એ શબ્દો અને આંકડો દાખલ કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી.જી.રાંસભુડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી-૯૪/૮/બીસીઆર-૧૦૯૨/૨૬૩૪/(૧) ઈ. અને (૨) જીએચટી-૯૪/૯/બીસીઆર/૧૦૯૨/૨૬૩૪/(૨)-ઈ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification
Re
AMENDMENT TO THE GUJARAT CINEMAS (REGULATION OF EXHIBITION BY VIDEO) RULES, 1984

ગુજરાત સિનેમા (વિડીયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

મુંબઇ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક: જીએચટી/૯૪/૯/બીસીઆર/૧૦૯૨/૨૬૩૪/(૨)-ઈ.- મુંબઇ સિનેમા (નિયમન)

INDEX

અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઇના ૧૧ મા) નો કલમ-૯ નો પેટા-કલમ (૧) હેઠળના જાહેરનામાનો મુસદ્દો, સદરહુ અધિનિયમના કલમ-૯ નો પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તા૨ીખ: ૪થી ઓગષ્ટ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી/૯૩/૩૧/બીસીઆર/૧૦૯૨/૨૬૩૪/(૨)-ઈ. હેઠળ તા૨ીખ: ૪થી ઓગષ્ટ, ૧૯૯૩ના ગુજરાતના સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી ના પાના ૧૨૨-૧/ઉપર થી ૧૨૨-૨ પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાના તા૨ીખથી ત્રીસ દિવસ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા ,

અને સદરહુ મુસદ્દા અંગે લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ,

તેથી, હવે, મુંબઇ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ ના મુંબઇના ૧૧ મા) ના કલમ-૯ નો પેટા-કલમ (૧) થી મળેલા સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ''ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) (સુધારા) નિયમો, ૧૯૯૪'' કહેવાશે.

૨. ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ માં, નિયમ-૨૩ માં, પેટા-નિયમ (૧) ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો :-

(૧) લાઇસન્સ સત્તાધિકારી -

(ક) આ નિયમો પૈકી કોઇપણ નિયમનું અથવા આ નિયમો હેઠળ આપેલ લાઇસન્સની શરતોનું ઉલ્લંઘન કરવા બદલ આ નિયમો હેઠળ આપેલ કોઇપણ લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે, અથવા

(બ) ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ નો કલમ-૨૦-ક હેઠળ ઠરાવેલ અધિકારોના ભલામણ ઉપરથી આ નિયમો હેઠળ આપેલ કોઇપણ લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે.

પરંતુ લાઇસન્સ સત્તાધિકારીએ, આ પેટા-નિયમ હેઠળ કોઇપણ પગલું લેતાં પહેલાં લાઇસન્સદારને કારણ દર્શાવવાની તક આપવી જોઇશે.''

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.રાસકુડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઇ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૪.

મુંબઇ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક: જીએચટી/૯૪/૮/બાસીઆર/૧૦૯૨/૨૬૩૪/(૧) ઇ.- મુંબઇ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઇના ૧૧ મા) નાં કલમ-૯ નાં પેટા-કલમ (૧) હેઠળ જાહેરનામાનો મુસદ્દો, સદરહુ અધિનિયમનાં કલમ-૯નાં પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચટી/૯૩/૩૦/બાસીઆર/૧૦૯૨/૨૬૩૪/(૧) ઇ. હેઠળ તારીખ. ૪થી ઓગષ્ટ, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બી ના પાનાં ૧૨૧-૧ થી ૧૨૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા ,

અને સદરહુ મુસદ્દા અંગે લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે,

તેથી, હવે, મુંબઇ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ ના મુંબઇના ૧૧ મા) નાં કલમ-૯ નાં પેટા-કલમ (૧) થી મળેલા સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, ''મુંબઇ સિનેમા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૪'' કહેવાશે.

૨. મુંબઇ સિનેમા નિયમો, ૧૯૫૪માં, નિયમ ૧૩૧માં, પેટા-નિયમ (૧)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો :-

''(૧) <u>લાઇસન્સ સત્તાધિકારી -</u>

(ક) આ નિયમોની જોગવાઇઓ પૈકી કોઇપણ જોગવાઇનું અથવા આ નિયમો હેઠળ આપેલ લાઇસન્સની કોઇપણ શરતનું ઉલ્લંઘન કરવા બદલ આ નિયમો હેઠળ આપેલ કોઇપણ લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે, અથવા

(ખ) ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ નાં કલમ-૨૦-ક હેઠળ ઠરાવેલ અધિકારીની ભલામણ ઉપરથી આ નિયમો હેઠળ આપેલ કોઇપણ લાઇસન્સ મોકૂફ રાખી શકશે અથવા રદ કરી શકશે ,

પરંતુ લાઇસન્સ સત્તાધિકારીએ, આ પેટા-નિયમ હેઠળ કોઇપણ પગલું લેતાં પહેલાં લાઇસન્સદારને કારણ દર્શાવવાના તક આપવા જોઇશે,''.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.રાસકુડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

ઔદ્યોગિક અને સંસ્થાકીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીયુ-૯/આઇબીએ-૧૦૯૩/૧૪૦-એમ ૩ નો ગુજરાતી અનુવાદ આથી સૌ લોકોના જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923,

ભારતી બોઇલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૪.

ભારતી બોઇલર અધિનિયમ, ૧૯૨૩ (સને ૧૯૨૩નો ક્રમો)

ક્રમાંક: જીયુ-૯-/આઇબીએ-૧૦૯૩/૧૪૦-એમ૩ :- ભારતી બોઇલર અધિનિયમ, ૧૯૨૩ (સને ૧૯૨૩ ના ૫ મા) નાં કલમ ૩૪ નાં પેટા-કલમ (૩) થી મળેલાં સત્તાનો ઉપયોગ કરીને, ગુજરાત સરકાર, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૪ના પત્ર ક્રમાંક: સીઓ/બી-૩/૮૨૨૭ અને આદર્શ કેમિકલ્સ અને ફર્ટીલાઇઝર લિમિટેડ, ઉધના, સુરતના એકઝીકયુટીવ ડાયરેકટર અને ચીફ એકઝીકયુટીવે રજૂ કરેલા તા.૩-૧-૯૪ ના અરજીનાં અનુસંધાનમાં પ્રશ્નોત્તરીનાં બાબતો નંબર ૨૫, ૨૭, ૨૮, ૩૫, ૩૮, અને ૩૯ નાં સામે જણાવેલાં વિગતોનાં હિસાબમાં કર્યા પછી અને સ્ટીમ બોઇલર અને ધૂમાડા ઉપદ્રવ, ગુજરાત રાજ્ય, અમદાવાદના મુખ્ય નિરીક્ષકનાં ઉપર્યુકત ઔદ્યોગિક સંસ્થા ખાતે આવેલા ન્યુ મેલાઇક એનહાયડ્રાઇડ પ્લાન્ટમાં ગોઠવેલ વેસ્ટ હીટ બોઇલર નંબર : જીટી૩૦૮૩ કોઇપણ તાત્કાલિક ભયમાંથી મૂકતા છે એવાં વિશેષ નોંધનાં હિસાબમાં કર્યા પછી આથી, (નીચેના અનુસૂચિમાં જણાવેલાં વિગતો મુજબ) સદરહુ બોઇલર નં.જીટી-૩૦૭૩ને તેનાં સામે નિર્દેષ્ટ કરેલાં મુદ્દતા માટે, ભારતી બોઇલર અધિનિયમ, ૧૯૨૩નાં કલમ ૬(૧) અને કલમ ૮ (૧) (૩) માં સમાવિષ્ટ જોગવાઇઓના અમલમાંથી નીચેનાં એવાં શરતોને અધીન રહીને બાકાત રાખે છે કે :-

(૧) રાસાયણિક પૃથ્થકરણનો અથવા હાઇડ્રોલીકના અથવા સ્ટીમ ટેસ્ટ હોય તો, તેના રીપોર્ટો, સ્ટીમ બોઇલર અને ધૂમાડા ઉપદ્રવના મુખ્ય નિરીક્ષક, ગુજરાત રાજ્ય, અમદાવાદને તેનાં સૂચનાઓ મુજબ રજૂ કરવા જોઇશે :

INDEX

(૨) સદરહુ મુદ્દત દરમિયાન બોઇલરનો અથવા તેના કોઇપણ ભાગનો કોઇ અકસ્માત થાય તો બોઇલર ચલાવવું નહિ અને મુખ્ય નિરીક્ષકને તત્કાલ જાણ કરવી જોઇશે.

(૩) બોઇલરનું ચાલુ દબાણ, ઉપરોક્ત કાર્ય-પ્રમાણપત્રમાં નિર્દિષ્ટ કરેલ દબાણ કરતાં વધુ હોવું જોઇશે નહિ.

(૪) ભારતના બોઇલર અધિનિયમ, ૧૯૨૩ની કલમ-૬ ના પેટા (૬) નાં જોગવાઇઓ અને ગુજરાત બોઇલર પરિચાલન નિયમો, ૧૯૬૬ના જોગવાઇઓ અનુસાર લાયકાત ધરાવતા પરિચારે જ બોઇલર ઉપર ફરજમા રાખવો જોઇશે.

અનુસૂચિ

બોઇલરનું વર્ણન	મુદ્દતનો મુદ્દત
નોંધણી ક્રમાંક : જીટી-૩૦૭૩-ન્યુ મેલાઇડ એન્ડ કેમિકલ્સ પ્લાન્ટનો એક બોઇલર ફોડ વોટર હીટર, સોલ્ટ કુલર, સ્ટીમ ડ્રમ અને સુપર હીટરવાળો વેસ્ટ હીટ રીકવરી સીસ્ટમ.	૨૧મી જાન્યુઆરી, ૧૯૯૪ થી ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૪ સુધી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.આર.રાવ,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૧૯/ડીવીપી-૩૦૯૨/૯૦૦/એલ – નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.વી.પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACt,1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળનું જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૪નો ૧૯/ડીવીપી/૩૦૯૨/૯૦૦/એલ :- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૬મી ઓગષ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૫૩/ડીવીપી/૩૦૮૬/૨૭૦૩-(૮૮)-એલ હેઠળ મંજૂર કરેલી ગોધરા નગર માટેની છેવટની સુધારેલો વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે :

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે : અને

૨. કોઇપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ: ૧૬મી ઓગષ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૮ના ૧૫૩/ડીવીપી/૩૦૮૬/૨૭૦૩/(૮૮) એલ થી મંજૂર કરેલી ગોધરાની છેવટની સુધારેલો વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર.

૧. ગોધરાની મંજૂર કરેલો સુધારેલી વિકાસ યોજનામાં કૃષિ ઝોન માટે મુકરર કરેલો ગોધરાનો મ.સ.નં.૫૫૩, ૫૫૪, ૫૫૫, ૫૫૬, ૫૫૭, ૫૫૮,૫૬૦, ૫૬૧, ૫૬૨, ૫૬૩, ૫૬૪ અને ૫૬૫

વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મૂકતા કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરો વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ ''રહેણાંકના ઝોન'' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે.એચ.તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, કમી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: (જીટી-૯૪-૬) સીઓટી- ૧૦૯૩-૩૭૯૧-બી નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી.પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY POLICE ACT, 1951.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૧ જાન્યુઆરી, ૧૯૯૪.

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક: (જીટી-૯૪.૬) સીઓટી-૧૦૯૩-૩૭૯૧-બી :- મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના મુંબઇના ૨૨મા) ની કલમ 33 નો પેટા-કલમ (૧) ના ભાગ (ય.ક) ના પેટા-ભાગ (3) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શ્રી એ.એલ.ઠક્કર, સંયુકત માહિતી નિયામકને તારીખ: ૨૮-૫-૧૯૯૦ના સરકારી જાહેરનામા પ્રમાણે ગુજરાત સાંસ્કૃતિક કાર્યક્રમ

INDEX

પ્રમાણપત્ર બોર્ડ, ગાંધીનગરના સભ્ય-સચિવ તરીકે નીમ્યા હતા. શ્રી અમૃતલાલ એલ.ઠક્કર તારીખ: 31-12-1993 (બપોર પછી) ના રોજ નિવૃત્ત થયા હોવાને કારણે, સરકાર આથી, શ્રી જે.એમ.દવે, સંયુક્ત માહિતી નિયામકને, તેઓ હાજર થાય તે તારીખથી, ગુજરાત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રમાણપત્ર બોર્ડ, ગાંધીનગરના સભ્ય-સચિવ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી.જી.રિસબુડ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, પમી ફેબ્રુઆરી, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો 336/ડીવીપી-2590/2382/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ.વી.પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬:

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૩નો 336/ડીવીપી-2590/2382/એલ :- પારડી (જિલ્લો વલસાડ) વિસ્તાર વિકાસ સત્તામંડળે (પારડી નગર પંચાયતે) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, ''સદરહુ અધિનિયમ'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ 13 (1)ની જોગવાઇઓ હેઠળ, પોતાની હદની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, સદરહુ અધિનિયમ હેઠળ વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને પ્રસિધ્ધ કર્યો છે અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્રના ભાગ-૨ સેન્ટ્રલ સેક્શનના પાના ૯૧૯ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી.

IX-76

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે ઉપર્યુકત વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે : અને

(૨) કોઇપણ વ્યકિતને, સૂચિત ફેરફારો સંબંધી કોઇ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

નીચે જણાવેલા ફેરફારોની વિગતો, પારડી નગર પંચાયત (જિલ્લો-વલસાડ) ની કચેરીમાં, બે મહિનાની મુદત દરમિયાન કામકાજના તમામ દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

પારડી (જિલ્લો-વલસાડ) ની વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. પારડીના વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર ૨૦૪ પૈ. ૨૧૬, ૨૨૬ થી ૨૪૩, ૨૫૬, ૨૫૬, ૨૫૮ થી ૨૭૨, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૩૬૯/ભાગ, ૩૭૦/ભાગ, ૩૭૧/ભાગ, ૩૭૩/ ભાગ, વગેરેવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર. ૧ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૨. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૬૧ થી ૬૮, ૧૬૯, ૧૭૨ થી ૧૮૦, ૧૧૨૩ થી ૧૧૨૬, ૧૧૨૮ થી ૧૧૪૧ વગેરે વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર.૨ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક), હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૩. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ A -૧૨-A ૧૩-A ૧૪ રસ્તાની પશ્ચિમ તરફ આવેલી જમીનોનો બ્લોક, સદરહુ ઉપયોગમાંથી (મહેસૂલી સરવે નંબર. ૧૦૪૪, ૧૦૨૫ અને ૧૦૨૮ અને મહેસૂલી સરવે નંબર. ૧૦૨૩ સિવાય) કમી કરવી. અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર. ૩ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)(ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

INDEX

૪. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર. ૮૦૦ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી. અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર.૪ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૫. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૫૨૦ અને ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર. ૫૨૩ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર. ૫ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નાં કલમ ૧૨ (૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૬. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૧૧૨૨વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન,, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર.૬ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નાં કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૭. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૧૧૨૦ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી. અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર. ૭ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નાં કલમ ૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૮. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૧૦૩૭ અને ૧૦૪૨ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર. ૮ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬નાં કલમ-૧૨ (૨) (ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૯. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, (પ્લાન નંબર. ૨ સોટી સરવે પ્લાનમાં) ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ ૧૮.૦ મિટર પહોળા A-A -૧ સૂચિત માર્ગની બન્ને બાજુઓ પર આવેલ જમીનનો બ્લોક, સદરહુ ઝોનમાંથી કમી કરવો અને એવી રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગની નંબર.૯ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ નાં કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

INDEX

૧૦. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં (પ્લાન નંબર.૨ સીટી સરવે પ્લાનમાં) રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૮૯૨/ ભાગવાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગના નંબર. ૧૦ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૧૧. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં (પ્લાન નંબર. ૨-સીટી સરવે પ્લાનમાં) જાહેર હેતુમાં સમાવેશ કરવા માટે મુકરર કરેલ સરકારી દવાખાનાની પશ્ચિમ તરફ અને ઉત્તર અને પૂર્વ તરફ આવેલી જમીનના બ્લોકો, સદરહુ જાહેર હેતુમાંથી કમી કરવા અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગના નંબર.૧૧ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૨. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં ઉમેરવા માટે અનામત રાખેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૩૪૩ / હિસ્સા, ૬/૧, ૩૪૪/હિસ્સા 3/ પૈકી પપ૬/A /૧/હિસ્સા ૨/૨, પ૬૩/હિસ્સા ૬ વિગેરેવાળી જમીનો, સદરહુ અનામતમાંથી મુકતા કરવા અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગના નંબર.૧૨ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

૧૩. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર. ૯૦૬/ભાગ, ૯૦૭/ભાગ, ૯૦૮/૧ ભાગ, ૯૦૯/ભાગ અને ૯૧૦/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગના નંબર.૧૩ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ (શૈક્ષણિક હેતુ માટે) રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૪. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં મહેસૂલી સરવે નંબર. ૯૪૪ અને ૯૪૬/ભાગની જમીનમાંથી પસાર થતી લાઇનદોરી વાળો ૧૨.૦૦ મિટર પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગના નંબર. ૧૪ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ મહેસૂલી સરવે નંબર. ૯૪૪ ની દક્ષિણ તરફ સદરહુ ૧૨.૦૦ મિટર પહોળા માર્ગની ફરીથી લાઇનદોરી કરવાનું સૂચવ્યું છે.

૧૫. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં દવાખાના માટે (R -૧૦) અનામત રાખેલમહેસૂલી સરવે નંબર. ૮૯૧/ભાગવાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એવી રીતે મુકતા થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગ નંબર.૧૫ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

INDEX

૧૬. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં જાહેર હેતુ માટે / જાહેર હેતુમાં સમાવેશ કરીને મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર. ૮૯૧/૨ વાળી જમીન, સદરહુ જાહેર હેતુમાંથી કમી કરવા અને એવી રીતે મુકતા થયેલ જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર. ૧૬ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (બ) હેઠળ દવાબાના (R -૧૦A) માટે અનામત રાખવી.

૧૭. પારડીનાં વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર. ૮૯૩, ૮૯૪, ૯૩૫/ભાગ૧, ૧૨૧૨ અને ૧૨૧૩ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકત થયેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર. ૧૭ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

૭.	અમરાઇવાડી	૧. મોમરા પોલીસ ચોકી વિસ્તાર અનુપમ સિનેમા, રોહીત સરકલ વગેરેની નજીક.
		૨. સી.ટી.એમ.પોલીસ ચોકી હેઠળનો કેટલોક વિસ્તાર.
		૩. હાટકેશ્વર મહાદેવ.
		૪. જય ભારતીની ચાલી.
		૫. રામોલ ગામ.
		૬. જનતા નગર.
		૭. ખાનવાડી.
		૮. ગુલાબનગર.

INDEX

૧	૨	૩
		૯. મદ્રાસી મંદિર રેલ્વે કોલોની.
૮.	મણીનગર.	૧. મિલ્લતનગર.
		૨. અહબાબનગર શાહ આલમ.
૯.	કાગડા પીઠ	૧. પઠાણની ચાલી.
		૨. ભુલાભાઇ પોલીસ ચોકી વિસ્તાર.
		૩. રામ રહીમ ટેકરા.
		૪. વર્સબા રજબનગર અને પરિક્ષિત લાલનગર.
		૫. દશરથ મુખીની પોળ.
		૬. સન્દીયાનવાળી ચાલી.
		૭. ગ્રીન-કોસ સોસાયટી.
		૮. અલ્લાહ નગરના છાપરા.
		૯. કબાડી માર્કેટ નં.૧, ૨
		૧૦. શાહ આલમ વિસ્તાર.
		૧૧. વિનયકુંજ કો.ઓ.હાઉસીંગ સોસાયટી.
		૧૨. નિર્ભયનગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી.
		૧૩. કિર્તિકુંજ સોસાયટી.
		૧૪. ભાવના સોસાયટી.
		૧૫. સ્વામી નારાયણ કોલેજ વિસ્તાર.
૧૦.	વટવા	૧. સૈફી સોસાયટી.
		૨. સમ્રાટનગર.
		૩. વટવા મસ્જિદ
		૪. વટવા પંચાયત ઓફીસ.
		૫. ઇસનપુર ગ્રામ.
		૬. વિવેકાનંદ નગર હાથીજણ.

INDEX

૧	૨	3
૧૧.	નરોડા.	૧. મુસ્લીમ મહોલ્લા.
		૨. નરોડા સુતારના કારખાના.
		3. સઇજપુર જાફર હસમની ચાલી.
		૪. દીપનગર કઠવાડા રોડ.
		૫. કિશ્નનગર છાપરા.
		૬. નયના નગર.
		૭. કિશ્ન નગર ચાર રસ્તા.
		૮. ઠકકરનગર ચાર રસ્તા.
		૯. કેવડાજીની ચાલી.
		૧૦. નરોડા બેઠક મફતલાલના છાપરા.
		૧૧. સઇજપુર જી.ડી.હાઇસ્કુલ.
		૧૨. સઇજપુર કેનેરા બેન્કની સામે.
		૧૩. સઇજપુર ફદેલી પઠાણની ચાલી.
		૧૪. નરોડા જી.આઇ.ડી.સી.ની ચાલી.
		૧૫. સંજયનગર નાના ચીલોડા.
		૧૬. ઇન્ડિયા કોલોની.
		૧૭. નાના ચિલોડા.
		૧૮. નરોડા કાંકરીયાની ચાલી.
૧૨.	સરદારનગર	૧. મહાજનીયા છારાવાડ, રાજાવીર દરગાહ.
૧૩.	એલિસબ્રીજ (વેજલપુર)	૧. મ્યુઝિયમ નારાયણનગર ભઠ્ઠા
		૨. જુહાપુરા.
		3. વેજલપુર ગામ.
		૪. જવરાજ પાર્ક.
		૫. ગુપ્તાનગર.

INDEX

૧	૨	૩
૧૪.	ગાયકવાડ હવેલી	૧. વેરાઇ માતાની પોળ.
		૨. કાજીના ધાબુ.
		૩. ભેસા પોળ.
		૪. વડ શેરી.
		૫. સૈયદ વાડી.
		૬. ગુંદી વાડ.
		૭. પઠાણની આલી.
		૮. તાડની શેરી.
		૯. કડવા શેરી.
		૧૦. ભાલા પોળ.
		૧૧. ભુંગેરી પોળ
		૧૨. બાંધણીવાળાનો ખાંચો.
		૧૩. રુપલવાળાની પોળ.
		૧૪. ટોકરશાની પોળ.
		૧૫. સાળવીની પોળ.
		૧૬. રાયખડ નવાવાસ પટેલ વાસ.
		૧૭. રાયખડ મરાઠાવાસ.
		૧૮. ટેકરાવાલો વાસ ભઠીયાર વાડ.
		૧૯. કાદરીની પોળ, જયશંકર હોલની સામે.
		૨૦. પુંજાલાલની આલી.
		૨૧. મારૂવાસ.
		૨૨. અંજુમન હાઇસ્કુલ વણકરવાસ તાડિયાવાડની પાછળ.
		૨૩. બાબજીની પોળ.
		૨૪. રાયખડ મંડિયા કુવા, ઓપેરા ગેસ્ટ હાઉસ નજીક.
		૨૫. સોમનાથ ભુદરની આલ, જમાલપુર દરવાજા બહાર.

INDEX

૧	૨	૩
		૨૬. દુલ્હપુરા (વસંત રજબ ઓકો નજીક).
		૨૭. મ્યુનિસિપાલિટી નવી ચાલી, કાચની મસ્જિદ નજીક.
		૨૮. રાયખડ મંત્રીવાડ.
		૨૯. રાયખડ પટ્ટણીશેરી.
૧૫. આસ્ટોડિયા		૧. સરકીવાડ સારંગપુર.
		૨. છબીલા હનુમાન નજીક, રાવળ શેરી.
		૩. મુન્શીનો ખાંચો.
		૪. ગોલવાડ.
		૫. આસ્ટોડિયા, ભૂતની આંબલી નજીક.
		૬. કોઠની પોળ.
		૭. વડની પોળ.
		૮. પાંચ હાટડીની પોળ.
		૯. કિશોર ગલિયારાની ખડકી.
		૧૦. ભુંદીવાડ.
૧૬. કારંજ		૧. વનમાળી વાંકાની પોળ.
		૨. શાહપુર નાગોરીવાડ.
		૩. આંબાવાડી વડવાળી મહેતાની પોળ, શાહપુર.
		૪. સરકીવાડ.
		૫. ડહેલાવાળી ખડકી.
		૬. નાની રંગીલા પોળ.
૧૭. શાહપુર		૧. શ્રેયસ હાઇસ્કૂલ, માનપુર.
		૨. કલ્યાણ વાડ, ભીલવાસ.
		૩. મિરઝાપુર તકીયા.
		૪. શાહપુર મીલ કમ્પાઉન્ડ, સત્યમ્ સોસાયટી.
		૫. કાણી ખાડ.
		૬. જુલાઇવાડા.

INDEX

૧	૨	૩
૧૮.	નવરંગપુરા	૧. મુસ્લિમ સોસાયટી.
		૨. ત્રિકમલાલ કબ્રસ્તાન, એલીસબ્રીજ પોલીસ લેનની સામે.
		૩. પીર જામનશાહ દરગાહ.
		૪. સૌમ્ય સોસાયટી, નવરંગપુરા.
		૫. નવરંગપુરા ગામના દરગાહ વિસ્તારની સામે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ.સી.શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISIONS FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES IN DISTURBED AREAS ACT,1991.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ હેઠળ

જાહેરનામું.

મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩

ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧.

ક્રમાંક:જીએચએમ-૯૩-૨૬-એમ.આરજીએન-૧૦૯૧-૨૫૨૮-એચ-૧:- આ સાથે જોડેલ અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રાજ્યના વિસ્તારના સંબંધમાં, હુલ્લડ અને ટોળાની હિંસાની ઉગ્રતા અને તેની અવધિને ધ્યાનમાં લઇને, રાજ્ય સરકારનો એવો અભિપ્રાય છે કે હુલ્લડ અને ટોળાની હિંસાના કારણે, સદરહુ વિસ્તારમાંની જાહેર વ્યવસ્થાને આમાં હવે પછી નિર્દિષ્ટ ગણ્ય મુદત માટે ખલેલ પહોંચી હતી.

તેથી, હવે, ગુજરાત અશાંત વિસ્તારોમાંનો સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ (સન ૧૯૯૧ ના ગુજરાતના ૧૨ મા) ની કલમ 3 થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ માં નિર્દિષ્ટ કરેલા અમદાવાદ પોલીસ કમિશનરના પોલીસ સ્ટેશનોની દરેક હકૂમતમાં આવતા, સદરહુ અનુસૂચિના કોલમ 3 માં નિર્દિષ્ટ કરેલા વિસ્તારોને અશાંત વિસ્તાર તરીકે જાહેર કરે છે, અને

(ખ) સદરહુ અધિનિયમના હેતુઓ માટે, ગણ્ય મુદત તરીકે તારીખ 1લી ફેબ્રુઆરી, ૧૯૯૨ થી તારીખ 31મી ઓકટોબર, ૧૯૯3 સુધીની મુદત નિર્દિષ્ટ કરે છે.

સદરહુ નિર્દિષ્ટ મુદત દરમિયાન અશાંત વિસ્તારમાં આવેલ સ્થાવર મિલકતોની કરેલી તમામ તબદીલીઓ રદબાતલ ગણાશે અને સદરહુ અશાંત વિસ્તારમાં આવેલ કોઇપણ સ્થાવર મિલકત, આ જાહેરનામાની ગણ્ય મુદત દરમિયાન, સંબંધિત કલેકટરની પૂર્વ મંજૂરી મેળવ્યા સિવાય, તબદીલ કરી શકાશે નહી.

અનુસૂચિ

(અશાંત વિસ્તારો તરીકે જાહેર કરેલા અમદાવાદ શહેરના વિસ્તારો)

અનુ. ક્રમાંક.	પોલીસ સ્ટેશન.	વિસ્તારનું નામ.
૧	૨	3
૧.	શાહીબાગ	૧. નાડિયાવાડ ભોગીલાલ ત્રિકમદાસની ચાલી.
		૨. ઉત્તર ગુજરાત સંગમ સોસાયટી મીના બજાર,મણીનગર.
		3. પ્રિતમપુરા સોસાયટી નં.૨, ગીરધરનગર.
		૪. મેડાવાળો ચાલી, બાણિયા લીમડી ચાર રસ્તા, ગીરધરનગર.

૧	૨	૩
		૫. હિંમતનગર કો-ઓપરેટીવ સોસાયટી, મીના બજાર, ગીરધરનગર.
		૬. નારણ પટેલની ચાલ, મેઘાણીનગર.
		૭. રોહીદાસનગર મેઘાણીનગર નજીકના છાપરાં.
		૮. રામલાલનગરના છાપરા, ચમનપુરા, મેઘાણીનગર.
		૯. ચમનપુરા હાઉસીંગ બોર્ડ.
		૧૦. કલાપીનગર.
		૧૧. કેશવલાલ કાચવાલા ચાલ, ચમનપુરા.
		૧૨. સોમાભાઇ કુંભારની ચાલ, છાપરા.
		૧૩. ગફુરમિયાનાં છાપરા નર્મદાબેનની ચાલ, ચમનપુરા.
		૧૪. મેઘાણીનગર હાઉસીંગ.
		૧૫. ડો.ગાંધીની ચાલ.
		૧૬. સંતોકબાઇની ચાલ, ચમનપુરા.
		૧૭. હુકમસિંધની ચાલ, ચમનપુરા.
		૧૮. ચંદુલાલની ચાલ.
		૧૯. ગણેશ કુંભારની ચાલ, ચમનપુરા.
		૨૦ નગારાપોળ, હાજીસતાર, અસારવા અન્ડરબ્રીજ.
		૨૧. ધૂપનગર.
૨.	શહેર કોટડા	૧. જાલમખુરીની ચાલ.
		૨. પઠાણની ચાલ.
		૩. ગણેશકુંભારની ચાલ.
		૪. અશોક મીલની ચાલ.
		૫. લક્ષ્મીપુરાની ચાલ.
		૬. મુળચંદ કુલાચંદની ચાલ.

INDEX

૧	૨	3
		૭. ભાવસારની ચાલ.
		૮. જજ સાહેબની ચાલ.
		૯. આમલીવાડ સરસપુર.
		૧૦. ચુનીલાલ જેઠાલાલની ચાલ.
		૧૧. નિરંજનની ચાલ.
		૧૨. પતારાવાળી ચાલ.
		૧૩. લલ્લુ ગોરધનની ચાલ.
		૧૪. મુની ચાલ, એસ.ટી.વર્કશોપ નજીક, સૈજપુર બોઘા.
		૧૫. સેઇફી સોસાયટી.
		૧૬. સરસપુર વોરાના રોજા, અમદુપુરા.
		૧૭. રોશનલાલની ચાલ.
		૧૮. રમણલાલ ડાહ્યાલાલની ચાલ.
		૧૯. સુલેમાન રોજાની ચાલ.
		૨૦. બાઇ જીવીની ચાલ.
		૨૧. ત્રિકમલાલની ચાલ.
3.	કાળુપુર	૧. ટંડશાળ પોળ.
		૨. પાંચપટ્ટી મન્સુરી મહોલ્લા.
		3. દુર્ગા માતાની પોળ
		૪. દોશી વાડાની પોળ.
		૫. ફાલ્કા પોળ.
		૬. મોટા તરગાળા પંચની વાડી, નાયકવાડી.
		૭. છોટા ભટ્ટની મડકી.
		૮. બિસ્કોલીની પોળ.
		૯. ભંડેરી પોળ.
		૧૦. સુલતાન મહોલ્લા.

INDEX

૧	૨	૩
		૧૧. કંકોડીવાડ.
		૧૨. બલુચવાડ.
		૧૩. વીસાની મડકી.
		૧૪. વડની પોળ.
		૧૫. ચરમશાની પોળ.
		૧૬. ડંગદીગારાની પોળ.
		૧૭. ભોલાની પોળ.
		૧૮. જોતીગિશાની પોળ.
૪.	દરિયાપુર	૧. કબારવાડ.
		૨. મોટી અલીની પોળ.
		૩. નાની અલીની પોળ.
		૪. નગીના પોળ.
		૫. જોર્ડન રોડ (બંને બાજુ)
		૬. વાડીગામ.
		૭. સલાટવાડા.
		૮. સજ્જન જમાદારનો મહોલ્લો.
		૯. સૈયદ વાડા.
		૧૦. મોચી પોળ.
		૧૧. રામલાલનો માડો શાહપુર.
		૧૨. પઠાણની ચાલ.
૫.	ગોમતીપુર (બાપુનગર)	૧. બારસંચાની પોળ.
		૨. પન્નાલાલની ચાલી.
		૩. ઈન્દીરા ગરીબનગર નં.૧, ૨
		૪. સંજયનગર.
		૫. વોરાની ચાલી.

INDEX

૧	૨	3
		૬. ગુજરાત હાઉસીંગ બોર્ડ, ૧૨ બ્લોક.
		૭. ગુજરાત હાઉસીંગ બોર્ડ, ૧૬ બ્લોક.
		૮. ભક્તિનગર.
		૯. મલેક સાબાન સ્ટેડિયમ દરગાહ.
		૧૦. ચકુડિયા મહાદેવ વિસ્તાર.
		૧૧. ગુજરાત હાઉસીંગ બોર્ડ, ત્રણ બ્લોક.
		૧૨. ગુજરાત હાઉસીંગ બોર્ડ, આઠ બ્લોક.
		૧૩. ગુજરાત હાઉસીંગ બોર્ડ, અગિયાર બ્લોક.
		૧૪. મોરારજી ચોક.
		૧૫. સારંગપુર ફાટકથી અજંતા મીલ ટોલનાકા સુધીનો બંને બાજુનો માર્ગ.
		૧૬. સુખરામનગર.
		૧૭. લાલ મીલથી ગોમતીપુરનો ક્રોસ રોડ.
		૧૮. કાલહારી મસ્જીદ.
		૧૯. નૂરનગર.
		૨૦. અર્બન સોસાયટી.
		૨૧. સુન્દરમ્ નગર.
		૨૨. મનુ સાહેબની ચાલી.
		૨૩. બાપુનગર મ્યુનિસિપલ રૂટ નં.૧૪૭ થી હરદાસ નગર ચોકી બ્લોકસ સુન્ની અર્બનનગરની સામે.
		૨૪. ઝુલતા મિનારા કોઠાવાલી ચાલી.
		૨૫. મોહનલાલની નવી ચાલી.
		૨૬. સમશેર બાગ.
		૨૭. મરીયમ બાંબીની ચાલી.
		૨૮. મન્સુરીની ચાલી.

INDEX

૧	૨	3
		૨૯. છોટાલાલની ચાલી શંકરપુરા.
		૩૦. નૂરબાઇ ધોબીની ચાલી.
		૩૧. કાશીબેનની ચાલી.
		૩૨. સૂવા પંખીની ચાલી.
		૩૩. હાજી ગફરની ચાલી, ઉષા સિનેમા નજીક.
		૩૪. લાલભાઇ ફકીરની ચાલી.
		૩૫. સત્તાર સીંધની ચાલી, ચારટોડા કબ્રસ્તાન.
		૩૬. હીરા ધાંચીની પોળ.
૬	ઓઢવ	૧. રહેમતનગર.
		૨. અંસારી નગર.
		૩. સોનીની ચાલી.
		૪. રબારીની કોલોની.
		૫. મનુભાઇના કુવા.
		૬. પન્ના એસ્ટેટ
		૭. હસન શહીદની દરગાહ.
		૮. છોટાલાલની ચાલી.
૭	અમરાઇવાડી	૧. બોમ્બરા પોલીસ ચોકી વિસ્તાર, અનુપમ સીનેમા રોહિત સરકલ નજીક વિ.
		૨. સી.ટી.એમ. પોલીસ ચોકી હેઠળનો કેટલોક વિસ્તાર.
		૩. હાટકેશ્વર મહાદેવ.
		૪. જય ભારતીની ચાલી.
		૫. રામોલ ગામ.
		૬. જનતાનગર.
		૭. ભાનવાડી.
		૮. ગુલાબનગર.
		૯. મદ્રાસી મંદિર રેલ્વે કોલોની.

INDEX

૧	૨	3
૮.	મણીનગર	૧. મિલ્લત નગર.
		૨. અહબાબનગર શાહઆલમ.
૯	કાગડાપીઠ	૧. પઠાણની ચાલી.
		૨. ભુલાભાઇ પોલીસ ચોકી વિસ્તાર.
		3. રામ રહીમ ટેકરા.
		૪. વસંબા રજબનગર અને પરિક્ષિત લાલ નગર.
		૫. દશરથ મુખીની પોળ.
		૬. સન્ધીયાનવાળી ચાલી.
		૭. ગ્રીન ક્રોસ સોસાયટી.
		૮. અલ્લાહ નગરના છાપરા.
		૯. કબાડી માર્કેટ નં.૧, ૨
		૧૦. શાહ આલમ વિસ્તાર.
		૧૧. વિનયકુંજ કો.ઓ.હાઉસીંગ સોસાયટી.
		૧૨. નિર્ભય નગર કો.ઓ.હાઉસીંગ સોસાયટી.
		૧૩. કિર્તિકુંજ સોસાયટી.
		૧૪. ભાવના સોસાયટી.
		૧૫. સ્વામીનારાયણ કોલેજ વિસ્તાર.
૧૦	વટવા	૧. સઇફી સોસાયટી.
		૨. સમ્રાટ નગર.
		3. વટવા મસ્જિદ
		૪ વટવા પંચાયત ઓફીસ.
		૫. ઇસનપુર ગામ
		૬. વિવેકાનંદ નગર, હાથીજણ.
૧૧.	નરોડા	૧. મુસ્લીમ મહોલ્લા.
		૨. નરોડા સુતારનાં કારખાના.
		3. સંજયપુર જાફર હસમની ચાલી.
		૪. દીપનગર કઠવાડા રોડ.

INDEX

૧	૨	૩	
		૫.	કિશનનગર છાપરા
		૬.	નથ્થા નગર
		૭.	કિશનનગર ચાર રસ્તા
		૮.	ઠંડરનગર ચાર રસ્તા
		૯.	ડેવડાજીની ચાલી
		૧૦.	નરોડા બેઠક મફતલાલના છાપરા
		૧૧.	સૈજપુર જી.ડી. હાઇસ્કૂલ
		૧૨.	સૈજપુર છારાનગર સામે
		૧૩.	સૈજપુર ફટેલી પઠાણની ચાલી
		૧૪.	નરોડા જી.આઇ.ડી.સી. ની ચાલી
		૧૫.	સંજય નગર નાના ચીલોડા
		૧૬.	ઇન્ડિયા કોલોની
		૧૭.	નાનાં ચિલોડા
		૧૮.	નરોડા કાંકરીયાની ચાલી
૧૨.	સરદાર નગર	૧.	મહાજનીયા છારાવાડ
			રાજાવીર દરગાહ
૧૩.	એલિસબ્રીજ (વેજલપુર)	૧.	મ્યુઝિયમ નારાયણ નગર ભઠ્ઠા
		૨.	જુહાપુરા
		૩.	વેજલપુર ગામ
		૪.	જીવરાજ પાર્ક
		૫.	ગુપ્તાનગર
૧૪.	ગાયકવાડ હવેલી	૧.	વેરાઇ માતાની પોળ
		૨.	કાજીના ધાબુ
		૩.	ભેસાપોળ
		૪.	વાડા શેરી
		૫.	સૈયદ વાડો
		૬.	ગુંદી વાડ
		૭.	પઠાણની ચાલી
		૮.	તાડની શેરી
		૯.	કડવા શેરી
		૧૦.	ભાલા પોળ

૧	૨	3
		૧૧. ભુંગારી પોળ
		૧૨. બાંધણીવાળાનો ખાંચો
		૧૩. રુપલવાળાની પોળ
		૧૪. ટોડરશાની પોળ
		૧૫. સાળવીની પોળ
		૧૬. રાયખડ નવાવાસ પટેલવાસ
		૧૭. રાયખડ મરાઠાવાસ
		૧૮. ટેકરાવાલો વાસ ભઠિયારવાડ
		૧૯. કાદરીની પોળ, જયશંકર સુદરી હોલની સામે
		૨૦. પુંજાલાલની ચાલી
		૨૧. મારુવાસ
		૨૨. અંજુમન હાઇસ્કૂલ વણકરવાસ તાડિયાવાડની પાછળ
		૨૩. બાબજીની પોળ
		૨૪. રાયખડ મંડિયા કુવા, ઓપેરા ગેસ્ટ હાઉસ નજીક
		૨૫. સોમનાથ ભુદરની ચાલ, જમાલપુર દરવાજા બહાર
		૨૬. દુગલપુરા (વસંત રજબઅલ નજીક)
		૨૭. મ્યુનિસિપાલિટી નવી ચાલી કાચનો મસ્જિદ નજીક
		૨૮. રાયખડ મંત્રીવાડ
		૨૯. રાયખડ ખટકી શેરી
૧૫.	આસ્ટોડિયા	૧. સરકોલાડ સારંગપુર
		૨. છબીલા હનુમાન નજીક, રાવળ શેરી
		3. મુન્શીનો ખાંચો
		૪. ગોલવાડ
		૫. આસ્ટોડિયા ભૂતની આંબલી નજીક
		૬. કોઠની પોળ
		૭. વડની પોળ

INDEX

૧	૨	૩
		૮. પાંચ હાટડાની પોળ
		૯. કિશોર ગલિયારાની પોળ
		૧૦. બુટ્ટીવાડ
૧૬.	કારંજ	૧. વનમાળી વાંકાની પોળ
		૨. શાહપુર નાગોરીવાડ
		૩. આંબાવાડી વડવાળી મહેતાની પોળ, શાહપુર
		૪. સરકીવાડ
		૫. ડહેલાવાડી મકડી
		૬. નાની રંગીલા પોળ
૧૭.	શાહપુર	૧. શ્રેયસ હાઇસ્કૂલ, મ્યાનપુર
		૨. કલ્યાણવાડ, ભીલવાસ
		૩. મિરઝાપુર તકીયા
		૪. શાહપુર મીલ કમ્પાઉન્ડ, સત્યમ્ સોસાયટી
		૫. ડાણીમાડ
		૬. જુલાઇવાડા
૧૮.	નવરંગપુરા	૧. મુસ્લિમ સોસાયટી
		૨. ત્રિકમલાલ કબ્રસ્તાન, એલીસબ્રીજ પોલીસલેનની સામે
		૩. પીર જામનશાહ દરગાહ
		૪. સૌમ્ય સોસાયટી, નવરંગપુરા
		૫. નવરંગપુરા ગામ દરગાહ વિસ્તારની સામે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. સી. શાહ,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION,REVENUE DEPARTMENT NO.GHM-93/26-M-RGN/1091/2528/H-1, DATED THE 15TH FEBRUARY, 1993.

મહેસૂલ વિભાગનું, તા. ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩નું સરકારી
જાહેરનામું ક્રમાંક: જીએચએમ/૯૩/૨૬/એમ-આરજીએન/
૧૦૯૧/૨૫૨૮/એચ-૧, સુધારવા સબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓકટોબર, ૧૯૯૩.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબતનો અધિનિયમ, ૧૯૯૧.

ક્રમાંક: જીએચએમ/૯૩/૧૩૧/એમ-આરજીએન/૧૦૯૧/૨૫૨૮-એચ-૧ - ગુજરાત અશાંત વિસ્તારોમાંથી સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગ્યામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઇ કરવા બાબતના અધિનિયમ, ૧૯૯૧ (સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨ મા) નો કલમ 3 થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગનું તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જીએચએમ-૯૩/૨૬/એમ-આરજીએન/૧૦૯૧/૨૫૨૮/એચ-૧, નીચે પ્રમાણે સુધારે છે. :-

સદરહુ જાહેરનામામાં -

(૧) ''પોલીસ કમિશનરની કચેરી'' એ શબ્દોને બદલે, ''પોલીસ કમિશનરની કચેરી અને જિલ્લા પોલીસ સુપરિન્ટેન્ડન્ટ (ગ્રામ) અમદાવાદ'' એ શબ્દો મૂકવા.

(૨) ''તારીખ 31મી ઓકટોબર, ૧૯૯૩'' એ શબ્દોને બદલે, '' તારીખ 31મી ઓકટોબર, ૧૯૯૪'' એ શબ્દો મૂકવા;

(3) અનુસૂચિમાં:-

(૪) શીર્ષકમાં, ''અમદાવાદ શહેરના વિસ્તારો'' એ શબ્દોને બદલે ''અમદાવાદ શહેર અને અમદાવાદ ગ્રામના વિસ્તારો'' એ શબ્દો મૂકવા;

(૫) અનુક્રમાંક ૧૮ની નોંધ પછી, નીચેનો મજકૂર ઉમેરવો :-

૧.	૨.	3.
'' ૧૯. વેજલપુર	૧. જુહાપુરા ૨. તમામ ગામતળ અને સીમતળ વિસ્તાર સહિતનું સમગ્ર વેજલપુર ગામ.	

INDEX

૧.	૨.	૩.
		૩. જીવરાજપાર્ક વિસ્તાર.
		૪. વાસણા ટોલનાકા અને સમગ્ર ગુપ્તાનગર વિસ્તારથી ૧૩૨ ફૂટના માર્ગની બન્ને બાજુએ આવેલ, સોસાયટી વિસ્તાર.
		૫. શાસ્ત્રીપુલથી વિશાલા હાઇવે સર્કલના માર્ગની બન્ને બાજુએ આવેલ સરવેનંબરો (સીમતળ)નો સોસાયટી વિસ્તાર.
૨૦.	સરખેજ (અમદાવાદ ગ્રામ)	૧. સરખેજ ગ્રામ પંચાયત.
		૨. મકરબા ગ્રામ પંચાયત. "

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ.એન. દવે,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, APRIL 27, 1995/VAISAKHA 7, 1917 [No. 17

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/સન ૧૯૯૫નો ૮૨/ઈએલસી/૧૦૯૪/૪૪૬૪/ગનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ર. વિ. મેંગદે,
સરકારના ઈન્ચાર્જ સંયુક્ત સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE GUJARAT PANCHAYATS ELECTION RULES, 1994.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી-૧૯૯૫-નો ૮૨-ઈએલસી-૧૦૯૪-૪૪૬૪-ગ.—ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા સંબંધી નિયમોનો અમુક મુસદ્દો, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫) થી ફરમાવ્યા પ્રમાણે, પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫/નો ૫૧/ઈએલસી/૧૦૯૪/૪૪૬૪/ગ હેઠળ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૧ એ ના પાના ૭૦-૧ થી ૭૦-૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૯મી એપ્રિલ, ૧૯૯૫ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં, મળેલા વાંધા અને સૂચનો, સરકારે વિચારણામાં લીધાં હતાં;

તેથી, હવે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૫(૨) સાથે વાંચતા, કલમ ૨૭૪ની પેટા-કલમ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, ગુજરાત પંચાયત ચૂંટણી (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪માં (જેનો હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં આમુખમાં પરિચ્છેદમાં" કલમ ૫૧" આ શબ્દ અને આંકડાને બદલે, "કલમ ૧૫" એ શબ્દ અને આંકડા મુકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩ પછી નીચેના નિયમો મૂકવા :—

"૩-ક. મતદાર યાદીમાં સુધારા કરવા, રદ કરવા અથવા નોંધ ઉમેરવા માટેની અરજી :—મતદાર યાદીમાં સુધારા કરવા, રદ કરવા, અથવા નોંધ ઉમેરવા માટે, નિર્દિષ્ટ અધિકારીને, કલમ-૨૦ની પેટા-કલમ (૩) હેઠળની અરજી, નમૂના ૧-ક મુજબ કરવી જોઈશે.

૩.ખ મતદારયાદીમાં નોંધનો સમાવેશ કરવા માટેની અરજી.—મતદાર યાદીમાં નોંધનો સમાવેશ કરવા માટેની નિર્દિષ્ટ અધિકારીને કરવાની કલમ ૨૦ની પેટા-કલમ (૪) હેઠળની અરજી, નમૂના ૧ખ મુજબ કરવી જોઈશે.

૩-ગ. નિર્દિષ્ટ અધિકારીએ સમય નક્કી કરવા બાબત. (૧) નિર્દિષ્ટ અધિકારી, (જરૂરી હોય ત્યારે સુનાવણીની તક આપવા સહિત) પોતાને યોગ્ય લાગે તેવી તપાસ કર્યા પછી, નિયમ-૩-ક અને ૩ખ હેઠળની અરજી દ્વારા કરેલ દાવાનો નિર્ણય કરવો જોઈશે, અને નિર્દિષ્ટ અધિકારી દાવો નામંજૂર કરે ત્યારે, તેણે તે અનુસાર અરજદારને જાણ કરવી જોઈશે.

(૨) નિર્દિષ્ટ અધિકારીએ નિયમ ૩-ક અથવા ૩-ખ હેઠળની અરજી મળ્યાની તારીખથી સાત દિવસની અંદર, દાવાનો નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો જોઈશે.

૪. સદરહુ નિયમોમાં, ભાગ ૩માં "સામાન્ય જોગવાઈઓ"એ શિર્ષક પછી, પણ નિયમ ૫ પહેલાં, નીચેનો નિયમ દાખલ કરવો :—

"૪-ક. જિલ્લા ચૂંટણી અધિકારી :—દરેક જિલ્લા માટે અને દરેક ચૂંટણી માટે, ચૂંટણી પંચ એક જિલ્લા ચૂંટણી અધિકારી મુકરર કરશે અથવા નિયુકત કરશે, જે રાજ્ય સરકારનો અથવા પંચાયતનો અધિકારી રહેશે.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬માં, પેટા-નિયમ (૧)માં, "ઉમેદવારોની યાદી" એ શબ્દો પૈકી "ગુજરાતી કક્કાવારી પ્રમાણે" એ શબ્દો દાખલ કરવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૫૮માં, પેટા-નિયમ (૮)માં, ખંડ (ખ)માં, શબ્દ SO ને બદલે શબ્દ "NO" મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૬૩માં,—
પેટા નિયમ (૫) માં, ખંડ (ગ)ને બદલે, નીચેનો ખંડ મૂકવો :—

(ગ) આથી વ્યકિત ખંડ (ક) માં ઉલ્લેખેલ પસંદગી ન કરે તો,—

(૧) આવી વ્યકિત એકજ પંચાયતના એક કરતાં વધુ ચૂંટણી વિભાગમાંથી ચૂંટાયા ત્યારે, જે ચૂંટણી વિભાગમાંથી તેણે સૌથી વધુ મતો મેળવ્યા હોય તે ચૂંટણી વિભાગમાંથી ચૂંટાયેલી છે એમ ગણાશે અને બીજી બેઠક અથવા બેઠકો, ખાલી પડેલી ગણાશે.

(૨) આવી વ્યકિત એક જ ગ્રામ પંચાયતના સભ્ય અને સરપંચ, એમ બન્ને તરીકે ચૂંટાઈ હોય ત્યારે તે, સરપંચ તરીકે ચૂંટાયેલી છે એમ ગણાશે, અને બેઠક અથવા બેઠકો ખાલી પડેલી ગણાશે."

૮. સદરહુ નિયમોમાં, નમૂના ૧ પછી, નીચેના નમૂનાઓ દાખલ કરવા :—

INDEX

"નમુનો ૧૬"

(જુઓ નિયમ—૩-ક)

મતદારોની યાદીમાં સુધારા કરવા, રદ કરવા અથવા નોંધ ઉમેરવા માટેની અરજી.

પ્રતિ,

નિર્દેષ્ટ અધિકારી,
.....ચૂંટણી વિભાગ,

સાહેબ,

હું રજૂઆત કરું છું કે ..... મતદાર વિભાગ માટેની મતદાર યાદી, ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગ સાથે નીચે પ્રમાણે જોડી પડે છે :—

૧. "....." તરીકે..... મતદાર વિભાગ માટેની મતદાર યાદીના ભાગ નંબર.....માં અનુક્રમાંક.....આગળની મારા સંબંધી નોંધ સાચી નથી, તે સુધારીને નીચે પ્રમાણે વાંચવી :—

---

૨. મારા સંબંધી.....મતદાર વિભાગની મતદાર યાદીના ભાગ નંબર.....માં અનુક્રમાંક.....આગળની નોંધ :—.....
.....ના પુત્ર/પત્ની/પુત્રી.....ને, મતદાર યાદીના ભાગ નંબર.....માં બદલનું કારણ મારુ સામાન્ય રહેઠાણનું સ્થળ.....સ્થળે બદલ્યું છે, જે એક જ મતદાર વિભાગમાં છે.

૩. શ્રી/શ્રીમતી/કુમારી.....જે.....ના પુત્ર/પત્ની/પુત્રી છે તેને લગતી .....મતદાર વિભાગ માટેની મતદાર યાદીના ભાગ નંબર.....માં અનુક્રમાંક..... આગળની નોંધ, રદ કરવાની જરૂર છે કારણ કે સદરહુ વ્યકિત, મૃત્યુ પામી છે/તે.....વિસ્તારમાં ઘણાં લાંબા સમયથી સામાન્ય રીતે રહેતી નથી/નીચેના કારણસર મતદાર યાદીમાં નોંધાવા માટે હકદાર નથી :

૪. મારા સંબંધી નોંધ એટલે કે ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના ભાગ નંબર.....માં અનુક્રમાંક.....તી આગળ જણાય છે તે પણ મારા સંબંધી આવી નોંધ.....મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં જણાતી નથી. તેથી મારા સંબંધી આવી નોંધ, સદરહુ મતદાર યાદીમાં ઉમેરવી.

હું જાહેર કરું છું કે ઉપર જણાવેલી હકીકતો મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ સાચી છે.

હું જાહેર કરું છું કે, હું.....મતદાર વિભાગનો મતદાર છુ અને તે વિભાગની મતદાર યાદીના ભાગ નંબર.....માં અનુક્રમાંક.....આગળ નોંધાયેલો છુ.

સહી/અંગૂઠાનું નિશાન.

સ્થળ :—

ટપાલનું પૂરુ સરનામું :—

તારીખ :—

નોંધ.—જે કોઈ વ્યકિત, ખોટુ હોય અને ખોટુ હોવાનું પોતે જાણતી હોય અથવા માનતી હોય અથવા સાચું હોવાનું માનતી ન હોય તેવું કોઈ નિવેદન અથવા એકરાર કરે તેવી કોઈપણ વ્યકિત, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ-૨૬ હેઠળ શિક્ષાને પાત્ર છે.

INDEX

નમૂનો ૧–ખ

(જુઓ નિયમ ૩.ખ)

મતદાર યાદીમાં નોંધનો સમાવેશ કરવા માટેની અરજી.

પ્રતિ,
નિર્દિષ્ટ અધિકારી,

.....મતદાર વિભાગ

સાહેબ,

હું લાયકાતની તારીખ એટલે કે સન ૧૯..... ના જાન્યુઆરી મહિનાની .....તારીખ પછી, કેન્દ્રીય અધિનિયમ હેઠળ ગુજરાત વિધાનસભાની મતદાર યાદીના સંબંધિત ભાગમાં નોંધાવવા માટે હકદાર બન્યો છું.

તેથી, હું વિનંતી કરું છું કે.....મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં.....ને લગતા ભાગ નંબર.....માં મારા નામનો સમાવેશ કરવો.

મારું (પૂરેપૂરું) નામ..... છે.
જાતિ.....
મારા પિતા/માતા/પતિનું નામ..... છે.
મારા રહેઠાણના સ્થળની વિગતો નીચે મુજબ છે :–
ઘર નંબર .....
શેરી/મહોલ્લો.....
નગર/ગામ.....
પોસ્ટ ઓફીસ.....
પોલીસ સ્ટેશન/તહસીલ/તાલુકો/મોજે.....
જિલ્લો.....

હું આથી જાહેર કરું છું કે, મારી ઉત્તમ જાણ અને માન્યતા મુજબ :–

(૧) હું ભારતનો નાગરિક છું.

(૨) તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯.....ના રોજ મારી ઉંમર.....વર્ષની અને..... મહીનાની હતી.

(૩) હું ઉપર જણાવેલા સરનામે સામાન્ય રીતે રહું છું.

(૪) મેં બીજા કોઈ પણ મતદાર વિભાગની મતદાર યાદીમાં મારું નામ સમાવેશ કરવા માટે અરજી કરી નથી.

(૫) .....મતદાર વિભાગ, અથવા બીજા કોઈપણ મતદાર વિભાગ માટેની મતદાર યાદીમાં મારા નામનો સમાવેશ થયો નથી.

સ્થળ ;

તારીખ

અરજદારની સહી અથવા અંગૂઠાનું નિશાન.

નોંધ :–જે કોઈ વ્યકિત, ખોટું હોય અને ખોટું હોવાનું પોતે જાણતી હોય અથવા માનતી હોય અથવા સાચુ હોવાનું માનતી ન હોય તેવું કોઈ નિવેદન અથવા એકરાર કરે તેવી કોઈ પણ વ્યકિત, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ની કલમ ૨૬ હેઠળ શિક્ષાને પાત્ર છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. બી. વસાવા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, MAY 4, 1995/VAISAKHA 14, 1917 [No. 18

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૧મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૯૪નો ૫૪૨/ડીવીપી/૩૧૯૪/૨૪૩૭/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૧મી નવેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૪૨/ડીવીપી/૩૧૯૪/૨૪૩૭/ઓલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો-૧૦મે-ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/૮૬ ઓલ- હેઠળ મંજૂર કરેલી જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાઓની રુએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને
૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૦મો/ડીવીપી-૧૭૮૪/૪૫૩૮/૮૬/ઓલ થી મંજૂર કરેલી જંબુસરની સુધારેલી છેવટની યોજનામાંનો સૂચિત ફેરફાર.

જંબુસરની મંજૂર થયેલી સુધારેલી વિકાસ યોજનામાં રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરેલી, આ સાથે જોડેલ પ્લાનમાં 'A.B.C.D.E.F.G.A.' અને 'H.I.J.K.H.' નિશાનીવાળી જંબુસરના મહેસૂલી સર્વે નંબર ૩૩૦૨/ભાગ, ૩૩૦૩/ભાગ, ૩૩૦૫/ભાગ, ૩૩૦૬/ભાગ અને ૩૩૦૭/ભાગની ૧૨૨૪૧ ચો. મીટરના માપવાળી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ વાણિજ્યિક ઉપયોગ માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :કેએચ-આર-૨૭૪-ઈએસઆઈ-૧૦૯૪-૧૫૦૨-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૪.

ક્રમાંક : કેએચ-આર-૨૭૪-ઈએસઆઈ-૧૦૯૪-૧૫૦૨-એમ(૩).— કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સબ ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૧-ક સાથે વાંચતા, કલમ-૯૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત વોટર રિસોર્સિસ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડના ગુજરાત ટયુબવેલ સબ-ડિવિઝન-૭, અમદાવાદ તારીખ ૧-૧-૯૪ થી તા. ૩૧-૧૨-૯૪ સુધીની એક વર્ષની મુદત માટે, સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

(૨) ઉપરની મુકિત નીચેની શરતોને આધિન છે :—

(૧) જે સબ-ડિવિઝનમાં કામદારોને કામે રાખવામાં આવ્યા હોય તે કારખાનાઓ, મુકિત આપેલ કામદારોનાં નામ અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે;

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો આ જાહેરનામાની રૂએ, જે તારીખથી આપેલી મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચુકવેલ, ફાળાના ઘોરણે સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત આપેલ મુદત માટેના ફાળા ચુકવાઈ ગયા હોય, તો તે પાછા આપવા નહિ;

(૪) સદરહુ સબ-ડિવિઝનના માલિકે, જે મુદત દરમિયાન, તે કારખાનું સદરહુ અધિનિયમનાં અમલને અધીન હોય તે મુદત (જેનો આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ સદરહુ મુદતના સંબંધમાં તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે રજુ કરવા જોઈશે.

(૫) સદરહુ અધિનિયમની કલમ-૪૫ની પેટા કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા ઈન્સ્પેકટરોને અથવા આ અર્થે અધિકૃત કરેલ કોર્પોરેશનના અન્ય કોઈ અધિકારીને—

(૧) કલમ-૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજુ કરેલ કોઈ પત્રકમાંથી વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડો રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી ત્યારે તે મુદત દરમિયાન આવા કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે;

(ક) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય માલિકના અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાવેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતન ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજો, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવાનું અને તેને તે તપાસવા દેવાનું અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં જણાવેલ મુખ્ય માલિકને અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિતક કામદાર હોવાનું માનવાને કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજોની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી,

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭ જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ/૯૪/૨૧૫/આઈબીએ-૧૦૯૧/૨૨૭૧/એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ.બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE INDIAN BOILERS ACT, 1923.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪.

ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩નો ૫મો.)

ક્રમાંક : જીયુ-૯૪/૨૧૫/આઈબીએ-૧૦૯૧/૨૨૭૧/એમ(૩).— કારખાના મેનેજર, એશિયન પેઈન્ટસ (ઈન્ડિયા) લિ., "નિર્મલ," નરીમાન પોઈંટ, મુંબઈ-૪૦૦૦૨૧ (જેનો આમાં હવે પછી "સદરહુ સંચાલન" તરીકે ઉલ્લેખ કરેલ છે તેણે)એમણે રાજ્ય સરકારના શ્રમ અને રોજગાર વિભાગને રજુઆત કરી છે કે સદરહુ સંચાલને, પી. એ. (પબ્લિક એનાઈડ્રાઈડ)ના ઉત્પાદન માટે પ્લોટ નં. ૨૭૦૨, જી.આઈ.ડી.સી. ખાતેનો તેનો પ્રોજેક્ટ અંકલેશ્વર ખાતે નીચેની છ પ્રક્રિયા સાધનસામગ્રી (આર્ટ પ્લાંટનો અંતર્ગત ભાગ) ખરીદીને ચાલુ કર્યો છે, જેમાંની પહેલી ત્રણ સાધનસામગ્રી સ્ટીમ બોઈલર અને ધૂમાડા ઉપદ્રવ ગુજરાત રાજ્ય, અમદાવાદના મુખ્ય ઈન્સ્પેકટર, (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તાધિકારી" તરીકે ઉલ્લેખ કરેલ છે તેના) દ્વારા નોંધાઈ ચૂકયા છે અને બાકીના (અનુક્રમાંક ૪ થી ૬ ઉપરના) ત્રણ હજુ સુધી નોંધાયેલ નથી, કારણ કે ભારત બોઈલર વિનિયમો, ૧૯૫૦ (જેનો આમાં હવે પછી "સદરહુ વિનિયમ" તરીકે ઉલ્લેખ કરેલ છે તે) હેઠળ ફરમાવેલ નમુના ૨, ૩ અને ૪માં બનાવનારના કાગળો પ્રાપ્ય નહોતા અને આથી સદરહુ સંચાલને રાજ્ય સરકારને છેલ્લી ત્રણ પ્રક્રિયા સાધન સામગ્રીની નોંધણીના હેતુ માટે બનાવનારના કાગળો રજૂ કરવામાંથી મુકિત આપવા વિનંતી કરેલ છે.

૧. ઈ--૨૩૨-સોલ્ટ બાથ કૂલર	—નોંધણી નં. જીટી/૨૮૧૬
૨. ઈ--૨૧૩--ગેસ કૂલર	—નોંધણી નં. જીટી/૨૮૦૪
૩. ઈ--૩૧૨--પ્રિટ્રિટમેન્ટ કન્ડેન્સર	—નોંધણી નં. જીટી/૨૮૧૫
૪. ઈ--૩૨૨--પ્રિડિસ્ટીલેશન કન્ડેન્સર	નોંધાયેલ નથી.
૫. ઈ--૩૩૨-મેઈનડિસ્ટીલેશન કન્ડેન્સર-	"
૬. ઈ--૩૩૩--પ્યોર પી. એ. કૂલર	"

અને સદરહુ સત્તાધારીએ ખરાઇ કરી છે કે અનુક્રમાંક ૪ થી ૬ ની સાધનસામગ્રીનું મેસર્સ લોઈડ્ઝ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ લિ., મુંબઈ અને મેસર્સ આનંદ એન્જીનિયર્સ પ્રા. લિ., મુંબઈ એ મેસર્સ દાવી પાવર ગેસ પ્રા. લિ. મુંબઈના તેમના તૃતીય પક્ષકાર નિરીક્ષણ હેઠળ મેસર્સ દાવી મેકી એજી. જર્મનીએ પૂરી પાડેલ ડિઝાઈન અને ઈજનેરી પ્રમાણે, ઉત્પાદન કર્યુ છે અને તેના ઉત્પાદનના દસ્તાવેજો, ભારત બોઈલર અધિનિયમ, ૧૯૨૩ (આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખેલ છે તે)ની અને સદરહુ વિનિયમોની જરૂરિયાત મુજબ હોવાનું જણાયું છે પણ સદરહુ વિનિયમો હેઠળ કોઈ નિરીક્ષણ સત્તાધિકારીએ પરામર્શી ઈજનેરના બનાવનારના કાગળો અને દસ્તાવેજો (સ્ટેજ નિરીક્ષણ અને પ્રમાણીકરણ)કાઢી આપેલ નથી અને તેથી, આ સાધન સામગ્રીને તે સીધી મુકિત આપી શકે તેમ નથી;

અને સદરહુ સત્તાધિકારીએ ભલામણ કરેલ છે કે સદરહુ અધિનિયમની કલમ ૩૪ની પેટા-કલમ (૩)ની મદદથી આ ત્રણ પ્રક્રિયા સાધનસામગ્રીના કાનૂની નિરીક્ષણના વિષયને સુવ્યવસ્થિત કરવાની દ્રષ્ટિએ પેઢીને, સદરહુ અધિનિયમની કલમ ૭ હેઠળ, તેની નોંધણીના હેતુ માટે બનાવનારના કાગળો પૂરા પાડવામાંથી મુકત કરી શકાશે;

હવે, આથી, સદરહુ વિનિયમોના પ્રકરણ ૧ સાથે વાંચતા, સદરહુ અધિનિયમોની કલમ ૩૪ની પેટા કલમ (૩)થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેની ચાર શરતોને આધીન રહીને, ઉપર્યુકત ત્રણ પ્રક્રિયાની સાધનસામગ્રીની નોંધણીના હેતુ માટે સદરહુ અધિનિયમ અને સદરહુ વિનિયમો હેઠળ સત્તાધિકારી સમક્ષ બનાવનારના કાગળો રજૂ કરવામાંથી સદરહુ સંચાલનને મુકત કરે છે:—

૧. સદરહુ સત્તાધિકારી આદેશ આપે તેમ, જરૂરી હોય તો અને જરૂરી હોય ત્યારે સદરહુ સંચાલન આ પ્રક્રિયાની સાધનસામગ્રી-ઓની કસોટી કરાવવા વ્યવસ્થા કરશે.

INDEX

૨. સદરહુ સત્તાધિકારીની દોરવણી પ્રમાણે, જરૂરી હોય તો અને જરૂરી હોય ત્યારે સદરહુ સંચાલન આ પ્રક્રિયાની સાધનસામગ્રી-ઓની મરામત કરાવશે.

૩. સદરહુ સત્તાધિકારી આ પ્રક્રિયાની સાધનસામગ્રીઓનું પરવાનગીપાત્ર ચાલુ દબાણ નકકી કરવા માટે અને તેની મંજૂરી આપવા માટે આખરી સત્તાધિકારી બનશે.

૪. સદરહુ સત્તાધિકારી, સદરહુ અધિનિયમ અને વિનિયમો હેઠળ ફરમાવ્યા મુજબ, કસોટીઓ અને નિરીક્ષણો વગેરેના પરિણામો પર આધારિત આ પ્રક્રિયાની સાધનસામગ્રીઓની નોંધણીને છેવટની નોંધણી તરીકે નકકી કરનાર સક્ષમ સત્તાધિકારી બનશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સાંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિભાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૮૦/ડીવીપી/૨૩૮૬-૩૮૩૪-(૯૪) -એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ

અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૫૮૦-ડીવીપી-૨૩૮૬-૩૮૩૪ -(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૬/ડીવીપી-૨૩૮૭-૧૪૩૬-(૯૦)-એલ, અને જીએચ/વી/૧૯૯૦નો ૭/ડીવીપી-૨૩૮૬-૧૪૩-(૧)-(૯૦)-એલ, હેઠળ મંજૂર કરેલી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સબ ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો તે) ની કલમ ૧૯ની પેટા કલમ-(૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જૂન, ૧૯૯૪નો સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૯૪નો ૩૦૭-ડીવીપી-૨૩૮૬-૧૭૫૬-(૯૪)એલ હેઠળ, તારીખ ૧લી જૂન, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૦૩-૧ થી ૧૦૩-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

INDEX

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

અને સરકારે વિસ્તાર વિકાસ સત્તામંડળ, ભાવનગર સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર, તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૫ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૬/ડીવીપી-૨૩૮૭-૧૪૩-(૯૦)-એલ અને જીએચ/વી/૧૯૯૦નો ૭/ડીવીપી-૨૩૮૬-૧૪૩-(૧)-(૯૦)-એલ, થી વિસ્તાર વિકાસ સત્તામંડળ મંજૂર કરેલ ભાવનગરના વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની યોજનામાંનો ફેરફાર.

ભાવનગર વિકાસ વિસ્તારની વિકાસ યોજનામાં મંજૂર થયેલી "બી. એ. ડી. એ. પડોશ કેન્દ્ર માટે" અનામત રાખેલી ABCDA નિશાનીથી દર્શાવ્યા પ્રમાણેની આશરે ૫૭,૫૦૦ ચો.મીટરના માપવાળી વરતેજના મહેસૂલી સર્વે નં. ૩૯૭/ભાગ, ૩૯૬/ભાગ, ૩૯૫/ભાગની જમીનો, સદરહુ અનામતોમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુ વાલા,
સરકારના ખાસ ફરજપરના અધિકારી અને સંયુકત સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર. ૨જી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૮૧/ડીવીપી--૨૨૯૩--૩૭૧૭--(૯૪)--એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૮૧/ડીવીપી--૨૨૯૩--૩૭૧૭--(૯૪)--એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૮૪/ડીવીપી--૨૮૮૮--૨૫૦૫--(૯૦)-એલ હેઠળ મંજૂર કરેલી દ્વારકા નગર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું; અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી , "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૯/ ડીવીપી/૨૨૯૩--૧૨૯૫--એલ હેઠળ તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ--૪--બીના પાના નંબર ૭૪--૧ થી ૭૪--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૦નો ૮૪/ડીવીપી--૨૮૮૮--૨૫૦૫-(૯૦)-એલ થી મંજૂર કરેલ દ્વારકાની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"દ્વારકા"ની મંજૂર કરેલ વિકાસ યોજનામાં, આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "ખુલ્લી જમીન" માટે મુકરર કરેલી, મહેસૂલી સર્વે નં. ૬૫૯ (જોકર ૧-જી. ૩૨--૦૬ ગામની/આઈ ૭૪૯૨ ચો. મીટર) વાળી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી, અને એ રીતે રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાતના સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯૪/૨૬/સીસીએ/૧૦૮૭/એમયુએમ કે--૭૮/ડનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY CIVIL COURT ACT, 1869

મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૯૪/૨૬/સીસીએ/૧૦૮૭/એમયુએમકે--૭૮--ડ.— મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના મુંબઈના ૧૪મા)ની કલમો, ૨૧, ૨૨--ક અને ૨૩ થી મળેલી સત્તાની રૂએ, અને સિવિલ જજ (સિનીયર ડિવિઝન) મહેસાણાની ખાસ હકૂમતની સ્થાનિક હદોને લાગુ પડે છે તેટલે સુધી, રાજકીય અને સેવા વિભાગના તારીખ ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૪૯ના સરકારી જાહેરનામા ક્રમાંક ૫૨૯૩/૪૬-૧-૩ માં ફેરફાર કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૪ના ડિસેમ્બર, મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી એવો આદેશ કરે છે કે --

(૧) સિવિલ જજ (સિનિયર ડિવિઝન) પાટણની કોર્ટ નાબૂદ કરવી.

(૨) પાટણ ખાતેની કોર્ટ જીલ્લા મહેસાણા (ઉ. ગુ.) ના તાબાની, દિવાની કોર્ટ (સિનિયર ડિવિઝન) રહેશે.

INDEX

(૩) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન સિવિલ જજ (સિનિયર ડિવિઝન) લેશે. જેઓ તેમની કોર્ટ પાટણ (ઉ.ગુ.) ખાતે ધરાવશે;

(૪) સિવિલ જજ (સિનિયર ડિવિઝન) મહેસાણાની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાં સમાવિષ્ટ કરેલ હાલમાં આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ગામો, તેમાંથી બાકાત રાખવા અને સિવિલ જજ (સિનિયર ડિવિઝન) પાટણ (ઉ.ગુ.) ની સાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં તેમનો સમાવેશ કરવો.

(૫) સદરહુ કોર્ટની સામાન્ય હકૂમતની સ્થાનિક હદો, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલા ગામોની બનશે.

અનુસૂચિ.

મહેસાણા જિલ્લામાંના સિધ્ધપુર, પાટણ, ચાણસ્મા, હારિજ અને સમી તાલુકાના તમામ ગામો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે.

વી. બી. ગાંધી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૧/ડીવીપી/૧૪૯૦/૨૭૦૦/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૧/ડીવીપી/૧૪૯૦/૨૭૦૦/રોલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મો) ની કલમ ૧૯ની પેટા—કલમ (૩) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકારના, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના અસાધારણ રાજપત્ર, ભાગ--૪----બીના પાના નંબર ૩૪--૧ ઉપર પ્રસિધ્ધ કરેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૬મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એચ/વી/સન ૧૯૯૨નો ૩૫/ડીવીપી/૧૪૯૦/૨૭૦૦/રોલ ૨૬ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણવિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૫૯૯-૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આરનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગર પાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪.

ક્રમાંક : કેવી-૫૯૯-૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર.— ગુજરાત સરકારે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) હેઠળ સ્થપાયેલ તમામ નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓની સેવાઓ વધુ કાર્યદક્ષરીતે બજાવવાના હેતુ માટે સદરહુ અધિનિયમથી અથવા તે હેઠળ મુખ્ય અધિકારીને સોંપેલા કાર્યો અને ફરજો બજાવવા માટે સેવાની શરતોમાં એક રૂપતા કરવાનું જરૂરી અને ઈષ્ટ ગણ્યું છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૭ ક ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત રાજ્યમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ (જેનો આમાં હવે પછી "નક્કી કરેલા દિવસ" તરીકે ઉલ્લેખ કરેલ છે તે તારીખથી),—

(૧) તમામ નગરપાલિકાઓની બાબતમાં, "ગુજરાત રાજ્ય નગરપાલિકાના મુખ્ય અધિકારીઓની સેવા" એ નામની મ્યુનિસિપલ, મુખ્ય અધિકારીઓની સેવાની રચના કરે છે;

(૨) એવો આદેશ કરે છે કે તે સદરહુ સેવા, એવા વર્ગો, કેડર અને જગાઓની બનશે; અને

(૩) વધુમાં, એવો આદેશ કરે છે કે એવા વર્ગો, કેડર અને જગાઓમાં સમાવિષ્ટ અધિકારીઓ, ગુજરાત રાજ્ય નગરપાલિકાના મુખ્ય અધિકારીની સેવાના ગણાશે.

અનુસૂચિ

બાબત ૧.	પગાર ધોરણ ૨.	રાજ્ય સેવાના કયા વર્ગના છે તે ૩.	મુખ્ય અધિકારીઓની જગા. ૪.
૧. ગ્રેડ--૧ મુખ્ય અધિકારી	૨૨૦૦--૭૫--૨૫૦૦--ઈબી--૧૦૦ ૪૨૦૦	વર્ગ--૧	૧ લાખ અને તેથી વધુ વસતીવાળી નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ.
૨. ગ્રેડ--૨ મુખ્ય અધિકારી	૨૦૦૦--૬૦--૨૩૦૦--ઈબી--૭૫ -૩૨૦૦--૧૦૦--૩૫૦૦	વર્ગ--૨	આ અનુસૂચિની બાબતો (૧) અને (૩) સિવાયની અન્ય નગરપાલિકાઓના મુખ્ય અધિકારીઓ.
૩. ગ્રેડ--૩ મુખ્ય અધિકારી	૧૬૪૦--૬૦--૨૬૦૦--ઈબી--૭૫ --૨૯૦૦	વર્ગ--૩	તમામ નગર પંચાયતોના મુખ્ય અધિકારીઓ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કમલ દયાણી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૫૯૪/ડીવીપી-૩૧૯૩-૩૧૯૭-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૯૪/ડીવીપી/૩૧૯૩/૩૧૯૭/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનો તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી-૩૧૮૬/૨૦૬૭-(૮૮)-એલ. હેઠળ, મંજૂર કરેલી ભરૂચ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં) ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ ની પેટા કલમ(૧)થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૩૪૨/ડીવીપી-૩૧૯૩/૩૧૯૭/એલ હેઠળ, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૪ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર, ભાગ--૪બી ના પાનાં નંબર ૧૩૮-૧ થી ૧૩૮-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે. તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર, તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી જૂન, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૧૩૧/ડીવીપી/૩૧૮૬/૨૬૦૭-(૮૮) એલ થી મંજૂર કરેલી ભરૂચની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભરૂચની (વધારેલી હદની) મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "જાહેર હેતુ" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર "ABCD. EFGHA" નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણેની ભરૂચ—કસકપટ્ટીની ૪૦૦૩૭ ચો.મી. માપની મહેસૂલી સર્વે નંબર ૫૯/૧, ૬૫/૧+૨, ૬૬/૧, ૬૬/૨, ૬૭/૧+૨, ૬૮/૧, પૈકીવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તન્નાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર,. ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪ના ૧૯૫/ડીવીપી--૩૨૯૨/૩૪૭૮/ઓલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૧૯૫/ડીવીપી--૩૨૯૨--૩૪૭૮--ઓલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૧૯/ડીવીપી/૩૨૮૯/૨૬૧૦/(૯૧)/ઓલ, હેઠળ મંજૂર કરેલી વ્યારા નગર (જિલ્લો-સુરત) ની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું; અને સદરહું વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક. ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૨૬૦/ડીવીપી/૩૨૯૨/૩૪૭૮/ઓલ હેઠળ, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ--૪--બી ના પાના નંબર. ૯૯૨ થી ૬૯--૩ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહું ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી:--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી સપ્ટેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ નો ૨૧૯/ડીવીપી/૩૨૮૯/૨૬૨૦/(૯૧)/ઓલ થી મંજૂર કરેલી વ્યારા, જિલ્લો--સુરતની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

વ્યારાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, "નગરપાલિકા માટે જાહેર ગૃહનિર્માણ" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપર A B C D E F G A તરીકે નિશાની કરીને, દર્શાવ્યા પ્રમાણેની વ્યારાના સીટી સર્વે નં. ૧૩૭૮/ભાગ, ૧૮૭૧/-ભાગ, ૧૩૭૫/ભાગ, ૧૩૭૭/ભાગ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, અધિનિયમની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી ૧૯૯૫ના, ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫ નો ૨/ડીવીપી--૧૧૯૩-૪૧૬૭ -(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ નો ૨/ડીવીપી-૧૧૯૩--૪૧૬૭-(૯૪)-એલ.--ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૩નો ૨૦૩--ડીવીપી--૧૧૭૬ ૨૭૭૯- (૮૩)-એલ હેઠળ મંજૂર કરેલી અગાઉના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની હદના વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મો) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ના સરકારી જાહેર-નામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૩/ડીવીપી-૧૧૯૩--૯૦૯-(૯૪)-એલ, હેઠળ તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૪ના ગુજરાત સરકાર અસાધારણ રાજપત્ર ભાગ ૪-બીના પાના નંબર ૪૩-૩ થી ૪૩-૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૯૩/ડીવીપી/૨૮૯૦/૩૯૦૮-(૯૪)-ઓલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી//૧૯૯૪નો ૫૯૩/ડીવીપી/૨૮૯૦/૩૯૦૮-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી/

INDEX

૨૮૮૬/૩૯૨૭/(૮૯)/ઓલ હેઠળ મંજૂર કરેલી સુરેન્દ્રનગરના નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું ;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેર-નામા ક્રમાંક: જીઓચ/વી/૧૯૯૨નો ૨૧૩/ડીવીપી/૨૮૯૦/૨૯૩૮/(૯૨)/ઓલ—હેઠળ તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ--૪--બીના પાના નંબર ૨૨૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

અને સરકારે સુરેન્દ્રનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે. તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર, તારીખ ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી/૨૮૮૬/૩૯૨૭/(૮૯)-ઓલ થી મંજૂર કરેલી સુરેન્દ્રનગરના નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

સુરેન્દ્રનગરની મંજૂર થયેલી વિકાસ યોજનામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલ પ્લાનમાં "ABCDEFGHIJA" નિશાની કરીને દર્શાવેલ, વઢવાણ ગામની મહેસૂલી સરવે નંબર ૧૭૫૩/ભાગ, ૧૭૫૪/ભાગ, ૧૭૭૩, ૧૭૭૧/ભાગ અને ૧૭૫૫/ ભાગ ધરાવતી (વિસ્તારમાં ૨૫,૬૬૫.૦૦ ચો. મીટર) જમીન, સદરહુ મુકરરમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ (૧૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

આ ફેરફાર એ શરતને અધીન રહેશે કે ઉપર્યુકત જમીનોનું વેચાણ, જાહેર લીલામથી કલેકટર, સુરેન્દ્રનગર મારફત સરકારી લિકિવડેટર, ઝાલાવાડ જીનિંગ અને પ્રેસિંગ સહકારી મંડળી દ્વારા કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ (સ્પેશિયલ) ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૬૩/૯૪/એસબીઆઈ/પીઓએ/૨૫૯૩/૧૦૦૫૮ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

INDIAN OFFICIAL SECRETS ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ (સ્પેશિયલ)

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૪.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીજી/૧૬૩/૯૪/એસબીઆઈ/પીઓએ/૨૫૯૩/૧૦૦૫૮.— ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સ્થળ સંબંધી અથવા તેનો નાશ કરવા અથવા તેમાં અવરોધ કરવા અથવા દખલ કરવા સંબંધી માહિતી કોઈ દુશ્મનને ઉપયોગી થાય તેમ છે ;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક : ૨૧/૨૦/૬૨/પોલ (૧) સાથે વાંચતાં ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા) ની કલમ ૨ના ખંડ (૮)ના પેટા ખંડ (૫) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખે અને તે તારીખથી, સદરહુ સ્થળને "પ્રતિબંધિત સ્થળ" તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ :—

૧. આ રાજ્યના પોલિસદળના સભ્યોને ;
૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને ;
૩. ઉપર્યુકત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યકિતઓને; અને
૪. પગારદાર મેજિસ્ટ્રેટોને.

અનુસૂચિ

અનુક્રમાંક	સ્થળનું નામ	સ્થળ	સરવે નંબર, વિસ્તાર અને હદો.	
૧	૨	૩	૪	
૧	૬૬ કે. વી. ઈલેકટ્રીક સબ-સ્ટેશન (જીઈબી). વાજડી--વિરડા.	કાલાવડ રોડ, વિલેજ હોટલ મોટેલની નજીક વાજડી--વિરડા, જિ. રાજકોટ	સરવેનંબર:	: ૧૨૦ પી.
			વિસ્તાર	: ૩ હેકટર.
			હદો પૂર્વ	: જાહેર રસ્તો.
			પશ્ચિમ	: રાજ્યની ખરાબાની જમીન
			ઉત્તર	: સરવે નંબર : ૮૭ અને ૮૮
			દક્ષિણ	: રાજ્યની ખરાબાની જમીન.
૨	૬૬ કે. વી. સબ-સ્ટેશન (જીઈબી) શાપર.	ગામ : શાપર તા. : કોટડા સાંગાણી જિ. : રાજકોટ	સરવે નંબર	: ૨૯૮ પી.
			વિસ્તાર	: ૨૦૪ હેકટર
			હદો પૂર્વ	: રાજકોટ ગોંડલ રાષ્ટ્રીય ધોરીમાર્ગ જે સબ સ્ટેશનથી ૭૦૦ ફુટદૂરછે.
			પશ્ચિમ	: સરકારી જમીન
			ઉત્તર	: સરકારી જમીન
			દક્ષિણ	: ધોલરા ગામનો રસ્તો.
૩	૬૬ કે. વી. સબ--સ્ટેશન (જીઈબી) આજી, જીઆઈડીસી.	આજી જીઆઈડીસી રાષ્ટ્રીય ધોરીમાર્ગ નજીક જિ. રાજકોટ.	સરવે નંબર	: ૧૮૯ અને ૧૯૦
			વિસ્તાર	: ૭૫૮૨ ચો. મીટર
			હદો પૂર્વ	: પ્લોટ નં. ૧૮૮ અને ૭.
			પશ્ચિમ	: પ્લોટ નં. ૧૯૧
			ઉત્તર	: ૧૪ મીટર રસ્તો
			દક્ષિણ	: સરવે નંબર ૧૮૯ અને ૧૯૦ ની બાકીની જમીન.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
તપન રે,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
ગૃહ વિભાગ (સ્પેશિયલ)

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૩/ડીવીપી/૨૫૯૩/૨૬૭૯/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૩/ડીવીપી/૨૫૯૩/૨૬૭૯/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૫નો ૩૮/ડીવીપી/૨૫૮૨-૭૮૫/(૮૫)/એલ હેઠળ મંજૂર કરેલી નવસારી નગરની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ના કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી માર્ચ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૮૫ના ૩૮/ડીવીપી/૨૫૮૨/૭૮૫૦(૮૫)/એલ થી મંજૂર કરેલી નવસારીની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

નવસારીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં " BCDEFGH-IJB " અને " ABJIKLA " તરીકે નિશાની કરીને દર્શાવ્યા મુજબની નગરરચના યોજના નવસારી નં. ૧ (સ્ટેશન વિસ્તાર)ની રેવન્યુ સરવે નંબર ૩૦૬—૩૦૭ પૈકી ફા. પ્લોટ નં. ૬૮ પૈકી અને ૬૯ પૈકી વાળી જમીન સદરહુ મુકરરમાંથી કમી કરવી અને એ રાતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "૯.૦" મીટરના જોડતા માર્ગ સાથેના "રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૪નો ૫૯૮/ટીપીએસ/૨૮૯૩/૩૯૬૦/(૯૪)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૪નો ૫૯૮/ટીપીએસ/૨૭૯૩/૩૯૬૦/(૯૪)/એલ.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સ ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળ, નગર રચના યોજના પાટણ ક્રમાંક ૧ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે;

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, નગરરચના યોજના પાટણ ક્રમાંક : ૧માં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં, પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી, "સદરહુ વિસ્તાર વિકાસ સત્તામંડળ" કહેલ છે તેણે) યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે; અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ વિસ્તાર વિકાસ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂર માટે રાજ્ય સરકારને સદરહુ યોજના સાદર રજૂ કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે,

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળ (પાટણ નગરપાલિકા)ની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

અનુસૂચિ

(૧) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ; આર્થિક રીતે "નબળા વર્ગ માટેના ગૃહનિર્માણ" ને બદલે "ઔદ્યોગિક કામદારો"ના સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગો માટેના ગૃહનિર્માણ" માટે, છેવટનાં પ્લોટ નંબર ૧૫૯ની યોગ્ય સત્તામંડળને ફાળવણી કરતો નિર્ણય લેવો જોઈશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નંબર ૩, ૧૦, ૧૩, ૨૯ થી ૩૪, ૭૦, ૭૧, ૮૦, ૮૬/૧, ૮૬/૨, ૯૨, ૯૩, ૧૧૫, ૧૩૦, ૧૦૦/૧, ૧૦૯, ૧૧૯, ૧૨૭, ૧૨૦, ૧૨૬, ૧૧, ૯૯, ૧૧૪ પૈકી દરેક માટેના વિસ્તારમાં ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે સરખી રહેવી જોઈએ.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીએ, ખુલ્લા પ્લોટ નંબર ૧૭ વિસ્તારના ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે સરખાવી શકાય તેમ ખુલ્લા પ્લોટ નંબર ૧૭ને બદલે યોગ્ય આખરી પ્લોટની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે.

INDEX

(૪) મુસદ્દા યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીઓ, સામાજિક અને આર્થિક પછાત વર્ગોના લોકોના ગૃહ-નિર્માણ માટે ફાળવણી કરવા માટેની જોગવાઈઓ, યોજના વિસ્તારના ૩ ટકા સુધી વધારવા માટે યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને નિર્ણય લેવો જોઈશે. નગર રચના અધિકારી યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલ આખરી પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને, આ યોજના વિસ્તારમાં સરેરાશ પ્લોટોની ટકાવારીને વધાર્યા સિવાય આમ કરવું જોઈશે.

(૫) મુસદ્દા યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીઓ, ખુલ્લા પ્લોટ નં. ૧૨૨ની પૂર્વિય હદ પરના ખુલ્લા પ્લોટ નંબર ૧૨૮ અને ૧૨૬ વચ્ચેના માર્ગ સાથે, આખરી પ્લોટ નંબર ૧૧૮ અને ૧૧૬/૨ વચ્ચેના માર્ગને જોડતા ૧૨ મીટર પહોળા માર્ગની જોગવાઈ કરવા નિર્ણય લેવો જોઈશે. નગર રચના અધિકારીઓ, કલેક્ટર અને યોગ્ય સત્તા મંડળ સાથે વિચાર વિનિમય કરીને આમ કરવું જોઈશે. નગર રચના અધિકારીઓ, કલેક્ટર અને યોગ્ય સત્તા મંડળ સાથે વિચાર વિનિમય કરીને, ખુલ્લા પ્લોટ નંબર ૧૧૮, ૧૨૦, ૧૨૧, થી ૧૨૫ પર સૂચિત નેટવર્ક માર્ગની પણ પુનર્વિચારણા કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી, અને
સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯ મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૬૦૨/ડીવીપી/૧૪૯૨/૨૪૦૮/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી.
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૬૦૨/ડીવીપી/૧૪૯૨/૨૪૦૮/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧/૩૮૪/(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તાર સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીઓચ/વી/૧૯૮૬નો ૪૬/ડીવીપી/૧૪૮૧-૩૮૪-(૮૬)-એલ થી મંજૂર કરેલ સુરત શહેરી વિકાસ વિસ્તારની છેવટની વિકાસ યોજનામાં સૂચિત ફેરફાર

આ સાથે જોડેલા પ્લાનમાં " A B C D A " નિશાની કરીને, વાદળી રંગમાં દર્શાવ્યા પ્રમાણે અને આશરે ૨૨૯૦ ચોરસમીટર માપવાળી સુડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, સુડા દ્વારા, "સી-૨૪ વાણિજ્યિક" માટે અનામત રાખેલી ભાતર ગામની મહેસૂલી સરવે નં. ૫ પૈકીવાળી જમીન, સદરહુ અનામત રાખેલ જમીનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરી રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, લ્મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ લ્મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૨૪/૯૪/એઆરબી/૧૦૯૨/૩૪૦/આઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સાર પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PUBLIC WORKS CONTRACTS DISPUTES ARBITRATION TRIBUNAL ACT, 1992

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, લ્મી ડિસેમ્બર, ૧૯૯૫.

ક્રમાંક : જીકે/૨૪/૯૪/એઆરબી/૧૦૯૨/૩૪૦/આઈ.—ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ ૧૯૯૨ (સન ૧૯૯૨ના ગુજરાતના ૪૫મા) ની કલમ ૩ની પેટા--કલમો (૧) અને (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી ;

(૧) આ અધિનિયમ થી અથવા તે હેઠળ તેને સોંપેલ હકમત, સત્તા અને અધિકાર ચલાવવા માટે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૫ થી ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રીબ્યુનલ નામની ટીબ્યુનલની સ્થાપના કરે છે.

(૨) તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૫ થી નીચે મુજબના સભ્યની નિમણૂંક કરે છે. તેમની નિમણૂંક જે તારીખથી તે હોદ્દાનો ચાર્જ સંભાળે તે તારીખથી ગણાશે.

સભ્ય

(૧) શ્રી એમ. જી. રાઈચુર,
નિવૃત મુખ્ય ઈજનેર.

૨. સદરહુ ટ્રિબ્યુનલનો સભ્ય, સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા--કલમ (૪)માં નિર્દિષ્ટ કરેલ મુદ્દત સુધી હોદ્દો ધરાવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હકમથી અને તેમનાં નામે,

એ. ટી. આચાર્ય,
સરકારના ઉપસચિવ,
કાયદા વિભાગ.

INDEX

REGISTERED NO. G/GR/2.





The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY MAY 25, 1995/ JYAISTHA 4, 1917 [No. 21

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર. ૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૫/ ડીવીપી/૧૮૯૩/૬૯૬/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૬૦૧/ડીવીપી/૧૮૯૩/૬૯૬/એલ.— બોરસદ નગરપાલિકા (જિલ્લો—ખેડા) (જેનો આમાં હવે પછી "સદરહું નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે, તેણે) પોતાની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ, દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ બીજી સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો છે અને સદરહું દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત બીજી સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ—૨ ના પાના નંબર. ૪૨૩ ઉપર પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ, સદરહું નગરપાલિકાએ જે સદરહુ દ્વિતીય સુધારેલી વિકાસ યોજના રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરી હતી તેના મુસદ્દામાં (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં) ફેરફાર કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું.

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ક) ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહું ફેરફારો, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૪નાં ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ—૪—બીના પાના નં. ૧૫૮-૧ થી ૧૫૮-૩ ઉપર, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૪નો ૩૭૪/ડીવીપી/૧૮૯૩/૬૯૬/એલ હેઠળ પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારો સંબંધી કોઈ વ્યકિતને કોઈ વાંધા અથવા સૂચનો હોય, તો તે, તારીખ ૨૨મી ઓગસ્ટ, ૧૯૯૪નું સદરહું સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને ગુજરાત સરકારે, સદરહું ફેરફારોના સંબંધમાં પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા—કલમ (૧) ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે ;

(ખ) આ સાથે જોડેલી અનુસૂચિમાં એ રીતે આખરી સ્વરૂપ આપેલા અને જણાવ્યા પ્રમાણેના ફેરફારોને આધીન રહીને, સદરહું દ્વિતીય સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની સુધારેલી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના જાન્યુઆરી, મહિનાની ૩૧મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અ નુ સૂ ચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની, બોરસદ (જિલ્લો ખેડા) ની સુધારેલી બીજી વિકાસ યોજનાના મુસદ્દામાંના છેવટના ફેરફારો.

(૧) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનામાં મુસદ્દામાં "વાણિજ્યીક ઝોન" અને "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર. ૧૭૦૬/ભાગ ૧૭૦૭-૧૭૦૮-૧૭૦૯, ૧૭૧૨-૧૭૧૮ થી ૧૭૨૫—૨૬ ભાગ અને ૧૭૨૭/ભાગ વગેરેવાળી (મહેસૂલી સર્વે નંબર ૧૭૦૮ સાથે જોડીને) જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક. ૧ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૨) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજ્યીક ઝોન" અને "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૧૬૬૮/ભાગ, ૧૬૬૬ થી ૧૬૭૨, ૧૬૭૮, ૧૬૭૯, ૧૬૯૩ થી ૧૬૯૯, ૧૭૦૧ વગેરેવાળી (મહેસૂલી સરવે નંબર ૧૬૬૮ સાથે જોડીને) જમીનો સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૩) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી. મહેસૂલી સરવે નંબર ૪૨૨/ભાગ અને ૪૩૨/ભાગ વાળી જમીનો સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૪) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર, ૪૪૦, ૪૪૧, ૪૪૨/ભાગ, ૪૪૩, ૪૫૨ થી ૪૫૭ વગેરેવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

(૫) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર, ૪૫૯ થી ૪૬૬ વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૬) દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી નંબર વગરની મહેસૂલી સરવે ૧૭૬૨ અને ૧૬૬૩ની પશ્ચિમે આવેલી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી, અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક. ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

(૭) મહેસૂલી સરવે નંબર ૧૧૩૧/ભાગ, ૧૧૧૨, ૧૧૧૧ અને ૧૧૧૦ માંથી પસાર થતો સૂચિત ૧૮.૦૦ મીટર પહોળો માર્ગ, કમી કરવો અને લાઈન દોરીવાળો માર્ગ આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક (૭) (ક) ઉપર દર્શાવ્યા પ્રમાણે, મહેસૂલી સરવે નંબર ૧૧૧૩ અને ૧૧૧૪ની પશ્ચિમ હદ આગળ બદલવો. એ રીતે મુકત કરેલી સૂચિત માર્ગ હેઠળની જમીન, આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૭ (ખ) ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક), હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી. "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર. ૧૧૧૨ વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક. ૭ (ગ) ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઉપયોગ માટે મુકરર કરવી.

(૮) મહેસૂલી સરવે નંબર. ૧૬૮૫/ભાગ, ૧૬૮૮/ભાગ, ૧૬૮૦/ભાગ, ૧૬૭૪/ભાગ, ૧૬૬૭/ભાગ, વગેરેમાંથી પસાર થતી ૧૨.૦૦ મીટર પહોળી સૂચિત માર્ગ લાઈનદોરી કમી કરવી અને એ રીતે માર્ગમાંથી મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૮ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ, "ઔદ્યોગિક ઝોન", "રહેણાંકના ઝોન" અને "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

(૯) ૧૨.૦૦ મીટર પહોળાઈ ધરાવતી નવી લાઈનદોરીના માર્ગને આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૯ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ મહેસૂલી સરવે નંબર. ૪૩૭, ૪૩૮, અને ૪૪૨ વગેરેમાંથી પસાર થવાનું સૂચન કરવામાં આવશે.

(૧૦) ૧૮.૦૦ મીટર પહોળાઈ ધરાવતો નવો લાઈનદોરીનાં માર્ગને આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ મહેસૂલી સરવે નંબર. ૮૪૭, ૯૫૨, ૯૫૧ વગેરેમાંથી પસાર થવાનું સૂચન કરવામાં આવશે.

(૧૧) "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૧૬૬૮/૧ ભાગવાળી, જમીન. સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૧ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૨) કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર, ૧૪૧૨ અને ૧૬૦૨ વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૨ (ક) અને ૧૨(ખ) ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ 'રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

(૧૩) "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૯૯૮ વાળી જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૧૪) "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૨૬૪૬ વાળી, જમીન, સદરહું ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઙ) હેઠળ "કબ્રસ્તાન" તરીકે મુકરર કરવી.

(૧૫) ગામતલ નગર રચના યોજના નં. ૧ અને નગર રચના યોજના નં. ૨ ના વિસ્તારો માટેની દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાની દરખાસ્તો માટે, અનુક્રમે નકશા નંબર ક, ખ, અને ગમાં નિર્દેશ કરવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ એમ/૯૪/૭૯/એપ-એસટીપી/૧૧૮૦/૬૬૬૪(૨)એચ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

ર. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૪.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૪/૭૯/એમ-એસટીપી/૧૧૮૦/૬૬૬૪/(૨)-એચ.—૧.— મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૨ના ખંડ (ધધ) થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૮૧ના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૮૧/૨૪૫/એમ આરજીએન/૧૧૮૬/૬૬૬૪(૨) એચ ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી કલમ ૩૨ ખ, ૫૩(ક)ના હેતુઓ માટે, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલ નીચેના અધિકારીઓને, તેના કોલમ-૩ માં તેમની સામે નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે મુખ્ય નિયંત્રણ મહેસૂલી સત્તાધિકારી તરીકે નીમે છે.

અનુસૂચિ

અનુ. ક્રમાંક	અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧.	૨.	૩.
૧	સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામક, અને હોદ્દાની રૂએ કમિશનર, રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૨.	ગુજરાત સરકારના સચિવ, મહેસુલ વિભાગ, હોદ્દાની રૂએ શહેરી જમીન ટ્રિબ્યુનલ.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૩.	સ્ટેમ્પ સુપરિન્ટેન્ડેન્ટ અને ઈન્સ્પેક્ટર જનરલ, રજિસ્ટ્રેશન ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૧૬૦/૯૪/એમટીઓ--૩૩૮૧-૬૫૦૭-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જી/જી/૧૬૦/૯૪/એમટીઓ-૩૩૮૧-૬૫૦૭-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨ના ખંડ ૭થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૧૯૮૨નું વખતોવખત સુધારેલ સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/૮૨/૫૮/એમટીઓ/૩૩૮૧/૬૫૦૭/૩/ઈ.-૨ રદ કરીને, ગુજરાત સરકાર, આથી સદરહુ અધિનિયમના હેતુ માટે, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલ દરેક અધિકારીને, સદરહુ અનુસૂચિની કોલમ-૨માં તેની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારો માટે વેરા સત્તાધિકારી તરીકે નીમે છે.

અનુસૂચિ

અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧	૨
૧. વાહન-વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય	સમગ્ર ગુજરાત રાજ્ય,
૨. વાહન-વ્યવહાર નિયામક, ગુજરાત રાજ્ય	સમગ્ર ગુજરાત રાજ્ય
૩. સંયુક્ત વાહન-વ્યવહાર નિયામક, વાહન-વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય,
૪. નાયબ વાહન-વ્યવહાર નિયામક, વાહન-વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય	સમગ્ર ગુજરાત રાજ્ય..
૫. મદદનીશ વાહન-વ્યવહાર નિયામક, વાહન વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૬. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીઓ અને વાહન વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્યની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	સમગ્ર ગુજરાત રાજ્ય.
૭. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(અમદાવાદ શહેર, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટની હદો સહિત) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ.

INDEX

૧	૨
૮. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ.	(અમદાવાદ શહેર મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટની હદો સહિત) અમદાવાદ જિલ્લો, .
૯. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ગાંધીનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ગાંધીનગર જિલ્લો
૧૦. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, મહેસાણા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓ.
૧૧. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, મહેસાણા	મહેસાણા જિલ્લો
૧૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, હિમતનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	સાબરકાંઠા જિલ્લો
૧૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, પાલનપુર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો.	બનાસકાંઠા જિલ્લો
૧૪. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વડોદરા અને ભરૂચ જિલ્લાઓ
૧૫. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા.	વડોદરા જિલ્લો.
૧૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભરૂચ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો	ભરૂચ જિલ્લો
૧૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ગોધરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર-વાહનના ઈન્સ્પેકટરો	પંચમહાલ જિલ્લો.
૧૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, દાહોદ ચેકપોસ્ટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર-વાહનવ્યવહારના ઈન્સ્પેકટર.	પંચમહાલ જિલ્લાની દાહોદ ચેકપોસ્ટ.
૧૯. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, નડિયાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો	ખેડા જિલ્લો.
૨૦. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, નડિયાદ.	ખેડા જિલ્લો.
૨૧. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, સુરત અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ ઈન્સ્પેકટરો	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, સુરત.	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વલસાડ અને તેમની ઓફિસ સાથે, સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	વલસાડ અને ડાંગ જિલ્લાઓ અને વલસાડ જિલ્લામાં ભિલાડ ચેકપોસ્ટ.
૨૪. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભિલાડ ચેકપોસ્ટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	વલસાડ જિલ્લાની ભિલાડ ચેક પોસ્ટ.
૨૫. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, રાજકોટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓ.

INDEX

૧	૨
૨૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, રાજકોટ.	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) રાજકોટ જિલ્લો.
૨૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જામનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	જામનગર જિલ્લો
૨૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો.	સુરેન્દ્રનગર જિલ્લો.
૨૯. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જૂનાગઢ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો.	જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો.
૩૦. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જૂનાગઢ.	જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો.
૩૧. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	કચ્છ જિલ્લો.
૩૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ.	કચ્છ જિલ્લો.
૩૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી ભાવનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા સિવાય) ભાવનગર અને અમરેલી જિલ્લાઓ.
૩૪. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભાવનગર.	ભાવનગર જિલ્લો.
૩૫. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, અમરેલી અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(કોડીનાર તાલુકા સિવાય) અમરેલી જિલ્લો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક ; જી/જી/૯૫/૬૧/એમ.ટી.એ/૧૧૯૨/૬૯/(૧)(ખ) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા, અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૬૧/એમટીએ/૧૧૯૨/૬૯/(૧) ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નિયમોનો મુસદ્દો, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૩૧મી ઓગષ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક./જી/જી/૯૪/૧૦૪/એમટીએ/૧૧૯૨/૬૯/(૧)/ખ હેઠળ તારીખ

INDEX

૩૧મી ઓગસ્ટ, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ--૪ બીના પાના નંબર ૧૬૭/૧ થી ૧૬૭/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સરકારી રાજપત્રમાં સદરહુ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને, સદરહુ જાહેરનામા અંગે કોઈપણ વ્યકિત તરફથી સરકારને વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ધ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

(૧) આ નિયમો, 'મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ--૮માં ખંડ (૩) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(૩)(ક) જે મુદત માટે છેલ્લો વેરો ભર્યો હોય તે મુદત પૂરી થયાની તારીખથી વીસ દિવસની અંદર અથવા રાજય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા આ નિયમોમાં નક્કી કરે તેવી વધારેલી મુદતની અંદર, કલમ ૩ હેઠળ વેરો ભરવામાં આવ્યો હોય ત્યારે,

(ખ) જે મુદત માટે છેલ્લો વેરો ભર્યો હોય તે મુદત પુરી થયાની તારીખથી દસ દિવસની અંદર અથવા રાજય સરકાર, રાજપત્રમાં, જાહેરનામા દ્વારા આ નિયમોમાં નક્કી કરે તેવી વધારેલી મુદતની અંદર, કલમ ૩-ક હેઠળ વેરો ભરવામાં આવ્યો હોય ત્યારે"

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૧૯૭૭/ડીવીપી-૩૧૯૨-૩૧૪૬-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૧૯૭૭/ડીવીપી-૩૧૯૨-૩૧૪૬-એલ. — ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૦/ડીવીપી-૧૩૮૪-૪૫૩૮ (૮૬)-એલ, હેઠળ મંજૂર કરેલ, જંબુસરની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૪ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભાગ-૪ બીમાં પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કાંઈ વાંધા અને સૂચનો મળ્યાં નથી, તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૧૦/ડીવીપી/૧૭૮૪/૪૫૩૮/(૮૬) એલથી મંજુર કરેલી જંબુસરની સુધારેલી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર.

જંબુસરની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ખેતીના ઉપયોગ" માટે મુકરર કરેલી જંબુસરની મહેસુલી સરવે નં. ૧૩૮૧/પૈ (૨-૩૮)એજી/ધરાવતી જમીન સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા મુજબ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૪/૧૭૩/એમવીએ/૫૪૯૨/ઓડી. ૮/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૪.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/જી/૯૪/૧૭૩/એમવીએ/૫૪૯૨/ઓડી.-૮/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૬૫ની મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગના તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૭૮ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૭૮/૮૫/એમવીએ/૪૫૭૭/૭૮૬૫/ઈ રદ કરીને, ગુજરાત સરકાર, આથી.— [redacted]

(૧) મોટર વાહનોના ઉપયોગમાંથી ઉપસ્થિત થતા વ્યકિતઓના મૃત્યુ અથવા તેને થતી શારીરિક ઈજા અથવા આવી રીતે ઉપસ્થિત થવાથી ત્રાહિત વ્યકિતની કોઈપણ મિલકતને થતું નુકશાન સંડોવાયેલ હોય તેવા અકસ્માતોના સંબંધમાં, વળતરના દાવાઓનો ન્યાય નિર્ણય કરવાના હેતુ માટે,

INDEX

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (જેનો આમાં હવે પછી, "દીવાની કોર્ટ અધિનિયમ" તરીકે ઉલ્લેખ છેતે) હેઠળ રચાયેલા દરેક ન્યાયિક જિલ્લા માટે અને અમદાવાદ શહેર કોર્ટ અધિનિયમ, ૧૯૬૧ની કલમ૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના અમદાવાદ શહેરના વિસ્તારો માટે,

(૧) મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (મુખ્ય) અને

(૨) મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (સહાયક),

તરીકે ઓળખાતી મોટર અકસ્માત દાવા ટિબ્યુનલોની રચના કરે છે; અને

(૨) (ક) જિલ્લાના જિલ્લા ન્યાયાધિશને, મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (મુખ્ય)ના એક માત્ર સભ્ય તરીકે નીમે છે.

(ખ) દરેક જિલ્લાના તમામ સંયુકત જિલ્લા ન્યાયાધીશ અને તમામ મદદનીશ ન્યાયાધીશોને મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (સહાયક) સભ્ય તરીકે નીમે છે.

(ગ) મુખ્ય ન્યાયાધીશ, શહેર દીવાની કોર્ટ, અમદાવાદ, મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલના એક માત્ર સભ્ય ગણાશે.

(ઘ) શહેર દીવાની કોર્ટના બીજા ન્યાયાધીશોને મોટર અકસ્માત દાવા ટ્રિબ્યુનલ (સહાયક)ના એકમાત્ર સભ્ય તરીકે નીમે છે.

(૩) એવો આદેશ કરે છે કે—

(ક) (૧) જિલ્લા ન્યાયાધીશના બનતા દાવા ટ્રિબ્યુનલ (મુખ્ય)-એ, જે વિસ્તાર અથવા જિલ્લામાં તેમને મૂકવામાં આવ્યા હોય તે વિસ્તાર અથવા સબંધ જિલ્લામાં થતા અકસ્માતોના સંબંધમાં વળતરના દાવાઓનો ન્યાયનિર્ણય કરવો;

(૨) સંયુકત જિલ્લા ન્યાયાધીશો અને મદદનીશ ન્યાયાધીશોના બનતા દાવા ટ્રિબ્યુનલ (સહાયક)-એ,જે વિસ્તારોમાં તેમને મૂકવામાં આવ્યા હોય તે વિસ્તારમાં થતા અકસ્માતોના સંબંધમાં વળતરના દાવાઓનો ન્યાયનિર્ણય કરવો;

(૩) અમદાવાદ શહેર વિસ્તાર માટેની દાવા ટ્રિબ્યુનલ (મખ્ય) અને દાવા ટ્રિબ્યુનલો (સહાયક),અમદાવાદ શહેરના વિસ્તારમાં થતા અકસ્માતોના સંબંધમાં વળતરના દાવાઓનો ન્યાયનિર્ણય કરશે:

પરંતુ દરેક દાવા ટિબ્યુનલ (મુખ્ય) એ, પોતે ચલાવવાના અને તત્સમાન દાવા ટ્રિબ્યુનલ (સહાયક) એ ચલાવવાના કેસો સંબંધી નિર્ણય કરવો જોઈએ;

(૪) તમામ મોટર અકસ્માતો દાવા ટ્રિબ્યુનલ કોઈપણ રકમના વળતરના દાવાઓ અંગે ન્યાયનિર્ણય કરશે;

(૫) કોઈ અકસ્માતોમાંથી ઉપસ્થિત થતી વળતર માટેની એક કરતાં વધુઅરજીઓ, એક કરતાં વધુ ટ્રિબ્યુનલોને કરવામાં આવી હોય ત્યારે, આવી તમામ અરજીઓ દાવા ટ્રિબ્યુનલ (મુખ્ય)ને તબદીલ થશે અને તે તેનો ન્યાયનિર્ણય કરશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૫નો ૯/ડીવીપી/૨૩૯૪/૪૧૬૬/(૯૪)-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૫નો ૯/ડીવીપી/૨૩૯૪/૪૧૬૬/(૯૪)/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૦નો ૬ અને ૭-ડીવીપી-૨૩૮૭/૧૪૩ અને ૧૪૩ (૧)-એલ હેઠળ મંજૂર કરેલ ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં)ની કલમ ૧૯ના પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે :

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૦નો ૬ અને ૭/ડીવીપી/૨૩૮૭/૧૪૩ અને ૧૪૩(૧) થી મંજૂર કરેલી ભાવનગર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ માટેની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

---

(૧) બાડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, અકવાડા ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૫/૨, ૧૦૫/૩, ૧૦૫/૪, ૧૦૫/૫, ૧૦૩, ૯૨, ૯૦, ૭, ૫, અને ૩માંથી પસાર થતો આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેનો સૂચિત ૩૦.૦ મીટર પહોળો માર્ગ કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

(૨) અકવાડા ગામના મહેસૂલી સરવે નંબર ૧૦૫/૧, ૧૦૫/૨, ૧૦૫/૩, ૧૦૫/૪, ૧૦૪, ૧૦૩, ૯૨, ૯૦, ૭, ૫ અને ૩માંથી પસાર થતો ABGHA અને CDEF તરીકે આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેનો વિદ્યમાન ૨૪.૦ મીટર પહોળો માર્ગ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ઘ) હેઠળ, માર્ગની પહોળાઈ ૩૦ મીટર રહે તેવી રીતે બંને બાજુ સરખા પ્રમાણમાં પહોળો કરવો.

(૩) બાડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણેની, અકવાડા ગામની મહેસૂલી સરવે નંબર ૩/પૈકી, ૪/પૈકી, ૫/પૈકી, ૭/પૈકી, ૯૦/પૈકી અને ૧૬/૧ પૈકી વાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને આ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી
ગૃહ નિર્માણ વિભાગ

———

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૯૫નો ૧૦/એચબીએ/૧૦૯૩/૧૪૮૪/થનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT HOUSING BOARD ACT, 1961.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૦/એચબીએ/૧૦૯૩/૧૪૮૪/થ - ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૧ના ગુજરાતના ૨૮મા ની કલમ ૮ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, તેની કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

૯મી જાન્યુઆરી, ૧૯૯૫ની તારીખથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ/સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ તરીકે નીમે છે અને આદેશ કરે છે કે તેઓ, બીજા હુકમો કરવામાં ન આવે ત્યાં સુધી હોદ્દો ધરાવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. ઓ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર નામા ક્રમાંક : જી/જી/૯૫/૬૨/એમવીએ/૧૧૯૨/જીઓઆઈ/૭/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યોછે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૬૨/એમવીએ/૧૫૯૨/જીએોઆઈ/૭/ખ - મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, ગૃહ વિભાગના તારીખ ૨૫મી ઓગષ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૯૯/એમવીએ/૧૫૯૨/જીએોઆઈ/૭/ખ હઠળ તારીખ ૩૦મી ઓગષ્ટ ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-એ ના પાના નંબર ૮૯-૧ ઉપર, પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સરકારી રાજપત્રમાં સદરહું જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવ્યા હતા ;

અને, સદરહુ મુસદ્દા અંગે કોઈપણ વ્યકિત તરફથી સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૯૬ની પેટા-કલમ (૨)ના ખંડ (૧૮) થી મળેલી સત્તાની રૂએ અને તે અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯માં, નિયમ ૧૨૪ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો.

"૧૨૪ ક શૈક્ષણિક સંસ્થાની બસને અમુક રીતે રંગવા અને ચિહ્ન કરવા બાબત.

શૈક્ષણિક સંસ્થાની બસ પીળા રંગથી રંગવી જોઈશે અને વાહનની બંને બાજુએ સાઠ સેન્ટીમીટર વ્યાસના વર્તુળની અંદર "શૈક્ષણિક સંસ્થા બસ" એ શબ્દો ચીતરવા જોઈશે."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ઓન. ઓસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા [ક્રમાંક/જીએચ/ગોલ/૩/ડીએોનરોસ/૧૮૯૧/૬૮૯/૯૩/રોમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોનો જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SPIRIT DENATURING RULES, 1964.

ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪ સુધારવા સંબંધી જાહેરનામું.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩/ડીએનએસ/૧૦૯૧/૬૦૯/૯૩/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના રૂપમી)ની કલમ ૧૪૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ઝ-૨) ની બાબત (૧) સાથે વાંચતા તેની પેટા--કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાની નીચેના મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ ની પેટા--કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી, નોટીસ આપવામાં આવે છે કે સરકારી રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપયુકત મુદત પૂરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, જી. એસ. સી. ૧, ન્યુમેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ—૩૮૦૦૧૬ ને જે કંઈ વાંધો અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચ/એલ/૩/ડીએનએસ/૧૦૯૧/૬૦૯/(૯૩)/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈના રૂપમા) ની કલમ ૧૪૩ના પેટા--કલમ (૨) ના ખંડ (ઝ-૨) ની બાબત (૧) સાથે વાંચતાં, તેના પેટા--કલમ(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો, 'ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના (સુધારા) નિયમો ૧૯૯૫' કહેવાશે.

૨. ગુજરાત સ્પિરિટ વિકૃત કરવા બાબતના નિયમો, ૧૯૬૪માં, નિયમ--૧૧ માં, ખંડ (૧) માં,—

(૧) નોંધ "(૩)" કમી કરવી;

(૨) પ્રથમ પરંતુકમાં, નોંધ "(૩)" કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ આર--૧૧—ઈ-એસ એઈ—૧૦૯૫—૭૩—એમ (૩) ગુજરાતી અનુવાદ આથી લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યે છે

એ. બી. પારેખી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE EMPLOYEE STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ક્રમાંક : કેએચઆર-૫૧-ઈએસઆઈ-૧૦૯૫-૭૩-એમ(૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪માં)ની કલમ ૯૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન, અમદાવાદને તારીખ ૧/૪/૯૪ થી ૩૧/૩/૯૫ સુધીની એક વર્ષની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુક્તિ આપે છે.

૨. ઉપર્યુકત મુક્તિ નીચેની શરતોને અધીન રહેશે :—

(૧) ઉપર જણાવેલા સંસ્થા/કારખાના કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થાએ અને કારખાનાએ મુક્તિ આપેલ કામદારોના નામો અને હોદા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુક્તિ આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામા દ્વારા જે તારીખથી અપાયેલ મુક્તિ અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ઘોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુક્તિ અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, સદરહુ મુદત તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને (૧)

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે, અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને હકદાર તરીકે ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે:—

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂર લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 1, 1995/JYAISTHA 11, 1917 [No. 22

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તા. ૧--૫--૯૫ થી તા. ૩૧--૫--૯૫ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	રાજપત્રમાં પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
		ભાગ—૯		
૧	૧૧	૨૧૭/૪-૫-૯૫ (જીએચએન-૪) જીએસટી-૧૦૯૫-(એસ-૪૯) (૨૭૯)-ઠ તા. ૧--૫--૯૫ (જીએચએન--૫)જીએસટી-૧૦૯૫/(એસ-૪૯) (૨૮૦) ઠ.	૬-૫-૯૫	વે. અને સં. બા.વિ.
૨	૧૨	૨૩૯/૯-૫-૯૫ (જીએચએન-૬) જીએસઆર-૧૦૯૫--(૭૯)--ઠ તા. ૬--૫--૯૫	૧૫--૫--૯૫	,,
૩	૧૩	૨૪૫/ક્વિ-૬૫-૯૪-એએમએન-૮૦૯૪-૨૬૮૮-પી	૨૬-૫-૯૫	,,

એમ. આર. પટેલ
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 8, 1995/JYAISTHA 18, 1917 [No. 23

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩જી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી મે ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૯૯૫નો એનપીએલ-૪૫૯૫-૮૫૩-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE GUJARAT MUNICIPALITY (COLLECTION OF OCTROI BY LEASE) PUBLIC AUCTION OR PRIVATE CONTRACT RULES, 1995.

ગુજરાત નગરપાલિકા (પટા, જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓક્ટ્રોય ઉઘરાવવા બાબતના) નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી મે, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી/૧૯૯૫નો ૫૮/એનપીએલ/૪૫૯૫/૮૫૩/એમ.—ગુજરાત નગરપાલિકા (પટા, જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓક્ટ્રોય ઉઘરાવવા) બાબતના નિયમો, ૧૯૯૫ માટેનો જાહેરનામાનો મુસદ્દો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત ૩૪મા)ની કલમ ૧૨૯-ક સાથે વાંચતાં કલમ ૨૭૭થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫નાં સરકારી જાહેરનામા ક્રમાંક: કેવી/૧૯૯૫નો ૪૧/એનપીએલ-૪૫૯૫-૮૫૩-એમ હેઠળ તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એના પાના ૭૧-૧ થી ૭૧-૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકતિઓ તરફથી સરકારી રાજપત્રમાં સદરહુ જાહેરનામા પ્રસિધ્ધ થયાની તારીખથી પંદર દિવસની અંદર વાંધાઓ અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને તેથી, સદરહુ મુસદ્દા અંગે, સરકારે, વાંધા અને સૂચનો વિચારણામાં લીધાં છે.

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની પેટા કલમ ૧૨૯-ક સાથે વાંચતાં, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.—(ક) આ નિયમો "ગુજરાત નગરપાલિકા (પટા, જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓક્ટ્રોય ઉઘરાવવા) બાબતના નિયમો, ૧૯૯૫" કહેવાશે.

(ખ) તે ગુજરાત રાજ્યમાંના તમામ નગરપાલિકાઓ/નગર પંચાયતોને લાગુ પડશે.

૨. વ્યાખ્યા : આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે વખતોવખત સુધાર્યા પ્રમાણેનો ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ખ) "નગરપાલિકા" એટલે આ અધિનિયમ હેઠળ રચાયેલી અથવા રચાયેલી હોવાનું ગણાતી નગરપાલિકા/નગરપંચાયત.

(ગ) "ઓક્ટ્રોય" એટલે નગરપાલિકાના ઓક્ટ્રોય નિયમોને જોડેલી ઓક્ટ્રોય અનુસૂચિ અને તેમાં તેનો સમાવેશ થાય છે.

૩. નગરપાલિકાએ, જાહેર હરાજી અથવા ખાનગી કરારથી ઓક્ટ્રોયનો પટો આપવાનો ઠરાવ કર્યો હોય ત્યારે, નગરપાલિકાના મુખ્ય અધિકારીએ, જો તેનો સમાવેશ નગરપાલિકાના ઠરાવમાં ન કર્યો હોય તો ઓક્ટ્રોય ઉઘરાવવા માટે આવી હરાજી અથવા પટા માટે તળિયાની કિંમત નક્કી કરવી જોઈશે અને ત્યાર પછી નગરપાલિકાના નિયામકની પૂર્વમંજૂરી મેળવવી જોઈશે.

૪. નગરપાલિકાના નિયામક તરફથી તળિયાની કિંમતની મંજૂરી મળ્યે, મુખ્ય અધિકારીએ, વિસ્તારમાં બહોળા પ્રમાણમાં વંચાતા એક અથવા વધારે દૈનિક વર્તમાનપત્રોમાં એવા નિવેદન સાથે હરાજીની તારીખ, સમય અને સ્થળ જણાવતી જાહેરખબર આપવી જોઈશે કે હરાજીની બોલીઓ અને શરતોની નકલ, ઠરાવેલી ફીની ચૂકવણી કર્યે નગરપાલિકાની કચેરીમાંથી મળી શકશે :

પરંતુ, જાહેરખબરની પ્રસિધ્ધીની તારીખ અને હરાજીની તારીખ વચ્ચે ઓછામાં ઓછા ચોખ્ખા પંદર (૧૫) દિવસ રહેવા જોઈશે.

૫. મુખ્ય અધિકારીએ, આ સાથે જોડેલી અનુસૂચિ-૧માં ઠરાવેલી બોલીઓ અને શરતોને અધીન રહીને અને નગરપાલિકાના નિયામકની કચેરીએ પ્રતિ નિયુકત કરેલા એક પ્રતિનિધિની હાજરીમાં, જાહેર હરાજી કરવી જોઈશે.

૬. સૌથી ઉંચી બોલી બોલનાર ન હોય તે પ્રસંગ, નગરપાલિકાને અનુકૂળ હોય એવા બીજા બોલી બોલનાર સાથે વાટાઘાટ કરવાનો અને એવી બીજી વ્યકિત સાથે ઓક્ટ્રોયની રકમ નક્કી કરવા માટે વિચારણા કરવાનો હક રહેશે અને સદરહુ કબુલાતનામુ આ નિયમો અને અધિનિયમને અધીન રહેશે.

INDEX

૭. સૌથી ઉંચી બોલી બોલનારે, ઓકટ્રોય (અનુસૂચિ-૨) ઉઘરાવવાનું શરુ કરતાં પહેલાં ઠરાવેલું કબુલાતનામું કરવાનું છે.

૮. પટો, તેના અમલની તારીખથી બે (૨) વર્ષ સુધી અમલમાં રહેશે. સૌથી ઉંચી બોલીની રકમ બીજા વર્ષ માટે ૧૦ ટકા જેટલી વધારાની રહેશે.

૯. વિદ્યમાન પટો પૂરો થાય તેના ઓછામાં ઓછા એક મહિના પહેલાં નગરપાલિકાએ બીજા બે વર્ષની મુદત માટે, હરાજીની કાર્યવાહી પૂરી કરવી જોઈશે

અનુસૂચિ—૧

નિયમ—૫

નગરપાલિકા/નગરપંચાયત ઓકટ્રોય ઉઘરાવવા માટે પટાની હરાજીની બોલીઓ અને શરતો.

૧. બોલી બોલનાર :—

(૧) સગીર અથવા અસ્થિર મગજની ન હોય એવી કોઈપણ વ્યકિત પેઢી અથવા કોઈપણ કોર્પોરેશન, એસોસીએશન અથવા ટ્રસ્ટ, ઓકટ્રોય ઉઘરાવવાના હકો માટે બોલી બોલી શકશે.

(૨) કોઈપણ સંજોગોમાં, બોલી બોલવાનો ઈરાદો ધરાવનારના નામમાં, ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

૨. હરાજી પર બોલી બોલવા અને અરજી રજૂ કરવા બાબત :—

(૧) બોલી બોલનારનો ઈરાદો ધરાવનારે, તળિયાની કિંમતની ૧૦ ટકા જેટલી રકમ સિક્યુરીટી ડિપોઝિટ તરીકે જમા કરાવવી પડશે અને ઠરાવેલા નમૂના (અનુસૂચિ-૨) મુજબ યોગ્ય રીતે ભરીને અરજી આપવી જોઈશે. આ ડિપોઝિટ, હરાજીના દિવસની અગાઉના કામના દિવસે, નગરપાલિકાના મુખ્ય અધિકારીની કચેરીમાં મૂકવી પડશે. આ ડિપોઝિટ, નગરપાલિકાના પ્રમુખની તરફેણમાં, ભારતીય સ્ટેટ બેન્ક અથવા બીજી કોઈપણ રાષ્ટ્રિયકૃત બેન્કોની કોઈપણ શાખાથી લખેલા ડિમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર દ્વારા મૂકવી જોઈશે.

(૨) જે વ્યકિતઓએ સિક્યોરીટી ડિપોઝિટની રકમ અનામત મૂકી હોય અને અહી ઉપર નિયમ ૨(૧)માં જણાવ્યા પ્રમાણે ઠરાવેલા નમુનામાં અરજી કરી હોય તે સિવાય, કોઈપણ વ્યકિતને, હરાજીમાં પ્રવેશ અપવામાં અથવા ભાગ લેવા દેવામાં આવશે નહિ.

(૩) બોલી બોલવાનો ઈરાદો ધરાવનારે હરાજીમાં રૂબરૂ બોલી બોલવી જોઈશે. કોઈપણને, એજન્ટ તરીકે બોલી બોલવા દેવામાં આવશે નહિ સિવાય કે હરાજી ચાલુ થાય તે પહેલાં તેણે મુખત્યારનામું રજૂ કર્યું હોય. બોલી બોલનાર કંપની અથવા પેઢી હોય તો, કંપનીના રજિસ્ટ્રેશનની અથવા યથાપ્રસંગ, ભાગીદારી ખતની પ્રમાણિકૃત નકલ, હરાજી ચાલુ થાય તે પહેલાં રજૂ કરવી પડશે. અને આવા કેસમાં, હરાજીમાં ભાગ લેતાં પહેલાં કંપની અથવા પેઢીનો અધિકારપત્ર રજૂ કરવો પડશે.

(૪) ભાગ લેનારની કોઈપણ ગેરવર્તણુકને લીધે હરાજી મુલત્વી રાખી હોય તો હરાજી દરમિયાન, કોઈપણ બોલી બોલનારને તેની જાણ કરવાની અથવા વાટાઘાટ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ. મુખ્ય અધિકારીને, સદરહુ ભાગ લેનારની સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવાનો હક રહેશે.

(૫) મુખ્ય અધિકારીને, હરાજી મુલતવી રાખવાનો અથવા રદ કરવાનો હક રહેશે. આવા કિસ્સામાં, તેણે, બોલી બોલવાનો ઈરાદો ધરાવનારને, રૂબરૂમાં અથવા રજિસ્ટર્ડ ટપાલ દ્વારા નવી તારીખ અને સમયની જાણ કરવી જોઈશે.

(૬) હથોડી ઠોકવામાં આવે તે વખતે, સૌથી ઉંચી બોલી બોલનારે, હરાજીનું સંચાલન કરનાર અધિકારી મારફત, બોલીની રકમના ૧૦ ટકા રોકડમાં અથવા નગરપાલિકાના પ્રમુખની તરફેણમાં, ડિમાન્ડડ્રાફટ દ્વારા બાનાની રકમ તરીકે ત્રણ દિવસમાં ચૂકવવી જોઈશે. બાનાની રકમ, ત્રણ દિવસમાં ભરવામાં ન આવે તો, અગાઉ થયેલી હરાજી રદ થવાને પાત્ર ગણાશે અને સૌથી ઉંચી બોલી બોલનારને સિક્યુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૭) સૌથી ઉંચી બોલીનો સ્વીકાર, નગરપાલિકાના નિયામકની મંજૂરીને અધીન રહેશે. નગરપાલિકાના નિયામકે લીધેલો નિર્ણય, આખરી અને નિર્ણાયક ગણાશે.

(૮) નિષ્ફળ બોલી બોલનારને, સિક્યુરીટી ડિપોઝિટની રકમ તરત જ પરત કરવામાં આવશે. સૌથી ઉંચી બોલી બોલનારની બાબતમાં, સફળ બોલી બોલનારે ભરવાની બાનાની રકમ પેટે સદરહુ રકમ સરભર કરવામાં આવશે.

૩. કબુલાતનામું કરવા બાબત.

નગરપાલિકાના નિયામક, બોલી સ્વીકારે કે તરત જ, સફળ બોલી બોલનારને આવા સ્વીકારની લેખિતમાં જાણ કરવામાં આવશે. ત્યાર પછી, સફળ બોલી બોલનારે, અનુસૂચિ-૩ના ઠરાવેલા નમૂના મુજબ નગરપાલિકા સાથે કરાર કરવો જોઈશે. સદરહુ કબુલાતનામું, સફળ બોલી બોલનારે તેના ખર્ચે કરવું પડશે. તેની બોલીના સ્વીકાર સંબંધી જાણ થયાના સાત દિવસની અંદર સદરહુ કબુલાતનામું કરવામાં નિષ્ફળ રહે, તો મુખ્ય અધિકારી, બોલી બોલનારના પક્ષે ચૂક હોવાનું ગણશે અને નિયમ-૬માં જણાવ્યા પ્રમાણે, કારોબારી સમિતિ મારફત વધુ પગલાં લેવા માટે નગરપાલિકાને રિપોર્ટ કરશે.

INDEX

અનુસૂચિ—૨
અરજીનો નમુનો

....નગરપાલિકા/નગરપંચાયત.

ઓકટ્રોય ઉઘરાવવા પટા માટે બોલી બોલવા ઈચ્છતી વ્યકિતઓ કરવાની અરજી. પટો ધરાવવા ઈચ્છતી વ્યકિતની વિગત.

૧. નામ : (મોટા અક્ષરમાં અટક હોય તો તેનાથી શરૂ કરવું)

૨. પિતા/પતિનું નામ :

૩. જન્મ તારીખ :

૪. હરાજીની તારીખે ઉંમર :

૫. પૂરૂ સરનામું

(ક) રહેઠાણનું :

(ખ) ધંધાનુ :

૬. હરાજીની વિગતો :

(૧) હરાજીની તારીખ:

(૨) હરાજી માટે નક્કી કરેલી તળિયાની કિંમત :

(૩) બાનાની રકમ તરીકે ભરેલી રકમ રૂા.....

ચુકવણીની વિગતો :—

(૧) ડિમાન્ડ ડ્રાફટ/પેઓર્ડર નંબર અને તારીખ :

(૨) બેંકનું નામ અને તેની શાખા.

ઉપર જણાવેલ હરાજીમાં નીચે સહી કરનાર બોલી બોલવા ઈચ્છનાર, આથી, હરાજીની બોલીની અને શરતો હેઠળ ઓકટ્રોય ઉઘરાવવાના પટા માટે હરાજીમાં બોલી બોલવાની પરવાનગી માટે મારી જાતે અરજી કરું છું મેં આવા હકો વાંચ્યા છે અને સમજ્યો છું અને આથી કોઈપણ વાંધા સિવાય સંપૂર્ણપણે સ્વીકારું છું.

આપનો વિશ્વાસુ,

પટાનું કબુલાતનામું.

.....નગરપાલિકાએ, તેના ઠરાવ નંબર.....તારીખ..... હેઠળ જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા માટે પટો આપવાનો ઠરાવ કર્યો છે અને, સદરહુ પટા માટેની હરાજી તા.....ના રોજ રાખી હતી અને સૌથી ઉંચી બોલી બોલનારે ઠરાવેલા નમૂનામાં તેની બોલીના સ્વીકાર માટે અરજી આપેલી અને, નગરપાલિકાની કારોબારી સમિતિએ, તેના તારીખ.....ના ઠરાવ નંબર..... હેઠળ બોલી મંજૂર રાખી છે/સ્વીકારી છે અને નગરપાલિકાના મુખ્ય અધિકારીએ તેના પત્ર નંબર.....તારીખ..... મુજબ સ્વીકારની જાણ કરી છે. ગુજરાત નગરપાલિકા પટા દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા બાબતના નિયમો ૧૯૯૫ના નિયમ ૭ હેઠળ ફરમાવ્યા પ્રમાણે કબુલાતનામું કરવાનું જરૂરી છે.

આ કરાર, સન ઓગણીસો.....ના વર્ષના.....મહિનાની.....તારીખે કર્યો છે.

એક તરફે.....નગરપાલિકા, જે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલ છે અને પોતાના મુખ્ય અધિકારી મારફત કાર્ય કરે છે તે જે શબ્દપ્રયોગના સંદર્ભ અથવા અર્થથી અસંગત હોય તે સિવાય તેના હોદ્દાની રૂએ ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે તેમની

અને શ્રી (અટકથી શરૂ કરવું).....ઉંમર.....રહેવાસી..... (જેનો આમાં હવે પછી બીજા તરફે પક્ષકાર કહયા છે તેમની) વચ્ચે.

૨. સાક્ષી આપવામાં આવે છે કે રૂા. .....ની વાર્ષિક રકમની ચૂકવણીની અવેજ, એક તરફના પક્ષકારે, નીચેની બોલીઓ અને શરતોએ નગરપાલિકાની હદમાંના વિસ્તાર માટે ઓકટ્રોય ઉઘરાવવા માટે, બીજી તરફના પક્ષકારને અધિકૃત કર્યા છે.

INDEX

એક તરફના પક્ષકાર આથી નીચેનું પ્રમાણે કરવા કબુલ થાય છે :—

૧. ગુજરાત નગરપાલિકાના અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે નગરપાલિકા હદમાંના વિસ્તારો માટે ઓકટ્રોય ઉઘરાવવા માટે બીજા ભાગના પક્ષકારને અધિકૃત કરવા માટે.

૨. બીજી તરફના પક્ષકાર, આ કબુલાતનામું કર્યાની તારીખથી બે વર્ષની મુદત સુધી પોતાનો હક વાપરશે.

૩. બીજી તરફના પક્ષકારને, વીજળી–ખર્ચ અને કોઈ ટેલિફોન–બીલ હોય તો, તેની ચૂકવણીને આધીન રહીને ઓકટ્રોય ઉઘરાવવાના હેતુ માટે હાલના ચાલુ ઓકટ્રોય નાકાના ઉપયોગની છૂટ આપવામાં આવે છે. આવા ચાર્જ દરેક ત્રણ મહીના માટે આગાઉથી ચુકવવાના રહેશે.

૪. બીજી તરફના પક્ષકાર આથી નીચે પ્રમાણે કરવા કબુલ થાય છે.

(૧) દરેક મહિનાની પહેલી અને ૧૬મી તારીખે બોલીરોની કુલ વાર્ષિક રકમની ૧/૨૪ જેટલી રકમ, નગરપાલિકાને આગાઉથી આપવાનું કબુલે છે. જો પટો, મહિનાના પહેલી અને ૧૬મી તારીખ સિવાયના બીજા કોઈપણ દિવસે અમલમાં આવે તો, એવી તારીખથી પહેલી તારીખે આથવા યથાપ્રસંગ, ૧૬મી તારીખ સુધીના ચોવા દિવસો માટે રકમની ગણતરી કરવી.

પટાનું પ્રથમ વર્ષ પુરું થયે બીજા વર્ષ માટે ચુકવણીની રકમમાં ૧૦ ટકા જેટલો વધારો કરવાનો રહેશે.

(૨) ચુકવણીમાં વિલંબ થાય તો ૨૪ ટકાના દરે વ્યાજ આપવાનું.

(૩) ઉપર ઠરાવ્યા પ્રમાણે, કોથી વધુ હપ્તાના વ્યાજની ચુકવણી ન કરે તો, આ કબુલાતનામું સમાપ્ત થયેલું છે એમ ગણાશે અને તે, નગરપાલિકાને થયેલા તમામ નુકશાન ભરપાઈ કરવાને પાત્ર ઠરશે અને તે જમીન મહેસૂલની બાકી તરીકે વસુલ કરવાને પાત્ર ઠરશે.

(૪) રાખેલી બાનાની રકમ પર, તે વ્યાજ ચુકવશે નહિ અને તેની પરત ચુકવણી માટે કરારની મુદતના છેલ્લા બે હપ્તામાં સરભર કરવામાં આવશે.

(૫) તેને, ઓકટ્રોયનો દર આથવા તેની અનુસૂચિની કોઈપણ બાબતનો દર વધારવાની આથવા કોઈપણ બાબતની ઓકટ્રોયમાં ફેરફાર કરવાની દરખાસ્ત કરવાની સત્તા નથી.

(૬) નગરપાલિકાના ઓકટ્રોય નિયમો હેઠળ મુકિત આપવામાં આવી હોય આથવા અધિનિયમની કલમ ૯૯ની પેટા કલમ (૧) હેઠળ સરકારે મુકિત આપી હોય તો, એવી કોઈપણ ઓકટ્રોય વસૂલ કરવી નહિ.

(૭) સરકાર ઓકટ્રોય પધ્ધતિ બંધ કરે તો સરકાર જે તારીખે ઓકટ્રોય પધ્ધતિ બંધ કરવાનો અમલ કરે તે તારીખથી તે કબુલાતનામું રદબાતલ ગણાશે.

(૮) ઓકટ્રોય ઉઘરાવવાના સંબંધમાં, કોઈ વ્યકિતને કોઈપણ પડતણી થાય તો નગરપાલિકા આ કબુલાતનામું સમાપ્ત કરી શકશે અને નુકસાન વસૂલ કરી શકશે.

(૯) અધિનિયમ આથવા નિયમો આથવા તેના ભાગની કોઈપણ જોગવાઈના અર્થઘટન સંબંધી કોઈ ફેરફાર તકરાર ઉપસ્થિત થાય તો કલેકટરનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

(૧૦) આ શરતોના કોઈપણ ભંગના કિસ્સામાં, કરારની સમાપ્તિ પછી, બાનાની રકમ સરકાર દાખલ થશે અને નગરપાલિકાએ બીજા પક્ષકાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે નુકસાન વસૂલ કરવું જોઈશે.

બીજા તરફના
પક્ષકારો.

પ્રથમ તરફના
પક્ષકારો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાનામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JUNE 22, 1995/ASADHA 1, 1917 [No. 25

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૫/૬/સીસીએ-૧૦૮૬/૨૪૯૨/ડી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY CIVIL COURST ACT, 1869.

મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૯૫/૬/સીસીએ/૧૦૮૬/૨૪૯૨/ડી:—મુંબઈ દિવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમ ૨૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની ૧૬મી તારીખે અને તે તારીખથી કચ્છ જિલ્લાના ગાંધીધામ ખાતેના સિવિલ જજ (જુનિયર ડિવિઝન) અને પ્રથમ વર્ગની જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટની હકુમત હેઠળના વિસ્તારમાંથી ઉપસ્થિત થતા સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ની કોર્ટ ચલાવી શકે તેવા દિવાની પ્રકારના દાવા અને કાર્યવાહીઓના કામકાજ માટે અંજાર ખાતેના સિવિલ જજ (સિનિયર ડિવિઝન) જે સ્થળે પોતાની કોર્ટ રાખી શકે તે સ્થળ તરીકે કચ્છ જિલ્લાના ગાંધીધામને પણ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
વી. બી. ગાંધી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૩૧મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૦૨/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૧૯૯૫.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૧૦૨/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા) ની કલમ-૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, તારીખ, ૧૮મી એપ્રિલ, ૧૯૯૫થી અમલમાં આવે તેમ તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૩/૮૧/એસટીસી/૧૦૮૭/૫૪૧/ભાગ-૨/ધ હેઠળ, ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના બિન સરકારી ડિરેક્ટર તરીકે નિમાયેલા શ્રી નરેન્દ્રભાઈ રાવલનું રાજીનામું સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહીડા,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ-આર/૧૦૦/૯૫-બીઆરયુ-૧૦૯૪/૫૨૧/(એમ-૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL POVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી મે, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.
(સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા).

ક્રમાંક. જીએચ-આર/૧૦૦/૯૫/બીઆરયુ/૧૦૯૪/૫૨૧/(એમ–૩) :—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે "મેસર્સ ઓલ. એમ. પી. પ્રીસીસન એન્જિનિયરીંગ કંપની લિમીટેડ, મહાદેવનગર, બીલીમોરા (ગુજરાત)" ને સન ૧૯૯૫ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવે તેમ, બેકારી નિવારણનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ અન્ડરટેકિંગ સન ૧૯૯૫ના એપ્રિલ, મહિનાની ૧૧મી તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે, અને સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા–કલમ (૧) ના ખંડ (ક) ના પેટા–ખંડ (૪) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, સદરહુ અન્ડરટેકિંગ એટલે કે મેસર્સ ઓલ. એમ. પી. પ્રીસીસન એન્જિનિયરીંગ કંપની લીમીટેડ, બીલીમોરાના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (જાહેર નાણાકીય સંસ્થા જેવી કે જીઆઈઆઈસી લીમીટેડ, અમદાવાદના સંબંધમાં અને સદરહુ અન્ડરટેકિંગના કામદારોનાં સંબંધમાં કાયદામાંથી ઉપસ્થિત થતી જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ, સમક્ષ તે સબંધી અનિર્ણીત તમામ કાર્યવાહીઓ જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૫ના મે મહિનાની ૧૧મી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 6, 1995/ASADHA 15, 1917 [No. 27

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧--૬--૯૫ થી તા. ૩૦--૬--૯૫ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

ક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામા નંબર અને તારીખ	અસાધારણ રાજપત્રમાં પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧.	૧૪	સન ૧૯૯૫નો ગુજ. વિધેયક ક્રમાંક ૫	૨--૬--૯૫	ગુજરાત વિધાનસભા.
૨.	૧૫	ભા.એ. ૨૫૫-(જીએચએન-૭)-જીએસટી-૧૦૯૫-(એસ-૨૩)-ઠ	૮--૬--૯૫	વૈ. અને સં. બા. વિ.
૩-	૧૬	ક્રમાંક ૨૭૦-ગુજરાત વિધેયક ક્રમાંક ૬ સને ૧૯૯૫.	૧૨--૬--૯૫	,,
૪.	૧૭	ક્ર. ૨૭૪-(જીએચએન-૯)-જીએસજી-૧૦૯૫-(એસ-૪૯)-(૨૮૧)-ઠ તા.૮-૬-૯૫	૧૫--૬--૯૫	,,
૫.	૧૮	ક્ર. ૨૭૫-(,, ૧૦) ,, ,, ,, (૨૮૨)- ૧૨--૬--૯૫	,,	,,
		(,, ૧૧) ,, ,, ,, (૨૮૩) ,,		
૬.	૧૯	ક્ર. ૧૭૬-કેવી-૪૯-૯૫-એએમએન-૮૦૯૪-૩૩૫-પી-૨૧-૩-૯૫	૧૬--૬--૯૫	,,
૭.	૨૦	ક્ર. ૨૭૧-કેવી-૬૮-૯૫- ,, ,,-૨૬૮૮-૧૨--૬--૯૫	,,	,,
૮.	૨૧	સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૭	૨૨--૬--૯૫	ગુ. વિ. સભા.
૯.	૨૨	,, ,, ,, ,, ૮	,,	,,
૧૦.	૨૩	,, ,, ,, ,, ૯	,,	,,
૧૧.	૨૪	,, ,, ,, ,, ૧૦	,,	,,
૧૨.	૨૫	,, ,, ,, ,, ૧૧	,,	,,
૧૩.	૨૬	,, ,, ,, ,, ૧૨	,,	,,
૧૪.	૨૭	,, ,, ,, ,, ૧૩	,,	,,
૧૫.	૨૮	,, ,, ,, ,, ૧૪	,,	,,
૧૬.	૨૯	,, ,, ,, ,, ૧૫	,,	,,
૧૭.	૩૦	,, ,, ,, ,, ૧૬	,,	,,
૧૮.	૩૧	,, ,, ,, ,, ૧૭	,,	,,
૧૯.	૩૨	,, ,, ,, ,, ૧૮	૨૯--૬--૯૫	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 13, 1995/ASADHA 22, 1917 [No. 28

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૫/૦૪/એમ--એસટીપી--૧૧૮૦--૬૬૬૪(૨) એચ--૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી.
સરકારના નાયબ સચિવ.

INDEX

Notfiication

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, REVENUE DEPARTMENT, NO. GHM/94/79/M, STP/1180/6664(ii)/H.1 DATED THE 26TH DECEMBER, 1994.

મહેસૂલ વિભાગના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૪/૭૯/એમ, એસટીપી/૧૧૮૦/૬૬૬૪-(૨)/એચ. ૧ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ--૯૫--૦૪--એમ-એસટીપી--૧૧૮૦/૬૬૬૪(૨)/એચ. ૧:—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦ મા)ની કલમ ૨ના ખંડ (ઘઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મહેસૂલ વિભાગના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૯૪-૭૯/એમ, એસટીપી/૧૧૮૦/૬૬૬૪(૨)/એચ. ૧ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, અનુક્રમાંક. ૧ પરની નોંધ કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપ સચિવ

સચિવાલય, ગાંધીનગર, ૪થી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૫ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૩૦/એમવીઆર/૧૬૯૫/૩૭૨/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJRAT MOTOR VEHICLES RULES—1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક : જી/જી/૯૫/૩૦/એમવીઆર/૧૬૯૫/૩૭૨/ખ.—ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૧૨૨ ના પેટા-નિયમ ૩(ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, તારીખ ૨૦મી અને ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૫ એ યોજનારી ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી સંબંધમાં, સરકારે કામે રાખેલા કર્મચારીઓને લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાતાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનની માલિકીના તેમજ ખાનગી ઓપરેટરોનાં જાહેર સેવાના વાહનોને, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫થી ૧૩ મી માર્ચ, ૧૯૯૫ સુધી ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ ના નિયમ ૧૫૧ નાં અમલમાંથી મુકિત આપે છે. અને આવી રીતે મુકિત આપેલ વાહનોમાં લઈ જઈ શકાય તેટલા ઉતારુઓની અધિકતમ સંખ્યા નક્કી કરવા પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને સત્તા આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારનાં ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૨૬/એમટીએ/૧૭૯૫/જીઓઆઈ/૮/ખ અને જી/જી/૯૫/૨૭/એમટીએ/૧૭૯૫ જીઓઆઈ--૮/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

BOMBAY MOTOR VEHICLES TAX, ACT, 1958.

મુંબઇ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૨૬/એમટીએ--૧૭૯૫/જીઓઆઈ/૮/ખ:—મુંબઈ મોટર વાહનવેરા નિયમો, ૧૯૫૯ ના નિયમ ૧૬--ક ના ખંડ (૧) સાથે વાંચતા, મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫મા) ની કલમ ૧૩ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી સખાવતી અને ધાર્મિક ઉદ્દેશો સાધવા માટે વાપરેલ અથવા વાપરવા માટે રાખેલ "અધિપરસકથી ચેરીટેબલ, મેડીકલ, એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ ટ્રસ્ટ, મેલમારુવથુર--૬૦૩ ૩૦૧, તામિલનાડુ" ની માલિકીના, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ માં નિર્દિષ્ટ કરેલ મોટર વાહનોના વર્ગને, આ જાહેરનામું બહાર પાડયાના તારીખથી અને તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ ના રોજ પૂરી થતી મુદત સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુક્તિ આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક ૧	મોટરવાહનનો વર્ગ ૨	નોંધણી ચિહ્ન ૩
૧.	લોરી	KA. 14—5019
૨.	લોરી	TAR—245
૩.	બસ	TM—33B—7747
૪.	બસ	TML—5824

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
એન. યુ. ગામીત,
સેક્શન અધિકારી,

Notification

under

GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૫/૨૭//એમટીએ/૧૭૯૫/જીઓઆઈ/૮/ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ ના ૩૩ મા) ની કલમ ૩૧ની પેટા--કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી સખાવતી અને ધાર્મિક ઉદ્દશો

INDEX

સાધવા માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ માલ વાહનોમાં "અધિપરશકથી ચેરીટેબલ, મેડીકલ, એજ્યુકેશનલ એન્ડ કલ્ચરલ ટ્રસ્ટ, મેલમારુવથુર--૬૦૩૩૦૧" તામિલનાડુ" દ્વારા અથવા તેના વતી લઈ જવાતા માલને આ જાહેરનામુ બહાર પાડયાની તારીખથી અને તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૫ ના રોજ પૂરી થતી મુદત સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક ૧	મોટર વાહનનો વર્ગ ૨	નોંધણી ચિન્હ ૩
૧.	લોરી	KA 14-5019
૨.	લોરી	TAR-245

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેકશન અધિકારી.

સચિવાલય, ગાંધીનગર ૬ઠી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૫/૯૦/એમટીએ/૧૭૮૧-૭૦૪૩-કેએચ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT NO. GH-B-88/244/MTA/1781/7043-T, DATED THE 4TH NOVEMBER, 1988.

ગૃહ વિભાગનું તા. ૪થી નવેમ્બર, ૧૯૮૮નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/બી-૮૮-૨૪૪/એમટીએ/૧૭૮૧/૭૦૪૩/ટા સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૫/૯૦/એમટીએ/૧૭૮૧/૭૦૪૩/કે એચ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ-૩૧ની પેટા કલમ (૧) ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગનું તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૮નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/બી-૮૮/૨૪૪/એમટીએ/૧૭૮૧/૭૦૪૩/ટી નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં અનુક્રમાંક ૩ અને ૪ પરની નોંધો કમી કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેકશન અધિકારી.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી એપ્રિલ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહ નિર્માણ વિભાગના ૨--સરકારી જાહેરનામા ક્રમાંક (૧) કેપી/૧૯૯૫નો ૬૩/વીબીએન--૨૩૯૪--૨૬૭૬--આઈસી--૧૦૧--ચ

(૨) કેપી/૧૯૯૫ નો ૬૭--વીબીએન--૨૨૯૫--૨૩૬--આઈસી--૮--ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકા ના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૬૩/વીબીએન-૨૩૯૪-૨૬૭૬-આઈસી-૧૦૧-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત છોટાઉદેપુર અને જિલ્લા પંચાયત વડોદરા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૪માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬ માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	છોટાઉદેપુર	રાયસીંગપુરા (કે)	૧. રાયસીંગપુરા (કે)		૧. રાયસીંગપુરા	૧.(૧) રાયસીંગપુરા (કે) મહેસુલી ગામ
			૨. બુર્જર મહેસુલી ગામ			૨. બુર્જર મહેસુલી ગામ
			૩. હાથીખાણ મહેસુલી ગામ	૧. હાથીખાણ મહેસુલી ગામ	૨. હાથીખાણ--	૨. ૧. હાથીખાણ મહેસુલી ગામ
			૪. ખસરા મહેસુલીગામ	૨. ખસરા મહેસુલી ગામ	...	૨ ખસરા મહેસુલી ગામ
			૫. તળાવ મહેસુલીગામ	૩. તળાવ મહેસુલીગામ		૩. તળાવ મહેસુલી ગામ
			૬. બોરછાપાડા મહેસુલી ગામ	૪. બોરછાપાડા મહેસુલી ગામ		૪. બોરછાપાડા મહેસુલી ગામ
			૭. પલાસકુવા મહેસુલી ગામ	૫. પલાસકુવા મહેસુલી ગામ		૫. પલાસકુવા મહેસુલી ગામ
			૮. મોટી ચીખલી મહેસુલી ગામ	૬. મોટી ચીખલી મહેસુલી ગામ		૬. મોટી ચીખલી મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫ નો ૬૩/વીબીએન--૨૨૯૫--૨૩૬-આઈસી--૯૫.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દિયોદર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસુચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દિયોદર	કોતરવાડા	૧. કોતરવાડ મહેસૂલી ગામ ૨. ફૂલપુરા મહેસુલી ગામ ૩. નેસડા પેટાપરા ૪. ફાફરલી પેટાપરા	...	૧. કોતરવાડા ... ... ૨. ફાફરલી	૧.(૧) કોતરવાડા મહેસુલી ગામ. (૨) ફુલપરા પેટાપરા (૩) નેસડા પેટાપરા ૨. ફાફરલી પેટાપરા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૫મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : એસટીસી/૧૦૯૫/૧૨૩૨/ધ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન
અધ્યક્ષની નિમણૂક.

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક : એસટીસી/૧૦૯૫/૧૨૩૨/ધ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ., ૧૯૫૦ (સન ૧૯૫૦ના અધિનિયમ ક્રમાંક ૬૪) અનુસાર, ગુજરાત સરકાર, શ્રી આર. રામભદ્રન, ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડિરેકટર, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અમદાવાદને તારીખ ૧૭/૩/૯૫ થી અમલમાં આવે તેમ, વધુ હુકમો ના થાય ત્યાં સુધી ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનાં અધ્યક્ષનો વધારાનો ચાર્જ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહીડા,
સરકારના સંયુકત સચિવ

INDEX

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૮૭/૯૫/જેએલએમ/૫૭૮૭/૫૦૯૪/જે નો ગુજરાત અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE JAILOR GROUP I (GUJARAT JAIL SERVICE) CLASS II RECRUITMENT RULES, 1995.

જેલર ગ્રુપ ૧ (ગુજરાત જેલ સેવા) વર્ગ ૨ ભરતી નિયમો ૧૯૯૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી માર્ચ, ૧૯૯૫.

જેલ અધિનિયમ, ૧૮૯૪.

ક્રમાંક જીજી/૮૭/૯૫/જેએલએમ/૫૭૮૭/૫૦૯૪/જે.—જેલ અધિનિયમ ૧૮૯૪ની કલમ ૫૯ની પેટા-કલમ (૧૦)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, જેલર ગ્રુપ-૧ (ગુજરાત જેલ સેવા) વર્ગ-૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે;

૧. આ નિયમો જેલર ગ્રુપ-૧ (ગુજરાત જેલ સેવા) વર્ગ-૨, ભરતી નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. જેલર ગ્રુપ-૧ (ગુજરાત જેલ રાજ્ય સેવા) વર્ગ-૨ની જગા ઉપરની નિમણૂંક.—

(૧) જેલર, ગ્રુપ-૨, ગુજરાત તાબાની જેલ સેવા વર્ગ-૩ની કેડરમાં સાત વર્ષ કરતા ઓછી ન હોય તેટલી મુદત સુધી કામ કર્યું હોય, અને

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય; તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે :

પરંતુ નિમણૂંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને, તે જગા ભરવાનું જાહેર હિતમાં છે, તો તે, કારણોની લેખિત નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને કરી શકાશે.

૩. પસંદ થયેલ ઉમેદવારે સરકાર વખતોવખત ઠરાવે તે નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા બંનેમાં ખાતાકીય પરીક્ષા (પરીક્ષાઓ) પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. સી. યાદવ,
સરકારના નાયબ સચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર નામા ક્રમાંક : જીજી/૮૮/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૩૨/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ,

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી માર્ચ, ૧૯૯૫.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૮૮/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૩૨/ધ.— માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૧૭મી માર્ચ, ૯૫ થી અમલમાં આવે તેમ, તારીખ ૭મી

INDEX

જૂલાઈ, ૧૯૯૩નાં સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૩/૮૧/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનાં અધ્યક્ષ તરીકે નીમાયેલા શ્રી નટવરલાલ શાહનું રાજીનામું સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. આર. બિશ્વાસ,
અધિક મુખ્ય સચિવ (વાહનવ્યવહાર).

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર નામા ક્રમાંક : (૧) જી/જી/૮૫/૯૫/જેએલએમ/૫૭૮૭/૫૦૯૪/જે. (૨) જી/જી/૮૬/૯૫/જેએલએમ/૫૭૮૭/૫૦૯૪/જે,—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

Re

THE DEPUTY INSPECTOR GENERAL OF PRISONS/SUPERINTENDENT OF CENTRAL PRISON/SUPERINTENDENT OF SPECIAL PRISON, PORBANDAR (GUJARAT JAIL SERVICE) CLASS-I, RECRUITMENT RULES, 1995.

જેલના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ/સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ/સ્પેશ્યલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ, પોરબંદર (ગુજરાત જેલ સેવા) વર્ગ--૧, ભરતી નિયમો, ૧૯૯૫ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગ ર ૨૨મી માર્ચ, ૧૯૯૫.

જેલ અધિનિયમ, ૧૮૯૪.

ક્રમાંક : જી/જી/૮૫/૯૫/જેએલએમ/૫૭૮૭/૫૦૯૪/જે.—જેલ અધિનિયમ, ૧૮૯૪ ની કલમ ૫૯ ની પેટા--કલમ (૧૦) થી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી જેલના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ/ સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ/સ્પેશ્યલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ, પોરબંદર(ગુજરાત જેલ સેવા) વર્ગ--૧, ની જગા ઉપરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "જેલના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ/સેન્ટ્રલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ/સ્પેશ્યલ જેલના સુપરિન્ટેન્ડેન્ટ, પોરબંદર (ગુજરાત જેલ સેવા) વર્ગ--૧, ભરતી નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. જેલના ડેપ્યુટી ઈન્સ્પેકટર જનરલ/સેન્ટ્રલ જેલ સુપરિન્ટેન્ડેન્ટ/ સ્પેશ્યલ જેલ સુપરિન્ટેન્ડેન્ટ, પોરબંદર (ગુજરાત જેલ સેવા) વર્ગ--૧ ની જગા પરની નિમણૂક,—

(ક) ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ-સેન્ટ્રલ જેલ /પ્રિન્સીપાલ, જેલ સ્ટાફ તાલીમ શાળા, ગુજરાત જેલ સેવા, વર્ગ--૧ ની કેડરમાં પાંચ વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી કામ કર્યું હોય અને સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે:

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને, તે જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે. તો તે, કારણોની લેખિત નોંધ કરીને, ઉપરના ખંડ (ક) માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને કરી શકાય, અથવા

(ખ) રાજ્ય મુલ્કી સેવા, વર્ગ--૧ અથવા ગુજરાત રાજ્ય પોલીસ સેવા, વર્ગ--૧ માંથી યોગ્ય અધિકારીઓમાંથી પ્રતિનિયુકિતના ધોરણે હંગામી બદલી કરીને, કરવામાં આવશે.

૩. બઢતીથી નિમાયેલ ઉમેદવારે સરકારે, વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા (ઓ) પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. સી. યાદવ,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE DEPUTY SUPERINTENDENT-CENTRAL PRISON/PRINCIPAL, JAIL STAFF TRAINING SCHOOL (GUJARAT JAIL SERVICE) CLASS-I RECRUITMENT RULES, 1995.

ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ સેન્ટ્રલ જેલ / પ્રિન્સીપાલ, જેલ સ્ટાફ તાલીમ શાળા (ગુજરાત જેલ સેવા) વર્ગ–૧, ભરતી નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મો માર્ગ, ૧૯૯૫.

જેલ અધિનિયમ, ૧૮૯૪.

ક્રમાંક : જી/જી/૮૬/૯૫/જેએલએમ/૫૩૮૩/૧૦૯૪/જે.—જેલ અધિનિયમ, ૧૮૯૪ ની કલમ ૫૯ ની પેટા–કલમ (૧૦) થી મળેલી સત્તાની રુએ, અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી ડેપ્યુટી સુપ્રિન્ટેન્ડેન્ટ સેન્ટ્રલ જેલ/પ્રિન્સીપાલ જેલ સ્ટાફ તાલીમ શાળા (ગુજરાત જેલ સેવા) વર્ગ–૧ ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ સેન્ટ્રલ જેલ/પ્રિન્સીપાલ, જેલ સ્ટોફ તાલીમ શાળા (ગુજરાત જેલ સેવા) વર્ગ–૧, ભરતી નિયમો, ૧૯૯૫" કહેતા.

૨. ડેપુટી સુપ્રિન્ટેન્ડેન્ટ સેન્ટ્રલ જેલ/ પ્રિન્સીપાલ, જેલ સ્ટાફ તાલીમ શાળા (ગુજરાત જેલ સેવા) વર્ગ–૧ની જગા પરની નિમણૂંક;—

(ક) જિલ્લા જેલના સુપ્રિન્ટેન્ડેન્ટ, ગુજરાત જેલ સેવા વર્ગ-૨ ની કેડરમાં આઠ વર્ષ કરતાં ઓછી ન હોય તેટલી મુદત સુધી કામ કર્યું હોય અને સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે.

પરંતુ નિમણુંક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને, તે જગા ભરવાનું જાહેર હિતમાં જરુરી છે, તો તે, કારણોની લેખિત નોંધ કરીને, ઉપરના ખંડ (ક) માં નિર્દિષ્ટ કરેલ મુદતના બે–તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને કરી શકાશે અથવા

(ખ) રાજ્ય મુલકી સેવા, વર્ગ–૧ અથવા રાજ્ય પોલીસ સેવા, વર્ગ–૧ માંના યોગ્ય અધિકારીઓમાંથી પ્રતિનિયુકિતના ધોરણે હંગામી બદલી કરીને, કરવામાં આવશે ;

૩. બઢતીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર, વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર, હિન્દી અથવા ગુજરાતી અથવા તે બન્ને પરીક્ષા(ઓ) પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શ્રી. સી. યાદવ,
સરકારના નાયબ સચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૯મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૪/૧૦૫/એમટીએ/૧૯૯૧/૩૩/ખ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી એપ્રિલ, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જી/જી/૯૪/૧૦૫/એમટીએ/૧૯૯૧/૩૩/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ ૧૬-ક સાથે વાંચતાં મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત

INDEX

સરકાર, આથી, સૌરઠ ક્ષયનિવારણ સમિતિ, અક્ષયગઢ, જિલ્લો જુનાગઢની માલિકીનાં તબીબી ઉદ્દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતાં હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે નીચેની ચિન્હ ક્રમાંક જીટીડબ્લ્યુ-૪૦૯૦-(મિબાઈલ વાન)ને આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, અમલમાં આવે તેમ, ઉપર્યુકત ઉદ્દેશ સાધવા માટે એવી રીતે ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૯૧-એસટીસી-૩૪૯૫/૧૦૩૧/ધ.ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી માર્ચ, ૧૯૯૫.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક જી/જી/૯૫/૯૧/એસટીસી/૩૪૯૫/૧૦૩૧/ધ.—માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ ૬૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ; સરકાર, શ્રી એચ. બી. ઠક્કર, નિવાસી ઓડિટ અધિકારી, અમદાવાદને તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫ની બપોરથી પ્રતિનિયુકિતના ધોરણે બે વર્ષની મુદત માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના મુખ્ય હિસાબી અધિકારી અને નાણાકીય સલાહકાર તરીકે નીમે છે, જેમની સેવાઓ, નાણાં વિભાગના તારીખ ૯મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક તસમ-૧૨૯૩-૨૪૪૨-ધ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના મુખ્ય હિસાબી અધિકારી અને નાણાંકીય સલાહકાર તરીકે તેમની નિમણૂક કરવા માટે ગૃહ વિભાગના હસ્તક મૂકવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સાંસદિય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમા પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત તથા ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫ના ૮૪-બીબીએન-૨૫૯૫-૫૫૭-આઈસી-૧૦-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

[illegible]
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૫નો ૮૪/વીબીએન/૨૫૯૫/૫૫૭-આઈસી-૧૦૨.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અબડીયા અને જીલ્લા પંચાયત ભરૂચ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર ,આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા-સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તારો
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઝગડિયા	વાળા	૧. વાળા મહેસૂલી ગામ	—	૧. વાળા	૧. વાળા મહેસૂલી ગામ
			૨. ખાલક મહેસૂલ ગામ	૧. ખાલક મહેસૂલી ગામ	૨. ખાલક	૨ (૧) ખાલક મહેસૂલી ગામ.
			૩. કેશરવા મહેસૂલી ગામ	૨. કેશરવા મહેસૂલી ગામ		(૨) કેશરવા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૫નો-૮૮/વીબીએન/૨૨૯૪/૭૯૬-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

[illegible]
સરકારનો નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT NO. KP-1 OF 1995-VRN-2294-796-CH-DATED THE 31ST MARCH, 1995.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૩૧મી માર્ચ,૧૯૯૫નાં સરકારી જાહેરનામા ક્રમાંક કેપી-૧૯૯૫-નો-૧-વીબીએન-૨૨૯૪-૭૯૬-ચ સુધારવા સંબંધી જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી મે, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૫નો ૮૮/વીબીએન/૨૨૯૪/૭૯૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫નું સરકારી જાહેરનામું ક્રમાંક કેપી-૧૯૯૫-નો૧-વીબીએન-૨૨૯૪-૭૯૬-ચ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિને બદલે નીચેનો મજકૂર મૂકવો.

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામો	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પાલનપુર	૧. ખેમાણા	૧. ખેમાણા મહેસૂલી ગામ ૨. વરવડિયા મહેસૂલી ગામ		૧. ખેમાણા	૧. ખેમાણા મહેસૂલી ગામ ૨. વરવડિયા મહેસૂલી ગામ
			૩. સૂરજપુરા (પેટાપરા)	૧. સૂરજ પૂરા (પેટાપરા)	૨. સૂરજપુરા	૨. સૂરજપુરા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૧૧૬/એમપીડી/૧૦૯૨/૪૫૮૩/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTORS VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

INDEX

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી મે, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/જી/૯૫/૧૧૬/એમવીડી/૧૦૯૨/૪૫૮૩/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા કલમ(૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૪નો મુસદ્દો, ગૃહ વિભાગના જાહેરનામા ક્રમાંક જી/જી/૯૪/૧૪૬/એમવીડી/૧૦૯૨/૪૫૮૩/ખ, હેઠળ, તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪-એના પાના નંબર ૧૧૧-૧ થી ૧૧૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ તરફથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવ્યા હતા;

અને, સદરહુ મુસદ્દાના સંબંધમાં મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધેલ છે.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૬ અને ૨૧૧ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહું નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૬માં,

(ક) ખંડ (૨)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દશ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૪)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) ખંડ (૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ઘ) ખંડ (૬)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ચ) ખંડ (૭)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે "દશ રૂપિયા" એ શબ્દો મૂકવા;

૩. સદરહું નિયમોમાં, નિયમ ૨૬માં,—

(ક) ખંડ (૧)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દશ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૨)માં, "પાંચ રૂપિયા" એ શબ્દોને બદલે, "દશ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) ખંડ (૪)માં, "દશ રૂપિયા", એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ઘ) ખંડ (૫)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકાવા;

૪. સદરહું નિયમોમાં, નિયમ ૪૩માં,—

(ક) ખંડ (૨)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (૩)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ગ) ખંડ (૪)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ઘ) ખંડ (૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(ચ) ખંડ (૬)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "વીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(છ) ખંડ (૮)માં, "દશ રૂપિયા" એ શબ્દોને બદલે, "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા;

૫. સદરહું નિયમોમાં, નિયમ ૭૧માં,—

INDEX

(૬) ખંડ (૨)માં, "દસ રૂપિયા" એ શબ્દોને બદલે "પંદર રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૭) ખંડ (૩)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવાં;

(૮) ખંડ (૭) માં, "એકસો પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૯) ખંડ (૮)માં, "બસો પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પાંચસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૦) ખંડ (૯)માં; "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા" એ શબ્દો મૂકવા,

(૧૧) ખંડ (૧૦)માં, "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે, "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૨) ખંડ (૧૧) માં, "એકસો પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રણસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૩) ખંડ (૧૨) માં, "પંદર રૂપિયા" એ શબ્દોને બદલે, "ત્રીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૪) ખંડ (૧૩)માં, "પચીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "પચાસ રૂપિયા"એ શબ્દો મૂકવા;

(૧૫) ખંડ (૧૪)માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૬) ખંડ (૧૫)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા" એ શબ્દો મૂકવા;

(૧૭) ખંડ (૧૬)માં, "પચાસ રૂપિયા" એ શબ્દોને બદલે, "એકસો રૂપિયા" એ શબ્દો મૂકવા,

(૧૮) ખંડ (૧૭)માં, "વીસ રૂપિયા" એ શબ્દોને બદલે, "ચાલીસ રૂપિયા, એ શબ્દો મૂકવા;

(૧૯) ખંડ (૧૮)માં, "એકસો રૂપિયા" એ શબ્દોને બદલે "બસો રૂપિયા" એ શબ્દો મૂકવા;

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૯૫/૧૯૯૫/ઈએલપી-૧૦૯૪/૧૩૬૭-જી.ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT PANCHAYATS ELECTION RULES, 1994.

ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી મે, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક. કેપી/૯૫/૧૯૯૫/ઈએલસી/૧૦૯૪/૧૩૬૭/જી.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૫૯ની પેટા-કલમ (૨) સાથે વાંચતા, સદરહુ અધિનિયમની કલમ-૨૩૪ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ કલમ-૨૩૪ની પેટા-કલમ-(૫) થી ઠરાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ આથી પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થયા પહેલાં સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક કેપી/૯૫/૧૯૯૫/ઈએલસી/૧૦૯૪/૧૩૬૭-જ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૧૨૯બીપેટા કલમ-(૨) સાથે વાંચતા, સદરહુ અધિનિયમની કલમ ૨૭૪થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત પંચાયત ચૂંટણી (દ્વિતિય સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત પંચાયત ચૂંટણી નિયમો, ૧૯૯૪માં, સદરહુ નિયમો સાથે જોડેલ વિદ્યમાન નમૂનો ક્રમાંક ૨૭ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"નમુનો—૨૭

(જુઓ નિયમ-૫૮ (૧૦) અને ૬૦ (૭)

પરિણામ પત્રક.

.....મતદાર વિભાગમાંથી————————ગ્રામ/તાલુકા/જિલ્લા પંચાયતની ચૂંટણી/ ————————ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણી.

(ક) મતદાર વિભાગમાં મતદારોની કુલ સંખ્યા:

(ખ) મતદાર વિભાગમાં કુલ મતદાન કરેલા મતોની સંખ્યા:

(ગ) અસ્વીકારાયેલા મતપત્રોની કુલ સંખ્યા :

(ઘ) માન્ય મતોની કુલ સંખ્યા :

(ચ) દરેક વારમાં દરેક ઉમેદવાર માટે મતદાન કરાયેલ માન્ય મતોની કુલ સંખ્યા :

અનુક્રમાંક	ઉમેદવારનું નામ	પ્રથમ વાર	બીજી વાર	ત્રીજી વાર	ચોથી વાર	પાંચમી વાર

(છ) ટપાલ મતપત્રો દ્વારા નોંધાયેલા મતની કુલ સંખ્યા :

(જ) સુપરત કરેલ મતોની કુલ સંખ્યા :

સ્થળ :

તારીખ :

ચૂંટણી અધિકારી,
————મતદાર વિભાગ,

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. જી. વસાવા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, JULY 20, 1995/ASADHA 29, 1917 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિ ાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસુલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ-૯૫/૮/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ.૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ-૯૫/૮/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ.૧.— શ્રી શાંતિલાલ જગુભાઈ પટેલ, રહેવાસી સુરત, એ (જેનો આમાં હવે પછી "સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે, સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં, તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૭૫ ના રોજ રૂપિયા ૯૪૮૭--૫૦ (રૂપિયા નવ હજાર ચારસો સત્યાશી અને પચાસપૈસા માત્ર)ની રકમનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ ધરાવતું વેચાણ-ખત રજૂ કર્યું હતું.

અને, આથી સબ-રજિસ્ટ્રાર, સુરત દ્વારા સદરહુ વેચાણ-ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ-રજિસ્ટ્રાર, સુરત એ રજિસ્ટ્રેશન નંબર ૪૪૦૬ ફાળવ્યો હતો અને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૩૦-ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું ;

અને, આથી, સદરહુ પક્ષકારે, કલમ ૨૩૦-ક હેઠળ ફરમાવેલ પ્રમાણપત્ર રજૂ કર્યું છે.

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું તે શોધી શકાયું ન હતું અને તે સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાયેલ છે;

અને, આથી, સદરહુ પક્ષકાર માટે વેચાણ-ખત ફરીથી કરવાનું જરૂરી છે;

અને, આથી, સદરહુ પક્ષકારે તે જ વેચાણ-ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૯ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ-રજીસ્ટ્રાર, સુરતને ૩જી સપ્ટેમ્બર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૪૪૦૬ વાળા અગાઉના વેચાણ-ખતને બદલે નવું વેચાણ-ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર નામ ક્રમાંક: જીજી/૧૧૦/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહન વ્યવહાર કોરપોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૫.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૧૧૦/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા) ની કલમ–૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૯૫થી અમલમાં આવે તેમ, તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૨૦—૯૨/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ હેઠળ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના બિન-સરકારી ડિરેકટર તરીકે નીમાયેલા ડૉ. ભાવેશ આચાર્યનું રાજીનામું સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૦૬/એમટીએ-૧૩૯૧- ૩૩/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૪/૧૦૬/એમટીએ/૧૩૯૧/૩૩/ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ-૩૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સોરઠ ક્ષય નિવારણ સમિતિ, અક્ષયગઢ, જિલ્લો જુનાગઢની માલિકીમાં તબીબી ઉદ્‌દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે નોંધણી ચિહન ક્રમાંક : જીટીડબલ્યુ/૪૦૯૦/-(મોબાઈલવાન)ને આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી, અમલમાં આવે તેમ ઉપર્યુકત ઉદ્‌દેશ સાધવા માટે એવી રીતે માલ લાવવા લઈ જવા માટે ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈ. અને સં. બા. વિ. ભાષાંતર એકમ,

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૪મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-આર/૧૦૩/૯૫-બીઆરયુ/૧૦૯૩-૩૧૨૪-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKING (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી મે, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડર ટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ-આર/૧૦૩/૯૫-બીઆરયુ/૧૦૯૩-૩૧૨૪-એમ(૩):—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે જેને, ગુજરાત સરકાર, ખાણ અને ઉદ્યોગ વિભાગે અમુક રાહત અને વળતર (જુઓ : તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૨ અને ૨૪મી જૂન, ૧૯૯૪ના સરકારી ઠરાવ ક્રમાંક : ટીઈએક્ષ ૧૦૯૧-/૨૪૨૩/ટી) આપ્યું છે તે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે, મેસર્સ આનન્દ કોટસ્પિન લિમિટેડ, ભટ્ટ કચેરી પાસે, વડોદરા ૩૯૦ ૦૦૬ને તારીખ ૨૪મી મે, ૧૯૯૫ થી બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદ્નુસાર સદરહુ અન્ડરટેકિંગ તારીખ ૨૪મી મે, ૧૯૯૫થી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે, અને સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી આદેશ કરે છે કે, સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવે તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ (સદરહુ અન્ડરટેકિંગના કામદારોને લગતા કાયદામાંથી ઉપસ્થિત થતી હોય તે સિવાયની જવાબદારીઓ) અને તેના અમલ માટેનો કોઈ ઉપાય મોકૂફ રાખવો અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ, રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે ૨૪મી મે, ૧૯૯૫થી શરૂ થતી એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૪મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-એલ-૯-એમકેએમ-૧૦૮૭-૩૧૭૬-(૨)--એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE ASSISTANT DIRECTOR OF PROHIBITION AND EXCISE, GUJARAT STATE, SERVICE RECRUITMENT RULES, 1995.

નશાબંધી અને આબકારી મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય સેવા ભરતી નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી મે, ૧૯૯૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએચ-એલ-૯-એમકેએમ-૧૦૮૭-૩૧૭૬-(૨)-એમ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગુજરાત રાજ્યમાં, ગુજરાત રાજ્ય સેવામાં નશાબંધી અને આબકારી મદદનીશ નિયામક, વર્ગ--૨ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :—

૧: આ નિયમો નશાબંધી અને આબકારી મદદનીશ નિયામક, ગુજરાત રાજ્ય સેવા ભરતી નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. નશાબંધી અને આબકારી મદદનીશ નિયામક, વર્ગ--૨, ગુજરાત રાજ્ય સેવામાં જગા ઉપરની નિમણૂક નશાબંધી અને આબકારી નિયામકની કચેરી, ગુજરાત રાજ્ય હેઠળ દફ્તરી સેવામાં ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ અથવા એકાઉન્ટન્ટની જગા ઉપર કામ કરતી અને ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ અથવા એકાઉન્ટન્ટની કેડરમાં ઓછામાં ઓછા સાત વર્ષનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિઓમાંથી સિદ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિને બઢતી આપીને કરવામાં આવશે:

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતના અનુભવવાળી વ્યક્તિને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, ત્યારે, કારણોની લેખિત નોંધ કરીને, ઓછો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપી શકશે :

વધુમાં, આવો ઓછો અનુભવ ઉપર નિર્દિષ્ટ કરેલ મુદતના બે તૃતિયાંશથી ઓછી મુદતનો હોવો જોઈશે નહિ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૧૪મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : (કુલ બે જાહેરનામા (૧) જીએચવી/૧૯૯૫નો ૬૯/ટીપીએસ/૧૪૯૧/૨૩૬૮/એલ (૨) જીએચ/વી/૧૯૯૫નો ૭૦/ટીપીએસ/૧૪૯૧/૨૩૬૯/એલ) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT,1976

ગુજરાત સરકાર

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૪મી જૂન, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૬૯/ટીપીએસ/૧૪૯૧/૨૭૬૮/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ સુરત શહેરી વિકાસ સત્તામંડળે નગરરચના યોજના નંબર-૧ વેસુ (સુડા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર-૧ વેસુ (સુડા)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો.

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તા મંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) સદરહુ યોજના મજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજનાઓ, સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી જૂન, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૭૦/ટીપીએસ/૧૪૯૧/૨૭૬૯/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ સુરત શહેરી વિકાસ સત્તા મંડળે નગરરચના યોજના નંબર : ૨-વેસુ-ભરથાણા-વેસુ-(સુડા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

INDEX

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર: ૨-વેસુ-ભરથાણા-વેસુ(સુડા)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) સદરહુ યોજના મંજૂર કરે છે; અને

(ખ) જાહેર કરે છે કે સદરહુ યોજનાઓ, સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનાનામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR 2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, AUGUST 3, 1995/SRAVANA 12, 1917 [No. 31

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧--૭--૯૫ થી તા. ૩૧--૭--૯૫ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

ક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામા નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૩૩	ભા.એ--૩૦૭--(જીએચએન-૧૨)-જીએસટી-૧૦૯૫-(એસ-૪૬)-(૨૮૪)-ઠ	૧--૭--૯૫	વે. અને સં. બા. વિ.
૨	૩૪	,, ૨૭૩-કેવી-૬૭-૧૯૮૫-એનપએલ-૪૫૬૪-૪૮૧૩-એન	૩--૭--૯૫	,,
૩	૩૫	સન ૧૯૯૫નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૫	૪--૭--૯૫	,,
૪	૩૬	,, ,, ,, ,, ,, ,, ૬	૪--૭--૯૫	,,
૫	૩૭	ગુજરાત વિધેયક ક્રમાંક ૧૯/૧૯૯૫	૧૩--૭--૯૫	ગુ. વિ. સ.
૬	૩૮	સન ૧૯૯૫નું ગુજરાત વિધેયક ક્રમાંક ૨૦	૧૯--૭--૯૫	,,
૭	૩૯	,, ,, ,, ,, ૨૧	૨૦--૭--૯૫	વે. અને સં. બા. વિ.
૮	૪૦	,, ,, ,, ,, ૨૨	,,	,,
૯	૪૧	,, ,, ,, ,, ૨૩	,,	,,
૧૦	૪૨	,, ,, ,, ,, ૨૪	,,	,,
૧૧	૪૩	,, ,, ,, ,, ૨૫	,,	,,
૧૨	૪૪	,, ,, ,, ,, ૨૬	૨૪--૭--૯૫	,,
૧૩	૪૫	,, ,, ,, ,, ૨૭	,,	,,
૧૪	૪૬	સન ૧૯૯૫નો અધિનિયમ ક્રમાંક ૭	૨૮--૭--૯૫	,,
૧૫	૪૭	,, ,, ,, ,, ૮	૨૯--૭--૯૫	,,
૧૬	૪૮	,, ,, ,, ,, ૯	,,	,,
૧૭	૪૯	,, ,, ,, ,, ૧૦	,,	,,
૧૮	૫૦	,, ,, ,, ,, ૧૧	,,	,,
૧૯	૫૧	,, ,, ,, ,, ૧૨	,,	,,
૨૦	૫૨	,, ,, ,, ,, ૧૩	,,	,,
૨૧	૫૩	,, ,, ,, ,, ૧૪	,,	,,

એમ. આર. પટેલ
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, AUGUST 10, 1995/SRAVANA 19, 1917 [No. 32

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than these published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૧૬૧/૯૪/એમટીએ-૩૩૮૧-૬૫૦૭-ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૪.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૧૬૧/૯૪/અમટીએ-૩૩૮૧-૬૫૦૭-ખ.—મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) ની કલમ-૨ ના ખંડ (જ) થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું, તારીખ ૨જી ફેબ્રુઆરી, ૧૯૮૨નું વખતોવખત સુધારેલ સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૮૨/૫૬/એમટીએ/૩૩૮૧/૬૫૦૭-(૧)/ઈ-૨, ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ-૧માં નિર્દિષ્ટ કરેલ દરેક અધિકારીને, સદરહુ અનુસૂચિની કોલમ-૨માં તેની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારો માટે વેરા અધિકારીઓ તરીકે નીમે છે.

અનુસૂચિ

અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧.	૨.
૧. વાહન-વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્ય, અમદાવાદ	સમગ્ર ગુજરાત રાજ્ય.
૨. વાહન-વ્યવહાર નિયામક, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૩. સંયુકત વાહન-વ્યવહાર નિયામક, વાહન-વ્યવહાર કમિશનરની ઓફિસ ગુજરાત રાજ્ય,	સમગ્ર ગુજરાત રાજ્ય.
૪. નાયબ વાહન-વ્યવહાર નિયામક, વાહન-વ્યવહાર કમિશનરની ઓફિસ ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૫. મદદનીશ વાહન-વ્યવહાર નિયામકો, વાહન-વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારીઓ અને વાહન-વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્યની ઓફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, અમદાવાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(અમદાવાદ શહેર, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદો સહિત) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ.
૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, અમદાવાદ.	(અમદાવાદ શહેર, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદો સહિત) અમદાવાદ જિલ્લો.
૯. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ગાંધીનગર, અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ગાંધીનગર જિલ્લો.
૧૦. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, મહેસાણા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓ.
૧૧. મદદનીશ પ્રાદેશિક વાહન—વ્યવહાર અધિકારી, મહેસાણા.	મહેસાણા જિલ્લો.
૧૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, હિંમતનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	સાબરકાંઠા જિલ્લો

INDEX

૧.	૨.
૧૩. પ્રાદેશિક વાહન--વ્યવહાર અધિકારી, પાલનપુર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	બનાસકાંઠા જિલ્લો.
૧૪. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વડોદરા અને ભરૂચ જિલ્લાઓ
૧૫. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા.	વડોદરા જિલ્લો.
૧૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભરૂચ અને તેમની ઓફિસ. સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ભરૂચ જિલ્લો.
૧૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ગોધરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	પંચમહાલ જિલ્લો.
૧૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી દાહોદ ચેકપોસ્ટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	પંચમહાલ જિલ્લાની દાહોદ, ચેકપોસ્ટ.
૧૯. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી નડિયાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ખેડા જિલ્લો
૨૦. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, નડિયાદ.	ખેડા જિલ્લો.
૨૧. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, સુરત અને તેમની આફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૨. મદદનીશ પ્રાદેશિક વાહન--વ્યવહાર અધિકારીઓ, સુરત	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વલસાડ અને તેમની આફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વલસાડ અને ડાંગ જિલ્લાઓ અને વલસાડ જિલ્લાની ભિલાડ ચેકપોસ્ટ.
૨૪. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભિલાડ ચેકપોસ્ટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વલસાડ જિલ્લાની ભિલાડ ચેકપોસ્ટ.
૨૫. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી રાજકોટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટરવાહનના ઈન્સ્પેકટરો.	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓ.
૨૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, રાજકોટ.	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) રાજકોટ જિલ્લો.
૨૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જામનગર અને તેમની આફિસ સાથે સંકળાયેલ મોટર-વાહનના ઈન્સ્પેકટરો	જામનગર જિલ્લો.
૨૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્ટેકટરો.	સુરેન્દ્રનગર જિલ્લો
૨૯. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જૂનાગઢ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો.
૩૦. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જૂનાગઢ.	જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો

INDEX

૧.	૨.
૩૧. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	કચ્છ જિલ્લો.
૩૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ	કચ્છ -જિલ્લો.
૩૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભાવનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા સિવાય ના) ભાવનગર અને અમરેલી જિલ્લાઓ.
૩૪. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભાવનગર.	ભાવનગર જિલ્લો.
૩૫. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, અમરેલી અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(કોડીનાર તાલુકા સિવાયનો) અમરેલી જિલ્લો.

ગુજરાતનાં રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાતના સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૧૬૨/૯૪/એમટીએ/૩૩૮૧/૬૫૦૭/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારઘી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1976.

ગુજરાત માલ હેરફેરવેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક જી/જી/૧૬૨/૯૪/એમટીએ/૩૩૮૧/૬૫૦૭/ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨નો ગુજરાતનો ૩૩મા)ની કલમ ૨ના ખંડ(૬)થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તારીખ ૨૭ ફેબ્રુઆરી, ૧૯૮૨નું વખતોવખત સુધારેલ સરકારી જાહેરનામું ક્રમાંક જીએચ/જી/૮૨/૫૭/એમટીએ/૩૩૮૧/૬૫૦૭/(૨)/ઈ૨.—૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી સદરહુ અધિનિયમના હેતુઓ માટે, આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલ દરેક અધિકારીને, સદરહુ અનુસૂચિની કોલમ-૨માં તેની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિક્તારો માટે વેરા અધિકારીઓ તરીકે નીમે છે.

INDEX

અનુસૂચિ

અધિકારીઓનો હોદ્દો	વિસ્તારો
૧	૨
૧. વાહન-વ્યવહાર કમિશનર ગુજરાત રાજ્ય,	સમગ્ર ગુજરાત રાજ્ય.
૨. વાહન-વ્યવહાર નિયામક, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય
૩. સંયુકત વાહન-વ્યવહાર નિયામક, વાહન વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય,	સમગ્ર ગુજરાત રાજ્ય.
૪. નાયબ વાહન-વ્યવહાર નિયામક, વાહન વ્યવહાર કિમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય,	સમગ્ર ગુજરાત રાજ્ય.
૫. મદદનીશ વાહન-વ્યવહાર નિયામક, વાહન વ્યવહાર કમિશનરની ઓફિસ, ગુજરાત રાજ્ય.	સમગ્ર ગુજરાત રાજ્ય.
૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારીઓ અને વાહન વ્યવહાર કમિશનર, ગુજરાત રાજ્યની કચેરી સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	સમગ્ર ગુજરાત રાજ્ય.
૭. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમદાવાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(અમદાવાદ શહેર મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદો સહિત) અમદાવાદ અને ગાંધીનગર જિલ્લાઓ.
૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, અમદાવાદ.	(અમદાવાદ શહેર, મ્યુનિસિપલ અને કેન્ટોનમેન્ટ હદો સહિત) અમદાવાદ જિલ્લો.
૯. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ગાંધીનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	ગાંધીનગર જિલ્લો
૧૦. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી મહેસાણા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર વાહનના ઈન્સ્પેકટરો	મહેસાણા અને સાબરકાંઠા જિલ્લાઓ
૧૧. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, મહેસાણા.	મહેસાણા જિલ્લો.
૧૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, હિમતનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	સાબરકાંઠા જિલ્લો.
૧૩. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, પાલનપુર, અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	બનાસકાંઠા જિલ્લો
૧૪. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વડોદરા અને ભરૂચ જિલ્લાઓ
૧૫. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, વડોદરા.	વડોદરા જિલ્લો.
૧૬. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભરૂચ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ભરૂચ જિલ્લો
૧૭. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ગોધરા અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર વાહનના ઈન્સ્પેકટરો.	પંચમહાલ જિલ્લો.
૧૮. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, દાહોદ ચેકપોસ્ટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	પંચમહાલ જિલ્લામાં દાહોદ ચેકપોસ્ટ

INDEX

૧	૨
૧૯. પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી નડિયાદ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર વાહનના ઈન્સ્પેકટરો.	ખેરા જિલ્લો.
૨૦. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, નડિયાદ.	ખેડા જિલ્લો.
૨૧. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૨. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરત	(સુરત શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) સુરત જિલ્લો.
૨૩. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, વલસાડ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વલસાડ અને ડાંગ જિલ્લાઓ અને વલસાડ જિલ્લાની ભિલાડ ચેકપોસ્ટ.
૨૪. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, ભિલાડ ચેકપોસ્ટ અને તેમની સાથે સંકળાયેલા મોટર વાહનના ઈન્સ્પેકટરો.	વલસાડ જિલ્લાની ભિલાડ ચેકપોસ્ટ.
૨૫. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી રાજકોટ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદોસહિત) રાજકોટ અને સુરેન્દ્રનગર જિલ્લાઓ.
૨૬. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, રાજકોટ.	(રાજકોટ શહેર અને મ્યુનિસિપલ હદો સહિત) રાજકોટ જિલ્લો.
૨૭. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, જામનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટરવાહનના ઈન્સ્પેકટરો.	જામનગર જિલ્લો.
૨૮. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, સુરેન્દ્રનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટરવાહનના ઈન્સ્પેકટરો.	સુરેન્દ્રનગર જિલ્લો.
૨૯. પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જુનાગઢ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો	જુનાગઢ અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો.
૩૦. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, જુનાગઢ	જુનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લાનો કોડીનાર તાલુકો.
૩૧. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ અને તેમની ઓફિસ સાથે સંકળાયેલ મોટર વાહનના ઈન્સ્પેકટરો.	કચ્છ જિલ્લો.
૩૨. મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારી, કચ્છ-ભૂજ.	કચ્છ જિલ્લો.
૩૩. પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભાવનગર અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર વાહનના ઈસ્પેકટરો.	(અમરેલી જિલ્લાના કોડીનાર તાલુકા સિવાય) ભાવનગર અને અમરેલી જિલ્લો.
૩૪. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, ભાવનગર.	ભાવનગર જિલ્લો.
૩૫. મદદનીશ પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારી, અમરેલી અને તેમની ઓફિસ સાથે સંકળાયેલા મોટર વાહનના ઈન્સ્પેકટરો.	(કોડીનાર તાલુકા સિવાય) અમરેલી જિલ્લો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૫-૧-આઈએનએફ-૧૦૮૩-૩૩૧૩-(૧)-સી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE DEPUTY DIRECTOR OF TOURISM, IN GUJARAT TOURISM SERVICE CLASS-1 UNDER DIRECTORATE OF TOURISM RECRUITMENT RULES, 1995.

પ્રવાસન નિયામકની કચેરી હેઠળ, ગુજરાત પ્રવાસન સેવા વર્ગ--૧માં, પ્રવાસનના નાયબ નિયામકની ભરતીના બાબતના નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૧૯૯૫.

ભારતનું સંવિધાન

ક્રમાંક : જીએચટી-૯૫-૧-આઈએનએફ-૧૦૮૩-૩૩૧૩-(૧)-(સી) :—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, પ્રવાસન નિયામકની કચેરીમાં, ગુજરાત પ્રવાસન સેવા વર્ગ--૧માં, પ્રવાસનના નાયબ નિયામકની જગા પર ભરતીના નિયમન માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "પ્રવાસન નિયામકની કચેરીમાં, ગુજરાત પ્રવાસન સેવા વર્ગ--૧માં, પ્રવાસનના નાયબ નિયામકની ભરતી બાબતના નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. પ્રવાસન નિયામકની કચેરીમાં, નાયબ નિયામક પ્રવાસન, વર્ગ--૧ની જગા ઉપરની નિમણૂક.....

(ક) પ્રવાસન નિયામકની કચેરીમાં, મદદનીશ નિયામકની કેડરમાં આઠ વર્ષથી ઓછું કામ કર્યું ન હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે :

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં છે. તે પ્રસંગે તે કારણોની લેખિત નોંધ કરીને, ઉપર ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશથી ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે; અથવા

(ખ) ગુજરાત વહીવટી સેવા, વર્ગ--૧ની કેડરમાંથી કોઈ અધિકારીની પ્રતિનિયુકિતના ધોરણે કામચલાઉ બદલી કરીને, અથવા

(ગ) સીધી પસંદગીથી,

કરવામાં આવશે.

૩. નિયમ ૨માં જણાવેલી જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે—

(ક) ઉમેદવાર ૩૧ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈશે નહિ ;

(ખ) તે માન્ય યુનિવર્સિટીની પદવી ધરાવતો હોવો જોઈશે ;

(ગ) તે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારના પ્રવાસન વિભાગમાં જવાબદારી ભરી જગા ઉપરનો ઓછામાં ઓછો ત્રણ વર્ષનો અનુભવ ધરાવતો હોવો જોઈશે ;

INDEX

(ઘ) તે ગુજરાતમાં પ્રવાસી રસ ધરાવતા હોય તેવા જુદા જુદા સ્થળનું સંગીન જ્ઞાન ધરાવતો હોવો જોઈશે ;

(ચ) તે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે :

પરંતુ ટુરીઝમનો ડિપ્લોમા ધરાવતા અને ગુજરાતમાં પ્રવાસના સ્થળો સંબંધી જેણે પેપર્સ/આર્ટીકલ્સ પ્રસિધ્ધ કર્યા હોય તેવા ઉમેદવારને પ્રથમ પસંદગી આપવામાં આવશે :

પરંતુ અસાધારણ સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય મર્યાદા હળવી કરી શકાશે :

વધુમાં, વખતોવખત સુધાર્યા પ્રમાણે, ગુજરાત રાજ્ય સેવા, વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર, ગુજરાત સરકારની નોકરીમાં પહેલેથી જ હોય તે ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૪. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર આ માટે વખતોવખત કરે તે નિયમો અનુસાર, ખાતાકીય પરીક્ષા, હોય તો તે, અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૫. પસંદ થયેલ ઉમેદવારને, બે વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રાખવામાં આવશે.

૬. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, સરકાર આ માટે વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે.

૭. સરકારી ખર્ચે તાલીમ લીધી હોય તેવા પસંદ થયેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવા નમૂનામાં, તેવી મુદત માટે અને તેવી રકમનાં જામીનગીરી અને જામીનખત કરી આપવાં પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એ. બાદી,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૩૯-વીબીએન-૨૧૯૪/૧૪૭૩-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT
SACHIVALAYA, GANDHINAGAR, 12TH JANUARY 1995.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૫:

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૩૯—વીબીએન--૨૧૯૪/૧૪૭૩/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મા)ની કલમ-૭૪૦ મળેલી સત્તાની રુએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત લાઠી અને જિલ્લા પંચાયત અમરેલી સાથે વિચાર- વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી—

INDEX

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનો બનતા, કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુ. ક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	લાઠી	થણસા	૧ થણસા મહેસૂલી ગામ		૧. થણસા	થણસા મહેસૂલી ગામ.
			૨. સુવાગઢ મહેસૂલી ગામ	૧. સુવાગઢ મહેસૂલી ગામ	૨. સુવાગઢ	સુવાગઢ. મહેસૂલી ગામ.
			૩. મૂળિયાપર મહેસૂલી ગામ	૨. મૂળિયાપર મહેસૂલી ગામ	૩. મૂળિયાપર	મૂળિયાપર મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૭/ટીપીએસ-૧૧૯૨-૪૧૭૦-(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૭/ટીપીએસ-૧૧૯૨-૪૧૭૦-(૯૪)-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુન, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૧ના ૮૨/ટીપીસી-૧૧૭૭-૧૮૨૮-એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના,રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ

INDEX

અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિ.સિપલ કોર્પોરેશન, અમદાવાદ એ પોતાને સાદર કરેલી નગર યોજના, અમદાવાદ નંબર ૩૭ (દાણી લીમડા-ઉત્તર)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦ થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગર રચના અધિકારીની નિમણૂક કરી હતી.

અને આ રીતે નીમાયેલ અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૬૩ હેઠળ, સદરહુ યોજનાના મુસદ્દાને ૫ જુદા જુદા સેકટરોમાં અલગ કરેલ છે. એટલે કે, નગર રચના યોજના, અમદાવાદ નંબર-૩૭ (દાણી લીમડા-ઉત્તર), સેકટર-૧, નગર રચના યોજના, અમદાવાદ નં. ૩૭ (દાણી લીમડા-ઉત્તર) સેકટર-૨, નગર રચના યોજના અમદાવાદ નં. ૩૭ (દાણી લીમડા-ઉત્તર) સેકટર--૩, નગર રચના યોજના અમદાવાદ નં.-૩૭ (દાણીલીમડા--ઉત્તર) સેકટર-૪, અને નગર રચના યોજના, અમદાવાદ નં. ૩૭ (દાણી લીમડા-ઉત્તર) સેકટર-૫.

અને નીમાયેલ નગર રચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગર રચના યોજના અમદાવાદ નં.-૩૭ (દાણી લીમડા ઉત્તર), (સેકટર-૫) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની ૧૦મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોના ફેરવહેંચણી પત્રકમાં "પાના નં. ૩૭ પરના દરેક મૂળ પ્લોટ નંબર ૩૧૯, ૩૨૦/૧, ૩૨૦/૨ના કોલમ નં. ૮, પાના નં. ૩૯ પરના દરેક મૂળ પ્લોટ નંબર ૩૨૧ અને ૩૩૨ના કોલમ નં. ૮, પાના નં. ૫૭ પરના દરેક છેવટના પ્લોટ નંબર ૪ અને ૬ના કોલમ નં. ૮ની નોંધમાં, "મંજૂર કરાયેલી વિકાસ યોજનામાં સૂચિત ૩૦.૫૦ મીટર પહોળો રસ્તો ચાલુ રહે છે" એ શેરો નોંધમાં ઉમેરવો.

(૨) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૫૭ પરના અનુક્રમાંક નં. ૩૨ (૩૬૨) પરની કોલમ નં. ૨માં "યોગ્ય સત્તા મંડળ, કમિશનર, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ" એ શબ્દોને બદલે "યોગ્ય સત્તામંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ શબ્દો મૂકવા.

(૩) "વિકાસ નિયંત્રણ વિનિયમો" ને પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રખાયેલા છે એમ ગણવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો/૮/ડીવીપી-૧૫૯૦-૪૧૭૧-(૯૪)-એલ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫નો ૮/ડીવીપી-૧૫૯૦-૪૧૭૧-(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૭નો-૨૪૦-ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ. હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેથી છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા)ની કલમ ૧૯ના પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને,

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩--૪૪૨૦-(૮૭)-એલ. થી મંજૂર કરેલ, ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર

---

(૧) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગ્યા" તરીકે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCDA' તરીકે દર્શાવેલી ગાંધીનગર તાલુકાના ભાટ ગામની મહેસૂલી સરવે નંબર ૪૩/એ પૈકી, ૪૩/બી પૈકી, ૪૪/પૈકી, ૫૩ પૈકી, ૫૪ પૈકી, ૬૦ પૈકી, ૬૫ પૈકી, અને ૭૪ પૈકી વાળી (આશરે ૪.૧૩ હેકટર માપવાળી) જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી, અને આ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ, આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૧માં, જણાવ્યા મુજબ, "જીઆઈડીસી માટેનો લીલો પટ્ટો" માટે અનામત રાખવી.

(૨) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં "CDEFGHIJKLMN OPC"તરીકે દર્શાવેલ ગાંધીનગર તાલુકાના ભાટ ગામની મહેસુલી સરવે નંબર ૪૩/એ, પૈકી, ૪૩/બી પૈકી,૪૪ પૈકી, ૬૦ પૈકી, ૬૫ પૈકી, ૬૧, ૬૨, ૬૩ અને ૬૪ વાળી (આશરે ૨૩.૪૩ હેકટર માપવાળી) જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને આ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ડ) હેઠળ, આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૨માં જણાવ્યા મુજબ "સોનું અને હિરા ઝવેરાત સંકુલ માટેના સામાન્ય ઔદ્યોગિક વિસ્તાર માટેની જીઆઈડીસી" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :કેપી/૧૯૯૫નો૧-વીબીએન-૨૨૯૪-૭૯૬--ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૧-વીબીએન-૨૨૯૪-૩૯૬--ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)-ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, પાલનપુર અને જિલ્લા પંચાયત, બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પાલનપુર	૧. ખેમાણા	૧. ખેમાણા મહેસૂલી ગામ ૧. સૂરજપૂરા (પેટાપરા)	 ૧. સૂરજપૂરા (પેટા પરા)	૧. ખેમાણા ૨. સૂરજપૂરા	૧. ખેમાણા મહેસૂલી ગામ સૂરજપૂરા (પેટા પરા.)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૯૯૫નો ૪૧– એનપીએલ-૪૫૯૫-૮૫૩-એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

THE GUJARAT MUNICIPALITY (COLLECTION OF OCTROI BY LEASE, PUBLIC AUCTION OR PRIVATE CONTRA) RULES 1995.

ગુજરાત નગરપાલિકા (પટા, જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા) બાબતના નિયમો, ૧૯૯૫ સંબંધી

જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક :કેવી/૧૯૯૫નો ૪૧–એનપીએલ–૪૫૯૫-૮૫૩-એમ.– ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાત ના ૩૪મા) ની કલમ, ૧૨૯-ક સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ સદરહુ કલમ ૨૭૭ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે આથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ઠરાવેલા પંદર દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી સદરહુ મુસદ્દો ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં; સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેને સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ ૧૨૯-ક સાથે વાંચતા, કલમ ૨૭૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.-

૧. ટૂંકી સંજ્ઞા અને વ્યાપ્તિ.– (ક) આ નિયમો ગુજરાત નગરપાલિકા (પટા, જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા) બાબતના નિયમો, ૧૯૯૫ કહેવાશે.

(ખ) તે ગુજરાત રાજયમાંની તમામ નગરપાલિકાઓ/નગરપંચાયતોને લાગુ પડશે.

૨. વ્યાખ્યા:– આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "અધિનિયમ" એટલે વખતોવખત સુધાર્યા પ્રમાણેનો ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ખ) "નગરપાલિકા" એટલે આ અધિનિયમ હેઠળ રચાયેલી અથવા રચાયેલી હોવાનું ગણાતી નગરપાલિકા/નગરપંચાયત.

(ગ) "ઓકટ્રોય" એટલે નગરપાલિકાના ઓકટ્રોય નિયમોને જોડેલી ઓકટ્રોય અનુસૂચિ અને તેનો તેનો સમાવેશ થાય છે.

૩. નગરપાલિકાએ, જાહેર હરાજી અથવા ખાનગી કરારથી ઓકટ્રોયનો પટો આપવાનો ઠરાવ કર્યો હોય ત્યારે, નગરપાલિકાના મુખ્ય અધિકારીએ જો તેનો સમાવેશ નગરપાલિકાના ઠરાવમાં ન કર્યો હોય તો ઓકટ્રોય ઉઘરાવવા માટે આવી હરાજી અથવા પટા માટે તળિયાની કિંમત નક્કી કરવી જોઈશે અને નગરપાલિકાના નિયામકની પૂર્વમંજૂરી મેળવવી જોઈશે:

૪. નગરપાલિકાના નિયામક તરફથી તળિયાની કિંમતની મંજૂરી મળ્યે, મુખ્ય અધિકારીએ, વિસ્તારમાં બહોળા પ્રમાણમાં વંચાતા એક અથવા વધારે દૈનિક વર્તમાનપત્રોમાં એવા નિવેદન સાથે હરાજીની તારીખ, સમય અને સ્થળ જણાવતી જાહેરખબર આપવી જોઈશે કે હરાજીની બોલીઓ અને શરતોની નકલ, ઠરાવેલી ફીની ચૂકવણી કર્યે નગરપાલિકાની કચેરીમાંથી મળી શકશે.

પરંતુ, જાહેરખબરની પ્રસિધ્ધિની તારીખ અને હરાજીની તારીખ વચ્ચે ઓછામાં ઓછા ચોખ્ખા પંદર (૧૫) દિવસ રહેવા જોઈશે.

INDEX

૫. મુખ્ય અધિકારીએ, આ સાથે જોડેલી અનુસૂચિ–૧માં ઠરાવેલી બોલીઓ અને શરતોને અધીન રહીને અને નગરપાલિકાના નિયામકની કચેરીએ પ્રતિનિયુક્ત કરેલા એક પ્રતિનિધિની હાજરીમાં જાહેર હરાજી કરવી જોઈશે.

૬. સૌથી ઉંચી બોલી બોલનાર ન હોય તે પ્રસંગે, નગરપાલિકાને અનુકૂળ હોય એવા બીજા બોલી બોલનાર સાથે વાટાઘાટ કરવાનો અને એવી બીજી વ્યકિત સાથે ઓકટ્રોયની રકમ નક્કી કરવા માટે વિચારણા કરવાનો હક રહેશે અને સદરહુ કબૂલાતનામુ આ નિયમો અને અધિનિયમને આધીન રહેશે.

૭. સૌથી ઉંચી બોલી બોલનારે, ઓકટ્રોય (અનુસૂચિ–૨) ઉઘરાવવાનું શરૂ કરતા પહેલાં કબૂલાતનામું કરવાનું છે.

૮. પટો, તેના અમલની તારીખથી બે (૨) વર્ષ સુધી અમલમાં રહેશે.

૯. વિદ્યમાન પટો પૂરો થાય તેના ઓછામાં ઓછા એક મહિના પહેલાં નગરપાલિકાએ, બીજા બે વર્ષની મુદત માટે, હરાજીની કાર્યવાહી પૂરી કરવી જોઈશે.

(અનુસૂચિ–૧, નિયમ–૫)

.....નગરપાલિકા/નગરપંચાયત ઓકટ્રોય ઉઘરાવવા માટે પટ્ટાની હરાજીની બોલીઓ અને શરતો

૧. બોલી બોલનાર :–

(૧) સગીર અથવા અસ્થિર મગજની ન હોય એવી કોઈપણ વ્યકિત, કોર્પોરેશન, એસોસિયેશન અથવા ટ્રસ્ટ, ઓકટ્રોય ઉઘરાવવાના હક માટે બોલી બોલી શકશે.

(૨) કોઈપણ સંજોગોમાં, બોલી બોલવાનો ઈરાદો ધરાવનારના નામમાં, ફેરફાર કરવા દેવામાં આવશે નહિ.

૨. હરાજી પર બોલી બોલવા અને અરજી રજૂ કરવા બાબત.–

(૧) બોલી બોલવાનો ઈરાદો ધરાવનારે, તળિયાની કિંમતની ૧૦ ટકા જેટલી રકમ સિકયુરીટી ડીપોઝીટ તરીકે જમા કરાવવી પડશે અને ઠરાવેલા નમૂના (અનુસૂચિ ૨) મુજબ યોગ્ય રીતે ભરીને અરજી આપવી જોઈશે. આ ડિપોઝીટ, હરાજીના દિવસની અગાઉનાં ક્રમના દિવસે, નગરપાલિકાના મુખ્ય અધિકારીની કચેરીમાં મૂકવી પડશે. આ ડિપોઝીટ, નગરપાલિકાના પ્રમુખની તરફેણમાં, ભારતીય સ્ટેટ બેન્ક અથવા બીજી કોઈપણ રાષ્ટ્રિયકૃત બેન્કોની કોઈપણ શાખાથી લખેલા ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા પે ઓર્ડર દ્વારા મૂકવી જોઈશે.

(૨) જે વ્યકિતઓએ સિકયુરીટી ડિપોઝીટ રકમ અનામત મૂકી હોય અને અહીં ઉપર નિયમ ૨ (૧)માં જણાવ્યા પ્રમાણે કરવેલા નમૂનામાં અરજી કરી હોય તે સિવાય કોઈપણ વ્યકિતને, હરાજીમાં પ્રવેશ આપવામાં અથવા ભાગ લેવા દેવામાં આવશે નહિ.

કોઈપણને, એજન્ટ તરીકે બોલી બોલવા દેવામાં આવશે નહિ સિવાય કે હરાજી ચાલુ થાય તે પહેલાં તેણે મુખ્યત્યારનામું રજૂ કર્યું હોય બોલી બોલનાર કંપની અથવા પેઢી હોય તો, કંપનીના રજિસ્ટ્રેશનની અથવા યથાપ્રસંગ, ભાગીદારી ખતની પ્રમાણિત નકલ હરાજી ચાલુ થાય તે પહેલાં રજૂ કરવી પડશે. અને આવા કેસમાં, હરાજીમાં ભાગ લેતા પહેલાં કંપની અથવા પેઢીનો અધિકારપત્ર રજૂ કરવો પડશે.

(૪) ભાગ લેનારની કોઈપણ ગેરવર્તણુંકને લીધે હરાજી મુલતવી રાખી હોય તો, હરાજી દરમિયાન, કોઈપણ બોલી બોલનારને તેની ખસી કરવાની અથવા વાટાઘાટ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ, મુખ્ય અધિકારીને, સદરહુ ભાગ લેનારની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવાનો હક રહેશે.

(૫) મુખ્ય અધિકારીને, હરાજી મુલતવી રાખવાનો અથવા રદ કરવાનો હક રહેશે. આવા કિસ્સામાં, તેણે બોલી બોલવાનો ઈરાદો ધરાવનારને, રૂબરૂમાં અથવા રજિસ્ટર્ડ ટપાલ દ્વારા નવી તારીખ અને સમયની જાણ કરવી જોઈશે.

(૬) હથોડી ઠોકવામાં આવે તે વખતે, સૌથી ઉંચી બોલી બોલનારે, હરાજીનું સંચાલન કરનાર અધિકારી મારફત, બોલીની રકમના ૧૦ ટકા રોકડમાં અથવા નગરપાલિકાના પ્રમુખની તરફેણમાં, ડિમાન્ડ ડ્રાફ્ટ દ્વારા બાનાની રકમ ત્રણ દિવસમાં ચૂકવવી જોઈશે. બાનાની રકમ, ત્રણ દિવસમાં ભરવામાં ન આવે તો, અગાઉ થયેલી હરાજી રદ થવાને પાત્ર ગણાશે અને સૌથી ઉંચી બોલી બોલનારાની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૭) સૌથી ઉંચી બોલીનો સ્વીકાર, નગરપાલિકાના નિયામકની મંજૂરીને અધીન રહેશે. નગરપાલિકાના નિયામકે લીધેલા નિર્ણય આખરી અને નિર્ણાયક ગણાશે.

(૮) નિષ્ફળ બોલી બોલનારને, સિકયુરીટી ડિપોઝીટની રકમ તરત જ પરત કરવામાં આવશે. સૌથી ઉંચી બોલી બોલનારની બાબતમાં સફળ બોલી બોલનારે ભરવાની બાનાની રકમ પેટે સદરહુ રકમ સરભર કરવામાં આવશે.

INDEX

૩. કબૂલાતનામું કરવા બાબત

નગરપાલિકાના નિયામક, બોલી સ્વીકારે કે તરત જ, સફળ બોલી બોલનારને આવા સ્વીકારની લેખિતમાં જાણ કરવામાં આવશે ત્યાર પછી, સફળ બોલી બોલનારે, અનુસૂચિ–૩ના ઠરાવેલા નમૂના મુજબ નગરપાલિકા સાથે કરાર કરવો જોઈશે. સદરહુ કબૂલાતનામું સફળ બોલી બોલનારે તેના ખર્ચે કરવું પડશે. તેની બોલીના સ્વીકાર સંબંધી જાણ થયાના સાત દિવસની અંદર સદરહુ કબૂલાતનામું કરે તો, મુખ્ય અધિકારી, બોલી બોલનારના પક્ષે ચૂક હોવાનું ગણશે અને નિયમ–૬માં જણાવ્યા પ્રમાણે, કારોબારી સમિતિ મારફત વધુ પગલાં લેવા માટે નગરપાલિકાને રિપોર્ટ કરશે.

અનુસૂચિ–૨

અરજીનો નમૂનો

.....નગરપાલિકા/નગરપંચાયત ઓકટ્રોય ઉઘરાવવાના પટા માટે બોલી બોલવા ઈચ્છતી વ્યકિતએ કરવાની અરજી. પટ્ટો ધરાવવા ઈચ્છતી વ્યકિતની વિગત

૧. નામ : (મોટા અક્ષરમાં અટક હોય તો તેનાથી શરૂ કરવું)

૨. પિતા/પતિનું નામ :

૩ જન્મ તારીખ :

૪. હરાજીની તારીખે ઉંમર :

૫ પૂરુ સરનામું :
(ક) રહેઠાણનું :
(ખ) ધંધાનું :

૬. હરાજીની વિગતો :
(૧) હરાજીની તારીખ
(૨) હરાજી માટે નક્કી કરેલી તળિયાની કિંમત :
(૩) બાનાની રકમ તરીકે ભરેલી રકમ રૂા. .....
ચૂકવણીની વિગતો :
(૧) ડિમાન્ડ ડ્રાફટ/પિઓર્ડર નંબર અને તારીખ
(૨) બેંકનું નામ અને તેની શાખા

ઉપર જણાવેલ હરાજીમાં નીચે સહી કરનાર બોલી બોલવા ઈચ્છનાર, આથી, હરાજીની બોલીઓ અને શરતો હેઠળ ઓકટ્રોય ઉઘરાવવાના પટા માટે હરાજીમાં બોલી બોલવાની પરવાનગી માટે મારી જાતે અરજી કરું છું. મેં આવા હકો વાંચ્યા છે અને સમજ્યો છું અને આથી કોઈપણ વાંધા સિવાય સંપૂર્ણપણે સ્વીકારું છું.

આપનો વિશ્વાસુ,

પટાનું કબૂલાતનામું.

.....નગરપાલિકાએ, તેના ઠરાવ નંબર .....તારીખ .....હેઠળ જાહેર હરાજી અથવા ખાનગી કરાર દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા માટે પટો આપવાનો ઠરાવ કર્યો છે અને, સદરહુ પટા માટેની હરાજી .....તા. ના રોજ રાખી હતી અને સૌથી ઉંચી બોલી બોલનારે ઠરાવેલા નમૂનામાં તેની બોલીના સ્વીકાર માટે અરજી આપેલી અને, નગરપાલિકાની કારોબારી સમિતિએ, તેના તારીખ.....ના ઠરાવ નંબર.....હેઠળ બોલી મંજૂર રાખી છે/ સ્વીકારી છે અને નગરપાલિકાના મુખ્ય અધિકારીએ, તેના પત્ર નંબર.....તારીખ.....મુજબ સ્વિકારવાની જાણ કરી છે. ગુજરાત નગરપાલિકા, પટા દ્વારા ઓકટ્રોય ઉઘરાવવા બાબતના નિયમો, ૧૯૯૫ના નિયમ ૭ હેઠળ ફરમાવ્યા પ્રમાણે કબૂલાતનામું કરવાનું જરૂરી છે.

આ કરાર, સન ઓગણીસો.....ના વર્ષના.....મહિનાની.....તારીખે કર્યો છે.

INDEX

એક તરફે.....નગરપાલિકા, જે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ રચાયેલ છે અને પોતાના મુખ્ય અધિકારી મારફત કાર્ય કરે છે તે જે શબ્દપ્રયોગના સંદર્ભ અથવા અર્થથી અસંગત હોય તે સિવાય, તેના હોદ્દાની રૂએ ઉત્તરાધિકારીઓ અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થાય છે તેમની

અને શ્રી (અટકથી શરૂ કરવું) .....ઉંમર.....રહેવાસી.....(જેનો આમાં હવે પછી બીજા તરફે પક્ષકાર કહયા છે તેમની વચ્ચે)

૨ સાક્ષી આપવામાં આવે છે કે રૂ.....ની વાર્ષિક રકમની ચૂકવણીની અવેજ, એક તરફના પક્ષકારે, નીચેની બોલીઓ અને શરતોએ, નગરપાલિકાની હદમાંના વિસ્તાર માટે ઓકટ્રોય ઉઘરાવવા માટે, બીજી તરફેના પક્ષકારને અધિકૃત કર્યા છે.

એક તરફના પક્ષકાર આથી નીચે પ્રમાણે કરવા કબૂલ થાય છે:—

૧. ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જોગવાઈ કર્યા પ્રમાણે નગરપાલિકા હદમાંના વિસ્તારો માટે ઓકટ્રોય ઉઘરાવવા માટે બીજા ભાગના પક્ષકારને અધિકૃત કરવા માટે.

૨. બીજી તરફેના પક્ષકાર, આ કબૂલાતનામું કર્યાની તારીખથી બે વર્ષની મુદત સુધી પોતાનો હક વાપરશે.

૩. બીજી તરફના પક્ષકારને, વીજળી-ખર્ચ અને કોઈ ટેલિફોન-બીલ હોય તો, તેની ચૂકવણીને અધીન રહીને ઓકટ્રોય ઉઘરાવવાના હેતુ માટે હાલના ચાલુ ઓકટ્રોય નાકાના ઉપયોગની છૂટ આપવામાં આવે છે.

૪. બીજી તરફના પક્ષકાર આથી નીચે પ્રમાણે કરવા કબૂલ થાય છે:—

૧. દરેક મહિનાની પહેલી અને ૧૬મી તારીખે બોલીની કુલ રકમની અડધી જેટલી રકમ, નગરપાલિકાને અગાઉથી આપવાનું કબૂલે છે. જો પટો, મહિનાના પહેલી અને ૧૬મી તારીખ સિવાયના બીજા કોઈ પણ દિવસે અમલમાં આવે તો, એવી તારીખથી પહેલી તારીખે અથવા યથાપ્રસંગ, ૧૬મી તારીખ સુધીના એવા દિવસો માટે રકમની ગણતરી કરવી.

૨. ચૂકવણીમાં વિલંબ થાય તો ૨૪ ટકાના દરે વ્યાજ આપવાનું.

૩. અહીં ઉપર ઠરાવ્યા પ્રમાણે, બેથી વધુ હપ્તાના વ્યાજની ચૂકવણી ન કરે તો, આ કબૂલાતનામું સમાપ્ત થયેલું છે એમ ગણાશે અને તે નગરપાલિકાને થયેલા તમામ નુકશાન ભરપાઈ કરવાને પાત્ર ઠરશે અને તે જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાને પાત્ર ઠરશે.

૪. રાખેલી બાનાની રકમ પર, તે વ્યાજ ચૂકવશે નહિ અને તેની પરત ચૂકવણી માટે કરારની મુદતના છેલ્લા બે હપ્તામાં સરભર કરવામાં આવશે.

૫. તેને, ઓકટ્રોયનો દર અથવા તેની અનુસૂચિની કોઈપણ બાબતનો દર વધારવાની અથવા કોઈ પણ બાબતની ઓકટ્રોયમાં ફેરફાર કરવાની દરખાસ્ત કરવાની સત્તા નથી.

૬. નગરપાલિકાના ઓકટ્રોય નિયમો હેઠળ મુકિત આપવામાં આવી હોય અથવા અધિનિયમની કલમ ૯૯ની પેટા-કલમ (૧) હેઠળ સરકારે મુકિત આપી હોય તો, એવી કોઈપણ ઓકટ્રોય વસૂલ કરવી નહિ.

૭. સરકાર ઓકટ્રોય પધ્ધતિ બંધ કરે તો સરકાર જે તારીખે ઓકટ્રોય પધ્ધતિ બંધ કરવાનો અમલ કરે તે તારીખથી તે કબૂલાતનામું રદબાતલ ગણાશે.

૮. ઓકટ્રોય ઉઘરાવવાના સંબંધમાં, કોઈ વ્યકિતને કોઈપણ પજવણી થાય તો, નગરપાલિકા આ કબૂલાતનામું સમાપ્ત કરી શકશે અને નુકશાન વસૂલ કરી શકશે.

૯. અધિનિયમ, અથવા નિયમો અથવા તેના ભાગની કોઈપણ જોગવાઈના અર્થઘટનની સંબંધી કોઈ તકરાર ઉપસ્થિત થાય તો કલેકટરનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

૧૦. આ શરતોના કોઈપણ ભંગના કિસ્સામાં, કરારની સમાપ્તિ પછી, બાનાની રકમ સરકાર દાખલ થશે અને નગરપાલિકાએ બીજા પક્ષકાર પાસેથી જમીન મહેસૂલની બાકી તરીકે નુકશાન વસૂલ કરવું જોઈશે.

બીજા તરફેના પક્ષકારો. એક તરફેના પક્ષકારો

ગુજરાતના રાજ્યપાલશ્રીના હકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૯૫/૧૦૦/એમવીએ/૧૦૯૫/૯૩૮/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જીજી/૯૫/૧૦૦/એમવીએ/૧૦૯૫/૯૩૮/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ-૮૯ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અને ગૃહ વિભાગનું તારીખ ૧૨મી જુન, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/જી/૯૧/૧૨૭/એમવીએ/૧૦૮૯/૭૭૭/ખ રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત રાજ્ય માટે રાજ્ય વાહનવ્યવહાર અપીલ ટ્રીબ્યુનલ રચે છે જે શ્રી એચ. વી. તેન્ડુલકર, જજ, સીટી સિવિલ કોર્ટ, અમદાવાદનું બનશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2





The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, AUGUST 24, 1995/BHADRA 2, 1917 [No. 34

Separate paging is given to this Part in order thzt it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications o[illegible] those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૬૦૦-૧૯૯૪-૨૦નપીએલ-૧૦૯૪-પપપપ-આરનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

THE GUJARAT STATE MUNICIPAL CHIEF OFFICERS' SERVICE (RECRUITMENT, ABSORPTION AND CONDITIONS OF SERVICE) RULES, 1995.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને સેવાની શરતો) નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક કેવી-૬૦૦-૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-પપપપ-આર.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-કની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ તે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં, સદરહુ મુસદ્દાનાં સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના સૂચિત જાહેરનામાને મુસદ્દા અંગે જે કોઈ વાંધો અથવા સૂચન મળશે તેના ઉપર, આ સંબંધી આખરી જાહેરનામું પ્રસિધ્ધ થતાં પહેલાં સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-કની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે.—

નિયમો

પ્રકરણ—૧

પ્રારંભિક

ટૂંકી સંજ્ઞા અને આરંભ.—૧ (૧) આ નિયમો, ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને સેવાની શરતો), નિયમો, ૧૯૯૫' કહેવાશે. તે, રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અમલમાં આવશે.

(૨) વ્યાખ્યાઓ.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો—

(ક) "સમાવિષ્ટ અધિકારી" એટલે નિયમ ૬ અનુસાર સેવામાં સમાવિષ્ટ વિદ્યમાન મુખ્ય અધિકારી;

(ખ) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ગ) "નક્કી કરેલો દિવસ" એટલે જે દિવસે સેવાની રચના થઈ હોય તે દિવસ;

(ઘ) "નિમણૂક કરનાર સત્તાધિકારી" એટલે રાજ્ય સરકાર;

(ચ) "આયોગ" એટલે ગુજરાત જાહેર સેવા આયોગ;

(છ) "પદવી" એટલે કાનૂન દ્વારા સ્થપાયેલી યુનિવર્સિટીની પદવી;

(જ) "નિયામક" એટલે નગરપાલિકાઓના નિયામક;

(ઝ) "વિદ્યમાન મુખ્ય અધિકારી" એટલે નક્કી કરેલા દિવસની તરત પહેલાં નિયમિત હેસિયતથી કોઈપણ નગરપાલિકાના મુખ્ય અધિકારીનો હોદ્દો ધરાવતી હોય તે વ્યકિત;

(ટ) "સરકાર" એટલે ગુજરાત સરકાર;

INDEX

(૬) "સેવા" એટલે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના જાહેરનામા ક્રમાંક કેવી/૫૯૯/૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર હેઠળ સરકાર દ્વારા રચાયેલ ગુજરાત રાજ્ય મ્યુનિસિપલ મુખ્ય અધિકારીની સેવા;

(૭) આ નિયમોમાં વાપરવામાં આવ્યા હોય પરંતુ જેમની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દ પ્રયોગોનો અર્થ, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩માં અનુક્રમે જે કરવામાં આવ્યો છે તે જ થશે.

પ્રકરણ—૨

ભરતી

૩. મુખ્ય અધિકારીના વર્ગ ૧, ૨ અને ૩ કેડરનો પ્રકાર.—આ સેવા, ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા કહેવાશે અને તે વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ના મુખ્ય અધિકારીઓની બનેલી રહેશે. આ કેડર રાજ્ય કેડર ગણાશે અને આ ત્રણ વર્ગમાં નિયમાયેલ અધિકારીની, રાજ્યના કોઈપણ ભાગમાં નિમણૂંક કરી શકાશે.

૪. સેવાની ભરતીની પધ્ધતિઓ.—(૧) સેવા વર્ગ-૧માંની તમામ જગા પરની ભરતી, સેવાની વર્ગ-૨ની જગા ધરાવતા અને તે વર્ગમાં આઠ કરતાં ઓછી ન હોય તેટલી સેવા આપનાર સિધ્ધ ગુણવત્તાવાળા યોગ્ય અધિકારીને બઢતી આપીને કરવામાં આવશે.

(૨) સેવાની વર્ગ-૨ની જગા પરની ભરતી, સીધી ભરતીથી, અને સેવાની વર્ગ-૩ની જગા ધરાવતા અધિકારીઓને બઢતી આપીને, ૧ : ૧ ના પ્રમાણમાં કરવામાં આવશે.

(૩) સેવાની વર્ગ-૩ની તમામ જગા પરની ભરતી, સીધી ભરતીથી કરવામાં આવશે.

(૪) આ નિયમમાં, આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, સેવામાં તેની શરુઆતની રચના વખતે, ભરતી, પ્રકરણ-૩માં જણાવેલ નિયમો અનુસાર, વિદ્યમાન મુખ્ય અધિકારીનો સમાવેશ કરીને કરવામાં આવશે.

(૫) સીધી ભરતીથી અથવા બઢતીથી સેવામાંની જગા પરની તમામ નિમણૂંકો, આયોગ સાથે વિચાર-વિનિમય કર્યા પછી નિમણૂક કરનાર સત્તાધિકારી દ્વારા કરવામાં આવશે.

(૬) આ નિયમમાં, આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, જ્યારે સેવામાં, યથાપ્રસંગ સીધી ભરતીથી અથવા બઢતીથી આવી જગા પર ભરતી કરવા માટે યોગ્ય ઉમેદવાર પ્રાપ્ય ન હોવાને લીધે કોઈ જગા ખાલી રહે અથવા જ્યારે કોઈ રજા પર હોય અથવા સેવામાં કોઈપણ અન્ય હંગામી જગા ખાલી પડે ત્યારે, આ જગા, સરકારના મહેસૂલ વિભાગમાંથી પ્રતિનિયુકિત પર યોગ્ય અધિકારીની નિમણૂંક કરીને ભરવામાં આવશે.

(૭) સેવાના મુખ્ય અધિકારી વર્ગ-૨ અને વર્ગ-૩ની જગાઓ પર સીધી ભરતીથી નિમણૂંક માટે ઉમેદવાર, ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૨૮ વર્ષથી વધુ નહિ તેટલી ઉંમરનો હોવો જોઈશે; પરંતુ અનુસૂચિતજાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગ વિગેરેના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં રાજ્ય સરકાર ઠરાવે તેવી છૂટછાટ આપી શકાશે

વધુમાં, અંદર વર્ષથી ઓછી નહિ તેટલી મ્યુનિસિપલ સેવા સાથે અને મુખ્ય અધિકારી વર્ગ-૨ અને ૩ની જગા પર નિમણૂંક માટે ઠરાવેલ લાયકાતો ધરાવનાર મ્યુનિસિપલ કર્મચારીઓના કિસ્સામાં, ઉપલી વયમર્યાદા ૪૫ વર્ષની રહેશે.

૫. પ્રોબેશન પર નિમણૂક.—(૧) (૧) સીધી ભરતીથી મુખ્ય અધિકારી વર્ગ-૨ અને ૩ની જગા પરની નિમણૂંકો બે વર્ષની મુદત માટે પ્રોબેશન પર કરવામાં આવશે. તે મુદત દરમિયાન, તેઓએ, રાજ્ય સરકાર ઠરાવે તેવા તાલીમના અભ્યાસક્રમો પુરા કરવા જોઈશે, અને આવી પરીક્ષા સળંગ ત્રણ પ્રયત્નોમાં પાસ કરવી જોઈશે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ અને પછાતવર્ગના ઉમેદવારને, સદરહુ પરીક્ષા પાસ થવા માટે એક વધુ તક આપવામાં આવશે:

વધુમાં, બે વર્ષની પ્રોબેશનની મુદતની અંદર ઠરાવેલી પરીક્ષાઓ જેમણે પાસ કરી નહિ હોય તેની પ્રોબેશનની મુદત સરકાર વખતોવખત વધારી શકશે આવી વધારેલી મુદત એક વર્ષથી વધુ નહિ હોય.

(૨) મુખ્ય અધિકારી વર્ગ-૧ અને વર્ગ-૨ની જગા પરની બઢતીની થયેલી નિમણૂંક, એક વર્ષની મુદત માટે કામચલાઉ રહેશે અને તેમની નિમણૂંક તેમની સંતોષકારક કામગીરી અને સેવાના રેકર્ડના આધારે કાયમી કરાશે.

(૨) નિમણૂંક કરનાર સત્તાધિકારીના સંતોષ મુજબ, વર્ગ-૨ અને વર્ગ-૩ના પ્રોબેશન પરના અધિકારી, તેમની તાલીમનો અભ્યાસક્રમ પૂરો ન કરે અને જે, ઠરાવેલી મુદતમાં અને ઠરાવેલી તકોની અધિકત્તમ સંખ્યામાં ઠરાવેલી પરીક્ષા પાસ ન કરે તે નોકરીમાંથી છૂટો થવાને પાત્ર થશે.

(૩) પ્રોબેશનની મુદત સંતોષકારક રીતે પૂર્ણ થયે અને ઠરાવેલી અપેક્ષિત પરીક્ષાઓ પાસ કર્યેથી અધિકારીઓ, સેવાના જે વર્ગમાં તે નિયુકત થયા હોય તેમાં કાયમી થવાને પાત્ર થશે.

INDEX

પ્રકરણ—૩

સમાવેશ

૬. વિદ્યમાન મુખ્ય અધિકારીઓનો સમાવેશ.—(૧) દરેક વિદ્યમાન મુખ્ય અધિકારી.

(૧) જેણે, નક્કી કરેલા દિવસે ૫૮ વર્ષની ઉંમર પૂરી કરી ન હોય.

(૨) જે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૫ની છેલ્લા સુધારા પહેલાં જે પ્રમાણે હતી તે, કલમ ૨૯(૨) થી [illegible] લાયકાતો ધરાવતો હોય.

(૩) નક્કી કરેલા દિવસની તરત પહેલાં, મુખ્ય અધિકારી તરીકેનું, જેનું કામ અને વર્તન, સરકારના અભિપ્રાય મુજબ સંતોષકારક હોય,

તેમનો સેવામાં વર્ગ-૨માં સમાવેશ કરી શકાશે.

૭. સમાવેશ ન થયેલા વિદ્યમાન મુખ્ય અધિકારીઓને વૈકલ્પિક નિમણૂંક આપવા બાબત.—જ્યારે, કોઈ વિદ્યમાન મુખ્ય અધિકારીનો, નિયમ ૬ હેઠળ સેવામાં સમાવેશ થયો ન હોય ત્યારે, તે નગરપાલિકામાં મુખ્ય અધિકારી સિવાયની કોઈપણ જગા કે જે, નક્કી કરેલા દિવસે તેણે લીધેલા પગાર-ધોરણથી ઉતરતી ન હોય એવી જગા પર તેની નિમણૂંક કરવામાં આવશે.

૮. અમુક વિદ્યમાન મુખ્ય અધિકારીઓની નિવૃત્તિ.—દરેક વિદ્યમાન મુખ્ય અધિકારી, કે જેનો નિયમ ૬ હેઠળ સમાવેશ થયો ન હોય અથવા કોઈ નગરપાલિકા દ્વારા, નિયમ-૭ હેઠળ, તેની મુખ્ય અધિકારીની સિવાયની કોઈપણ જગા પર નિમાયા ન હોઈ અને દરેક, મુખ્ય અધિકારી, નિયામકને, નોટિસ દ્વારા સેવામાં, સમાવેશ કરાવવાની અથવા કોઈ નગરપાલિકા હેઠળ કામ કરવાનું ચાલુ રાખવાની ઈચ્છા ન હોવાના તેના વિકલ્પની જાણ કરે તેમને નક્કી કરેલા દિવસની તરત પહેલાં જે નગરપાલિકા હેઠળ, તે કામ કરતા હતા તે નગરપાલિકાની સેવામાંથી નિવૃત્ત કરવામાં આવશે અને આવી રીતે નિવૃત્ત થયેથી આ નિયમ હેઠળ હોય તે સિવાય, જાણે કે તે નિવૃત્ત થયો હોત, તો તે, જે સમાપ્તિના લાભો માટે હકદાર હોત તે તમામ લાભો મેળવવાને તે હકદાર થશે.

૯. સમાવેશ કરેલા અધિકારીઓને પગાર નક્કી કરવા બાબત.—(૧) સમાવેશ કરેલા અધિકારીનો જે જગામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે જગાનું પગાર-ધોરણ ગમે તે હોય તેમ છતાં, સમાવેશ કરાયેલ અધિકારી.—

(૧) નક્કી કરેલા દિવસની તરત પહેલાં, તેને લાગુ પડતું હોય તેવું પગાર-ધોરણથી વિકલ્પમાં નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે લાગુ પાડવાનો વિકલ્પ લઈ શકશે; અથવા

(૨) આ નિયમોના આરંભ પછીના તરતના લાગુ પાડવાના અથવા યથાપ્રસંગ, ખંડ (૧) હેઠળ લીધેલા વિકલ્પની મુદત પૂરી થયા પછી, તે જેમાં સમાવાયેલો છે એ જગાના પગારધોરણથી લાગુ પાડવાનો વિકલ્પ લઈ શકશે.

(૨) સમાવેશ કરાયેલ અધિકારી, પેટા-નિયમ (૧)ના ખંડ (૧) હેઠળ વિકલ્પ લેખિતમાં લેશે અને નિયમ ૬ હેઠળ તેના સમાવેશની તારીખથી બે મહિનાની અંદર, નિયામકને જાણ કરશે. જો એવી રીતે વિકલ્પની જાણ કરવામાં આવી ન હોય તો, અધિકારીનો જેમાં સમાવેશ થયો છે તે જગાના પગાર-ધોરણ માટે તેમણે વિકલ્પ લીધેલો છે એમ ગણાશે. એક વખત લીધેલો વિકલ્પ અથવા લીધેલો હોવાનું માની લેવાયેલો વિકલ્પ આખરી અને વસૂલ ન થઈ શકે એવો રહેશે.

૧૦. સમાવેશ કરાયેલા અધિકારીઓની રજા.—

(૧) નક્કી કરેલા દિવસે, મુખ્ય અધિકારીની જમા થયેલી તમામ રજાઓ આગળ ખેંચાશે અને તેના રજા ખાતામાં જમા થશે. તેમ છતાં, સુધારેલા રજા નિયમો, ૧૯૩૧માં ઠરાવેલી મર્યાદાઓને આધીન રહીને, તેની જમા રજાનો ઉપયોગ તેને કરવા દેવામાં આવશે.

(૨) આવી નગરપાલિકા હેઠળ તેના ખાતેની રજાઓનો રજા પગારનો ફાળો અને તેની ભૂતકાળની સેવાઓની પાછલી બાકી રજાઓ રાજ્ય સરકાર નક્કી કરે તે મુજબ, આવી નગરપાલિકાએ રાજ્ય સરકારને ચૂકવવો જોઈશે.

સ્પષ્ટીકરણ :—જો સમાવેશ કરાયેલા અધિકારીના ખાતે, નક્કી કરેલા દિવસની તરત પહેલાં, પ્રાપ્ત રજા અથવા અર્ધપગારી રજાને અનુરૂપ કોઈ ખાસ ફરજ હોય કે ન હોય તે પ્રશ્ન અંગે કોઈ તકરાર હોય તો, તે રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે અને તે અંગે તેનો નિર્ણય આખરી ગણાશે.

૧૧. સમાવેશ કરાયેલા અધિકારીઓની પેન્શનની જોગવાઈઓ :—

સમાવેશ કરાયેલા જે દરેક અધિકારીનો, નક્કી કરેલા દિવસની તરત પહેલાં કોઈ નગરપાલિકાની કોઈ પેન્શન યોજના જેને લાગુ પડતી હોય તેને, તેજ દિવસથી, રાજ્ય સરકારની સેવાઓના સભ્યોને લાગુ પડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો લાગુ પડશે અને નક્કી કરેલા દિવસની તરત પહેલાં, તે નગરપાલિકા હેઠળની કરેલી તેની સમગ્ર નોકરી તેના પેન્શન માટે ગણવામાં આવશે. આવી નગરપાલિકા હેઠળની તેની ભૂતકાળની નોકરીની પેન્શન ફાળો રાજ્ય સરકાર, હુકમ દ્વારા નક્કી કરે તેટલા દરે, આવી નગરપાલિકાએ રાજ્યસરકારને ચૂકવવો જોઈશે.

INDEX

૧૨. સમાવેશ કરાયેલા અધિકારીઓને કરેલી સામાન્ય પ્રોવિડન્ટ ફંડના ફાળા સંબંધમાં જોગવાઈઓ :—

નક્કી કરેલા દિવસની તરત પહેલાં, સમાવેશ કરેલા અધિકારી, જેની હેઠળ તે નોકરી કરતો હતો તે નગરપાલિકાના સામાન્ય પ્રોવિડન્ટ ફંડ યોજના હેઠળના તેના ખાતામાં, તેના ખાતે ફાળાની રકમ તેના વ્યાજ સાથે જમા હોય તો તે, તે જ દિવસથી, ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે તબદીલ થશે અને તેને રાજ્ય સરકારના ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો લાગુ પડશે.

૧૩. સમાવેશ કરાયેલા અધિકારીઓના વર્ધિત પ્રોવિડન્ટ ફંડના સંબંધમાં જોગવાઈઓ.—

(૧) દરેક સમાવેશ કરાયેલ અધિકારી કે જેને, નક્કી કરેલી દિવસની તરત પહેલાં, જેની હેઠળ તે નોકરી કરતો તે નગરપાલિકાની કોઈ વર્ધિત પ્રોવિડન્ટ ફંડ યોજના લાગુ પડતી હતી તેને—

(૧) રાજ્ય સરકારની સેવાઓના સભ્યોને લાગુ પડી શકે તેવા, સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ લાગુ પાડવાનો વિકલ્પ રહેશે; અથવા

(૨) રાજ્ય સરકારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો (ગુજરાત)) લાગુ પાડવાનો વિકલ્પ રહેશે.

(૨) પેટા-નિયમ (૧) હેઠળના વિકલ્પને, લેખિતમાં લેવામાં આવશે અને સમાવેશ કરાયેલ અધિકારીએ, જે તારીખે તથા જે તારીખથી નોકરીમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર નિયામકને જાણ કરવી જોઈશે અને

(૩) જો સમાવેશ કરાયેલ અધિકારી, પેટા-નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર, તેના વિકલ્પની જાણ નિયામકને ન કરે તો, તેણે, રાજ્ય સરકારની સેવાઓના સભ્યને લાગુ પડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ માટેનો વિકલ્પ લીધો હોવાનું ગણવામાં આવશે.

(૪) આવા લાગુ પાડેલા વિકલ્પની અથવા તેના સંબંધમાં થયેલી નિષ્ફળતાની વિગત સંબંધિત અધિકારીની સેવા-નોંધમાં નોંધવામાં આવશે.

(૫) જો સમાવેશ કરાયેલ અધિકારીએ વિકલ્પ લીધો હોય અથવા રાજ્ય સરકારની સેવાઓની સભ્યોને લાગુ પડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦થી લાગુ પાડવાનો વિકલ્પ લીધેલ ગણવામાં આવ્યો હોય તો, નક્કી કરેલા દિવસની તરત પહેલાંની, કોઈ નગરપાલિકાની હેઠળની તેણે કરેલી સમગ્ર નોકરી, તેના પેન્શન માટે ગણવામાં આવશે અને આવી નગરપાલિકા, રાજ્ય સરકાર હુકમ દ્વારા નક્કી કરે તેવા દરે, આવી નોકરીના ખાતે પેન્શનનો ફાળો રાજ્ય સરકારને ચૂકવવા જવાબદાર રહેશે. નક્કી કરેલા દિવસની તરત પહેલાં, તેના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ ખાતે તેણે કરેલા કુલ ફાળા જેટલી રકમ તેના પરના વ્યાજ સાથે ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા કરવામાં આવશે અને સદરહુ દિવસ પહેલાં, કરેલા નગરપાલિકાના ફાળાની કુલ રકમ નગરપાલિકાના ફાળામાં જમા કરવામાં આવશે.

(૬) સમાવેશ કરાયેલ અધિકારીએ, રાજ્યસરકારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો (ગુજરાત) લાગુ પાડવાનો વિકલ્પ લીધો હોય ત્યારે, જેની હેઠળ તે નોકરી કરતો હતો તે નગરપાલિકાની વર્ધિત પ્રોવિડન્ટ ફંડની યોજના હેઠળ નક્કી કરેલા દિવસની તરત પહેલાં, સમાવેશ કરાયેલ અધિકારીની વર્ધિત પ્રોવિડન્ટ ફંડના તેના ખાતે જમા થયેલી કુલ રકમ તેના વ્યાજ સાથે, તે જ દિવસથી, વર્ધિત પ્રોવિડન્ટ ફંડ (ગુજરાત)માં, તેના ખાતે તબદીલ કરવામાં આવશે અને તેને રાજ્ય સરકારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો (ગુજરાત) લાગુ પાડવામાં આવશે.

પ્રકરણ—૪

સેવાની શરતો

૧૪. અધિકારીઓની સિનિયોરીટી.—(૧) સેવામાં અધિકારીઓની સિનિયોરીટી, આ નિયમમાં આવેલી હવે પછીની જોગવાઈઓ અનુસાર નક્કી કરવામાં આવશે.

(૨) સેવામાં વર્ગ-૨માં સમાવેશ કરાયેલ અધિકારીઓની અંદરોઅંદરની સિનિયોરીટી, તેમણે મુખ્ય અધિકારી તરીકે કરેલી નોકરીના કુલ સમય ગાળાના ધોરણે નક્કી થશે.

(૩) સેવામાં, વર્ગ-૧ અથવા ૨ પર બઢતી કરાયેલ અધિકારીઓની અંદરોઅંદરની સિનિયોરીટી, નીચે પ્રમાણે નક્કી કરવામાં આવશે.

(૧) જુદી જુદી તારીખોએ તેમને બઢતી અપાયેલ હોય તો ત્યારે, તેઓની બઢતી આપેલ તારીખો અનુસાર;

(૨) એક જ તારીખે તેઓને બઢતી અપાયેલ હોય તો જ્યારે, જે કેડરમાંથી તેઓને બઢતી અપાયેલ હોય તે કેડરમાં તેમની સિનિયોરીટીના ધોરણે;

INDEX

(૪) સેવાના કોઈ વર્ગમાં સીધી ભરતીથી નીમાયેલ અને એક સરખી બેચ ધરાવતા અધિકારીઓની અંદરોઅંદર સિનિયોરીટી, જો તેઓ તેમની નિમણૂંકનો હુકમ મળ્યાની તારીખથી એક માસની અંદર અથવા નિમણૂંક કરનાર સત્તાધિકારી પરવાનગી આપે તેવી લંબાવેલી મુદતની અંદર, નોકરીમાં જોડાય તો, ગુણવત્તાક્રમમાં તેમના ક્રમ અનુસાર અને ઉપયુંકત મુદતની અંદર, તેઓ સેવામાં હાજર ન થાય તો તેઓ હાજર થયાની તારીખ અનુસાર નક્કી થશે.

(૫) સીધી ભરતીથી કે જેઓ બઢતીથી નીમાયેલા હોય તેવા અધિકારીઓની સિનિયોરીટી, સંબંધિત જગ્યાઓ માટે, નિયમ-૪માં ઘડેલ ગુણોત્તરને અસર ના કરે તે રીતે, તેમની નિમણૂકની તારીખોને લક્ષમાં લીધા સિવાય, નક્કી કરવામાં આવશે.

૧૫. મ્યુનિસિપલ કાઉન્સીલના કર્મચારીઓમાંથી સીધી ભરતીથી નીમાયેલા મુખ્ય અધિકારીઓની સેવાની શરતો, નીચેના ધોરણે નિયમિત કરવામાં આવશે:—

(૧) આ નિયમોના નિયમ-૪ હેઠળ, સીધી ભરતીથી નીમાયેલા મ્યુનિસિપલ કાઉન્સિલનો કોઈ કર્મચારી, જે મુખ્ય અધિકારીની જગા પર નિમાયેલ હોવા છતાં, તેનું પગાર ધોરણ તેના પગાર અને ભથ્થા અને તે સંબંધી બીજી સુખસગવડો અને જવાબદારીઓના સંબંધમાં, સેવાની શરતો, તેની મુખ્ય અધિકારી તરીકેની નિમણૂંક વખતે, ગુજરાત મુલકી સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર, મુખ્ય અધિકારી તરીકેની તેની નિમણૂંકની તરત અગાઉ, કાઉન્સીલના કર્મચારી તરીકે તેણે છેલ્લે મેળવેલ પગારને ધ્યાનમાં લઈને નક્કી કરવામાં આવશે.

(૨) મ્યુનિસિપલ કાઉન્સીલોના કર્મચારીઓમાંથી આ નિયમોના નિયમ-૪ હેઠળ સીધી ભરતી ધ્વારા વર્ગ-૨ અથવા વર્ગ-૩માં નિમાયેલ મુખ્ય અધિકારીની, નિમણૂંકના દિવસે, મુખ્ય અધિકારી, તરીકે તેની નિમણૂંકની તરત અગાઉ તે જેમાં કામ કરતો હોય તે કાઉન્સીલમાં તેના ખાતે જો કોઈપણ રજા જમા હોય, તે તમામ રજાઓ આગળ ખેંચાશે અને તેના રજાના ખાતામાં જમા કરવામાં આવશે. અને સંબંધીત નગરપાલિકાએ તેટલી હદ સુધી સરકારને રજા-પગાર ફાળાની ચુકવણી કરવી જોઈશે.

૧૬. મુખ્ય અધિકારી તરીકે સમાવિષ્ટ અધિકારીની અગાઉની સેવા.—નક્કી કરેલા દિવસે, સેવામાં મુખ્ય અધિકારી તરીકે સમાવેશ કરેલ અધિકારીની અગાઉની સેવા અને મુખ્ય અધિકારી તરીકે સીધી ભરતીથી તેમનો સમાવેશ અથવા નિમણૂંક કરતાં પહેલાં મ્યુનિસિપલ કાઉન્સીલના કર્મચારીઓમાંથી આ નિયમોના નિયમ-૪ હેઠળ, સીધી ભરતીથી નીમાયેલા વર્ગ-૨ અને વર્ગ-૩ના મુખ્ય અધિકારીઓની અગાઉની સેવા, સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાં અને તે અંગેના વર્ધિત પ્રોવિડન્ટ ફંડના પેન્શન ફાળા સહિત. વખતો વખત સુધારેલ, મુંબઈ મુલ્કી સેવા નિયમોની જોગવાઈઓને અધીન રહીને, પેન્શન અને/અથવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડના હેતુઓ માટે ગણવામાં આવશે.

૧૭. ખાનગી અહેવાલ.— સેવામાંના અધિકારીઓને ભવિષ્યની બઢતી માટે તેમની ક્ષમતા, કામગીરી અને યોગ્યતા દર્શાવતો ખાનગી અહેવાલ, સંબંધીત નિમણૂક કરતાં સત્તાધિકારીએ રાખવો જોઈશે.

૧૮. બદલી.—સેવામાંના અધિકારીની બદલી, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

૧૯. મ્યુનિસિપલ ફંડમાંથી રાજ્ય સરકારને ચૂકવવાપાત્ર કિંમત અને ખર્ચા :—

સેવામાં નિમાયેલ વ્યકિતઓના સંબંધમાં, આ નિયમોની જોગવાઈઓના કારણે, રાજ્ય સરકારે, જો કોઈપણ કિંમત અને ખર્ચા કરેલ હોય, તો તે આ અધિનિયમની કલમ ૪૭-કની પેટા-કલમ (૬)ની જોગવાઈઓ અનુસાર, દર વર્ષે, મ્યુનિસિપલ ફંડમાંથી રાજ્ય સરકારને ચૂકવવામાં આવશે;

૨૦. મુશ્કેલીઓ દૂર કરવા બાબત :— આ નિયમોનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય અથવા આવો અમલ કરવાનું આ નિયમોથી અસર પામતી કોઈ વ્યકિતને અન્યાયનું કારણ બને તો, રાજ્ય સરકાર, મુશ્કેલીઓ દૂર કરવા અથવા અન્યાય ઘટાડવા માટે, પ્રસંગ પ્રમાણે જરૂરી હોય તેવા હુકમો કરી શકશે;

પરંતુ, આ નિયમોના આરંભની તારીખથી પાંચ વર્ષ પુરા થયા પછી, આ નિયમ હેઠળ કોઈ હુકમ કરી શકાશે નહિ.

પ્રકરણ—૫

૨૧. સિનિયોરીટી યાદી રાખવા બાબત.—આ નિયમોની જોગવાઈઓ અનુસાર, નિયામકે, સેવામાંના દરેક ગ્રેડની અલગ સિનિયોરીટી યાદી રાખવી જોઈશે.

૨૨. અગાઉના નિયમો લાગુ ન પાડવા બાબત.—આ નિયમોની જોગવાઈ ઠરાયેલ બાબતોને લગતા નિયમો કે જે, નક્કી કરેલા દિવસની તરત પહેલાં વિદ્યમાન મુખ્ય અધિકારીને લાગુ પડતા હોય તેવા, તમામ નિયમો, આ નિયમોના આરંભની તારીખથી, વિદ્યમાન મુખ્ય અધિકારીઓ, આ નિયમો હેઠળ અપાયેલ કોઈ વિકલ્પ પ્રાપ્ય કરે અને તેમને લાગુ પાડવા વિકલ્પ કરે અને તે લાગુ પડતા અટકાવતા પહેલાં આવા નિયમો હેઠળ કરવા અથવા કરવાનું છોડી દેવાના સંબંધમાં હોય તે સિવાયના કેસમાં આવી બાબતોના સંબંધમાં, તેમને લાગુ પાડવા દેવામાં આવશે નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કમલ દયાણી,
સરકારના નાયબ-સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામ ક્રમાંક: ૧. કેપી/૨૪૮/વભન-૩૪૮૪-૮૭૩-ગ, ૨. કેપી/૨૪૯-વભન-૨૩૯૪-૨૧૬-ગ, ૩. કેપી/૨૫૧-વભન-૨૨૯૩-૧૫૬૩-ચ, ૪. કેપી/૨૫૬-વભન-૨૨૯૪-૧૩૭૬-ચ. ૫. કેપી/૨૫૮-વભન-૨૨૯૪-૮૭૪-ચ. ૬. કેપી/૨૫૯-વભન-૨૨૯૪-૧૧૫૨-ચ. ૭. કેપી/૨૬૩-વભન-૩૭૯૪-૫૮૨-ચ. ૮. કેપી/૨૬૪-વભન-૩૨૯૪-૨૦૪૩-ચ. ૯. કેપી/૨૬૫-વભન-૩૭૯૪-૮૯૬-ચ. ૧૦. કેપી/૨૬૯-વભન-૩૨૯૩-૧૦૨૧-ચ. ૧૧. કેપી/૨૭૧-વભન-૨૨૯૪-બીપા/ઈપં-૫-ચ. ૧૨. કેપી/૨૭૩-વભન-૨૨૯૪-૨૪૩૦-૧૩. કેપી/૨૭૪-વભન-૨૨૯૪-૨૬૯૩-ચ, ૧૪. કેપી/૨૭૫/વભન-૨૨૯૪-૨૧૭-ચ. ૧૫. કેપી/૨૭૬-વભન-૨૨૯૪-૨૬૭૭-ચ. ૧૬. કેપી/-૨૭૭-વભન-૨૨૯૪-૨૬૭૩-ચ ૧૭. કેપી/૨૭૮-વભન-૨૨૯૪-૨૦૪૦-ચ. ૧૮. કેપી/૨૭૯-વભન-૨૨૯૪-૨૮૯૦-ચ. ૧૯. કેપી/૨૮૦-વભન-૨૨૯૪-૨૭૬૭-ચ. ૨૦. કેપી/૨૮૧-વભન-૩૨૯૪-૨૦૩૩-ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૪૮/વીબીએન/૩૪૯૪/૮૭૩/થ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ-૭ની મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઈડર અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસુચિના કોલમ-૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી:

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવિલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિધમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા. ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઈડર	દિયોલી	૧. દિયોલી મહેસૂલી ગામ		૧. દિયોલી	દિયોલી મહેસૂલી ગામ
			૨. દેત્રોલી મહેસૂલી ગામ	દેત્રોલી મહેસૂલી ગામ	૨. દેત્રોલી	દેત્રોલી

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૪૯/વીબીએન/૩૭૯૪/૨૧૬/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા) ની કલમ-૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વલસાડ અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ-૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી :

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વલસાડ	સોનાવાડા	૧. સોનાવાડા મહેસૂલી ગામ ૨. ભાણુજીફળીયા (પેટા પરા)	ભાણુજી ફળીયા (પેટાપરા)	૧. સોનાવાડા ૨.ભાણુજી ફળીયા	૧. સોનાવાડા મહેસુલી ગામ ભાણુજી ફળીયા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ,તા. ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૪

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪/નો ૨૫૧-વીબીએન-૨૨૯૩-૧૫૬૩-ચ. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધીત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કાંકરેજ અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી,—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનો બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	કાંકરેજ	રાનેર	૧. રાનેર મહેસૂલી ગામ ૨. હિરપરા (પેટાપરા) ૩. જમણા પાદર મહેસૂલી ગામ ૪. રામપુરા (પેટાપરા) ૫. જતેપુરા	૧. જમણા પાદર ૨. રામપુરા (પેટાપરા) ૩. જતેપુરા	૧. રાનેર ૨. જમણા પાદર	૧(૧) રાનેર મહેસૂલી ગામ (૨) હિરપરા (પેટા-પરા) ૨. જમણા પાદર મહેસૂલી ગામ ૩. રામપુરા (પેટા-પરા) ૪. જતેપુરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993,

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૫૬/વીબીએન/૨૨૯૪/૧૩૩૬/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રુએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કાંકરેજ અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામોનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
	કાંકરેજ	ઉંબરી	૧. ઉંબરી મહેસુલી ગામ નીચેના પેટા પરાઓ	નીચેના પેટા પરાઓ આરદુવાડા, મોતીપુરા, ગંગેાસવાસ, ડોસાણીવાસ મકવાણાવાસ સાપરીવાસ ઠારેચાવાસ	૧. ઉંબરી	૧. ઉંબરી મહેસુલી ગામ
			૨. આરદુવાડા ૩. મોતીપુરા ૪. ગંગેાસવાસ ૫. ડોસાણીવાસ ૬. મકવાણા વાસ ૭. સાપરીવાસ ૮. ઠારેચાવાસ		૨. આરદુવાડા	નીચેના પેટા પરાઓ: ૧. આરદુવાડા ૨. મોતીપુરા ૩. ગંગેાસવાસ ૪. ડોસાણીવાસ ૫. મકવાણાવાસ ૬. સાપરીવાસ ૭. ઠારેચાવાસ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ્ય ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૫૮/વીબીએન/૮૭૪/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ-૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત થરાદ અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી :

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	થરાદ	અરંતવા	૧. અરંતવા મહેસૂલી ગામ		૧. અરંતવા	૧. અરંતવા (૧) મહેસૂલી ગામ
			૨. કોયલા મહેસૂલી ગામ			(૨) કોયલા મહેસૂલી ગામ
			૧. ક્રિયાલ મહેસૂલી ગામ	ક્રિયાલ મહેસૂલી ગામ	૨. ક્રિયાલ	(૩) ક્રિયાલ મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under-

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૫૯-વીબીએન-૨૨૯૪-૧૧૫૨-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતના ૧૮મા)ની કલમ-૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કાંકરેજ અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનો બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવાગામો આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	કાંકરેજ	લક્ષ્મીપુરા	૧. લક્ષ્મીપુરા મહેસુલી ગામ		લક્ષ્મીપુરા	૧. લક્ષ્મીપુરા મહેસુલી ગામ
			૨. જાલિયા મહેસૂલી ગામ			૨. જાલિયા મહેસૂલી ગામ
			૩. ફતેગઢ મહેસૂલી ગામ	ફતેગઢ	ફતેગઢ	૩. ફતેગઢ મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૬૩-વીબીએન-૩૭૯૪-૫૮૨-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની **કલમ-૭** થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ચીખલી અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચાર વિનિમય **કર્યા** પછી, ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ચિખલી	પાણીખડક	૧. પાણીખડક મહેસૂલી ગામ ૨. નડગધરી મહેસૂલી ગામ	૧. નડગધરી મહેસૂલી ગામ	૧. પાણીખડક ૨. નડગધરી	૧. પાણીખડક મહેસૂલી ગામ ૨. નડગધરી મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૬૪/વીબીએ ન-૩૨૯૪-૨૦૪૩-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ન કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત બારીયા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર-વિનિમ ય કર્યા પછી, ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દેવગઢબારીયા	કુવા	૧. (કુવા) મહેસુલી ગામ ૨. ઝાબ મહેસુલી ગામ	ઝાબ મહેસુલી ગામ	૧. કુવા ૨. ઝાબ	૧. કુવા મહેસુલી ગામ ૨. ઝાબ મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૬૫-વીબીએન-૩૭૯૪-૯૫૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત પારડી અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે;

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પારડી	દશવાડા	૧. દશવાડા મહેસૂલી ગામ		૧. દશવાડા ૨. ખૂંટેજ	૧. દશવાડા મહેસૂલી ગામ.
			૨. ખૂંટેજ મહેસૂલી ગામ	ખૂંટેજ મહેસૂલી ગામ		૨. ખૂંટેજ મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪ નો ૨૬૯/વીબીએન-૩૨૯૩-૧૦૨૧-ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતનો ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દેવગઢ બારીયા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫ માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનો બનતા કોલમ-૬ માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	દેવગઢ બારીયા	રાણીપુરા(રાતડીયા)	૧.રાણીપુરા મહેસુલી ગામ		૧. રાણીપુરા	૧. રાણીપુરા મહેસુલીગામ
			૨. બિલીયા મહેસુલી ગામ			૨. બિલીયા મહેસુલી
			૩. રાતડીયા મહેસુલી ગામ	રાતડીયા	૨. રાતડીયા	૩. રાતડીયા મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૧/વીબીએન/૨૨૯૪-વીઆઈપી-૫.-ચ—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત તાલુકા પંચાયત, સાંતલપુર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ-૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજનપછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧.	૨.	૩.	૩.	૫.	૬.	૭.
૧	સાંતલપુર	પીપરાળા	૧. પીપરાળા મહેસુલી ગામ		૧. પીપરાળા	૧.પીપરાળા મહેસુલી ગામ
			૨. ગરાંબડી મહેસુલી ગામ	૧. ગરાંબડી મહેસુલી ગામ	૨. ગરાંબડી	૧. ગરાંબડી મહેસુલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૩/વીબીએન/૨૨૯૪/૨૪૩૦/ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત રાધનપુર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	રાધનપુર	૧ મહેમદાવાદ	૧ મહેમદાવાદ મહેસૂલી ગામ		૧ મહેમદાવાદ	૧ મહેમદાવાદ મહેસૂલી ગામ
			૨ ઈન્દ્રાપુરા (પરા)			૨ ઈન્દ્રાપુરા
			૩ સુરકા મહેસૂલી ગામ	૧ સુરકા મહેસૂલી ગામ	૨ સુરકા	૨ સુરકા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ,.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૪/વીબીએન/૨૨૯૪/૨૬૯૫/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ડીસા અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે :—

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ડીસા	બુરાલ	૧ બુરાલ (ઠાકોરવાસ) મહેસૂલી ગામ		૧ બુરાલ	૧ બુરાલ (ઠાકોરવાસ) મહેસૂલી ગામ
			૨ બુરાલ (કણબીવાસ) (પેટાપરા)	૧ બુરાલ (કણબીવાસ) (પેટાપરા)	૨ બુરાલ(કણબીવાસ)	૨ (૧) બુરાલ (કણબી-વાસ) (પેટાપરા)
			૩ લક્ષ્મીપુરા (પેટાપરા)	૨ લક્ષ્મીપુરા(પેટાપરા)		(૨) લક્ષ્મીપુરા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪,

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૫/વીબીએન/૨૨૯૩/૨૧૭-ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત પાલનપુર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે; અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવાગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પાલનપુર	રામસીડા	૧ રામસીડા મહેસૂલી ગામ ૨ રામનગર (પેટાપરા)	૧ રામનગર (પેટાપરા)	૧ રામસીડા ૨ રામનગર	૧ (૧) રામસીડા મહેસૂલી ગામ ૨ રામનગર (પેટાપરા).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,

સરકારના સંયુક્ત સચિવ.

Notification

under-

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો-૨૭૬-વીબીએન-૨૨૯૪-૨૬૭૭-ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮ મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત તાલુકા પંચાયત ડીસા અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી.—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ—૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ—૬માં જણાવેલ નવાગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામ-માંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવાગામોમાં આવરી લીધેલ વિસ્તાર,
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ડીસા	લુણપુર.	૧ લુણપુર મહેસૂલી ગામ		૧ લુણપુર	૧ લુણપુર મહેસૂલી ગામ.
			૨ દસાનાવાસ મહેસૂલી ગામ	દસાનાવાસ મહેસૂલી ગામ	૨ દસાનાવાસ	દસાનાવાસ મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૩મી ડીસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૭/વીબીએન/૨૨૯૪/૨૬૭૩/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દીયોદર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી,—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

આ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દીયોદર	જાડા	(૧) જાડા મહેસૂલી ગામ		(૧) જાડા	(૧) જાડા મહેસૂલી ગામ
			(૨) ભગવાનપુરા મહેસૂલી ગામ			(૨) ભગવાનપુરા મહેસૂલી ગામ.
			(૩) ચમનપુરા મહેસૂલી ગામ	(૧) ચમનપુરા મહેસૂલી ગામ	(૨) ચમનપુરા	(૨) ચમનપુરા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭/વીબીઓન/૨૨૯૪/૨૦૪૦/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દીયોદર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	દીયોદર	જાસનવાડા	૧ જાસનવાડા મહેસૂલી ગામ		૧ જાસનવાડા	૧ જાસનવાડા મહેસૂલી ગામ
			૨ ખડોસણ મહેસૂલી ગામ	૨ ભાડકાસાર મહેસૂલી ગામ	૨ ભાડકાસાર	૨ ખડોસણ મહેસૂલી ગામ
			૩ ભાડકાસાર મહેસૂલી ગામ			૩ ભાડકાસાર મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૭૯/વીબીએન/૨૨૯૪/૨૮૯૯/ચ. — ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મો)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દાંતા અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	દાંતા	૧ હડાદ	૧ હડાદ મહેસૂલી ગામ		૧ હડાદ મહેસૂલી ગામ	૧ હડાદ મહેસૂલી ગામ
			૨ બેગડિયા મહેસૂલી ગામ	૧ બેગડિયાવાસ મહેસૂલી ગામ	૨ બેગડિયા વાસ કેસરપર મહેસૂલી ગામ	બેગડિયાવાસ મહેસૂલી ગામ
			૩ કેશરપુરા મહેસૂલી ગામ	૨ કેશરપુરા મહેસૂલી ગામ		૩ કેશરપુરા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ;

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૮૦/વીબીએન/૨૨૯૪-૨૩૬૭-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતનો ૧૮મા)ની કલમ-૭થી મળેલી સત્તાની રુએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દાંતા અને જિલ્લા પંચાયત બનાસકાંઠા, પાલનપુર સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત-રાખેલ વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દાંતા	૧. સાંઢોસી	૧. સાંઢોસી મહેસૂલી ગામ		૧. સાંઢોસી	૧ (૧) સાંઢોસી મહેસૂલી ગામ
			૨. મગવાસ (પેટાપરા)			(૨) મગવાસ (પેટાપરા)
			૩. (પેટાપરા)			(૩) ખેરાની મગરી (પેટાપરા)
			૪. કાંગાર (પેટાપરા)			(૪) કાંગાર (પેટાપરા)
			૫. કુકડી (પેટાપરા)			(૫) કુકડી (પેટાપરા)
			૬. રાણીકા મહેસૂલી ગામ (ફકત પંચાયત રેકર્ડ)	રાણીકા મહેસૂલી ગામ		
		૨. બારવાસ	૧. બારવાસ મહેસૂલી ગામ		૨. બારવાસ	૨. (૧) બારવાસ મહેસૂલી ગામ
			૨. જેલાણી (પેટાપરા)			(૨) જેલાણી (પેટાપરા)
			૩. વગડાકયારી (પેટાપરા)			(૩) વગદાકયારી (પેટાપરા)
			૪. ચોકીબોર (પેટાપરા)			(૫) બેડા (પેટાપરા)
			૫. બેડા (પેટાપરા)			(૬) રાણીકા મહેસૂલીગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,
પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૪નો ૨૮૧-વીબીએન--૩૨૯૪--૨૦૩૩--ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દેવગઢ બારીયા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:—

INDEX

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોમાં બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનો બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન બનેલા નવા ગામોના નામ.	નવાં ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	દેવગઢ બારીયા.	૧. નાગવાવ રેઠાણા	નાગવાવ મહેસૂલી ગામ રેઠાણા મહેસૂલી ગામ	રેઠાણા મહેસૂલી ગામ.	૧. નાગવાવ ૨. રેઠાણા	૧. નાગવાવ મહેસૂલી ગામ ૨. રેઠાણા મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. બી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજી/૧૧૨/૯૫/જેએલકે-૫૭૮૭/૫૦૯૪/જે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE SUPERINTENDENT, DISTRICT PRISONS (IN GUJARAT JAIL STATE SERVICE) CLASS-II RECRUITMENT RULES, 1995.

સુપરિન્ટેન્ડન્ટ, જિલ્લા જેલ (ગુજરાત જેલ રાજ્ય સેવામાં) વર્ગ—૨ ભરતી નિયમો, ૧૯૯૫ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી મે, ૧૯૯૫.

જેલ અધિનિયમ, ૧૮૯૪.

ક્રમાંક : જીજી/૧૧૨/૯૫/જેએલકે-૫૭૮૭/૫૦૯૪/જે.—જેલ અધિનિયમ, ૧૮૯૪ની કલમ-૫૯ની પેટા-કલમ (૧૦)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ વિદ્યમાન નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત જેલ રાજ્ય સેવા વર્ગ—૨માં, સુપરિન્ટેન્ડેન્ટ, જિલ્લા જેલની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો સુપરિન્ટેન્ડન્ટ, જિલ્લા જેલ (ગુજરાત જેલ રાજ્ય સેવામાં) વર્ગ—૨ ભરતી નિયમો, ૧૯૯૫ કહેવાશે.

INDEX

૨. ગુજરાત જેલ રાજ્ય સેવા વર્ગ—૨માં, સુપરિન્ટેન્ડેન્ટ જિલ્લા જેલની જગા ઉપરની નિમણૂક,—

(ક) (૧) જેલર, જૂથ—૧, ગુજરાત જેલ સેવા, જેલ વિભાગની વર્ગ—૨ની કેડર ઉપર ઓછામાં ઓછા પાંચ વર્ષ કામ કર્યું હોય, અને

(૨) ઠરાવેલી ખાતાકીય પરીક્ષા પાસ કરી હોય,
તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને,

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે પાંચ વર્ષ કરતા ઓછો ન હોય તેટલો અનુભવ ધરાવતી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યકિત હોય તો પણ તેને બઢતી આપીને, તે જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે, કારણોની લેખિત નોંધ કરીને ઉપરના ખંડ (ક)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપીને, અથવા

(ખ) સીધી પસંદગીથી; અથવા

(ગ) રાજ્ય મુલકી સેવા અથવા ગુજરાત પોલીસ સેવામાંથી વર્ગ—૨ના યોગ્ય અધિકારીને પ્રતિનિયુકિતના ધોરણે હંગામી બદલી કરીને,
કરવામાં આવશે.

૩. સીધી પસંદગીથી અને બઢતીથી નિમણૂકો ૧:૧ના પ્રમાણમાં કરવામાં આવશે.

૪. નિયમ—૨માં જણાવેલ જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર—

(ક) ૨૧ વર્ષ કરતાં ઓછી ઉંમરનો અને ૨૮ વર્ષ કરતાં વધુ ઉંમરનો ન હોવો જોઈએ,

(ખ) (૧) સરકાર દ્વારા માન્ય યુનિવર્સિટીની સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, સહકાર અથવા વાણિજ્ય સંચાલનમાં ઓછામાં ઓછા બીજા વર્ગની પદવી ધરાવતો હોવો જોઈએ.

(૨) ઉપરના ખંડ (ખ)(૧)માં જણાવેલ જરૂરી લાયકાત મેળવ્યા પછી, સરકારી કચેરી અથવા ખાનગી સંસ્થામાં જવાબદાર જગા ઉપર આશરે બે વર્ષનો વહીવટી અનુભવ હોવો જોઈએ :

પરંતુ અસાધારણ સારી લાયકાત અથવા અનુભવ અથવા તે બંને ધરાવતા ઉમેદવારની તરફેણમાં, ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મૂકી શકાશે :

(ગ) નીચેના ન્યૂનતમ ધોરણ પ્રમાણે, શારીરિક બાંધો ધરાવતો હોવો જોઈએ—

(૧) ઉંચાઈ : ૧.૬૫ મીટર.

(૨) છાતી : ૦.૦૫ મીટરના ઓછામાં ઓછા ફુલાવા સાથે ૦.૮૪ મીટર.

૫. સીધી પસંદગીથી નિમાયેલા ઉમેદવારે, સરકાર વખતોવખત ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તાલીમ પછીની પરીક્ષા/ખાતાકીય પરીક્ષા પાસ કરવી પડશે.

૬. પસંદ થયેલા ઉમેદવારે, સરકારે વખતોવખત ઠરાવેલ નિયમો અનુસાર હિંદી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા (પરીક્ષાઓ) પાસ કરવી પડશે.

૭. સુપરિન્ટેન્ડન્ટ, જિલ્લા જેલ (ગુજરાત જેલ રાજ્ય સેવા, વર્ગ—૨)ની જગા પર નિમાયેલ ઉમેદવાર બે વર્ષની મુદત માટે પ્રોબેશન ઉપર રહેશે :

વધુમાં, નિમણૂક આપનાર સત્તાધિકારી, કોઈ કિસ્સામાં પોતાને જરૂરી લાગે તો, પ્રોબેશનની મુદત, બે વર્ષ કરતાં વધુ ન હોય તેટલા વધારે મુદત માટે લંબાવી શકશે :

વધુમાં, પ્રોબેશનર પ્રોબેશનની મુદત દરમિયાન તેના કાબૂ બહારના કારણોને લીધે, નિયમો હેઠળ તેને મળવાપાત્ર ઠરાવેલ તકોની અંદર ઠરાવેલ ખાતાકીય પરીક્ષા પાસ ન કરે તો પ્રોબેશનની મુદત પર ઉપરની ટોચમર્યાદા લાગુ પડશે નહિ.

૮. સીધી પસંદગીથી નિમાયેલ ઉમેદવારે, પ્રોબેશનર તરીકે તેની નિમણૂક થયે, આ અર્થે સરકાર વખતોવખત ઠરાવે તે પ્રમાણેનું બોન્ડ આપવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. સી. યાદવ,
સરકારના નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જુન, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ-આર/૧૧૮/૯૫-બીઆરયુ-૧૦૯૩-૨૮૪૫-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુન, ૧૯૯૫.

મુંબઈ રાહત (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા).

ક્રમાંક : જીએચ-આર/૧૧૮/૯૫-બીઆરયુ-૧૦૯૩-૨૮૪૫-એમ-(૩) :—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે સેન્ટ્રલ પલ્પ મીલ્સ લીમીટેડ, ફોર્ટ સોનગઢ, જિલ્લો સુરત (જેનો આમાં હવે પછી "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૨૯મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદ્નુસાર સદરહુ અન્ડરટેકિંગ સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૨૯મી તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા -કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલા મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (તેના કામદારોના સંબંધમાં થતી જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તા મંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણીત તમામ કાર્યવાહીઓ જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૨૯મી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી જુન, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :જી/જી/૯૫/૧૨૫/એમવીએ--૧૦૯૩--૧૬૨૫--ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જુન, ૧૯૯૫.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૫/એમવીએ-૧૦૯૩-૧૬૨૧--ખ.—મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫મા) કલમ ૧૩ની પેટા–કલમ (૨) થી મળેલી સત્તાની રુએ અને ગૃહ વિભાગના, તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૭૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૭૪/૨૪૩/એમટીએ-૨૦૬૧/૧૯૨૩/ઈ માં અંશત: સુધારનામાં., ગુજરાત સરકાર, આથી પારસ્પરિક હેરફેર ક્બૂલાતનામા હેઠળ ગુજરાત રાજ્ય અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે ચલાવાતા અને ગુજરાત રાજ્યની સામી સહી ધરાવતા માલ વાહનોને, સન ૧૯૯૫ ના જુન મહિનાની બારમી તારીખે અને તે તારીખથી દરેક નાણાંકીય મુદત માટે, તેના કુલ વાહન વજનને લક્ષમાં લીધા વિના પાંચ હજાર પાંચસો રુપિયાથી જેટલી વધારે થતી હોય તેટલી વેરાની રક્મ ભરવામાંથી, નીચેની શરતોને આધીન રહીને, મુક્તિ આપે છે:—

(૧) વેરા તરીકે ભરવાની સદરહુ પાંચ હજાર પાંચસો રુપિયાની રક્મ દરેક નાણાંકીય વર્ષ માટે અગાઉથી પૂરેપૂરી ભરેલી હોવી જોઇશે.

(૨) નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસ પછી, સામી સહી આપવામાં આવી હોય ત્યારે, જે ત્રિમાસમાં સામી સહી આપવામાં આવી હોય તે ત્રિમાસ સહિત નાણાંકીય વર્ષના બાકીના ત્રિમાસો માટે પ્રમાણસર આકારવા જોઈશે. ત્રિમાસને મહિના અને દિવસોમાં નહિ પણ એક ગુનિત તરીકે લેવા જોઈશે.

(૩) માલવાહન નહિ વાપરવાને લીધે અથવા અન્ય કોઇ કારણે, કોઈપણ રિફંડ આપવાની છૂટ આપી શકાશે નહિ.

(૪) ગુજરાત રાજ્યમાં આવી સામી સહીના અધિકારથી, જે નાણાંકીય વર્ષ દરમિયાન વાહન ઉપયોગમાં લેવાનું હોય તે નાણાંકીય વર્ષના સંબંધમાં, તે સમયે અમલમાં હોય તેવા મોટર વાહન ઉપર વેરો લેવાને લગતા કોઈપણ કાયદા હેઠળ, આવા દરેક માલવાહનના સંબંધમાં લેવાપાત્ર વેરો, આવી સામી સહી ધરાવનારે ભર્યા અંગેનો શેરો તેના ઉપર મેળવવા જોઇશે અને રાજ્ય સરકારે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા અથવા સત્તા આપેલ કોઈપણ અધિકારી તે તપાસવા માગે ત્યારે તે રજુ કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કે. ડી. મહીડા,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૮મી જુન ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૫/૧૨૬/એમવીએ-૧૦૯૩-૧૬૨૫-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ,

Notification

under

GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી જૂન, ૧૯૯૫.

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૬/એમવીએ-૧૦૯૩-૧૬૨૫-ખ:—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨નો ગુજરાતનો ૩૩મો)ની કલમ ૩૧ની પેટા–કલમ (૧)ના ખંડ (ઘ) થી મળેલી અને તે અર્થે અખત્યાર આપતી તમામ સત્તાની રુએ, ગુજરાત સરકાર,

INDEX

આથી મહારાષ્ટ્ર સરકારના યોગ્ય સત્તામંડળે કાઢી આપેલા તે સંબંધમાંના માલ **હેરફેર પરમિટ** ધરાવનારાઓની માલિકીના અને ગુજરાત સરકાર અને મહારાષ્ટ્ર સરકાર વચ્ચેના પારસ્પરિક હેરફેર કબુલાતનામાની **શરતો** અનુસાર તેવી પરમિટોનાં શેરો કરેલ સામી સહીઓ હેઠળ ગુજરાત રાજ્યમાં તેમના માલવાહનો ચલાવવા માટેની પરવાનગી **આપેલી** હોય તેવા માલ વાહનોમાં લઈ જવાતા માલને, જે મુદત દરમિયાન સામી સહીની પરમિટો અમલમાં રહે તેટલી મુદત માટે, વેરાની ચૂકવણીમાંથી સંપૂર્ણપણે મુકિત આપે છે :

પરંતુ જે નાણાંકિય વર્ષ દરમિયાન વાહન ઉપયોગમાં લેવાનું હોય તે નાણાકીય વર્ષના સંબંધમાં, મહારાષ્ટ્ર રાજ્યમાં તે સમયે અમલમાં હોય તેવા મોટર વાહનો પરનો વેરો લેવાને લગતા કોઈપણ કાયદા હેઠળ આવા દરેક માલ વાહનોના સંબંધમાં લેવાપાત્ર વેરો આવી સામા સહી ધરાવનારે, વેરો ભર્યા અંગેનો શેરો તેના ઉપર મેળવવો જોઈશે અને રાજ્ય સરકારે આ અર્થે યોગ્ય રીતે અધિકૃત કરેલા અથવા સત્તા આપેલ કોઈપણ અધિકારી તે તપાસવા માગે ત્યારે તે રજૂ કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી શુધ્ધિપત્ર ક્રમાંક: જીજી/૯૪/૧૨૯/એમવીડી/૧૦૮૧/૪૬૧૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Corrigendum.

to

GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT, NO. G/G/94/4/MVD/1081/4615/KH, DATED THE 7TH JANUARY, 1994.

ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૪/એમવીડી/૧૦૮૧/૪૬૧૫/ખ, સંબંધી શુધ્ધિપત્ર.

શુધ્ધિપત્ર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જૂન, ૧૯૯૫.

ક્રમાંક : જી/જી/૯૪/૧૨૯/એમવીડી/૧૦૮૧/૪૬૧૫/ખ.—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ ૪—એના પાનાં ૭—૧ અને ૭—૨ ઉપર પ્રસિધ્ધ કરેલ ગૃહ વિભાગના તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૪/એમવીડી/૧૦૮૧/૪૬૧૫/ખ માં, નિયમ—૨ માં, પાના ૭-૨ પર "મોટર વાહન ટ્રાન્સપોર્ટ ખાતું" એ શબ્દોને બદલે "મોટર વાહન ખાતું" એ શબ્દો વાંચવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેકશન અધિકારી.

IX-141

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, SEPTEMBER 7, 1995/BHADRA 16, 1917 [No. 36

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમ ઃ જી/જી/૯૪/૨૫/એમવીઆર/૧૦૯૨/૪૨૯૬/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION RULES 1962

ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ--૧૯૬૨.

ક્રમાંક : જી/જી/૯૪/૨૫/એમવીઆર/૧૦૯૨/૪૨૯૬/ખ.--ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ને વધુ સુધારવા નિયમોનો મુસદ્દો ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા) ની કલમ ૩૨ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ : ૧લી ઓક્ટોબર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪/૧૩૬/એમવીઆર/૧૦૯૨/૪૨૯૬/ખ હેઠળ ગુજરાત રાજપત્ર, ભાગ--૪--બીના પાના નંબર ૧૯૧ અને ૧૯૧--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ તરફથી તારીખ ૧લી નવેમ્બર, ૧૯૯૪ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા ;

અને, સદરહુ નિયમોનાં મુસદ્દા અંગે સરકારને કોઈ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા) ની કલમ ૩૨થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકાર માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:--

૧. આ નિયમો 'ગુજરાત માલ હેરફેર વેરા (સુધારા)' નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત માલ હેરફેર વેરા નિયમો, ૧૯૬૨ જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં, નિયમ ૨માં, ખંડ (છ) માં, મોટર વાહન અધિનિયમ, ૧૯૩૯ અથવા મુંબઈ મોટર વાહન નિયમો, ૧૯૫૯માં એ શબ્દો અને આંકડાને બદલે, "મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ અથવા કેન્દ્રિય મોટર વાહન નિયમો, ૧૯૮૯માં" એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૧) માં, ----

(૧) "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશનર અથવા યથાપ્રસંગ, વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

(૨) "નાયબ સચિવ" એ શબ્દોને બદલે, "સંયુકત સચિવ (વાહન વ્યવહાર) અથવા નાયબ સચિવ (વાહન વ્યવહાર)" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
ગુજરાત સરકારના ઉપ-સચિવ.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તા. ૧--૮--૯૫ થી ૩૧--૮--૯૫ દરમિયાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામા નંબર અને તારીખ	ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ	વિભાગનું નામ
		ભાગ--૯		
૧	૫૪	ભા.એ/૩૯૯-તા. ૫-૮--૯૫ (૧) જીએચએન-૧૩-જીએસટી-૧૦૯૫-એસ-૪-૨૮૫-ઠ (૨) જીએચએન-૧૪-જીએસટી-૧૦૯૫-એસ-૧-(૧૩) ઠ (૩) જીએચએન-૧૫-એલસીટી-૧૦૯૫-(એસ-૧) (૧) ઠ	૫--૮--૯૫	વે. અને સં.બા.વિ.
૨	૫૫	ભા.એ/૪૦૯ જીકે-૧૯/૯૫-સીએફએ--૧૦૯૨--૧૨૦૫-આઈ. તા. ૩--૮--૯૫	૭--૮--૯૫	,,
૩	૫૬	ભા.એ/૩૩૦ જીએચવી-૯૫-૭૮-ટીપીએસ-૧૨૯૨--૧૩૩૫--લ. તા. ૨૮--૬--૯૫	,,	,,
૪	૫૭	ભા. એ./૩૨૯-- ૯૫ જીએચવી--૯૫-- ૮૧--ટીપીએસ.--૧૩૯૪--૮૨૮-- લ.	,,	,,
૫	૫૮	ભા.એ. ૪૫૦/ સન ૧૯૯૫ નો ગુજરાત વટહુકમ-૨	૨૮--૮--૯૫	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, SEPTEMBER 14, 1995/BHADRA 23, 1917 [No. 37

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર--૧૯--બીઆરયુ.--૧૦૯૪--એમ--૨૧૫--એમ--ઉનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા).

ક્રમાંક : જીએચઆર–૧૯–બીઆરયુ–૧૦૯૪–એમ–૨૧૫–એમ–૩.— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ)અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ, પાલજ, જિલ્લો–ખેડાને બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈશે. અને તદનુસાર સદરહુ અધિનિયમના હેતુ માટે સદરહુ અન્ડરટેકિંગ, સન ૧૯૯૪નાં ઓક્ટોબર મહિનાની ૧લી તારીખથી શરૂ થતી એક વર્ષની વધુ મુદત માટે, રાહતઅન્ડર ટેકિંગ છે એમ ગણાશે અને સદરહું અધિનિયમની કલમ ૪ની પેટા–કલમ (૧) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અન્ડરટેકિંગ એટલે કે ચરોતર સહકારી ખાંડ ઉદ્યોગ લિમિટેડ, પાલજ, જિલ્લો–ખેડા ના સંબંધમાં એવો આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવે તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હક્કો, વિશેષાધિકારો, ફરજો અને જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા જોઈશે અને કોઈ કોર્ટ//ટ્રીબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી, અનિર્ણિત તમામ કાર્યવાહીઓ, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ, સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કર્યાની તારીખથી એટલે કે સન ૧૯૯૪ના ઓક્ટોબર-ની ૧લી તારીખથી, આરંભ કરીને, વધારાની એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના ઉપ–સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર-નામા ક્રમાંક : જી/જી/૯૫/૧૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(પીટી-૨)ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૫/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(પીટી–૨)ખ:— મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા) ની)કલમ ૧૨૯ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહું અધિનિયમના કલમ ૨૧૨ ની પેટા–કલમ (૧) થી

INDEX

ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય, તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં સદરહું મુસદાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ (વાહન વ્યવહાર), સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો.

ક્રમાંક : જી/જી/૯૫/૧૬/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(પીટી–૩)ખ:— મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯ મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુયરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

(૧) આ નિયમો " ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

(૨) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૧૯૩માં, પરંતુકમાં ખંડ (ખ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

૩/૨(ખ) ૫૦ સી. સી. કરતાં વધુ શકિત ધરાવતા એન્જિન બેસાડેલી મોટર સાયકલ ચલાવતી કોઈપણ વ્યકિત, સન ૧૯૯૫નામાર્ચ મહિનાની ૩૧મી તારીખ સુધી.

ગુજરતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. યુ. ગામીત,
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, SEPTEMBER 21, 1995/BHADRA 30, 1917 [No. 38

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ :૨૯મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૬૦૪/ડીવીપી/૨૫૯૦/૨૩૯૨/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. ભી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૬૦૪/ડીવીપી/૨૫૯૦/૨૩૯૨/એલ.— પારડી વિસ્તાર વિકાસ સત્તામંડળે (પારડી નગરપંચાયતે) (જિલ્લો વલસાડ) (જેનો આમાં હવે પછી "સદરહુ નગરપંચાયત" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ પોતાની નગરરચનાની હદમાં સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં, વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો હતો અને પ્રસિધ્ધ કર્યો હતો અને સદરહું વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર તારીખ : ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૯ ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨ (સેન્ટ્રલ સેકશન) ના પાના ૯૧૯ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ નગર પંચાયતે રાજય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા કલમ-(૧) ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૩૩૯/ડીવીપી/૨૫૯૦/૨૩૮૨/એલ હેઠળ સદરહુ ફેરફારો તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪બીમાં પાના નંબર ૨૨૭-૧ થી ૨૨૭-૯ ઉપર પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ વ્યકિતને વાંધા અથવા સૂચનો કોઈ હોય તો તે, તારીખ ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૩ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિધ્ધની તારીખથી બે-મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ : ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના રોજ શુધ્ધિ પત્રક ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૩૪/ડીવીપી/૨૫૯૦/૨૩૮૨/એલ બહાર પાડેલ છે;

અને, ગુજરાત સરકારે સદરહુ ફેરફારોના સંબંધમાં પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહુ વિકાસ યોજનાનો મુસદ્દો અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૩૧મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની પારડી (જિલ્લો વલસાડ) ની વિકાસ યોજનાના મુસદ્દામાંના આખરી ફેરફારો.

---

૧. પારડીના વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર ૨૦૪ થી ૨૧૬, ૨૨૬ થી ૨૪૩, ૨૫૬, ૨૫૮ થી ૨૭૨, ૨૭૭, ૨૭૮, ૨૭૯, ૩૬૯/ભાગ, ૩૭૦/ભાગ, ૩૭૧/ભાગ, ૩૭૩/ભાગ વગેરેવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧ માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ કૃષિ, વિષયક ઝોન માટે મુકરર કરવી.

INDEX

૨. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર ૬૧ થી ૬૮, ૧૬૯, ૧૭૨ થી ૧૮૦, ૧૧૨૩ થી ૧૧૨૬, ૧૧૨૮ થી ૧૧૪૧ વગેરે વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર, ૨માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૩. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ A ૧૨-A-૧૩-A ૧૪ રસ્તાની પશ્ચિમ તરફ આવેલી જમીનોના બ્લોક, સદરહુ ઉપયોગમાંથી (મહેસૂલી સરવે નંબર ૯૮૬, ૯૯૭, ૯૯૮, ૯૯૯, ૧૦૦૦, ૧૦૦૧, ૧૦૦૩, ૧૦૦૪, ૧૦૦૫/ભાગ, ૧૦૦૯/ભાગ, ૧૦૪૪, ૧૦૨૫ અને ૧૦૨૮ અને મહેસૂલી સરવે નંબર ૧૦૨૩ સિવાય) કમી કરવા અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં. વાદળી રંગથી નંબર-૩માં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક)હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૪. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર-૮૦૦ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી, અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૪માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૫. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર ૫૨૦-ઔને ઔદ્યોગિક ઝોનમાટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર-૫૨૩ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર,-૫માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૬. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર-૧૧૨૨વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર-૬માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૭. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવેનંબર ૧૧૨૦ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી, અને એ રીતે મુકત થયેલ જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર-૭માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૮. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર-૧૦૩૭ અને ૧૦૪૨વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકત થયેલ જમીન આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર-૮માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ૧૨ (૨)(ક) હેઠળ કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરવી.

૯. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં, (પ્લાન નંબર-૨ સીટી સરવે પ્લાનમાં) ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ ૧૮.૦ મિટર પહોળા A-A-૧ સૂચિત માર્ગની બન્ને બાજુની પર આવેલ જમીનનો બ્લોક, સદરહુ ઝોનમાંથી કમી કરવા અને એવીરીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૯માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૦. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં (પ્લાન નંબર-૨ સીટી સરવે પ્લાનમાં) રહેણાંકના ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર-૮૯૨/બાગવાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવી રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર ૧૦માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)ક) હેઠળ, ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરવી.

૧૧. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં (પ્લાન નંબર ૨ સીટી સરવે પ્લાનમાં) જાહેર હેતુમાં સમાવેશ કરવા માટે મુકરર કરેલ સરકારી દવાખાનાની પશ્ચિમ તરફ અને ઉત્તર અને પૂર્વ તરફ આવેલી જમીનના બ્લોકો, સદરહુ જાહેર હેતુમાંથી કમી કરવા અને એવી રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં, વાદળી રંગથી નંબર ૧૧માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૨. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં બગીચા માટે આનામત રાખેલ પારડીના મહેસૂલી સરવે નંબર-૩૪૩/હિસ્સા, ૬/૧, ૩૪૪/હિસ્સા ૩/પૈકી પપ૬/A/૧/હિસ્સા ૨/૨, પ૬૩/હિસ્સા ૬ વિગેરેવાળી જમીન, સદરહુ આનામતમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત થયેલી જમીન,આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર, ૧૨માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ વાણિજ્યક ઝોન માટે મુકરર કરવી.

૧૩. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ પારડીના મહેસૂલી સરવે નંબર-૯૦૬/ભાગ, ૯૦૭/ભાગ, ૯૦૮/૧ ભાગ, ૯૦૯/ભાગ અને ૯૧૦/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવીરીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧૩માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ (શૈક્ષણિક હેતુ માટે) રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

INDEX

૧૪. પારડીની વિકાસ યોજના મુસદ્દામાં મહેસૂલી સરવે નંબર-૯૪૪ અને ૯૪૬/ભાગની જમીનમાંથી પસાર થતી લાઈનદોરી વાળો ૧૨.૦૦ મિટર પહોળો સૂચિત માર્ગ કમી કરવો અને એવી રીતે મુકત થયેલી જમીન આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧૪માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૫. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં દવાખાના માટે (R-૧૦) અનામત રાખેલ મહેસૂલી સરવે નંબર-૮૯૧/૭ ૦.૯ ળી ૬ ફીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એવીરીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧૫માં દર્શાવ્યા પ્રમ ણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કરલ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૬. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં જાહેર હેતુ માટે/જાહેર હેતુમાં સમાવેશ કરીને મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર-૮૯૧/૨ વાળી જમીન, સદરહુ જાહેર હેતુમાંથી કમી કરવી અને એવી રીતે મુકત થયેલ જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧૬માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ખ) હેઠળ દવાખાના (R-A) માટે અનામત રાખવી.

૧૭. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર-૮૯૩, ૮૯૪, ૯૩૫/ભાગ, ૧૨૧૨ અને ૧૨૧૩ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવીરીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર ૧૭માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

૧૮. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં ઔદ્યોગિક ઝોન માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર ૧૦૨૩ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એવીરીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર ૧૮માં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઝોન માટે મુકરર કરવી.

૧૯. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલ મહેસૂલી સરવે નંબર ૪૯૧/ભાગ, ૪૯૨, ૪૯૩/ભાગ, ૪૯૪/ ભાગ, ૪૯૭/ભાગ અને ૪૯૯/ભાગવાળી જમીન સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર-૧૯માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨(૨)(ક) હેઠળ રહેણાંક ના ઝોન માટે મુકરર કરવી.

૨૦. પારડીની વિકાસ યોજનાના મુસદ્દામાં પારડી નગર પંચાયત માટે જાહેર હેતુ માટે અનામત રાખેલ (R-૧) મહેસૂલી સરવે નંબર ૭૫૫/ભાગ વાળી જમીન સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એવી રીતે મુકત થયેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં વાદળી રંગથી નંબર ૨૦માં દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ઙ) હેઠળ પ્રાથમિક શાળા અને રમત-ગમત મૈદાન માટે મુકરર કરવી.

૨૧. વિકાસ યોજનાના મુસદ્દાના રિપોર્ટના પાના નંબર ૭૭ના વિકાસ યોજનાના મુસદ્દાના પત્રકનંબર ૧૮ના સૂચિત હેતુના પત્રકને બદલે પરિશિષ્ટ-ગથી નીચે પ્રમાણે ફરીથી મૂકવું.

પરિશિષ્ટ-'ગ'

સૂચિત વિકાસ પામેલ વિસ્તાર

અનુક્રમાંક	ઉપયોગ	ક્ષેત્રફળ હેક્ટરમાં	ટકાવારી
૧.	રહેણાંક	૩૯૧.૫૮	૫૫.૫૪
૨.	વાણિજ્યિક	૪૨.૬૭	૬.૦૫
૩.	ઔદ્યોગિક	૭૫.૬૪	૧૦.૭૩
૪.	જાહેર હેતુ	૨૯.૦૭	૪.૧૨
૫.	ગોઠાણ	૩૩.૨૭	૪.૭૨
૬.	માર્ગો	૬૮.૭૭	૯.૭૫
૭.	જાહેર હેતુ માટે અનામત	૩૭.૭૯	૫.૩૭
૮.	કબ્રસ્તાન સ્મશાન ભૂમિ વિગેરે	૨૬.૨૦	૩.૭૨
	કુલ	૭૦૪.૯૯	૧૦૦.૦૦

INDEX

૨૨. પારડીની વિકાસ યોજનાના મુસદ્દાના વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, જ્યાં જ્યાં "સ્થાનિક સત્તામંડળ" શબ્દ આવતો હોય ત્યાં ત્યાં તેને બદલે, "યોગ્ય સત્તામંડળ" એ શબ્દ મૂકેવો જોઈશે.

૨૩. વિનિયમોના પાના નંબર--૧૨ ઉપર વિનિયમો નંબર ૫(૨)માં વધુમાં વધુ પરવાનગી પાત્ર બાંધકામ વિસ્તાર અને વધુમાં **વધુ ફ્લોર** સ્પેસ ઈન્ડેક્ષના સંબંધમાં કોષ્ટક નીચે નીચેની નોંધ ઉમેરવી:—

નોંધ:— ૧.૨ અને-૧.૯ ના ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ વચ્ચે કોઈ પ્રક્ષેપ કરવાની પરવાનગી આપવામાં આવશે નહિ અને કોઈપણ સંજોગોમાં કોઈપણ મકાનની કુલ ઉંચાઈ ૩૦.૦૦ મીટર કરતાં વધવી જોઈશે નહિ.

૨૪. વિનિયમોના પાના નંબર-૪૪ ઉપર વિનિયમ નંબર ૩૧.૨ (૪) નીચે પ્રમાણે મૂકવો જોઈશે:—

૫૦૦૦ ચોરસ મીટરથી વધુ અને ૨૦૦૦૦ ચોરસ મીટર સુધીના ઔદ્યોગિક મકાન એકમમાં, મકાન એકમના ક્ષેત્રફળના ૮ ટકાના દરે સહિયારા પ્લોટની જોગવાઈ કરવામાં આવશે, ૫૦૦૦ ચોરસ મીટર સુધીના ક્ષેત્રફળ વાળા ઔદ્યોગિક મકાન એકમના કિસ્સામાં કોઈ સહિયારા પ્લોટની જરૂર રહેશે નહિ.

૨૫. (૧) પાના નંબર ૧૧ ઉપર વિનિમય નંબર ૪(૪)(૧)માં, ૩૦૦ ચોરસ મીટરને બદલે ૫૦૦ ચોરસ મીટર એ આંકડો મૂકવો.

(૨) પાના નંબર-૧૧ ઉપર વિનિમય નંબર ૪(૪)(૧)માં "નાના કારખાના" એ શબ્દ પછી, "છૂટક વેચાણની દૂકાન, હોટેલ અને રેસ્ટોરાં"

એ શબ્દો ઉમેરવા જોઈશે.

૨૬. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૪૫ ઉપરનો વિનિયમ નંબર-૩૩ નીચે પ્રમાણે મૂકવો, બદલવો:—

(૧) સ્થાનિક સત્તામંડળ, (૨) સરકાર (૩) ગૃહનિર્માણ બોર્ડ અને (૪) સ્ટેચ્યુટ હેઠળ રચાયેલ કોઈ સંસ્થાપિત મંડળની માલિકીના પ્લોટોની બાબતમાં યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, જાહેર હિતમાં વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમમાં યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે :

પરંતુ બાંધકામ વિસ્તાર, સહિયારી ખુલ્લી જગા, માર્જિનની ખુલ્લી જગા, વધુ ઉંચાઈવાળા મકાનોની જોગવાઈઓ અને ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ સંબંધીના વિકાસ વિનિયમો પૈકીના કોઈપણ વિનિયમોમાં કોઈ છૂટછાટ આપી શકાશે નહિ અથવા તેનો અમલ જતો કરી શકાશે નહિ.

૨. વિકાસ યોજનાના પૂર્વવર્તી વિનિયમોમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ વિનિયમો અમલમાં આવ્યા પહેલાં ઉભા કરવામાં આવેલા ચાલુ બાંધકામમાં વધારો ન હોય તેવા ફેરફારોને લાગુ પાડવાના કારણે, માલિકોને આ વિનિયમોથી હાડમારી થતી હોય તે કિસ્સાઓમાં યોગ્ય સત્તાધિકારી, કારણોની લેખિત નોંધ કરીને, વિકાસ યોજનાના કોઈ વિનિયમમાં યથાપ્રસંગ છૂટછાટ મૂકી શકશે અથવા તેનો અમલ જતો કરી શકશે;

પરંતુ વધુ ઉંચાઈવાળા મકાન માટેના કોઈપણ વિનિયમમાં આ છૂટછાટ આપી શકાશે નહિ.

૩. યોગ્ય સત્તાધિકારીએ, જેના સંબંધમાં લે-આઉટ અને પેટા-વિભાજન મંજૂર કર્યા હોય તે વિદ્યમાન મકાન એકમોની બાબતમાં અથવા રસ્તા પહોળા કરવાથી અને વિકાસ યોજના માટે વિકાસ યોજનામાં કરેલી દરખાસ્તોથી જેને અસર થઈ હોય તેવા મકાન એકમોની બાબતમાં, યોગ્ય સત્તાધિકારીનો એવો અભિપ્રાય હોય કે વિનિયમો ક્રમાંક-૧૧ અને ૧૨ ની તમામ અથવા તે પૈકીની કોઈ જરૂરિયાતોમાં યોગ્ય રીતે છૂટછાટ મૂકવામાં આવી હોય અથવા તે જતી કરવામાં આવી હોય તે સિવાય, આવા મકાન એકમોનો, યથાપ્રસંગ વાજબી વિકાસ થઈ શકે એમ છે અથવા કરવાનું શક્ય બન્યું હોય છે, તો તે, કારણોની લેખિત નોંધ કરીને, ઉપર જણાવેલ વિનિયમોની જરૂરિયાતોમાં છૂટછાટ મૂકી શકશે :

પરંતુ, વધુ ઉંચાઈવાળા મકાનો અથવા મકાન એકમો માટેના વિનિયમો પૈકીના કોઈ વિનિયમોમાં છૂટછાટ મૂકી શકાશે નહિ.

૨૭. આર્થિક રીતે નબળા વર્ગના ગૃહનિર્માણ માટેનો પાના નંબર-૩૧ ઉપરનો પેટા નિયમ ક્રમાંક-૧૬ નીચે પ્રમાણે મૂકવો, બદલવો.

કાર્યક્ષેત્ર :—આ વિનિયમો, સામાજિક રીતે અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેની અથવા સમાજના આર્થિક રીતે નબળા વર્ગ વર્ગ માટેની અને જાહેર એજન્સીઓએ, સહકારી મંડળીઓએ અને સરકારે જૂથ ગૃહનિર્માણ તરીકે હાથ ધરેલ ઓછી કિંમતના મકાનો માટેના વિકાસને જ લાગુ પડશે.

૧. **આયોજન.**—સામાજિક રીતે અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે અને ઓછી કિંમતના મકાનો માટે ગૃહનિર્માણ માટેના વિકાસનો પ્રકાર, હારબંધ ગૃહનિર્માણ પ્રમાણે આયોજિત વિકાસ રહેશે તેથી જૂથ ગૃહનિર્માણ પ્રમાણે વિકાસ ઘટક રહેશે.

(૧) રહેઠાણ માટે પરાવનગીપાત્ર વધુમાં વધુ વસ્તીની ગીચતા હેક્ટર દીઠ ૨૨૫ રહેઠાણો પ્રમાણે હોવી જોઈશે.

INDEX

(૨) પ્લોટનું ઓછામાં ઓછું અને વધુમાં વધુ માપ, આગળના ભાગમાં તેમજ પાછળના ભાગમાં ૧.૫ મિટરનો માર્જિન રાખીને પ્લોટના ૭૦ ટકાથી વધુ ન હોય તેવા બાંધકામ વિસ્તાર સાથે અનુક્રમે ૨૫ ચોરસ મિટર અને ૪૦ ચોરસ મિટર વચ્ચે હોવું જોઈશે.

(૩) પ્લોટનો આગળનો ભાગ ઓછામાં ઓછો ૩.૦ મિટર પહોળો હોવો જોઈશે અને ૧૨ મિટરથી વધુ પહોળા કોઈપણ રસ્તા ઉપર તે આગળ આવતો હોવો જોઈએ નહિ.

(૪) આવા સળંગ દરેક ૨૦ પ્લોટો પછી ૨ મિટર પહોળી ખુલ્લી જગા રાખવી જોઈશે.

(૫) પ્લોટ ઉપરના મકાનોના બાંધકામમાં માળોની વધુમાં વધુ સંખ્યા ભોંયતળિયા ઉપરાંત એક જ ઉપલો માળ રહેશે.

(૬) જ્યાં વિકાસ આયોજિત પ્રકારનો વિકાસ હોય ત્યાં, એકત્રિત ખુલ્લી જગાની જરૂર રહેશે નહિ, પણ જ્યાં હાથ ધરેલ વિકાસ, વિકાસ-ઘટકના અથવા જૂથ ગૃહનિર્માણના સ્વરૂપે હોય ત્યાં, વિકસિત પ્લોટ ક્ષેત્રફળના ૧૦ ટકાથી ઓછી ન હોય તેટલી ખુલ્લી જગાનો સમૂહ વિકાસ માટેની ખુલ્લી જગાનો પ્રબંધ કરવો જોઈશે, જે જગા ઉપમાર્ગો, કેડી અથવા માર્જિન વિભાગની હશે.

આવી ખુલ્લી જગાના/સમૂહ વિકાસ માટેની ખુલ્લી જગાના ક્ષેત્રફળના એક ષષ્ટાંશ ભાગ ઉપર ગ્રંથાલય, શાળા, કોમ્યુનિટી હોલ અને અન્ય લોકોપયોગી સેવા જેવી સમૂહ વિકાસ માટેની સગવડો માટે ભોંયતળિયા પરના માળના બાંધકામ સાથે બાંધકામ કરવા દેવામાં આવશે.

૨. મકાનની સામાન્ય જરૂરિયાતો :

(૧) પ્લિન્થની ઓછામાં ઓછી ઉંચાઈ, ઉપમાર્ગ અથવા માર્ગની ઉપલી સપાટીથી ૩૦ સેન્ટીમિટર હોવી જોઈશે.

(૨) પરવાનગીપાત્ર વધુમાં વધુ ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષ ૧.૦ હોવી જોઈશે.

(૩) (ક) લીવીંગરુમ, બેડરુમનું માપ, ઓછામાં ઓછી ૨.૪ મિટરની પહોળાઈ સાથે, ૮.૦૦ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ અને રસોડાના ઓરડાની અલગ જોગવાઈ હોય તો તેનું માપ ઓછામાં ઓછી ૨.૦ મિટરની પહોળાઈ સાથે ૫.૫૦ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ. એક જ ઓરડાવાળા મકાનની બાબતમાં, રસોઈ કરવા માટેની જગા સહિત બહુહેતુક ઓરડાનું માપ, ઓછામાં ઓછી ૨.૪૦ મિટરની પહોળાઈ સાથે, ૧૨.૫૦ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈએ નહિ.

(ખ) (૧) સ્વતંત્ર બાથરુમ અને જાજરુનું માપ, દરેકની ઓછામાં ઓછી ૦.૯૦ મિટરની પહોળાઈ સાથે ૦.૯૦ મિટર હોવું જોઈશે.

(૨) જોડેલી એકત્રિત બાથરૂમ અને જાજરુનું માપ, ઓછામાં ઓછી એક મિટરની પહોળાઈ સાથે ૧.૮૦ ચોરસ મીટર હોવું જોઈશે.

(ગ) બાલ્કની માટે જોગવાઈ કરી હોય, તો તેની પહોળાઈ ૧.૨૦ મિટરથી વધુ હોવી જોઈએ નહિ અને પ્લોટ રેખા બહાર અને રસ્તા અથવા માર્ગ ઉપર બહાર બાંધકામ કરેલી તે હોવી જોઈએ નહિ.

૪. (૧) ઓરડાની ઓછામાં ઓછી ઉંચાઈ નીચે પ્રમાણે રહેશે :—

લીવીંગ રૂમ	૨.૪ મિટર
રસોડાનો ઓરડો	૨.૪ મિટર
બાથરૂમ/જાજરુ	૨.૦ મિટર
ગેલેરી	૨.૦ મિટર

(૨) ઢળતા છાપરાનો ઓછામાં ઓછો ઢાળ, જી. આઈ. શીટ, એસેબેસ્ટોસ શીટ અથવા નળિયાવાળા છાપરા માટે ૩૦ રહેશે. જ્યારે આરસીસીના ઢળતા છાપરા માટે ઓછામાં ઓછો ઢાળ ૧૨ રહેશે.

(૩) ઢળતા છાપરાની બાબતમાં, છાપરાની સરેરાશ ઉંચાઈ ૨.૪૦ મિટર હોવી જોઈશે અને ભોંય આગળ ઓછામાં ઓછી ઉંચાઈ ૨.૧ મિટર હોવી જોઈશે.

૫. બારીઓ, વા-બારીઓમાંનું બાકું અને પ્રકાશ અને હવાની અવરજવર માટેનું અન્ય બાકું નીચે પ્રમાણે હોવાં જોઈશે :—

(૧) ઓરડાના ભોંયતળિયાના ક્ષેત્રફળનો એક દશાંશ ભાગ.

(૨) જાજરુ અને બાથરુમ માટે ૦.૨ ચોરસ મિટરથી ઓછું હોવું જોઈશે નહિ.

INDEX

દાદરાની પહોળાઈ ઓછામાં ઓછી ૦.૭૫ મીટર હોવી જોઈશે. દાદરાના પગથિયાની ઉંચાઈના ભાગની વધુમાં વધુ ઉંચાઈ ૨૦ સેન્ટીમીટર હોવી જોઈશે. નિસરણીના પગથિયા ઉપરના ભાગની ઓછામાં ઓછી પહોળાઈ ૨૨.૫ સેન્ટીમીટર હોવી જોઈશે. દાદરાના મથાળા ઉપરનો પૂરો ભાગ ઓછામાં ઓછો ૨.૧ મીટર હોવો જોઈશે. દાદરાને બદલે, ઓછામાં ઓછી ૦.૬ મીટરની જડેલી સીડીની છૂટ આપી શકાશે.

૩. રસ્તા અને માર્ગો :—

(૧) આવી ગૃહનિર્માણ યોજનામાં રસ્તા અને માર્ગો હેઠળનો વિસ્તાર સામાન્યત: યોજનાના કુલ ક્ષેત્રફળના ૨૦ ટકાથી વધુ હોવો જોઈએ નહિ.

(૨) સામાન્યત: જ્યાં મોટર વાહનો આવવાની શક્યતા ન હોય તેવા રહેઠાણના એકમોમાં આવવા જવાના હક સાથે, પ્રવેશ ૬ મીટરની પથ્થર જડિત ફુટપાથ અને ૨ મીટરના જ માર્ગો મારફત કરી શકાશે. આવવા જવાનો હક તાકીદના પ્રસંગે વાહનો ચલાવવા માટે અને બાજુમાં ગટરો અને વૃક્ષારાજી માટે પણ છૂટ મળવા પૂરતો હોવો જોઈશે.

(૩) મોટર આવ-જા કરી શકે તેવા પ્રવેશ માર્ગ માટે પ્રબંધ કર્યો ન હોય, અને રાહદારી માટેના માર્ગો માટે પ્રબંધ કર્યો હોય ત્યારે આવા માર્ગોની ઓછામાં ઓછી પહોળાઈ ૪.૦૦ મીટર હોવી જોઈશે, અને તેની લંબાઈ ૫૦ મીટરથી વધુ હોવી જોઈશે નહિ. ૧૮ મી. અને તેથી વધુ પહોળા રસ્તા ઉપર એકથી વધુ ખુલ્લુ બાકું હોવું જોઈશે નહિ.

૪. ઓછામાં ઓછી જરૂરી સગવડ :—

(૧) દરેક રહેઠાણના એકમમાં એક લીવીંગ-રૂમ અને જાજરૂની ઓછામાં ઓછી સગવડ પૂરી પાડવી. જ્યાં ગટર વ્યવસ્થા હોય ત્યાં વિસ્તારનો વિકાસ કરતી એજન્સીઓએ, અંદરની બાજુએ ગટર વ્યવસ્થા ગોઠવવી અને જાળવવી, જ્યાં ગટર વ્યવસ્થા ન હોય ત્યાં, રાષ્ટ્રીય મકાન નિયમ સંગ્રહની જોગવાઈઓ અનુસાર વ્યક્તિગત સોકપીટનો પ્રબંધ કરવો જોઈશે.

(૨) ઓરડામાં માળિયાની જોગવાઈ કરી હોય તો તે ઓરડાનાં ભોંયતળિયાનાં ક્ષેત્રફળના ૨૫ ટકાથી વધુ ભાગમાં તે હોવું જોઈશે નહિ.

૫. બાંધકામ સંબંધી જરૂરિયાત :—

બાંધેલા બાંધકામમાં ઓછામાં ઓછું પાકું પ્લિન્થ અથવા ઓટલો હોવો જોઈશે અને બાંધકામની દ્રષ્ટિએ, તે મજબૂત અને સલામત હોવું જોઈશે.

૨૮. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર-૧૧ ઉપર વિનિયમ નંબર ૪(૪) નીચેનું કોષ્ટક નીચે પ્રમાણે બદલવું જોઈશે :

(ખ) ભોંયતળિયા ઉપર મકાન પ્લોટનો વિસ્તાર અને વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર નીચે પ્રમાણેનો હોવો જોઈશે :—

અનુ. ક્રમાંક	મકાન પ્લોટનો વિસ્તાર	ભોંયતળિયા ઉપર વધુમાં વધુ પરવાનગીપાત્ર બાંધકામ વિસ્તાર	મકાન પ્લોટની ઓછામાં ઓછી પહોળાઈ
૧	૨	૩	૪
(૧)	૮૦ ચોરસ મીટરથી ૯૦ ચોરસ મીટર.	૬૦ %	૫ મીટર
(૨)	૯૧ ચોરસ મીટરથી ૨૦૦ ચોરસ મીટર	૫૦ %	૮ મીટર
(૩)	૨૦૧ ચોરસ મીટરથી ૫૦૦ ચોરસ મીટર.	૪૦ %	૧૦ મીટર
(૪)	૫૦૧ ચોરસ મીટરથી ૧૦૦૦ ચોરસ મીટર.	૪૦ %	૧૨ મીટર
(૫)	૧૦૦૧ ચોરસ મીટર અને તેથી વધુ.	૪૦ %	૧૫ મીટર

INDEX

ખુલ્લી જગા (માર્જિન)				વિશેષ નોંધ
આગળ	પાછળ	બાજુની	ઓછામાં ઓછી	
૫	૬	૭	૮	૯
૨.૫ મીટર	૧.૫ મીટર	—	—	મકાનના પ્લોટનું ઓછામાં ઓછું માપ ૫૦ ચોરસ મીટરથી ઓછું હોવું જોઈએ નહિ. તેમ છતાં, કેન્દ્ર, રાજ્યે, સ્થાનિક સત્તામંડળે, આર્થિક રીતે નબળા વર્ગો, ઓછી આવકવાળા જૂથો, સહકારી ગૃહ નિર્માણ મંડળીઓ અથવા જે તે સમયે અમલમાં હોય તેવા કાયદાથી અથવા તે હેઠળ સ્થાપાયેલ અન્ય કોઈ સત્તામંડળ અથવા મંડળે હાથ ધરેલી ગૃહ નિર્માણ યોજનાની બાબતમાં (ઓછામાં ઓછા ૪૦ ચોરસ મીટરના મકાનના પ્લોટની પરવાનગી આપવામાં આવશે).
૩.૦ મીટર	૨.૦ મીટર	૨.૫ મીટર (કોઈપણ એક બાજુ)	—	
૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	—	
૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	—	
૪.૫ મીટર	૩.૦ મીટર	૩.૦ મીટર	—	

૨૯. વિકાસ નિયંત્રણ વિનિયમોના પાના નંબર ૪૭ ઉપર વિનિયમ ક્રમાંક ૩૪ "શિક્ષામાં" "૧૮૮૦"ને આંકડાને બદલે "૧૯૮૦"એ આંકડો મૂકવો જોઈશે.

ઉપયોગ ઝોન કોષ્ટક નીચે પ્રમાણે મૂકવું :—

ઉપયોગ ઝોનનું કોષ્ટક

આનુ ક્રમાંક	જમીન ઉપયોગ ઝોન	ઝોનમાં પરવાનગી મેળવેલ ઉપયોગ	વિસ્તાર વિકાસ સત્તામંડળની મંજૂરી મળ્યે પરવાનગીપાત્ર ઉપયોગો	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫
(૧)	રહેઠાણ	તમામ પ્રકારના રહેઠાણનાં મકાનો નિવાસગૃહો, છાત્રાલયો, શૈક્ષણિક મકાન, ગ્રંથાલયો, મંદિરો, મસ્જિદો, દેવળો અને પ્રાર્થનાના અન્ય સ્થળો, ક્લિનીક, દવાખાના અને આરોગ્ય કેન્દ્રો, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓ, આનંદ પ્રમોદના ઉપયોગો, ક્લબો અને બિન વાણિજ્યિક વીશી અને અતિથિગૃહો, સાર્વજનિક ઉપયોગિતાના સેવાના મકાનો.	છૂટક વેચાણની દુકાનો, ઓફિસો, મરઘા પર વપરાશનો ઉદ્યોગ, સ્થાનિક અને સેવા દુકાનો, કોટ્ટાચાકી, પેટ્રોલ ભરવાના સ્ટેશનો, હળવા વાહનો માટેના સર્વિસ સ્ટેશન, નર્સિંગ હોમ, હોસ્પિટલ, જાહેર સભાના સ્થળો જેવાં કે પ્રેક્ષક-ગૃહ ટાઉનહોલ.	જેમાં કોઈપણ પ્રકારની શક્તિથી ચલાવાતા કોઈ પણ યંત્રનો ઉપયોગ થતો ન હોય અથવા જેમાં તેવું યંત્ર ગોઠવવામાં આવ્યું ન હોય અને જેમાં અવાજ, કંપન, ધૂળ વગેરે ઉપસ્થિત થતાં ન હોય તેવા કુટિર ઉદ્યોગો ગૃહ ઉદ્યોગમાં સમાવેશ થાય છે.
(૨)	વાણિજ્યિક	તમામ ઉપયોગના રહેઠાણના ઝોન, છૂટક વેચાણની દુકાનો, ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ, ધંધા અને વ્યવસાય માટેની ઓફિસો, હજામ, દરજી, ધોબી અને મરામત દુકાનો જેવી સેવાની દુકાનો રેસ્ટોરાં, બેન્કો, પેટ્રોલ ભરવાના સ્ટેશનો, હળવા ઘરવપરાશના ઉદ્યોગો, વિશિષ્ટ બજારો, જથ્થાબંધ બજારો, મંડી, ક્લિનિક, નર્સિંગહોમ, હોસ્પિટલો, સેનેટોરિયમ, હળવા વર્કશોપ, છાપખાના, સિનેમા થિયેટરો જેવા મનોરંજનના સ્થળો સાર્વજનિક હોલ, મરામત કરવાના ગેરેજ.	જથ્થાબંધ વેચાણની વખારો, ગોદામો, ઈમારતી લાકડાના ડેપો, સો-મીલ્સ ઢોરબજાર, ૪૦ કામદારો સુધીના તમામ વ્યવસ્થિત હળવા ઉદ્યોગો.	

INDEX

૧	૨	૩	૪	૫
(૩)	ઔદ્યોગિક	તમામ પ્રકારના કારખાનાં અને (નુકશાનકારક તથા જોખમકારક ઉદ્યોગો સહિત) ઉદ્યોગો, ગોદામો, દાણાબજાર, સૉ-મિલ્સ, ઈમારતી લાકડાની ડેપો, છૂટક વેચાણની દુકાનો, ધંધાકીય મકાનો, બૅન્કો, રેસ્ટોરાં, હોટેલો પેટ્રોલ ભરવાનાં સ્ટેશન, સર્વિસ સ્ટેશન, મનોરંજનનાં સ્થળો, પલ્પ મીલ્સ, તબીબી અને આરોગ્યની સગવડો.	(પૂરવણીમાં આપેલી માદ્દી) પ્રમાણે નુકશાનકારક અને જોખમકારક ઉદ્યોગો, ઔદ્યોગિક જગાની અંદર તમામ ચોવીસ કલાક માટે અનિવાર્યપણે જેમની હાજરી જરૂરી હોય એવા ઔદ્યોગિક કામદારો અન્ય જાહેર ઉપયોગિતા સેવા સ્ટાફ માટેના રહેઠાણના મકાનો.	નોંધ.- (૧) ઔદ્યોગિક કામદારો માટે ઔદ્યોગિક ઝોનમાં પરવાનગી આપવાની હોય તેવા રહેઠાણના ક્વાર્ટર્સ માટે, ઉદ્યોગોની આજુબાજુનો વિસ્તાર, સ્વાસ્થ્યને જોખમકારક અને નુકશાનકારક ન હોય તેવો હોવો જોઈશે. (૨) ઔદ્યોગિક ઝોનમાં નિવાસી કામદારોના વિકાસ માટે ગુજરાત પાણી અને હવા પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જેવા યોગ્ય સત્તા મંડળનું "ના વાંધા પ્રમાણપત્ર" અને વગેરે મેળવવું જોઈશે.
(૪)	કૃષિવિષયક	તમામ પ્રકારના કૃષિવિષયક ઉપયોગો, નર્સરીઝ ફૂલોના બગીચા અને ફળના ફાર્મ, પ્રાણીઘર, મરઘાં ઉછેર ફાર્મ, રેરી, પશુપાલન, તબેલા, મીઠા ઉત્પાદન કેન્દ્રો, રાસાયણિક ખાતર સ્ટોર કરવા અને કૃષિલક્ષી ઉદ્યોગોના સાધનો વિકસાવવા, ફાર્મહાઉસ, સ્મશાનગૃહો કબ્રસ્તાનો, ખાણમાંના પથ્થરની કપચી બનાવવાના સ્થળો, ૨૦૦૦ ચો. મી થી ઓછા ન હોય તેવા પ્લોટમાં આવો ફાર્મહાઉસ માટેનો વ્યકિતગત રહેઠાણનો બંગલો અને જેનો બાંધકામ વિસ્તાર, જે માર્ગ પર પ્લોટ આડીને આવેલ હોય તે માર્ગથી ૩૦ મીટર કરતાં ઓછા ન હોય તેટલા અંતરે બાંધવાના મકાન પ્લોટ ક્ષેત્રફળના ૨ ટકા કરતા વધારે હોવો જોઈશે નહિ	સુએઝફાર્મ જમીન, ખેડવી ઈંટોની ભઠ્ઠીઓ અને માટીના વાસણ બનાવીને તે ઉતારવાના ઉદ્યોગો, શીતસ્ટોરેજ, શૈક્ષણિક અને સંસ્થાકીય ઉપયોગો, જેમાં પ્લોટના ૧૦ ટકા લેખેના વિસ્તાર માટે મકાનનું બાંધકામ કરવાની છૂટ આપી શકાશે.	
(૫)	ગામઠાણ	કોલમ ક્રમાંક ૪માં જણાવેલ ઉપયોગો સિવાયના રહેઠાણના અને વાણિજ્યિક ઝોનમાં પરવાનગીપાત્ર હોય તેવા તમામ ઉપયોગો.	હળવા, ઉદ્યોગો, હળવા ગૃહવર્કશોપ, જથ્થાબંધ વખારો, ગોદામો સૉ-મિલ્સ, ડૉરબજાર, સિનેમા.	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરીગૃહ નિર્માણ વિભાગ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, OCTOBER 5, 1995/ASVINA 13, 1917 [No. 40

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧--૯--૯૫ થી તા. ૩૦--૯--૯૫ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૫૯	ભા. એ. ૪૫૪/૨--૯--૯૫ (જીએચએન-૧૭) જીએસટી-૧૦૯૫-એસ-૫૫-બી-(૨)-ઠ તા. ૨૧--૮--૯૫	૪--૯--૯૫	વે. અને સં. બા. વિ.
૨	૬૦	ભા. એ. ૪૫૬/૨--૯--૯૫ (જીએચએન-૧૮) એમએસએ-૧૦૯૫-(એસ-૩૫)(૪૨)-ઠ ૨૨--૮--૯૫	,, ,,	,, ,,
૩	૬૧	ભા. એ. ૪૮૧/૧૧--૯--૯૫ સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૩	૮--૯--૯૫	,,
૪	૬૨	ભા. એ. ૪૮૨/ સન ૧૯૯૫ના ગુજરાત વટહુકમ ક્રમાંક ૪	૧૧--૯--૯૫	,,
૫	૬૩	ભા. એ. ૪૯૦ જીએન-૨૧-સીએસટી-૧૦૯૫-એસ-૮(૫)-૯૯-ઠ ૧૨-૯-૯૫	૧૫--૯--૯૫	,,
૬	૬૪	ભા. એ. ૫૧૩/૨૨--૯--૯૫ (જીએચએન-૨૨)જીએચઆર-૧૦૯૫-૮૦-ઠ તા.૧૮-૯-૯૫	૨૫--૯--૯૫	,,

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, OCTOBER 12, 1995/ASVINA 20, 1917 [No. 41

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૯૫/૪/સીસીએ/૧૦૮૬/૨૪૯૨/૬, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY CIVIL COURT ACT, 1869.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૯૫/૪/સીસીએ/૧૦૮૬/૨૪૯૨/ડ : મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના મુંબઈના ૧૪મા)ની કલમો ૨૧, ૨૨-ક અને ૨૩ થી મળેલી સત્તાની રૂએ અને સિવિલ જજ (જુનિયર ડિવિઝન) અંજારની કોર્ટના સંબંધમાં બહાર પાડેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર આથી, એવો આદેશ કરે છે કે સન ૧૯૯૫ના જાન્યુઆરી મહિનાની ૨૬મી તારીખે અને તે તારીખથી,

(૧) સિવિલ જજ (જુનિયર ડિવિઝન) અંજારની કોર્ટ નાબુદ કરવી ;

(૨) ભૂજ ખાતે કચ્છમાં, જિલ્લા કોર્ટના તાબા હેઠળ, અંજાર ખાતે નવી દીવાની કોર્ટ (સીનીયર ડિવિઝન) રહેશે ;

(૩) સદરહુ કોર્ટનું અધ્યક્ષસ્થાન સિવિલ જજ (સિનિયર ડિવિઝન) લેશે, જેઓ તેમની કોર્ટ અંજાર ખાતે ભરશે;

(૪) અંજાર ખાતેના સદરહુ સિવિલ જજ (સિનિયર ડિવિઝન)ની સાધારણ હકૂમતની સ્થાનિક હદોમાં, કચ્છના મહેસૂલી જિલ્લાના અંજાર સબ--ડિવિઝન નો સમાવેશ થશે.

(૫) કચ્છના મહેસૂલી જિલ્લાનાં અંજાર સબ--ડિવિઝનની સ્થાનિક હદો, સીવીલ જજ (સિનિયર ડિવિઝન) ભૂજ ખાતે કચ્છની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોમાંથી બાકાત રાખવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. બી. ગાંધી,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૬/ટીપીએસ/૧૨૯૪/૧૦૮/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૬/ટીપીએસ/૧૨૯૪/૧૦૮/એલ.—શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨ ના ૨૩૫/ટીપીએસ/૧૨૦૧/૩૭૭૬/એલ. હેઠળ ગુજરાત સરકારે

INDEX

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ--૪૮ની પેટા--કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલ નગરરચના યોજના નંબર--૧ નિમેઠાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ--૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને નિમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક : ૨૭મા)ની કલમ ૬૪ ની પેટા--કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના નંબર--૧ નિમેઠા પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, 'સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ--૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ--૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૫ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં. અનુક્રમાંક ૩૭ પર "માલિકનું નામ' ના કોલમ નં. ૨માં, "મુખ્ય કારોબારી સત્તામંડળ, વૌડા, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા" એ શબ્દોને બદલે, "યોગ્ય સત્તામંડળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

૨. પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ટૂંકા રિપોર્ટમાં, પાના નં. ૧૦ પર પેરા ૧૦ (૬) માં, કોલમ નં. ૬ની નોંધ, "યોજના વિસ્તારને ૧૦૦ ટકા ફાયદાકારક" અને પાના નં. ૧૧ પર પેરા ૧૦ ના છેલ્લા વાક્યમાં, "જાહેર હેતુઓ માટે તમામ છેવટના પ્લોટો યોજના વિસ્તારને ૧૦૦ ટકા ફાયદાકારક છે" તે રદ બાતલ છે એમ ગણાશે.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમો, પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખેલા છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કે એચ-આર-૨૦-એસઆઈએ-૧૦૯૪-૨૧૫૧-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE EMPLOYEE'S STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૫.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક:કેએચ-આર-૨૦-એસઆઈએ-૧૦૯૪-૨૧૫૧-એમ-(૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી જળ શુધ્ધિકરણ પ્લાન્ટ, ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, ભાવનગરને તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૪ થી ૩૧મી માર્ચ, ૧૯૯૫ સુધીની અને ૩૧મી માર્ચ ૧૯૯૫ સહિતની એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને આધીન રહેશે :—

(૧) ઉપર જણાવેલ સંસ્થામાં જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામાની રૂએ, જે તારીખથી આપવામાં મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના બોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત આપવામાં આવેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને આધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવાં જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને—

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈઓનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે—

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય માલિકને અથવા તરતના માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આનો મુખ્ય માલિકના અથવા તરતના માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, ઓફિસ, અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂર લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

INDEX

(ગ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય, માલિકને અથવા તરતના માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, ઓફિસ અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. કે. વ્યાસ,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના અનાજ અને નાગરિક પુરવઠા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક.: જીટીએચ-૯૫-૨-એડીવી-૧૧૮૧-૩૯૨૨-ખાસ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE PREVENTION OF BLACK MARKETING AND MAINTENANCE OF SUPPLIES OF ESSENTIAL COMMODITIES ACT, 1980.

આવશ્યક ચીજવસ્તુઓનાં કાળા બજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦ હેઠળ જાહેરનામું

અનાજ અને નાગરિક પુરવઠા વિભાગ

૧૪, સરદાર ભવન છઠ્ઠો માળ, સચિવાલય, ગાંધીનગર.
તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫.

આવશ્યક ચીજવસ્તુઓનાં કાળાબજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ, ૧૯૮૦.

ક્રમાંક : જીટીએચ-૯૫-૨-એડીવી-૧૧૮૧-૩૯૨૨-ખાસ.— આવશ્યક ચીજવસ્તુઓના કાળા બજાર થતાં અટકાવવા અને તેનો પુરવઠો જાળવવા બાબત અધિનિયમ ૧૯૮૦ (સન ૧૯૮૦ ના ક્રમાંક ૭માં) ની કલમ ૯ થી મળેલી સત્તાની રૂએ, ૧-૧-૧૯૯૪થી ૩૧-૧૨-૯૪ સુધીની મુદત માટે, સદરહુ અધિનિયમના હેતુ માટે અનાજ અને નાગરિક પુરવઠા વિભાગના તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક જીટીએચ/૯૩/૧૯/એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ અને અનાજ અને નાગરિક પુરવઠા વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪ના જાહેરનામા ક્રમાંક જીટીએચ/૯૪/૨૭ એડીવી/૧૧૮૧/૩૯૨૨/ખાસ હેઠળ સલાહકાર બોર્ડ રચ્યું હતું. હવે સદરહુ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી સદરહુ બોર્ડની મુદત, તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૫ થી બીજા હુકમો ન થાય ત્યાં સુધી લંબાવે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એ. વ્હોરા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩ મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગન સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧/ટીપીએસ/૧૧૯૩/૪૧૬૮/(૯૪) એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૧/ટીપીએસ/૧૧૯૩/૪૧૬૮/(૯૪) એલ.— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭)મા (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે, તે) ની કલમ ૪૧ હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ નગરરચના યોજના ક્રમાંક ૫૬ (નારોલ શાહવાડી) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

અને, નગરરચના યોજના ક્રમાંક ૫૬ (નારોલ-શાહવાડી)માં સમાવેશ કરેલા વિસ્તારના સબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૪૨ ની પેટા કલમ (૧) હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (જેને આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહી છે તેણે) મુસદ્દા યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કરી છે;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઇ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના ચાદર રજૂ કરી છે; તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજનાં દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રખાશે.

અનુસૂચિ

(૧) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, છેવટના પ્લોટ નં. ૩૩/૧/૯ ની ફાળવણી કમી કરવાનો નિર્ણય કરશે અને આ રીતે મુકત કરેલી જમીનો, નગરરચના યોજના હેઠળ, રસ્તા તરીકે સમાવિષ્ટ કરશે,

(૨) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને આકારણી પત્રકમાં, નમૂના 'છ' માં, ખુલ્લા પ્લોટમાં નં. ૩૦ ના કોલમ નં. ૧૬માં, પાના નં. ૧૧૩ પર, નોંધ "ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ એ.પી.એમ.સી. માટે અનામત" એ નોંધ ઉમેરવી જોઈશે.

(૩) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને આકારણી પત્રકમાં નમૂના 'છ' માં,(ખુલ્લા પ્લોટ નં. ૨૪ ના કોલમ નં. ૧૬માં, પાન નં. ૧૧૧ પર, "ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ આઈઠબલ્યુએચ-જીએચબી માટે અનામત એ નોંધ ઉમેરવી જોઈશે .

(૪) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ખુલ્લા પ્લોટ નં. ૨૫ ને બદલે છેવટનો યોગ્ય પ્લોટ ફાળવવા માટે નિર્ણય કરવો જોઈશે. આમ કરતી વખતે, તેણે જોવું જોઈશે કે, ઉપર પ્રમાણે ફાળવણી કરેલ પ્લોટના બદલામાં કપાતની ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૫) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, મુળ પ્લોટ નં. ૧/૧, ૧૭/૧, ૧૯, ૨૧/૨, ૨૬, ૩૦, ૩૩/૧/૧થી ૩૩/૧/૮, ૩૩/૨, ૪૦/૧, ૪૦/૨, ૫૦/૧, અને ૫૦/૨ અને આ ફાળવેલા મુળ પ્લોટોને સ્થાને છેવટના યોગ્ય પ્લોટોમાંથી, કપાત કરાયેલી યોગ્ય જમીનોનો નિર્ણય કરશે. એમ કરતી વખતે, તેણે જોવું જોઈશે કે કપાતની, ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૬) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, યોગ્ય સત્તામંડળ સાથે વિચારણા કરીને યોજના વિસ્તારનો ૩૦ ટકા જેટલી "સામાજિક રીતે અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટેના ગૃહનિર્માણ માટે ફાળવણી માટે "(ઔડાની મંજૂર કરેલી વિકાસ

INDEX

યોજના હેઠળ આઈ.ડબલ્યુ એચ. જીએચબી ઉપરાંત) જોગવાઈ કરવાનો નિર્ણય કરશે, નગરરચના અધિકારી, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવાયેલા છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારી કપાત વધાર્યા વગર આ બધું કરશે.

(૭) ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનાના ઔદ્યોગિક ઝોનમાં, "સામાજિક રીતે અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટેના ગૃહનિર્માણ માટે" એ મજકૂરને યોગ્ય સત્તામંડળને ફાળવાયેલા "સામાજિક રીતે અને આર્થિક રીતે પછાત વર્ગના ઔદ્યોગિક કામદારો માટેના ગૃહનિર્માણ તરીકે વાંચવો.

(૮) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને આકારણી પત્રકમાં નમૂના 'છ' માં પાના નં. ૧૩૩ પર શીર્ષક "એઓમસી" માટે અનામત રખાયેલા પ્લોટોની સૂચિ "એ મજકૂરને બદલે," જાહેર હેતુઓ માટે, યોગ્ય સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટો" એ મજકૂર મૂકવો.

(૯) યોજના મુસદ્દામાં નમૂના -'છ' માં, યોગ્ય સત્તામંડળોને જાહેર હેતુઓ માટે ફાળવેલા છેવટના પ્લોટોના કિસ્સામાં, માલિકના નામના કોલમમાં "યોગ્ય સત્તામંડળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ શબ્દો દાખલ કરવા જોઈશે.

(૧૦) યોગ્ય સત્તામંડળને, જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને યોજના વિસ્તારના હિતાધિકારીઓ અને જાહેર જનતાની ટકાવારી નકકી કરવી જોઈએ.

(૧૧) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર વિનિમય કરીને, જાહેર હેતુઓ માટે, યોગ્ય સત્તામંડળને ફાળવેલ અવિકસિત તેમજ વિકસિત આખરી પ્લોટો માટે કિંમતના દરોનો નિર્ણય કરવો જોઈશે તેણે મૂલ્યાંકન પત્રકમાં આનો પણ સમાવેશ કરવો જોઈશે.

ગુજરાતના રાજપાલના હુકમથી અને તેમના નામે

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી, અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૩-૧૯૯૫-એનપીએલ-૪૫૯૪/૪૮૧૩/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૧૩-૧૯૯૫-એનપીએલ-૪૫૯૪/૪૮૧૩/એમ.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) ની કલમ-૩૨ (૧) સાથે વાંચતા કલમ ૨૭૭ની પેટા કલમે (૨)ના ખંડ (ખ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો, સદરહુ કલમ-૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

INDEX

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને સૂચિત જાહેરનામાના મુસદ્દા અંગે જે કોઈ વાંધા અથવા સુચન મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૨-(૧) સાથે વાંચતા કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (પ્રમુખ અને ઉપપ્રમુખ) ચૂંટણી નિયમો, ૧૯૬૪ નીચે પ્રમાણે સુધારે છે.

નીચેનો નિયમ-૩-ક ઉમેરવો :—

"૩-ક :— નગરપાલિકાની સામાન્ય ચૂંટણી પછી, કલેકટર, પ્રમુખ અને ઉપ-પ્રમુખની ચૂંટણી માટે નગરપાલિકાની પ્રથમ સામાન્ય બેઠક બોલાવશે. નગરપાલિકાના કાઉન્સિલરોના નામો રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી પંદર દિવસની અંદર આવી બેઠક બોલાવવામાં આવશે."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

— કમલ દયાણી,
સરકારના નાયબ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૯૫નો ૧૭/ટીપીએસ/૧૪૯૪/૨૪૭૪/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૯૫નો ૧૭/ટીપીએસ/૧૪૯૪/૨૪૭૪/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જુન, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૦૮/ટીપીએસ/૧૪૯૨/૨૦૯૧-એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગર-રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને ફેરફાર કરેલ નગરરચના યોજનાનો મુસદ્દો, સુરત ક્રમાંક ૪ (અશ્વિનીકુમાર—નવાગામ) (ફેરફાર કરેલ) (જેનો આમાં હવે પછી, "સદર હુ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફાર કરેલી યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી.

અને નીમેલા નગર રચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૪૬ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગર રચના યોજના, સુરત ક્રમાંક : ૪ (અશ્વિનીકુમાર નવાગામ) (ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક-૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા સુધારાને અધીન રહીને, "સદરહુ ફેરફાર કરેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે, સદરહુ યોજનાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને—

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સને ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની ૨૧મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, પાના નંબર ૧૩ પરના સંક્ષિપ્ત વર્ણનમાં, વિકાસ નિયંત્રણ વિનિયમો સંબંધી નોંધને બાકાત કરી હોય તેમ ગણવું.

(૨) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, પાના નં-૧ ઉપર, નગર રચના યોજનાનાં નાણા, જ-નમૂનો બાકાત કર્યો હોય તેમ ગણવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૨૩૭/ડીએકસએમ/૧૦૯૪/૧૬૬૫/ઝ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે-

હ. ન. પંડિત,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT DEVELOPMENT SERVICE DEPARTMENTAL EXAMINATION RULES, 1990.

ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ સુધારવા સંબંધી જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૧૯૯૪.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીપી/૨૩૭/ડીએકસએમ/૧૦૯૪/૧૬૬૫/ઝ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, 'ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા (સુધારા) નિયમો, ૧૯૯૪' કહેવાશે.

૨. ગુજરાત વિકાસ સેવા ખાતાકીય પરીક્ષા નિયમો, ૧૯૯૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ—૪ના બીજા પરંતુકમાં, "તાલુકા પંચાયત અધિકારીઓ લાયકાત પરીક્ષા નિયમો, ૧૯૭૬" એ શબ્દો પછી, "અથવા યથા-પ્રસંગ, નાયબ ચીટનીશ (ખાતાકીય પરીક્ષા) નિયમો, ૧૯૯૪" એ શબ્દો અને આંકડા દાખલ કરવા.

INDEX

૩. સદરહુ નિયમોમાં, પરિશિષ્ટ 'ક' માં—

(ક) પ્રશ્નપત્ર—૧માં, કોલમ ૨માં, "ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૪૭" એ શબ્દો અને આંકડાને બદલે, "ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ (સમગ્ર પુસ્તક)" એ શબ્દો અને આંકડા મૂકવાં ;

(ખ) પ્રશ્નપત્ર ૪માં, કોલમ ૨માં, "૧. ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૬૧" એ શબ્દો અને આંકડાને બદલે "૧ ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩" એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

ભાસ્કર રાવલ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૫/ટીપીએસ/૧૨૯૩/૩૦૧૬/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૫/ટીપીએસ/૧૨૯૩/૩૦૧૬/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાએ નગરરચના યોજના સમા ક્રમાંક--૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે ;

અને, નગરરચના યોજના સમા ક્રમાંક--૨માં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) મુસદ્દા યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કરી છે ;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળને, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના સાદર રજૂ કરી છે ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ વડોદરાની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

INDEX

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ ક્રમાંક : ૮, ૧૬ ૧૭, ૨૦/૨, ૨૯, ૩૮, ૩૯, ૪૧/૧, ૫૪, ૫૫, ૬૫, ૬૬, ૬૭, ૬૯, ૭૦, ૭૧, ૭૨ અને ૭૬ પૈકી દરેક માટેનાં વિસ્તારમાં ઘટાડાની ટકાવારી, યોજના વિસ્તારમાં સમાન સરેરાશ ઘટાડાની ટકાવારી સાથે એકસરખી રહે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ વધારાના પ્લોટો તરીકે જાહેર કરાયેલ મૂળ જમીનના પ્લોટોને બદલે અલગ યોગ્ય આખરી પ્લોટોની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે, આમ કરતી વખતે, તેણે યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફાર કરવા જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, મૂળ પ્લોટની સંયુક્ત માલિકીના કિસ્સામાં, નગર રચના અધિકારીએ, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, વ્યકિતગત માલિકને મળવાપાત્ર વળતર માટેના પ્રમાણ અને તેણે કરવાના વધતા જતા ફાળાની ચૂકવણી સંબંધી નોંધ ઉમેરવી જોઈશે.

(૪) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને આખરી પ્લોટો ક્રમાંક ૮૨ અને ૯૪ માટે નિર્દિષ્ટ જાહેર હેતુઓનો નિર્ણય કરવો જોઈશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને જાહેર હેતુઓ માટે અથવા યોગ્ય સત્તામંડળના હેતુઓ માટે ફાળવેલ વિસ્તારો (પ્લોટો) વિસ્તારની અંદરના માલિકો અથવા રહીશોને સંપૂર્ણ અથવા અંશત: લાભદાયી છે તેમ નકકી કરવું જોઈશે.

(૬) યોજનાના મુસદ્દાને આખી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, યોજના વિસ્તારના સામાજિક અને આર્થિક પછાત વર્ગોના લોકો માટે મકાનોની ફાળવણી માટેની જોગવાઈ ૩ થી ૪ ટકા સુધી વધારવા નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં બીજા જાહેર હેતુઓ માટે ફાળવેલ આખરી પ્લોટોનાં વિસ્તારોમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ઘટાડાની ટકાવારી વધાર્યા સિવાય તે પ્રમાણે કરવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તયાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૦૫/૧૯૯૫/એનટીઆર/૧૦૯૫/૩૬/ફ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

Notification

Re

NOTARIES RULES, 1956.

નોટરી નિયમો, ૧૯૫૬ સંબંધી જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

નોટરી નિયમો, ૧૯૫૬.

ક્રમાંક : જીકે/૦૫/૧૯૯૫/એનટીઆર/૧૦૯૫/૩૬/ફ.—નોટરી નિયમો, ૧૯૫૬ ના નિયમ ૪ થી મળેલી સત્તાની રૂએ આને કાયદા વિભાગના તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૪૨/૧૯૯૩/એનટીઆર/એઓસીએ/૧૧૯૩/આર રદ કરીને, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સરકારના કાયદા વિભાગના નાયબ સચિવ શ્રી વી. એમ. કોઠારેને સદરહુ નિયમોના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. આર. આચાર્ય,
સરકારના સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ: ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર/૨૩/બીઆરયુ/૧૦૯૩/૧૪૪૩/એમ/(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISTONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચઆર/૨૩/બીઆરયુ/૧૦૯૩/૧૪૪૩/એમ/(૩) .— મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ની કલમ ૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ડાયનેમેટિક ફોર્જીંગ ઈન્ડિયા લિમિટેડ, રાજકોટને બેકારી રાહતના પગલાં તરીકે ચલાવવામાં આવશે અને તદ્નુસાર, સદરહુ રાહત અન્ડરટેકિંગને તારીખ ૧૨મી ઓકટોબર, ૧૯૯૪ થી એક વર્ષની મુદત માટે રાહત અન્ડરટેકિંગ તરીકે ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ ૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા—ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ એટલે કે ડાયનેમેટિક ફોર્જીંગ ઈન્ડિયા, લિમિટેડ, રાજકોટના સંબંધમાં સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા, અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહી જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર થાય તે મુદત એટલે કે ૧૨મી ઓકટોબર, ૧૯૯૪ થી એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૫/૦૫/એમ/એસટીપી/૧૧૮૦/૬૬૬૪/(૨)/એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુકત સચિવ.

INDEX

Notification

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૫/૦૫/એમએસટીપી/૧૧૮૦/૬૬૬૪/(૨)/એચ/૧—.મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૨ના ખંડ (ધધ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સેટલમેન્ટ કમિશનર અને જમીન રેકર્ડ નિયામક અને હોદ્દાની રૂએ, ગુજરાત રાજ્યના રજિસ્ટ્રેશન અને સ્ટેમ્પ કમિશનરને સમગ્ર ગુજરાત રાજ્ય માટે મુખ્ય નિયંત્રક મહેસૂલી સત્તાધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. બી. જોષી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૩૭/૯૫/એનપીએલ/૪૫૯૧/૩૪૨૮/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ હુકમ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી : ૩૭/૯૫/એનપીએલ/૪૫૯૧/૩૪૨૮/એમ.—ભારતના સંવિધાનની કલમ ૨૪૩(ન) ના ખંડ (૨) હેઠળ બહાર પાડેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી ઓકટોબર ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી/૧૯૯૪ના ૪૫૩/એનપીએલ/-૪૫૯૧/૩૪૨૮/એમ (જેનો હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ સદરહુ જાહેરનામાની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર (જેનો આમાં હવે પછી, "સદરહુ વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નાનાં શહેરી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે અને સન ૧૯૯૪ના ઓકટોબર મહિનાની ૧૯મી તારીખ (જેનો આમાં હવે પછી, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી ધોરાજી નગરપાલિકાની હદો છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ, ક્રમાંક-૩૪)ની કલમ ૨૬૬ની પેટા-કલમ(૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેનો હુકમ કરે છે.—

ધોરાજી નગરપાલિકાએ, અથવા તેના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેના વિસ્તારમાં અમલમાં હોય તેવી તમામ નિમણૂકો જાહેરનામાં, નોટિસો, વેરા હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ સદરહુ તારીખની તરત પહેલાં સદરહુ વિસ્તારમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂકો, જાહેરનામા નોટિસો વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ રદ કરીને સદરહુ વિસ્તારમાં લાગુ પડશે અને તેનો આરંભ થશે, સિવાય કે એવી રીતે લાગુ પાડેલ અથવા અમલમાં લાવેલ તે બાબત ફરીવાર સદરહુ અધિનિયમ હેઠળ રદ કરી હોય અથવા તેમાં ફેરફાર કર્યો હોય.

૨. સદરહુ વિસ્તારમાં અને તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિત કરેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેમાં અમલમાં હોય તેવા તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણી યાદીઓ, મૂલ્યાંકનો, માપણીઓ અથવા વિભાજનો સદરહુ અધિનિયમ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કમલ દયાણી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ : ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૩૮/ડીવીપી/૧૨૯૪/૪૦૩૬/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૩૮/ડીવીપી/૧૨૯૪/૪૦૩૬/એલ.—વડોદરા શહેરી વિકાસ સત્તા મંડળ (જેનો આમાં હવે પછી "સદરહુ શહેરી વિકાસ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેને) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની જોગવાઈઓ હેઠળ વડોદરા શહેરી વિકાસ વિસ્તારમાં સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો હતો અને સદરહુ અધિનિયમની કલમ ૧૩ હેઠળ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા સંબંધી અને સૂચિત સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી નોટિસ, તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારના ભાગ-૨ના અસાધારણ રાજપત્ર, પાના ૮૪, ૮૫ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને, સદરહુ શહેરી વિકાસ સત્તામંડળે સૂચિત ફેરફારો સંબંધી કોઈ-વ્યકિત તરફથી સૂચનો અથવા વાંધા મંગાવતી સદરહુ અધિનિયમની કલમ ૧૫ હેઠળની નોટિસથી સદરહુ શહેરી વિકાસ વિસ્તારની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો પ્રસિધ્ધ કર્યા હતા ;

INDEX

અને, સદરહુ શહેરી વિકાસ સત્તામંડળે, સદરહુ શહેરી વિકાસ વિસ્તારની સુધારેલ વિકાસ યોજનાનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૧૬ હેઠળ ગુજરાત સરકારને મંજૂરી માટે રજૂ કર્યો હતો ;

અને, અરજદાર શ્રી મગનભાઈ મોતીભાઈ પટેલે, ગુજરાત રાજ્ય અને અન્ય વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૧૩ દાખલ કરી હતી ;

અને, અરજદારો શ્રી મૂળજીભાઈ એમ. પટેલ અને અન્ય, ગુજરાત રાજ્ય અને અન્ય વિરૂધ્ધ ગુજરાત હાઈકોર્ટમાં સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૮૯૬ દાખલ કરી હતી ;

અને, ઉપર્યુકત સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૧૩ શ્રી મગનભાઈ મોતીભાઈ પટેલ વિરૂધ્ધ ગુજરાત રાજ્ય અને અન્યમાં, માનનીય ગુજરાત હાઈકોર્ટે સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૨૮મી તારીખે ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના હેતુ માટે, અનામત તરીકે વડોદરા તાલુકાના માજલપુર ગામની સરવે નંબર ૨૦૧ વાળી જમીન દર્શાવતી વડોદરા શહેરી વિસ્તારની વિકાસ યોજનાને આખરી સ્વરૂપ નહિ આપવા પ્રતિવાદીઓને આદેશ કરતી વચગાળાની રાહત મંજૂર કરી હતી ;

અને, ઉપર્યુકત સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૯૬માં શ્રી મૂળજીભાઈ એમ. પટેલ અને અન્ય વિરૂધ્ધ ગુજરાત રાજ્ય અને અન્યમાં, માનનીય ગુજરાત હાઈકોર્ટે સન ૧૯૯૪ના ડિસેમ્બર મહિનાની ૨૯મી તારીખે, ગુજરાત ગૃહનિર્માણ બોર્ડના હેતુ માટે અનામત તરીકે વડોદરા જિલ્લા તથા તાલુકાના માજલપુર ગામના સરવે નંબરો ૧૯૮, ૧૯૯/૧, ૧૯૯/૨, ૧૯૯/૩ વાળી જમીનો દર્શાવતી વડોદરા શહેરી વિસ્તારના વિકાસ યોજનાને, આખરી સ્વરૂપ નહિ આપવા પ્રતિવાદીઓને આદેશ કરતી વચગાળાની રાહત મંજૂર કરી હતી ;

અને, ઉપર્યુકત સન ૧૯૯૪ની ખાસ દીવાની અરજી ક્રમાંક : ૧૩૬૧૩ અને સન ૧૯૯૪ની ખાસ દીવાની અરજી ક્રમાંક : ૧૩૬૯૬ ગુજરાત હાઈકોર્ટમાં આખરી સુનાવણી અને આખરી નિર્ણય માટે અનિર્ણિત છે;

અને, સરકાર મંજૂરી માટે રાજ્ય સરકારને, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે રજૂ કરેલી વડોદરા શહેરી વિકાસ વિસ્તારની સદરહુ સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવાનું જરૂરી ગણે છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક) ના પેટા ખંડ (૨) ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે, ગુજરાત હાઈકોર્ટમાં, દાખલ કરેલ, ઉપર્યુકત સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૧૩ અને ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૯૬માં સમાવિષ્ટ કરેલ જમીનોને બાકાત રાખીને વડોદરા શહેરી વિકાસ વિસ્તાર માટે ઉપર્યુકત સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે.

(૨) કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ, વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

નીચે જણાવેલા ફેરફારો ઉપર્યુકત બે મહિનાની મુદત દરમિયાન તમામ કામકાજના દિવસોએ, કચેરીના સમય દરમિયાન વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લા રહેશે.

અનુસૂચિ

ગુજરાત હાઈકોર્ટમાં દાખલ કરેલ સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક: ૧૩૬૧૩ અને સન ૧૯૯૪ની ખાસ દિવાની અરજી ક્રમાંક : ૧૩૬૯૬માં સમાવિષ્ટ કરેલી જમીનો સિવાયની વડોદરા શહેરી વિકાસ વિસ્તારની સુધારેલ વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

(૧) સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિમય, ૧૯૯૪માં, પાના નં. ૫૬ ઉપર વિનિયમ ક્રમાંક ૧૧.૧.૫માં પેટા ખંડ (૯) કમી કરવો.

(૨) સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમ, ૧૯૯૪માં, પાના નં. ૫૯ અને ૬૦ ઉપર વિનિયમ ક્રમાંક ૧૧.૪.૫ કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને
સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ : ૩જી જુન, ૧૯૯૫ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૫/૧૨૩/એમવીઆર-૧૫૮૯/૩૯૭૬/(પીટી-૨) ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ, કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLE RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુન, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૩/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/પીટી. ૨) ખ .—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૧૨૯ ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દા ઉપર વિચારણા કરશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ (વાહન-વ્યવહાર) સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૩/એમવીઆર/૧૫૮૯/૩૯૭૬/(પીટી-૨)ખ.-મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯મા) ની કલમ ૧૨૯ ના બીજા પરંતુકથી મળેલી સત્તાની રુએ અને તે અર્થે અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમ, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમ કરે છે:—

૧. આ નિયમો, "ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમ, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમ, ૧૯૮૯ માં, નિયમ ૧૯૩માં,—પરંતુકમાં, ખંડ (ખ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો. :—
"(ખ) ૫૦ સી. સી. કરતાં વધુ શકિત ધરાવતા એન્જિન બેસાડેલા મોટર સાઈકલ ચલાવતી કોઈપણ વ્યકિત, સન ૧૯૯૫ ના સપ્ટેમ્બર મહિનાના ૩૦મી તારીખ સુધી."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ-સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. GAGNR/3

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, OCTOBER 19, 1995/ASVINA 27, 1917 [No. 42

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૩મી જાન્યુઆરી, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/એચ/વી/સન ૧૯૯૫નો ૧૨/ટીપીએસ/૧૧૯૩/૪૧૬૯(૯૪)એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ

જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જી/એચ/વી/સન ૧૯૯૫નો ૧૨/ટીપી/એસ/૧૧૯૩/૪૧૬૯(૯૪) એલ.— ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭માં) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને અમદાવાદે નગર રચના યોજના ક્રમાંક ૫૮ (વટવા આઉટફિલ્ડ-૧) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા કલમ (૧) હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (જેને આમાં હવે પછી "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહેલ છે તેણે) નગરરચના યોજના ક્રમાંક ૫૮ (વટવા આઉટફિલ્ડ-૧, માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો.

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશનને, સદરહુ અધિનિયમની કલમ ૪૮મા જોગવાઇ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી.—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જાણાવે છે કે સદરહુ યોજના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧)ઔડાની મંજૂરી કરેલી વિકાસ યોજનામાં યોજનાના મુસદ્દામાં, ખુલ્લા પ્લોટ ક્રમાંક ૧, ૨, ૩, ૪, પૈકી ૫ પૈકી ૬ પૈકી ૭/૧ ૭/૨, ૮/૧/૧ ૮/૧/૨, ૮/૨ ૯/૧, ૯/૨, ૧૦/૧, ૧૦/૨ ૧૧, ૧૨, ૧૩, ૧૫/૧, ૧૬ થી ૨૨, ૨૩ પૈકી ૨૪ અને ૨૫ ની પુનર્રચના એ હકીકતોને લક્ષમાં લઈને રદબાતલ ગણાશે કે ખુલ્લી જગા, કૃષિ, વિષયક ઝોન, હેઠળ અને ઔડા-Lc ઔડા Tn/અને Apmc માટે અનામત રાખેલ પ્લોટો હેઠળ, સદરહુ પ્લોટોને આવરી લીધા છે. આના પરિણામે તત્સમાન આખરી પ્લોટો, મૂળ પ્લોટો પ્રમાણે જ રહેશે. અને ઉપરના ખુલ્લા પ્લોટોના કોલમ ૧૬માં પુનવહેચણી પત્રકમાં, ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના પ્રમાણે ખુલ્લી જગ્યા/ કૃષિવિષયક ઝોન/ઔડા-Lcઔડા Tn/Apmc માટે અનામત રાખેલ પ્લોટો હેઠળ, સંબંધિત વિશેષ નોંધ ઉમેરવી જોઈશે, વળી, પુર્નવહેચણી અને મૂલ્યાંકન પત્રકને લગતી વિગતો રદબાદતલ ગણાશે

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ખુલ્લી જગા, કૃષિ, વિષયક ઝોન, ઔડા-Lc ઔડા-Tn/Apmc માટે અનામત રાખેલ પ્લોટોમાં જેનો સમાવેશ ન હોય તેવા ખુલ્લા પ્લોટ નં. ૪ પૈકી, ૫ પૈકી ૬ પૈકી અને ૨૩ પૈકીના યોગ્ય આખરી પ્લોટ ફાળવવા માટે નિર્ણય કરવો જોઈશે, આમ કરતી વખતે, તેણે જોવું જોઈશે કે ઉપર પ્રમાણે ફાળવણી કરેલ પ્લોટના બદલામાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૩) યોજનાના મુસદાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ ખુલ્લા પ્લોટ નં. ૫૨ અને ૨૮ ને યોગ્ય આખરી પ્લોટ ફાળવવા માટે નિર્ણય કરવો જોઈશે. તેમ કરતી વખતે તેણે જોવું જોઈશે, કે, ઉપર પ્રમાણે ફાળવણી કરેલ પ્લોટના બદલામાં કપાતની ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણી એ સરખી રહે છે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ ખુલ્લા પ્લોટ નં. ૬, ૧૫, ૨ ૨૭ અને ૪૫/૪માંથી યોગ્ય જમીન ઘટાડવામાં આવી છે અને આ ખુલ્લા પ્લોટોને બદલે યોગ્ય આંખરી પ્લોટો ફાળવવામાં આવ્યા છે તેનો નિર્ણય કરવો જોઈશે. તેમ કરતી વખતે તેણે જોવુ જોઈશે કે કપાતની ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૫) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, પુર્નવહેંચણી અને મૂલ્યાંકન પત્રક નમૂનો 'છ' નાં પાના નં. ૧૩૫, ૧૩૭ અને ૧૩૯ ઉપર એઓમસી માટે અનામત પ્લોટોની યાદીઓ, એ શીર્ષકને બદલે, જાહેર હેતુઓ માટે, યોગ્ય સત્તા મંડળને ફાળવેલ આખરી પ્લોટો એ શીર્ષક મૂકવુ.

INDEX

(૬) યોજનાના મુસદ્દામાં નમૂના છમાં, યોગ્ય સત્તામંડળને જાહેર હેતુ માટે ફાળવેલ, આખરી પ્લોટોના કેસમાં, માલિકના નામની કોલમમાં "સમુચિત સત્તામંડળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન", એ શબ્દો દાખલ કરવા.

(૭) જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને ફાળવેલ આખરી પ્લોટોના કેસમાં, નગર રચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને યોજના વિસ્તારના હિતાધિકારીઓ અને સામાન્ય લોકોની ટકાવારીનો નિર્ણય કરવો જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીએ યોગ્ય સત્તાધિકારી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર વિનિમય કરીને, જાહેર હેતુ માટે, યોગ્ય સત્તામંડળને ફાળવેલ અવિકસિત તેમજ વિકસિત આખરી પ્લોટો માટે કિંમતના દરોનો નિર્ણય કરવો જોઈશે. તેણે મૂલ્યાંકન પત્રકમાં તેનો પણ સમાવેશ કરવો જોઈશે.

(૯) યોજનાના મુસદ્દા દસ્તાવેજોમાં, વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, વિનિયમ ક્રમાંક ૧માં "આવતાં નગર રચના અધિ-નિયમ ૧૯૫૪" આ શબ્દો અને આંકડાને સ્થાને "ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬' એ શબ્દો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૬/ટીપીએસ/૧૨૯૩/૪૧૩૨/૧૯૭૬-(૯૪)-એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ-સચિવ.

Notifiation

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૫.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૬/ટીપીએસ/૧૧૯૩/૪૧૩૨/૧૯૭૬/-(૯૪)-એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદે નગર રચના યોજના અમદાવાદ ક્રમાંક ૫૭ (નારોલ દક્ષિણ-૧) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

અને, નગરરચના યોજના ક્રમાંક ૫૭ (નારોલ દક્ષિણ-૧)માં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (જેનો આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહી છે તે) મુસદ્દા યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ યોજના કહી છે તેણે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કરી છે;

અને પોતાને, મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના સાદર રજૂ કરી છે.

INDEX

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(બ) જણાવે છે કે સદરહુ યોજના, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) મુસદ્દા યોજનાનું આખરી સ્વરુપ આપતી વખતે, નગર રચના અધિકારી, છેવટના પ્લોટ નં. ૧૫ અને ૨૭ વચ્ચેનો સૂચિત ૯ મીટર પહોળો રસ્તો કમી કરવાનો નિર્ણય કરશે અને આ રીતે મુકત કરેલી જમીનનો યોગ્ય સત્તા મંડળ માટેના બજાર હેતુ માટે છેવટના પ્લોટ નં. ૧૪માં સમાવેશ કરશે.

(૨) મુસદ્દાયોજનામાં મૂળ પ્લોટ નં. ૧/૨, ૨ થી ૬, ૭/૧ અને ૮/પૈકીની પુનઃરચના ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, સદરહુ મૂળ પ્લોટો "આઈડબલ્યુ એચ-જી એચબી માટે અનામત રાખેલ હોવાની હકકતને લક્ષમાં લેતાં રદ થાય છે. અને પરિણામે તત્સમાન છેવટના પ્લોટો મૂળ પ્લોટોની જેમ જ રહેશે અને ફેરવહેંચણી પત્રકમાં, ઉપરોકત મૂળ પ્લોટોના કોલમ નંબર-૧૬માં ઔડાની મંજૂરી કરેલી વિકાસ યોજના મુજબ જ આઈડબલ્યુએચ-જી-એચબી માટે અનામત રાખેલ છે" એવી વિશેષ નોંધ ઉમેરવી જોઈશે.

(૩) મુસદ્દા યોજનાનું આખરી સ્વરુપ આપતી વખતે નગરરચના અધિકારી, "આઈડબલ્યુએચ-જીએચબી"ની અનામતમાં જેનો સમાવેશ કર્યો નથી. તેવા મૂળ પ્લોટ નં. ૮ પૈકીના યોગ્ય છેવટનો પ્લોટ ફાળવવાનો નિર્ણય કરશે. આમ કરતી વખતે તેણે જોવું જોઈશે કે ઉપર ફાળવણી કરેલ પ્લોટના બદલામાં કપાતની ટકાવારી યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૪) મુસદ્દા યોજનાનું આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારી, મૂળ પ્લોટ નં. ૧૨ અને ૪૭માંથી આને આ ફાળવાયેલા મૂળ પ્લોટોને બદલે છેવટના યોગ્ય પ્લોટોમાંથી, કપાત કરાયેલી યોગ્ય જમીનોનો નિર્ણય કરશે. આમ કરતી વખતે તેણે જોવું જોઈશે કે કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે છે.

(૫) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્ય નિર્ધારણ પત્રકમા નમૂના "છ" માં, મૂળ પ્લોટ નં. ૧/૧ના કોલમ નં. ૧૬માં, પાના નં. ૯૯ પર, "ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ જ સામાન્ય વાણિજ્યિક ઝોન માટે અનામત" એ નોંધ કમી થાય છે.

(૬) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેર વહેંચણી અને મૂલ્યનિર્ધારણ પત્રકમાં નમૂના "છ" માં મૂળ પ્લોટ નં. ૯ અને ૧૦માં, કોલમ નંબર-૧૬માં, પાના નં. ૧૦૧માં "વાણિજ્યિક ઝોન' માટે અનામત" એ નોંધ કમી થાય છે.

(૭) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં ફેરવહેંચણી અને આકારણીપત્રક નમૂના 'છ'માં મૂળ પ્લોટ નં. ૧૧ના કોલમ નં. ૧૬માં, પાના નં-૧૦૩માં, "સ્થાનિક વાણિજ્યિક ઝોન માટે અનામત" એ નોંધ કમી થાય છે.

(૮) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને આકારણીપત્રક નમૂના 'છ'માં મૂળ પ્લોટ નં. ૭/૩ના કોલમ નં. ૧૬માં પાના નં. ૧૦૧ પર "ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ આઈડબલ્યુએચ-જીએચબી-૪૬ માટે અનામત" એ નોંધ કમીથાય છે.

(૯) મુસદ્દા યોજનાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, યોગ્ય સત્તામંડળ સાથે વિચારણા કરીને યોજના વિસ્તારના ૨ ટકા જેટલી "સામાજિક રીતે અને આર્થિક રીતે નબળા વર્ગોના લોકો માટેના ગૃહનિર્માણ માટે ફાળવણી માટે" (ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજના હેઠળ આઈ-ડબલ્યુ-એચ. જીએચબી ઉપરાંત) જોગવાઈ કરવાનો નિર્ણય કરશે. નગર રચના અધિકારી, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે ફાળવાયેલા છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારી કપાત વધાર્યા વગર આ બધું કરશે.

(૧૦) મુસદ્દા યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્ય નિર્ધારણ પત્રક નમૂના 'છ'માં પાના નંબર ૧૪૯ ઉપર શિર્ષક "એએમસી માટે અનામત રખાયેલા પ્લોટોની યાદીઓ" એ મજકૂરની જગ્યાએ "જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટો'- એ મજકૂર મૂકવો.

(૧૧) યોજના મુસદ્દા નમૂના "છ"માં જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોના કિસ્સામાં માલિકના નામના કોલમમાં, "યોગ્ય સત્તામંડળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ મજકૂર દાખલ કરવો જોઈશે.

(૧૨) જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને છેવટના પ્લોટ ફાળવ્યા હોય તે કિસ્સામાં, નગરરચના અધિકારીએ, યોગ્ય સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને યોજના વિસ્તારના હિતાધિકારીએ અને જાહેર જનતાની ટકાવારી નક્કી કરવી જોઈશે.

(૧૩) યોજના મુસદ્દાનું આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ યોગ્ય સત્તામંડળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર વિનિમય કરીને જાહેર હેતુઓ માટે, યોગ્ય સત્તામંડળને ફાળવેલ અવિકસિત તેમજ વિકસિત આખરી પ્લોટો માટે કિંમતના દરોનો નિર્ણય કરવો જોઈશે. તેણે મૂલ્યાકન પત્રકમાં આનો પણ સમાવેશ કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૮/૯૫/એમકેટી/૧૨૮૫/સી/૮૯/જી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું.

કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચકેએચ/૮/૯૫/એમકેટી/૧૨૮૫/સી/૮૯/જી-(૮) : ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧૦મા) ની કલમ ૧૬૨ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સહકાર વિભાગના તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૦/એમકેટી/૧૨૮૫/૩૧૦૨/જી મુજબ સદરહુ અધિનિયમની કલમો, ૮૧, ૮૪, ૮૫, ૮૬, ૯૦, ૯૧, ૯૨, ૯૩ અને ૯૪ હેઠળ રજિસ્ટ્રારની સત્તા સહકાર વિભાગના, તારીખ ૯મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી ઠરાવ ક્રમાંક : એમકેટી/૧૨૮૪/૮૯/જી ની રૂએ રચેલી સમિતિને સોંપી હતી.

અને કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના, તારીખ ૨૭--૧--૯૫ ના સરકારી ઠરાવ ક્રમાંક : એમકેટી /૧૨૮૫/સી/૮૯/જી(૮) હેઠળ, સદરહુ દેખરેખ રાખનાર સમિતિ બંધ કરી છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૧૬૨ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી સહકાર વિભાગના તા. ૩૦મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૬૦/એમકેટી/૧૨૮૫/૩૧૦૨/જી રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એચ. વ્યાસ,
સરકારના નાયબ સચિવ.
કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૨૨-એમડબલ્યુએ-૧૦૭૫-૪૯૯૬-૮૨-એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જાન્યુઆરી, ૧૯૯૫.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર-૨૨-એમડબલ્યુએ-૧૦૭૫-૪૯૯૬-૮૨-એમ-(૨) : ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૨૬ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી

INDEX

આદેશ કરે છે કે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ, સદરહુ અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલા કામદારોના વર્ગોનાં સંબંધમાં, સરકારી રાજપત્રમાં આ જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખથી બે વર્ષની મુદત સુધી લાગુ પડશે નહિ :—

અનુસૂચિ

(૧)	(૨)
(૧) કોઈ સ્થાનિક સત્તામંડળ હેઠળ અગ્નિશામક સેવામાં કામે રાખેલ કામદારો	કલમ ૧૩ની પેટા-કલમ (૧) અને કલમ ૧૪
(૨) કોઈપણ સ્થાનિક સત્તામંડળ હેઠળ પાણી પુરવઠાનું નિયમન કરવામાં કામે રાખેલ કામદારો (તેનું સંચાલન અને/અથવા નિભાવ સહિત).	કલમ ૧૩ ની પેટા-કલમ (૧) અને કલમ ૧૪.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એન. ચૌહાણ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તા. ૧૬મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ-આર-૨૪-એસઆઈએ-૧૦૮૮-૩૩૬૯-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

હ. ન. પંડિત,
સરકારના સંયુક્ત સચિવ.

Notification

under

THE EMPLOYEE'S STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર; તા. ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૫.

ક્રમાંક : કેએચ-આર-૨૪-એસઆઈએ-૧૦૮૮-૩૩૬૯-એમ (૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન મધ્યસ્થ કાર્યશાળા, રાજકોટને તા. ૧લી જુલાઈ, ૧૯૯૪ થી તા. ૩૦મી જૂન, ૧૯૯૫ સુધી અને ૩૦ જુન, ૧૯૯૫ સહિત એક વર્ષની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને અધીન રહેશે :—

(૧) ઉપર જણાવેલ સંસ્થામાં કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે;

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામાની રૂએ, જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ઘોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે;

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ;

INDEX

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ-૪૫ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેક્ટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને—

(૧) કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલ લાભો મેળવવાને કામદારો હકદાર તરીકે ચાલુ રહે છે. કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ, સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે;

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકના કબ્જામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં કોઈપણ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યક્તિને, વ્યક્તિઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ ચોપડા કે અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેક્ટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજુ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યક્તિને અથવા સદરહુ ઈન્સ્પેક્ટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યક્તિ કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યક્તિને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. ઓ. વ્યાસ,
સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/સન ૧૯૯૫ના ૨૮/પુડીએ-૧૮૯૨-૨૫૦૮-કેનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

એ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URABN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/સન ૧૯૯૫ના ૨૮/યુડીએ-૧૮૯૨/૨૫૦૮/કે.—ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક. ૨૭)ની કલમ ૯૭ની પેટા કલમ(૧) સાથે વાંચતા કલમ ૧૧૮ની પેટાકલમ (૧)થી ફરમાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક–જીએચવી/૫૬૯/-૧૧૯૪/યુડીએ/૧૮૯૨/૨૫૦૮/કે હેઠળ તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ--૪બીના પાના નં. ૨૨૮--૧ થી ૨૨૮--૨ પર, ગુજરાત સમુચિત સત્તામંડળ (પ્રોવિડન્ટ ફંડની રચના) નિયમો, ૧૯૮૭ વધુ સુધારવા માટે અમુક નિયમોની મુસદ્દો પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવા સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪ સુધીમાં વાંધાઓ અને સૂચનો મંગાવ્યા હતા.

અને ઉપર્યુકત જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધા કે સૂચનો સરકારને મળેલ નથી.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૯૭ની પેટા કલમ (૧) સાથે વાંચતા, કલમ ૧૧૮ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ગુજરાત સમુચિત સત્તામંડળ (પ્રોવિડન્ટ ફંડની રચના) નિયમો, ૧૯૮૭ને વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે.

(૧) આ નિયમો 'ગુજરાત સમુચિત સત્તામંડળ (પ્રોવિડન્ટ ફંડની રચના) (સુધારા) નિયમો, ૧૯૯૫' કહેવાશે.

(૨) ગુજરાત સમુચિત સત્તામંડળ (પ્રોવિડન્ટ ફંડની રચના) નિયમો, ૧૯૮૭માં, અનુસુચિમાં, નિયમ ૨૩માં, પેટા-નિયમ-(૫) પછી, નીચેની બાબતો ઉમેરવી :—

"(૬) સમુચિત સત્તામંડળના કર્મચારીએ દસ વર્ષની નોકરી પૂરી કરી હોય તો ત્યાર પછી, નીચેના હેતુઓ માટે રાંશત: આખરી ઉપાડની છૂટ આપવી જોઈશે :—

(ક) મકાન માટેની જગ્યાની કિમત સહિત, તેના રહેઠાણ માટે તૈયાર બાંધેલ ફલેટ પ્રાપ્ત કરવા માટે;

(ખ) તેના રહેઠાણ માટે મકાન અથવા યોગ્ય મકાન અથવા તૈયાર બાંધેલ ફલેટ માટે, ખાસ રીતે લીધેલ લોન ખાતે બાકી રહેલ રકમ ફરી ભરપાઈ કરવા માટે,

(ગ) તેના રહેઠાણ માટે મકાન બાંધવા માટે મકાનની જગ્યા ખરીદવા અથવા આ હેતુ માટે ખાસ કરીને લીધેલી લોન ખાતે બાકી રહેલી કોઈ રકમ ફરી ભરપાઈ કરવા માટે,

(ઘ) બચતદારની માલિકીના જ હોય તેવા અથવા પ્રાપ્ત કરેલ હોય તેવા મકાન અથવા ફલેટનું પુન: બાંધકામ કરવા અથવા તેમાં વધારા અથવા ફેરફાર કરવા માટે;

(ચ) ફરજ બજાવવાના સ્થળ સિવાયના બીજા કોઈપણ સ્થળ ખાતે સરકારમાંથી લોનની મદદ લઈને મકાન બાંધ્યું હોય તો તેવા મકાનનું નવીનીકરણ કરવા, તેમાં ઉમેરો કરવા અથવા તેમાં ફેરફારો કરવા માટે અથવા ફરજ બજાવવાના સ્થળ સિવાયના બીજા કોઈપણ સ્થળ ખાતે વડિલોપાર્જિત મકાનના નિભાવ માટે.".

(છ) ખંડ (ગ) હેઠળ ખરીદેલ જગ્યા પર મકાનનું બાંધકામ કરવા માટે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એલ. ડી. પટેલ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જુલાઈ, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૫ તથા ૨૧મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (કુલ બે જાહેરનામા) (૧) જીએચ/વી/૧૯૯૫નો ૭૨/ડીવીપી/૨૭૯૧-૧૩૦૫-એલ, (૨) જીએચ/વી/૧૯૯૫નો ૭૪-ટીપીએસ-૧૩૯૪-૧૦૩૫-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ જી શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૭૨/ડીવીપી/૨૭૯૧-૧૩૦૫-એલ.—પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળે (પાટણ નગરપાલિકા, જિલ્લો મહેસાણા) (જેનો આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ પોતાની હદોમાં સમાવિષ્ટ કરેલી ગામતળ જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજના (ભાગ)નો મુસદ્દો સદરહું અધિનિયમની કલમ ૧૩(૧) હેઠળ તૈયાર કર્યો હતો અને પ્રસિધ્ધ કર્યો હતો અને વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા (ભાગ) અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૯ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ—૨, પ્રકીર્ણ અને જાહેરાત વિભાગ, ના પાના ૪૫૭ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને, તેથી, ગુજરાત સરકારને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ સત્તામંડળ (નગરપાલિકા) રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું જરૂરી જણાયું હતું;

અને, તેથી, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૯૬/ડીવીપી/૨૭૯૧/૩૯૬૧/(૯૪)-એલ હેઠળ સદરહુ ફેરફારો તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બી માં પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કે ઈ વ્યકિતને કોઈ વાંધા અથવા સૂચનો હોય તો તે, તારીખ ૨૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના સદરહુ સરકારી જાહેરનામાની પ્રસિધ્ધિની તારીખ થી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય,—ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને, ગુજરાત સરકારને, સદરહુ ફેરફારોના સંબંધમાં કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને આધીન રહીને, સદરહુ વિકાસ યોજનાનો સુધારેલો મુસદ્દો (ભાગ) અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૫ના જુલાઈ મહિનાની ૨૧મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

ગુજરાત સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની પાટણ વિસ્તાર વિકાસ સત્તામંડળ (પાટણ નગરપાલિકા)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા (ભાગ એટલે કે ફક્ત ગામતળ)માંના ફેરફારો.

---

(૧) વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, જ્યાં "સ્થાનિક સત્તામંડળ" એ શબ્દો આવે છે ત્યાં તેને બદલે, "યોગ્ય સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

(૨) પાટણ નગરપાલિકાની જાહેર નોટિસના તારીખ ૧૮—૮—૧૯૯૦ના ઠરાવ ક્રમાંક. ૪૩૮/૯૦—૯૧માં સમાવેશ કરેલ ૧૫ રસ્તાઓ માટે, તેમનો અમલ ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬ની જોગવાઈઓ અનુસાર થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૭૪-ટીપીએસ-૧૩૯૪-૧૦૩૫-એલ.—પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૧૮મી, ડિસેમ્બર, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી-૧૯૭૯નો ૨૦૯/ટીપીએસ-૧૩૭૯-૪૮૦૯-કયુ હેઠળ, ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને તેને સાદર કરેલ નગરરચના યોજના રાજકોટ ક્રમાંક : ૫ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, તેથી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણના તારીખ ૧૨મી જૂલાઈ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૧૭૫/ટીપીએસ-૧૩૮૮-૨૧૫૭-(૯૧)-એલ હેઠળ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)થી કલમ-૬૫ની મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના રાજકોટ ક્રમાંક : ૫ પ્રારંભિક મંજૂર કરી છે.

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ-૬૨ ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, ક્રમાંક : ૫ આખરી યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ આખરી યોજના" તરીક ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ આખરી યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ આખરી યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૫ નકકી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. યોજના બુકના પાના નં. ૧૬૭ પર, ફેરવહંચણીપત્રક અને આકારણી પત્રકમાં, અનુક્રમાંક ૬૩ના કોલમ નંબર ૨ પર, "રાજકોટ કોર્પોરેશન" એ શબ્દોને, બદલે, "યોગ્ય સત્તામંડળ—રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન" એ શબ્દો મૂકવા.

૨. વિકાસ નિયંત્રણ વિનિયમોમા, યોજના બુકમાં, પાના નંબર ૨૯૭ પર, વિનિયમ ક્રમાંક : ૬.૨ (ક) (૮)માં કરેલી જોગવાઈ,— "પરંતુ જ્યાં જાહેર હેતુ માટે, સદરહુ નગરરચના યોજના હેઠળ, નગરરચના યોજના અમલમાં અને અનામત હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિયમ ક્રમાંક : ૧૩.૧. ૭ક અને ૧૩.૧૭ખ અને કોમન પ્લોટની જોગવાઈઓને લગતા બીજા કોઈપણ વિનિયમમાંથી, નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે ઉપર જણાવેલી અનામત ધ્યાનમાં લઈને પૂર્ણત: અથવા અંશત: પ્લોટના માલિકને મુક્તિ આપી શકશે." એ મજકૂર કમી થશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પર ના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી-૯૫-૧૦) ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY CINEMA RULES, 1954.

મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : (જીએચટી-૯૫-૧૦)-ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈ.—મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈનો, ૧૧મો)ની કલમ--૯ હેઠળ કરવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ--૯ની પેટા--કલમ (૪)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અને સૂચનો મળશે તે ઉપર સરકાર વિચારણા કરશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચટી-૯૫-૧૦-ઈપીટી-૧૦૯૧-૫૯૩-ઈ.—મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ--૯ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, "મુંબઈ સિનેમા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. મુંબઈ સિનેમા નિયમો, ૧૯૫૪માં, નિયમ--૧૦૮માં, પેટા-નિયમ (૧)માં, ખંડ (ક)માં, "અર્ધ-કાયમી" એ શબ્દોને બદલે, "અર્ધ કાયમી, જનતા સિનેમા" એ, શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

એચ. એ. બાદી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, NOVEMBER 2, 1995/KARTIKA 11, 1917 [No. 44

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૧૦–૯૫ થી તા. ૩૧–૧૦–૯૫ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧.	૬૫	ભા.એ-૫૪૪/૧૨-૧૦-૯૫ (જીએચએન-૨૭) એલસીટી-૧૦૯૫-(એસ-૬) (૧)-૬, તા. ૫–૧૦–૯૫.	૧૬–૧૦–૯૫	ઉ. અને સં. આ. વિ.

એમ. આર. પટેલ,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, NOVEMBER 23, 1995/AGRAHAYANA 2, 1917 [No. 47

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એસટીસી/૧૦૯૫/૧૨૩૨/જીએચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું — ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધ્યક્ષની નિમણુંક

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી માર્ચ, ૧૯૯૫.

ઠરાવ ક્રમાંક : એસટીસી/૧૦૯૫/૧૨૩૨/જીએચ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ-૩ સાથે વાંચતા માર્ગ વાહન-વ્યવહાર કોર્પોરેશન,અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના અધિનિયમ ક્રમાંક : ૬૪) અનુસાર, ગુજરાત સરકાર શ્રી આર. રામભદ્રન, ઉપાધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન, અમદાવાદને તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૫થી, વધુ હુકમો ન થાય ત્યાં સુધી, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહીડા,
સરકારના સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી મે, ૧૯૯૫.

ગુજરાત ગૅઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૨/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી માર્ચ, ૧૯૯૫.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૯૨/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ : માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ ૧૯૫૦ (સન ૧૯૫૦ ની ૬૪મા) ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તરત જ અમલમાં આવે તેમ તારીખ પુમી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૨/૯૪/એસટીસી/૧૦૮૭/૫૪૧/ભાગ-૨/ ધ હેઠળ નીમાયેલા ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનનાં નીચેના બિન સરકારી ડિરેકટરોનાં રાજીનામા સ્વીકારે છે.

(૧)	શ્રી અહેસાન જાફરી (ભૂતપૂર્વ સંસદ સભ્ય)	૧૯, ગુલબર્ગ સોસાયટી ચમનપુરા, અમદાવાદ.
(૨)	શ્રી અંબાલાલ પટેલ (ચારી)	સરસ્વતી સરદાર સોસાયટી દૂધારીની પોળ પાછળ, ઉંઝા, જિ. મહેસાણા.
(૩)	શ્રી રમણલાલ ડી. પટેલ	સચિવ, ટેક્સ્ટાઈલ, લેબર એસોસીએશન લાલ દરવાજા, અમદાવાદ.
(૪)	શ્રી અમૃતલાલ ઈચ્છુભાઈ પટેલ	મુકામ પોસ્ટ માંડવી, જિ. સુરત.
(૫)	શ્રી ડો. શાંતાબેન ચાવડા	૧. દાસી જીવણપુરા, ભકિતનગર સ્ટેશન રાજકોટ.
(૬)	શ્રી દિલીપભાઈ પટેલ (રાજકોટ)	'કલ્પના' નવા કેશુભાઈનું દવાખાનું, આશાપુરા રોડ, રાજકોટ.
(૭)	શ્રી સવસીભાઈ મકવાણા	મુકામ પોસ્ટ ધનજા તાલુકો : સાયલા જિ. સુરેન્દ્રનગર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મહિડા,
સરકારના સંયુકત સચિવ,
ગૃહ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૯૫નો ૧૫૬-ઓનપીઓલ-૪૫૯૪-૧૭૫૪-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MUNICIPALITIES (CONDUCT OF ELECTION) RULES, 1994.

ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી નવેમ્બર, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪નો ગુજરાતનો અધિનિયમ ૩૪ મો).—

ક્રમાંક : કેવી-૯૫નો ૧૫૬-ઓનપીઓલ-૪૫૯૪-૧૭૫૪-એમ. —ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૧૯૯૫ ના મુસદ્દો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૯૫નો ૨૧૧-ઓનપીઓલ-૪૫૯૪-૧૭૫૪-એમ હેઠળ તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૧-એ, સેન્ટ્રલ સેકશનમાં પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧૫ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવામાં આવ્યા હતા.

અને સદરહુ મુસદ્દા અંગે સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪-ના ગુજરાતના ૩૪ મા)ની કલમ ૬ ની પેટા-કલમ (૫) સાથે વાંચતા, કલમ ૨૭૭ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (ની ચૂંટણી કરવા) બાબતના નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, વ્યાખ્યાના નિયમ ૨ના પેટા-નિયમ (ઝ)માં "આ નિયમો" એ શબ્દ પછી "અને રાજ્ય ચૂંટણી પંચે ઠરાવેલ નમૂના" એ શબ્દો ઉમેરવા.

૩. નિયમ ૪ના પેટા-નિયમ (૨)ના પરંતુકમાં "નિયમો ૬ થી ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૮, ૪૨, ૫૦ થી ૫૩ અને ૫૮ થી ૬૯ હેઠળ" એ શબ્દો અને આંકડાને બદલે નીચેના શબ્દો અને આંકડા મૂકવા. :—

"નિયમો ૬, ૮ થી ૧૦, ૧૩, ૧૫, ૧૬, ૪૯ થી ૫૨ અને ૬૦ થી ૬૮ હેઠળ."

૪. નિયમ ૫ના પેટા-નિયમ (૩)માં "પછીના" એ શબ્દ પછી, "બીજા" એ શબ્દ દાખલ કરવો અને નિયમ ૫ના પેટા-નિયમ (૫)માં, "એકવીસ" એ શબ્દને બદલે "પંદર" એ શબ્દ મૂકવો.

૫. નિયમ ૭ ના પેટા નિયમ (૭) માં, "પ્રમાણપત્રમાં સહી કરશે" એ શબ્દો પછી,"અને ત્યારપછી બનતી ત્વરાએ ઉમેદવારનું દરખાસ્ત કરનારનું અને ટેકો આપનારનું, ઉમેદવારી પત્રમાં જેવી રીતે હોય તેવા વર્ણનવાળી ઉમેદવારીપત્રની નોટિસ, પોતાની કચેરીમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી જગાએ ચોંટાડાવવી જોઈશે." એ શબ્દો ઉમેરવા.

INDEX

૬. નિયમ ૧૧માં, પરંતુક પછી, નીચેના શબ્દો ઉમેરવા :—
"ચૂંટણી અધિકારીએ, ઉમેદવારી પાછી ખેંચી લેવાની નોટિસની યથાર્થતા અને તે પહોંચાડનાર વ્યકિતની ઓળખ અંગે ખાતરી થયે, તે નોટિસ પોતાની કચેરીમાં સહેલાઈથી દેખાઈ આવે તેવી કોઈ જગાએ ચોંટાડવવી જોઈશે."

૭. નિયમ ૧૫ના પેટા-નિયમ (૩)માં, ચૂંટણી પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ, ૧૯૬૮" એ શબ્દોને બદલે "વખતોવખત સુધાર્યા પ્રમાણે રાજ્ય ચૂંટણી પંચ પ્રતીક (અનામત અને ફાળવણી) હુકમ, ૧૯૯૫' એ શબ્દો મૂકવા; અને

નિયમ ૧૫ના પેટા નિયમ (૪)માં, "ઉમેદવારે" એ શબ્દની પહેલાં "માન્ય રાજકીય પક્ષના ઉમેદવાર સિવાયના" એ શબ્દો દાખલ કરવા.

૮. નિયમ ૧૭ના પેટા-નિયમ (૩)માં "જપ્ત થશે" એ શબ્દો પછી" અને તે મ્યુનિસિપલ ફંડનો ભાગ બનશે" એ શબ્દો ઉમેરવા.

૯. નિયમ ૨૩ના પેટા-નિયમ (૧)માં, "ચૂંટણી અધિકારી" એ શબ્દો પછી, "જિલ્લા મ્યુનિસિપલ ચૂંટણી અધિકારીની પૂર્વમંજૂરીથી અને" એ શબ્દો દાખલ કરવા.

૧૦. નિયમ ૩૮ના પેટા-નિયમ (૫)માં, "સરકારમાં જપ્ત કરવાનો" એ શબ્દોને બદલે "નગરપાલિકામાં જપ્ત કરવાનો" એ શબ્દો મૂકવા.

૧૧. (૧) નમૂના-૨માં,
(ક) પેરા-૧માં "ચૂંટણી" એ શબ્દને બદલે, "સામાન્ય/પેટા ચૂંટણી" એ શબ્દો મૂકવા.

(ખ) પેટા-૨માં "મને મારી કચેરીએ" એ શબ્દોને બદલે "ચૂંટણી અધિકારીને અથવા મદદનીશ ચૂંટણી અધિકારીને" એ શબ્દો મૂકવા.

(ગ) પેરા ૪માં "મારી કચેરીમાં" એ શબ્દો કમી કરવા.

(ઘ) પેરા ૫માં "મારી ઓફિસમાં મને" એ શબ્દોને બદલે "ઉપર પેરા-૨માં નિર્દિષ્ટ કરેલા અધિકારી પૈકીના કોઈપણ અધિકારીને તેની ઓફિસમાં" એ શબ્દો મૂકવા.
(૨) નમૂના નં. ૬માં "વોર્ડનું નામ" એ શબ્દો પછી, "ચૂટણી પંચે ફાળવેલી બેઠકો" એ શબ્દો ઉમેરવા.

(૩) વિદ્યમાન નમૂના નં. ૧૧ ને બદલે સુધારેલો નમૂનો નં. ૧૧ મૂકવો

(૪) નમૂના નં. ૧૯માં, જમણી બાજુના ખૂણા ઉપરના મથાળે "પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો" એ શબ્દો ઉમેરવા.

(૫) નમૂના નં. ૨૧માં "મતદારોની કુલ સંખ્યા" એ શબ્દોને બદલે "મતોની કુલ સંખ્યા" એ શબ્દો મૂકવા.

INDEX

નમૂનો-૧૧

(જુઓ નિયમ -૨૯)

મતપત્રનો નમૂનો

સ્થળપત્ર

.....નગરપાલિકા ચૂંટણી નું વર્ષ.....

વોર્ડ નંબર.....મતપત્રનો અનુક્રમ નંબર.....

મતદાન મથકનો નંબર.....મતદાન મથકનું નામ.....

વોર્ડમાં મતદારનો અનુક્રમ નંબર.....મતદારની સહી અથવા અંગૂઠાનું નિશાન.....

નિશાન.....

જોડેલો ભાગ

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

મતપત્રનો

નગરપાલિકાનું નામ..... અનુક્રમ નંબર.....

ચૂંટણીનું વર્ષ.....

અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક
અનુક્રમ નંબર	ઉમેદવારનું નામ અને પ્રતીક

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, DECEMBER 7, 1995/AGRAHAYANA 16, 1917 [No. 49

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧--૧૧--૯૫ થી તા. ૩૦--૧૧--૯૫ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુક્રમ નંબર	અસાધારણ રાજ્યપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ.	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ ૯		
૧	૬૬	ભા. એ. ૫૫૦/જીએચ--એન--૨૬--એલસીઆર--૧૦૯૫ (૧)--ઠ, તા. ૪--૧૦--૯૫	૧--૧૧--૯૫	વે. અને સં. બા. વિ.
૨	૬૭	ભા. એ. ૫૫૨/જીએચએન--૨૮--જીએસટી--૧૦૯૫ એસ-૪૯ ૨૮૬--ઠ, તા. ૧૪--૧૦--૯૫	,,	,,
૩	૬૮	ભા. એ. ૫૫૧/જીએચ એન ૩૦--જીએસટી--૧૦૯૫ એસ--૪૯--૨૮૭--ઠ, તા. ૧૬--૧૦--૯૫	,,	,,
		જીએચએન—૩૧/જીએસટી--૧૦૯૫--એસ--૪૯ ૨૮૮--ઠ, તા. ૧૬--૧૦--૯૫	,,	,,
૪	૬૯	સન ૧૯૯૫ નો વટહુકમ ક્રમાંક ૫	૧૬--૧૧--૯૫	,,
૫	૭૦	સન ૧૯૯૫ નો વટહુકમ ક્રમાંક ૬	,,	,,
૬	૭૧	સન ૧૯૯૫ નો વટહુકમ ક્રમાંક ૭	,,	,,

એમ. આર. પટેલ,

વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. GG/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, DECEMBER 14, 1995/AGRAHAYANA 23, 1917 [No. 50

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રીલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એચઆર/૪૩/બીએસઈ/૧૦૯૫/૩૮૨/ એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

unde

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક જીએચઆર/૪૩/બીએસઈ/૧૦૯૫/૩૮૨/એમ(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૪ સાથે વાંચવામાં આવેતી, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૬મો) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬૪ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, રમઝાન ઈદના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં, અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૩જી ફેબ્રુઆરી, ૧૯૯૫થી તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૫ (બન્ને દિવસો સહિત) ની મુદત માટે, ગુજરાત રાજયના તમામ વિસ્તારોમાં, અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી, સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

સંસ્થાઓ (૧)	સદરહુ અધિનિયમની જોગવાઈઓ (૨)	શરતો (૩)
૧. મીઠાઈની દુકાનો	કલમ ૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કરેલા કામનાં કલાકોની મર્યાદા કરત વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે, ઓવરટાઈમ કામ (કે જે ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે) તેના સંબંધમાં સદરહુ અધિનિયમ કલમ ૬૩(૧)માં ઠરાવેલ દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૮	દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ હોવાને કારણે (૧) તારીખ ૪થી માર્ચ, ૧૯૯૫ પછી એવી રજાઓના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૨. તમામ રેસ્ટોરાં અને ભોજન ગૃહો.	કલમ ૨૪	(૧) કોઈ રેસ્ટોરાં અથવા ભોજનગૃહના દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૪થી માર્ચ, ૧૯૯૫ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૨)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે. (૨) હોટલો/રેસ્ટોરાં/ભોજનગૃહો નોંધણી નિયમો, ૧૯૮૯ હેઠળ નોંધાયેલા જ હોવા જોઈશે. (૩) આવી હોટલ/રેસ્ટોરાં/ભોજનગૃહ, આરોગ્યની દૃષ્ટિએ તે સ્વચ્છ અને ચોખ્ખાં રહે તે માટે, રોજ (શહેરી) શરુ થયા પછી, ઓછામાં ઓછા ત્રણ-ચાર કલાક માટે બંધ રાખવાં જોઈશે. (૪) આવી હોટલો/રેસ્ટોરાં/ભોજનગૃહના માલિકોની એ જોવાની જવાબદારી રહેશે કે,— (૧) તેમના ગ્રાહકોને યોગ્ય વાહનો પાર્ક કરવાની ગોઠવણની સુવિધા પૂરી પાડવી જોઈશે, જેથી કરીને મહદ્અંશે લોકોને પડતી કોઈપણ અગવડ ટાળી શકાય; અને

INDEX

(૧)	(૨)	(૩)
		(૨) ઘોંઘાટ ઉત્પન્ન કરે તેવાં મોટા અવાજ વાળા રેડિયો, લાઉડસ્પીકર, સ્ટીરીઓ વગાડવાની છૂટ આપવામાં આવશે નહિ.
		(૩) માત્ર બિનશાકાહારી ચીજો પૂરી પાડવી જોઈશે અથવા અધિકૃત કતલ-ખાનામાંથી ખરીદેલ ચીજવસ્તુમાંથી બનાવવામાં આવી હોય તેવી ચીજો વેચાણ માટે મૂકવી જોઈશે.
(૩) ટોપીઓ અને પગરખાં વેચતી દુકાનો.	કયમ ૧૧	કોઈપણ દુકાન, દિવસેજ, રાતના ૧૧--૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.
	કલમ ૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં કરેલા નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે, ઓવરટાઈમ કામને, ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવું જોઈશે, તેના સંબંધમાં સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઠરાવેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ ૧૬	કામનો એકંદર સમય, કોઈપણ દિવસે પંદર કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
	કલમ ૧૮	દરેક નોકરને ઠરાવેલી અઠવાડિક રજાઓ ન લીધી હોવાને કારણે (૧) તારીખ ૪થી માર્ચ, ૧૯૯૫ પછી એવી રજાના બદલે, તેટલી જ રજાઓ અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા તેતનના દરે વેતન આપવામાં આવશે.
(૪) કાપડ અથવા તૈયાર કપડાં વેચતી દુકાનો	કલમ ૧૪	"ટોપી અને પગરખાં વેચતી દુકાનો"ની નોંધમાં, કલમો ૧૪, ૧૬ અને ૧૮ના સંબંધમાં ઉપર નિર્દિષ્ટ કરી છે તે શરતો.
(૫) સુગંધિત દ્રવ્યો વેચતી દુકાનો	કલમ ૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે ૧૧--૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એ. વ્યાસ,
સેકશન અધિકારી.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ-૯૫-૧૧-એમ-એસ-૩૦-૯૧-૩૨૦૨-એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૫/૧૧/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ. ૧.—શ્રી ઈશ્વરભાઈ મોરારજી પટેલ રહેવાસી સુરત, એ (જેનો આમાં હવે પછી સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે, સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૭૫ ના રોજ રૂપિયા ૯૭૫૦/- (રૂપિયા નવ હજાર સાતસો પચાસ માત્ર) ની રકમનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ ધરાવતું વેચાણ-ખત રજૂ કર્યું હતું.

અને, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરત દ્વારા, સદરહુ વેચાણ-ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ-રજિસ્ટ્રાર, સુરત-એ રજિસ્ટ્રેશન નંબર ૬૨૫૮ ફાળવ્યો હતો અને આવકવેરા અધિનિયમ ૧૯૬૧ની કલમ ૨૩૦-ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું ;

અને, આથી, સદરહુ પક્ષકારે, કલમ ૨૩૦-ક હેઠળ ફરમાવેલ પ્રમાણપત્ર રજૂ કર્યું છે ;

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું હતું તે શોધી શકાયું ન હતું અને તે સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાયેલ છે ;

અને, આથી, સદરહ પક્ષકાર માટે વેચાણ-ખત ફરીથી કરવાનું જરૂરી છે ;

અને, આથી, સદરહુ પક્ષકારે તે જ વેચાણ-ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે ;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૯ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરતને ૯મી ઓક્ટોબર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૬૨૫૮ વાળા અગાઉના વેચાણ-ખતને બદલે નવું વેચાણ ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ/ ૯૫/૯/એમ/એસ-૩૦/૯૧/૩૨૦૨/એચ/૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

order

made

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૫/૯/એમ/એસ/૩૦/૯૧/૩૨૦૨/એચ. ૧.—રમેશચંદ્ર જગુભાઈ પટેલ રહેવાસી સુરત, એ (જેનો આમાં હવે પછી "સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે, સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં, તારીખ ૩૭ સપ્ટેમ્બર, ૧૯૭૫ના રોજ રૂપિયા ૧૧૫૮૭-૫૦ (રૂપિયા અગિયાર હજાર પાંચસો સત્યાશી અને પચાસ પૈસામાત્ર)ની રકમનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ પેપર વેચાણ-ખત રજૂ કર્યું હતું.

અને, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરત ટાઉન, સદરહુ વેચાણ-ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ-રજિસ્ટ્રાર, સુરતએ રજિસ્ટ્રેશન નંબર ૪૪૦૭ ફાળવ્યો હતો અને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૩૦-ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું ;

અને, આથી, સદરહુ પક્ષકારે, કલમ ૨૩૦-ક હેઠળ ફરમાવેલ પ્રમાણપત્ર રજૂ કર્યું છે ;

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું તે હવે થઈ શકાયું ન હતું અને તે સબ રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાયેલ છે ;

અને, આથી, સદરહુ પક્ષકાર માટે વેચાણ-ખત ફરીથી કરવાનું જરૂરી છે ;

અને, આથી, સદરહુ પક્ષકારે તેજ વેચાણ ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે ;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૯ ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરતને ૩૭ સપ્ટેમ્બર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૪૪૦૭ વાળા અગાઉના વેચાણ-ખતને બદલે, નવું વેચાણ ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરીને છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. કે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓક્ટોબર, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ/૯૫/૧૦/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આઈ. જી. પિકાર્ડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૫/૧૦/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ. ૧.—શ્રી રતિલાલ મોરારજી પટેલ રહેવાસી સુરત, એ (જેનો આમાં હવે પછી "સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે, સબ રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર ૧૯૭૫ ના રોજ રૂપિયા ૪૯૬૭૫--૦૦ (રૂપિયા ઓગણપચાસ હજાર છસો પંચોતેર માત્ર) ની રકમનો નોન--જ્યુડિશિયલ સ્ટેમ્પ ધરાવતું વેચાણ ખત રજૂ કર્યું હતું.

અને, આથી, સબ--રજિસ્ટ્રાર, સુરત દ્વારા, સદરહુ વેચાણ--ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ--રજિસ્ટ્રાર, સુરત-એ રજિસ્ટ્રેશન નંબર ૪૬૨૦ મૂળ્યો હતો અને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૩૦--ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું ;

અને, આથી, સદરહુ પક્ષકારે કલમ ૨૩૦--ક હેઠળ ફરમાવેલ પ્રમાણપત્ર રજૂ કર્યું છે ;

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું તે શોધી શકાયું ન હતું અને તે સબ--રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાવેલ છે ;

અને, આથી, સદરહુ પક્ષકાર માટે વેચાણ-ખત ફરીથી કરવાનું જરૂરી છે ;

અને, આથી, સદરહુ પક્ષકારે તે જ વેચાણ-ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે ;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૯૫ ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ રજિસ્ટ્રાર, સુરતને ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૪૬૨૦ વાળા આગાઉના વેચાણ--ખતને બદલે, નવું વેચાણ--ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત રાજ્યમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૭૬ એમડબલ્યુએ-૧૦૮૮-૧૮૭૪-એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી માર્ચ, ૧૯૯૫.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર-૭૬-એમડબલ્યુએ-૧૦૮૮-૧૮૭૪-એમ-(૨).—ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ૧૧મો) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૨૭થી મળેલી સત્તાની રૂએ, અને ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ--૧ એ ના પાના નં. ૧૪/૧ થી ૧૪/૨ ઉપર તારીખ ૩૧મી માર્ચ, ૧૯૯૨ના રોજ પ્રસિધ્ધ કરેલા, શ્રમ અને રોજગાર વિભાગના, તારીખ ૨૬મી માર્ચ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૭૩-એમડબલ્યુએ-૧૦૮૮-૧૮૭૪/એમ-(૨) રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૫ના જુન મહિનાની ૩૦મી તારીખે અને તે તારીખથી અમલમા આવે તેમ, જેના સંબંધમાં તે નો એવો અભિપ્રાય હોય કે વેતનન ન્યૂનતમ દરો સદરહુ અધિનિયમ હેઠળ નક્કી કરવા જોઈએ નીચેના રોજગાર, સદરહુ અધિનિયમની અનુસૂચિના ભાગ--૧માં ઉમેરવાના પોતાના ઈરાદાની નોટિસ આપે છે :—

"પથ સિંચાઈ સંબંધી રોજગાર."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એન. ચૌહાણ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર-૮૫-એમડબલ્યુએ-૧૦૯૦-૧૦૯૬/એમ(૨).નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી એપ્રિલ, ૧૯૯૫.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક. કેએચઆર/૮૫/એમડબલ્યુએ/૧૦૯૦/૧૦૯૬/એમ(૨).—ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૨૭થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૧૮મી મે, ૧૯૯૨ના ગુજરાત

INDEX

સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૧-એલ નં. ૨૦ના પાના ૨૦/૧ થી ૨૦/૨ ઉપર તારીખ ૧૮મી મે, ૧૯૯૨ના ક્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર/૧૦૧/એમડબલ્યુએ/૧૦૯૦/૧૦૯૯/ઓમ(૨)મે રદ કરીને, ગુજરાત સરકાર, આથી, તા. ૧૮મી, જુલાઈ, ૧૯૯૫ના રોજ અને તે તારીખથી અમલમાં આવે તેમ, જેના સંબંધમાં તેનો એવો અભિપ્રાય હોય કે વેતનના ન્યુનતમ દરો સદરહુ અધિનિયમ હેઠળ નક્કી કરવા જોઈએ તેવો નીચેનો રોજગાર, સદરહુ અધિનિયમની અનુસૂચિના ભાગ--૧માં ઉમેરવાના પોતાના ઈરાદાની નોટિસ આપે છે :—

૫૬. "બાનગી સલામતી રક્ષક સેવાઓ સંબંધી રોજગાર".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એન. ચૌહાણ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જજી/૯૯/૯૫/એસટીસી/૧૯૯૫/૧૨૯૪/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORTS CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૫.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક. જજી/૯૯/૯૫/એસટીસી/૧૯૯૫/૧૨૯૪/ધ.—માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૮ના ૬૪મા)ની કલમ-૨૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, પ્રથમ, તારીખ ૧૮મી એપ્રિલ, ૧૯૯૫થી અમલમાં આવે તેમ, તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક. જજી/૯૩/૮૧/એસટીસી/૧૦૮૩/૫૪૧/ભાગ-૨/ધ હેઠળ, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના બિન-સરકારી ડિરેક્ટર તરીકે નિમાયેલા શ્રી અશોકભાઈ પંજાબીનું રાજીનામું સ્વીકારે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. મલિક,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ મે, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ—વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી/૧૯૯૫નો ૫૦/વીબીએન-૩૫૯૪-૪૧૭-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૫૦/વીબીએન-૩૫૯૪-૪૧૭-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઓલપાડ અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોમાંથી બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. તાલુકાનું નં. નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામોમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧ ૨	૩	૪	૫	૬	૭
(૧) ઓલપાડ.	ભગવા.	(૧) ભગવા. મહેસૂલી ગામ.		(૧) ભગવા.	ભગવા મહેસૂલી ગામ.
		(૨) મોર. મહેસૂલી ગામ.	મોર. મહેસૂલી ગામ.	(૨) મોર.	મોર મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. જી. પ્રજાપતિ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૩૦ જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૫૩-૯૫-એનપીએલ--૪૫૯૦--૬૨૪--એમ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ-સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ હુકમ.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૨૯મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૧૭-૯૫-એનપીએલ-૪૫૯૦-૩૨૪--એમ.— ભારતના સંવિધાનની કલમ ૨૪૩(ન) ના ખંડ (૨) હેઠળ બહાર પાડેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૪મી નવેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૯૯૪-નો ૧૪૩૩-એનપીએલ-૪૫૯૩-એમ-૩૨૪-એમ (જેનો આમાં હવે પછી, "સદરહું જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ સદરહું જાહેરનામાની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર (જેનો આમાં હવે પછી, "સદરહું વિસ્તાર "તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને સને ૧૯૯૪ના નવેમ્બર મહિનાની ૧૪મી તારીખ (જેનો આમાં હવે પછી "સદરહું તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યાર) થી અમલમાં આવે તેમ, જેતપુર નવાગઢ મ્યુનિસિપલ બરોના નામે નાના શહેરી વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવ્યો છે ;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સને ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૩૪)ની કલમ ૨૬૬ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, નીચેનો હુકમ કરે છે :—

જેતપુર નવાગઢ મ્યુનિસિપલ બરોએ, અથવા તેના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ કરેલ, કાઢેલ નોંધેલ અથવા આપેલ અને સદરહું તારીખથી તરત પહેલાં તેના વિસ્તારમાં અમલમાં હોય તેવી તમામ નિયમણૂંકો, જાહેરનામાં, નોટિસો, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ સદરહું તારીખની તરત પહેલાં, સદરહું વિસ્તારમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂંકો જાહેરનામાં, નોટિસો, વેરા, હુકમો યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ રદ કરીને, સદરહું વિસ્તારમાં લાગુ પડશે અને તેનો આરંભ થશે સિવાય કે એવી રીતે લાગુ પાડેલ અથવા અમલમાં લાવેલ તે બાબત ફરીવાર સદરહું અધિનિયમ હેઠળ રદ કરી હોય અથવા તેમાં ફેરફાર કર્યો હોય.,

૨. સદરહું વિસ્તારમાં અને તેના સંબંધમાં કરેલ અથવા પ્રમાણિતકૃત કરેલ અને સદરહું તારીખની તરત પહેલાં તેના અમલમાં હોય તેવા તમામ અંદાજપત્રો, આકારણીઓ, આકારણી યાદીઓ, મૂલ્યાંકનો, માપણીઓ અથવા વિભાજનો સદરહું અધિનિયમ હેઠળ રદ કરવામાં ન આવે અથવા તેમાં ફેરફાર કરવામાં ન આવે ત્યાં સુધી અમલમાં ચાલુ રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

બૌધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી જુન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીકે/૯૫/૧૦/એમએચકે/૧૦૮૯/૫૬૨/ફ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE LEGAL ASSISTANT IN THE SUBORDINATE SECRETARIAT (EXAMINATION) RULES, 1992.

તાબાની સચિવાલય સેવામાં કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ સુધારવા સંબંધી જાહેરનામું

ગુજરાત સરકાર,

કાયદા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૪થી મે, ૧૯૯૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૯૫/૧૦/એમએચકે/૧૦૯૯/૫૬૨/ફ.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, આથી, તાબાની સચિવાલય, સેવામાં કાયદા મદદનીશ સેવા ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "તાબાની સચિવાલય સેવામાં, કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. તાબાની સચિવાલય, સેવામાં કાયદા મદદનીશ ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૯૨ (જેનો આમાં હવે પછી "સદરહું નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં નિયમ ૩માં નીચેનો પરંતુક ઉમેરવો :—

"પરંતુ, આયોગની જાહેરાતના પ્રત્યુત્તરમાં, તેને મળેલ અરજીની સંખ્યા, જાહેરાત કરેલી જગાની સંખ્યાની સરખામણીમાં વધુ હોય તો, આયોગ, પરીક્ષા પહેલા સ્ક્રીનીંગ ટેસ્ટ લઈ શકશે. સ્ક્રીનીંગ ટેસ્ટની લાયકાતનાં ધોરણો આયોગ વખતોવખત નક્કી કરે તે પ્રમાણે રહેશે. ફક્ત લાયકાતના ગુણ મેળવનાર ઉમેદવારોને જ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે.

વધુમાં, સ્ક્રીનીંગ ટેસ્ટમાં મેળવેલા ગુણ, પરીક્ષાના પરિણામના હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૩. સદરહું નિયમોમાં, નિયમ ૧૦માં "જે ઉમેદવારોએ અરજી કરી હોય અને ઠરાવેલી ફી ભરી હોય" એ શબ્દોને બદલે, "નિયમ ૩ ની જોગવાઈઓને અધીન રહીને જે ઉમેદવારોએ અરજી કરી હોય અને ઠરાવેલી ફી ભરી હોય" તે શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. ડી. ચિતારા,
સરકારના ઉપ-સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી૧/૯૫/૧૦૭-એસએફટી/૧૦૯૩/૨૫૮૬/એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૧૯૯૫.

ક્રમાંક : જીયુ/૯૫/૧૦૭-એસએફટી/૧૦૯૩/૨૫૮૬/એમ (૩).—ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા કારખાનાઓમાં કામે રાખેલી વ્યકિતઓને જેનાથી શારીરિક ઈજા થવાનું, ઝેર ચડવાનું અથવા રોગો થવાનું અથવા તેમના આરોગ્યને અન્ય નુકશાન થવાનું જોખમ હોય તેવી ઉત્પાદનની પ્રક્રિયાઓ અથવા કામકાજો તેમાં ચલાવવામાં આવે છે;

અને સરકારનો એવો અભિપ્રાય છે કે આવા કારખાનામાં કામે રાખેલી વ્યકિતઓની સલામતી માટે સલામતી અધિકારીઓને તેમાં નોકરીએ રાખવા જોઈએ;

તેથી, હવે, કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૬૩મા)ની કલમ—૪૦-ખ ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નિર્દિષ્ટ કરે છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ કારખાના પૈકીના દરેક કારખાનાએ રાજ્ય સરકારે ઠરાવેલા ધોરણો પ્રમાણે જરૂરી સંખ્યામાં સલામતી અધિકારીઓને નોકરીએ રાખવા.

અનુસૂચિ

અમદાવાદ :

૧. રોહન ડાઈઝ એન્ડ ઈન્ટરમીડિયેટસ લિમીટેડ;
પ્લોટ નં. ૧૧૫, ૧૧૬, ૧૧૭, ફેઝ—૧,
વટવા, અમદાવાદ.

૨. મરડીયા કેમીકલ્સ લિમીટેડ;
પ્લોટ નં. ૪૬૮ થી ૪૭૧, ફેઝ—૨,
વટવા, અમદાવાદ.

૩. જે. એચ. ખારાવાલા પ્રાઈવેટ લિમીટેડ;
૧૦૯/૨૨૦, ફેઝ—૨,
વટવા, અમદાવાદ.

૪. મેટ્રોકેમ ઈન્ડસ્ટ્રીઝ લિમીટેડ;
યુનિટ ૨—એ, પ્લોટ નં. એ/૧ ૪૭૨ થી ૪૭૪, ફેઝ—૨,
વટવા, જી. આઈ. ડી. સી., અમદાવાદ.

૫. પરીખ એન્ટરપ્રાઈઝીસ પ્રાઈવેટ લિમીટેડ,
૪૪૨, જી. આઈ. ડી. સી., ઓઢવ, અમદાવાદ.

૬. વિવેક ડાય-કેમ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમીટેડ,
પ્લોટ નં. ૫, ફેઝ—૨, વટવા, અમદાવાદ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. આર. રાણા,
સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/જી/૯૫/૧૨૦/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬(૨)/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

In

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી મે, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૦/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬/(૨)/ખ.–મોટર વાહનં અધિનિયમ ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) ની કલમ ૨૮, ૩૮, ૯૬, ૧૧૧, ૨૦૬ અને ૨૦૭ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૨૧૨ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ અપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુંસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે, તે સરકાર વિચારણામાં લશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૫/૧૨૦/એમવીઆર/૧૫૮૯/૪૯૬૬(૨)/ખ.–મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૮, ૩૮, ૯૬, ૧૧૧, ૨૦૬ અને ૨૦૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:–

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં), નિયમ ૨ માં,–

(ક) ખંડ (ટ)ના અંતે, નીચેના શબ્દો ઉમેરવા:–

"અને તેમાં રાજ્ય સરકારે નીમેલ મદદનીશ પ્રાદેશિક વાહન-વ્યવહાર અધિકારીનો સમાવેશ થાય છે."

(ખ) ખંડ (થ)માં અંતે, નીચેના શબ્દો ઉમેરવા:–

ગુજરાત નર્મદા ઓટો લિમિટેડ, નર્મદા નગર, જિલ્લો ભરૂચ.

સદરહુ નિયમોમાં, નિયમ ૪માં, પેટા-નિયમ (૧)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:–

"(૧) મોટર વાહન ખાતાના અને મોટર વાહનના મદદનીશ ઈન્સ્પેકટરથી ઉપરના દરજ્જાના કોઈ અધિકારી, કલમ-૮ની પેટા-કલમ (૫) હેઠળ પરીક્ષા લેનાર સત્તાધિકારી રહેશે અને મોટર વાહનના ઈન્સ્પેકટરના અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારી, કલમ-૯ની પેટા-કલમ (૩) હેઠળ પરીક્ષા લેનાર અધિકારી રહેશે :

INDEX

પરંતુ, લાઈસન્સ આપનાર અધિકારી અથવા તે અર્થે તેણે નીમેલી કોઈપણ વ્યકિત, આવી એક કરતા વધુ પરીક્ષા લેવા માટે સક્ષમ ગણાશે."

૪. સદરહુ નિયમોમાં, નિયમમાં ૬માં,—

ખંડ (૩)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૩)(ક) નિયમ-૧૩ હેઠળ નમૂના ૬ મુજબ, ડ્રાઈવિંગ લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં, વીસ રૂપિયા રહેશે; અને (ખ) નિયમ-૧૩ હેઠળ નમૂના-૭ મુજબ ડ્રાઈવિંગ લાઈસન્સની બીજી પ્રતના સંબંધમાં ચિસ્તાળીસ રૂપિયા રહેશે."

૫. સદરહુ નિયમોમાં; નિયમ-૧૮માં, પેટા-નિયમ (૪)માં, ખંડ (ગ) પછી નીચેનો મજકૂર દાખલ કરવો:—

"(ઘ) હેરફેરના વાહનો સિવાયના વાહનો ચલાવવા માટે તેને અધિકૃત કરતા, ડ્રાઈવિંગ લાઈસન્સ ધરાવનારના કેસમાં, કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલા નમૂના-૫માં ડ્રાઈવિંગ પ્રમાણપત્ર,.

૬. સદરહુ નિયમોમાં, નિયમ-૩૦માં, પેટા-નિયમ (૩)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૩) મોટર વાહન ખાતાના અને મોટર વાહનના મદદનીશ ઈન્સ્પેકટરથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારી, કંડકટરનું— લાઈસન્સ આપવા માટેની પરીક્ષા લેનાર સત્તાધિકારી ગણાશે :

પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી અથવા તે અર્થે તેણે નીમેલી કોઈ વ્યકિત આવી એક કરતા વધુ પરીક્ષા લેવા માટે સક્ષમ ગણાશે.

૭. સદરહુ નિયમોમાં; નિયમ-૭૧માં, ખંડ (૪)ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"(૪) દરેક મોટર વાહન માટેની અન્ય કોઈપણ પરમિટના સંબંધમાં, એકસો પચીસ રૂપિયા".

૮. સદરહુ નિયમોમાં, નિયમ-૭૫ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૭૫. પરમિટ ઉપર રજિસ્ટ્રેશન ચિહ્નની નોંધ:—

(૧) પરમિટ, જે વાહનને લગતી હોય તે વાહનનું રજિસ્ટ્રેશન ચિહ્ન અને બીજી વિગતો તેમાં નોંધવામાં ન આવે ત્યાં સુધી કોઈપણ પરમિટ કાઢી આપવામાં આવશે નહિ.

(૨) વાહનવ્યવહાર સત્તામંડળે, પરમિટ માટેની અરજી મંજૂર કર્યાની એક મહિનાની અંદર અથવા વાહનવ્યવહાર સત્તામંડળ નિર્દિષ્ટ કરે તેવી વધુ લાંબી મુદતની અંદર, અરજદારે, તેના નામે રજિસ્ટર થયેલ વાહનનું રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર તે સત્તામંડળ સમક્ષ રજૂ કરવું જોઈશે અને કોઈ અરજદાર ઠરાવેલી મુદતની અંદર રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર રજૂ કરે નહિ તે પ્રસંગે, વાહન-વ્યવહાર સત્તામંડળ પરમિટ માટેની અરજીની પોતાની મંજૂરી પાછી ખેંચી લઈ શકશે.

૯. સદરહુ નિયમોમાં, નિયમ-૧૦૦માં, પેટા-નિયમ (૨)માં, નીચેનો પરંતુક દાખલ કરવો:—

"પરંતુ લાઈસન્સ આપનાર અધિકારી, કોઈપણ મ્યુનિસિપલ અથવા કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સ્થાપવાની સંસ્થા અથવા બ્રાન્ચ ઓફિસના સંબંધમાં સદરહુ જરૂરિયાતોમાં ફેરફાર કરી શકશે.

૧૦. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫૨ માં,—

(૧) પેટા-નિયમ (૨)માં,—

(ક) "૪૦૦" એ આંકડાને બદલે, "૩૮૧" એ આંકડો મૂકવો.

(ખ) ખંડ (૧)માં "૧૩૭૦" એ આંકડાને બદલે "૧૩૭૨" એ આંકડો મૂકવો.

(ગ) ખંડ (૨) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

(૨) બેઠકો વાહનની આડી લીટીએ અને તે જ દિશા તરફ ગોઠવવામાં આવી હોય, ત્યારે ગાદીના મથાળેથી માપવામાં આવે ત્યારે આગળની બેઠકની પીઠ અને પાછળની બેઠકની આગળની જગા વચ્ચે ૬૬૦ મીલી મીટરથી ઓછી જગા લેવી જોઈશે નહિ :

INDEX

(ધ) ખંડ (૩)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો.

"(૩) બેઠકો વાહનની આડી લીટીએ અને એકબીજાની સામે ગોઠવવામાં આવી હોય ત્યારે, ગાદીના મથાળેથી માપવામાં આવે ત્યારે આગળની બેઠકના આગળના ભાગ વચ્ચે, ઓછામાં ઓછી ૧૨૭૧ મીલીમીટરની જગા હોવી જોઈશે."

(૨) પેટા-નિયમ (૩)માં "૫૦૦" એ આંકડાને બદલે, "૪૦૬" એ આંકડો મૂકવો.

૧૧. સદરહુ નિયમોમાં, નિયમ ૧૧૫માં, પેટા-નિયમ (૩)માં, ખંડ (ખ) ને બદલે નીચેનો મજકૂર મૂકવો.

"(ખ) વાહન રજિસ્ટર્ડ થયે અથવા ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૫ના આરંભની તારીખે અથવા તે આવું બારણું ઓછામાં ઓછું ૫૪૦ મી.મી. × ૬૬૦ મી.મી.નું હોવું જોઈશે.

૧૨. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬૬ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૧૬૬. સ્થાનિક રીતે બનાવેલા ટ્રેઈલર અને સેમી-ટ્રેઈલરની મંજૂરી બાબત:—

(૧) રાજ્યમાં હેરફેરના વાહન તરીકે વાપરવા ધારેલા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈનને મંજૂરી આપવામાં આવી હોય તે સિવાય, આવા સ્થાનિક બનાવેલા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલર હેરફેરના વાહન તરીકે નોંધી શકાશે નહિ :

પરંતુ આ નિયમ ભારત બહાર બનાવેલા ટ્રેઈલરો અથવા સેમી-ટ્રેઈલરોને લાગુ પડશે નહિ.

(૨) જેની ડિઝાઈન મંજૂર થઈ હોય તેવા ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરમાં, મંજૂર રાખેલ ડિઝાઈન પ્રમાણે ન હોય તેવા કોઈ ફેરફાર કરી શકાશે નહિ.

(૩) ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈન મંજૂર કરવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટમાંથી મેળવેલ ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના સંબંધમાં, ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો સહિત અને બસો રૂપિયાની ફી સાથે યથાપ્રસંગ વાહનવ્યવહાર નિયામક અથવા વાહનવ્યવહાર કમિશનરને કરવી જોઈશે.

(૪) ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના સંબંધમાં ડિઝાઈનની ખરાઈનો રિપોર્ટ અને વધુમાં વધુ ભાર ભરેલ વજન અને ધરીના વજનની ભલામણો મેળવવા માટેની અરજી, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટને ત્રણ નકલમાં કરવી જોઈશે. આવી અરજી સાથે, ચાર્ટર્ડ મિકેનિકલ એન્જીનીયરે અથવા માન્ય યુનિવર્સિટીની મિકેનિકલ એન્જિનીયરીંગમાં ઓછામાં ઓછી સ્નાતકની પદવીની લાયકાત ધરાવતા મિકેનિકલ એન્જીનીયરે યોગ્ય રીતે પ્રમાણિત કરેલ નીચેના દસ્તાવેજો પૈકી દરેક દસ્તાવેજની ત્રણ નકલો જોડવી જોઈશે :—

(૧) પૂરેપૂરું વિશિષ્ટ વર્ણન.

(૨) બધા પરિમાણ અને વિગતો આપતાં ડ્રોઈંગ, અને

(૩) નીચેની બાબતોના ડિઝાઈન કેલકયુલેશનનો સેટ,—

(ક) ધરીઓ અને તેમના સપોર્ટસ,

(ખ) સ્પ્રિંગો અને તેમના સપોર્ટસ,

(ગ) લોંગ બેરર્સ,

(ઘ) ક્રોસ બેરર્સ,

(ચ) પ્લેટફોર્મ, ટેન્ક અથવા ક્રોસ બેરર્સ પર લઈ જઈ શકાય તેવી કોઈપણ વસ્તુ અને તેમના સપોર્ટસ,

(છ) લેા બાર અથવા કીંગ પીન,

(જ) ટર્ન ટેબલ અથવા આગલી ધરીની જોગવાઈ હોય તે બાબતમાં, આગલી ધરી માટે અન્ય કોઈ નજીવી રચના,

(ઝ) બ્રેક અને બ્રેક મારવાની વ્યવસ્થા,

INDEX

(૮) શૉક ઍબ્સોરબર્સ, ટીપીંગ ડિવાઈસીસ વગેરે જેવી બીજી વસ્તુઓ હોય તો તે,

(૯) વ્હીલ અને ટાયરો

(૫) ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ એવી અરજી મળ્યે, ડિઝાઈન અને કેલકયુલેશનની ચકાસણી કરવી પડશે અને ડિઝાઈન સંતોષકારક, જણાય તો, ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરના સંબંધમાં વધારેમાં વધારે ભાર સાથેનું અને ધરીનું કુલ વજન, જે તેના અભિપ્રાય પ્રમાણે વાજબી સલામતીભર્યું હોવું જોઈએ એમ લાગે તો તેનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

(૬) જરૂરી જણાય તો, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ, અરજદારને વધુ વિગતો આપવા જણાવી શકાશે.

(૭) ડિઝાઈન સંતોષકારક ન જણાય તો, ટેસ્ટીંગ ઈન્સ્ટીટ્યુટ ડિઝાઈન ના મંજૂર કરી શકશે.

(૮) ડિઝાઈન સંતોષકારક જણાય, ત્યારે ટેસ્ટીંગ ઈસ્ટીટ્યુટ વધારેમાં વધારે કુલ વાહન વજન અને ધરીના વજન બાબત પોતાના ભલામણો સાથે મંજૂર કરેલ ડિઝાઈનનું વિશિષ્ટ વર્ણન, અને કેલકયુલેશનની એક નકલ વાહનવ્યવહાર કમિશનરને અથવા વાહન વ્યવહાર નિયામકને અને એક નકલ અરજદારને મોકલવી પડશે.

(૯) અરજદારે ડિઝાઈન મંજૂર થયે, વાહનવ્યવહાર કમિશનરને અથવા વાહનવ્યવહાર નિયામકને મંજૂર થયેલ ડિઝાઈનની નકલો જુદા જુદા નોંધણી સત્તાધિકારીઓને તેમના રેકર્ડ માટે મોકલવા માંગતા હોય તેટલી વધારાની નકલો પૂરી પાડવી જોઈશે.

(૧૦) આ નિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, ભારતમાં બનાવેલ ટ્રેઈલર અથવા સેમી-ટ્રેઈલરની ડિઝાઈનને, ભારતના અન્ય કોઈ રાજયના યોગ્ય સત્તાધિકારીએ આપેલ મંજૂરી, આ નિયમો અનુસાર આપેલ મંજૂરી હોવાનું ગણાશે, પરંતુ તે અન્ય રાજયમાં આ નિયમના જેવી જ અથવા મહદઅંશે તેના જેવી જોગવાઈઓ ધરાવતા જ નિયમો અમલમાં હોવા જોઈશે."

૧૩ સદરહુ નિયમોમાં, નિયમ ૨૩૫ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો:—

"૨૩૫-ક કલમ ૨૦૬(૧) અને (૨) અને કલમ ૨૦૭ હેઠળના સત્તાધિકારી —સબ-ઈન્સ્પેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના પોલીસ ખાતાનાં કોઈપણ અધિકારી, કલમ ૨૦૬ની પેટા-કલમ (૧) અને (૨) અને કલમ ૨૦૭ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ." હેઠળ સત્તા વાપરશે",

૧૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૩૯માં "૧૫૮ (૧) અને (૪)" એ આંકડા, કૌંસ અને શબ્દ પછી "૨૦૨" એ આંકડો દાખલ કરવો.

૧૫. સદરહુ નિયમોમાં, પ્રથમ અનુસૂચિમાં,—

(ક) નમૂનો ટી. વી. ઓ.માં, બાબત ૫ પછી, નીચેનો મજકૂર દાખલ કરવો,—

"૬. હું આ સાથે કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ ઠરાવેલ નમૂના ૫ માં ડ્રાઈવીંગ પ્રમાણપત્ર જોડું છું."

(ખ) નમૂનો પી. એસ.ટી. ઓસ. ઓ.માં, બાબત ૨૭ને બદલે નીચેનો મજકૂર મૂકવો, :—

"૨૭. વાહન સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો:—"

(ગ) નમૂના પી. સીઓ.પી.ઓ.માં, બાબત ૯ને બદલે, નીચેનો મજકુર મૂકવો,—

"૯. વાહનનું સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો..."

(ઘ) નમૂનો પી. પીઆર. ઓસ. ઓ.માં,—

(૧) "જુઓ નિયમ ૭૮(૧)(૪)" એ કૌંસ, અક્ષરો અને આંકડાને બદલે, "(જુઓ નિયમ ૭૦(૧)(૪)" એ કૌંસ, અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) બાબત ૮ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૮. વાહન સંપાકન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો..."

INDEX

(ચ) નમૂનો પી. પીયુ. સી. એ.માં, બાબત ૯નં બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"૯. વાહન સંપાદન કરવા માટે કરેલ ગોઠવણીની વિગતો..."

(છ) નમૂના પી. ટીઈએમ.એ.માં, "(જુઓ નિયમ ૩૦(૧)(૬)" એ કૌંસ, અક્ષરો અને આંકડાને બદલે, "(જુઓ નિયમ ૩૦(૧)(૪)" એ કૌંસ, અક્ષરો અને આંકડા મૂકવા.

(૭) નમૂનો પી.સીઓ. એસપી.એ.માં, બાબત ૬માં, "મુખ્ય પરમિટ" એ શબ્દોને બદલે, "પ્રાથમિક પરમિટ" એ શબ્દો મૂકવા.

(૮) નમૂના એ. આર. ટી.માં નમૂનાને અંતે નીચેનો મજકુર ઉમેરવો.

તારીખ : ——————————

સ્થળ : ——————————

——————————

લાઈસન્સદારની સહી.

(૮) નમૂના એમ. વી. આરઈપી.એ.માં, "(જુઓ નિયમ ૩૮(૫)(૧)." એ કૌંસ, અક્ષરો અને આંકડાને બદલે, "(જુઓ નિયમ ૩૦(૫)(૧)" એ કૌંસ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીકે/૧૧/૯૫/એઆરબી/૧૦૯૨/૩૪૦/આઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PUBLIC WORKS CONTRACTS DISPUTES ARBITRATION TRIBUNAL ACT, 1992.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૧૯૯૫.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨.

ક્રમાંક : જીકે/૧૧/૯૫/એઆરબી/૧૦૯૨/૩૪૦/આઈ.—ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ (સન ૧૯૯૨ના ગુજરાતના ૪થા) (જેનો અમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૩ની,

INDEX

પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ શ્રી ચીનુપ્રસાદ વી. જનીને, તેઓ પોતાના હોદ્દાનો ચાર્જ સંભાળે તે તારીખથી અમલમાં આવે તેમ, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલનાં અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. ટી. આચાર્ય,
સરકારના ઉપસચિવ.
કાયદા વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-સન ૯૫ ના ૯૨--એનપીએલ--૪૫૯૫--યુઓ-૧-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-સન ૯૫ નો ૯૨-એનપીએલ--૪૫૯૫--યુઓ--૧--એમ.--શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-સન-૧૯૯૫ નો ૮૯--એનપીએલ--૪૫૯૫--યુઓ-૧-એમ પ્રમાણે વઢવાણ મ્યુનિસિપલ બરો માટે વઢવાણ નગરપંચાયતને સંસ્થાપિત કરવામાં આવેલ છે.

અને સદરહુ નગર પંચાયત રચવા માટે ચૂંટણીઓ યોજવાની હજુ બાકી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ ના ૩૪મા) ની કલમ ૨૬૬--ખ (ધ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ થી ચૂંટાયેલ મંડળ વહીવટ સંભાળે ત્યાં સુધી, મામલતદાર તા. દસક્રોઈ અમદાવાદને સદરહુ નગરપાલિકાની સત્તાનો અમલ કરવા અને ફરજો અને કાર્યો બજાવવામાં માટે વહીવટદાર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના ના મે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી(સન ૧૯૯૫ના ૮૯-એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી--સન ૧૯૯૫નો ૮૯--એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેવી-સન ૧૯૯૫ના ૮૬-એન-પી-એલ-૪૫૯૫-યુઓ-૧-એમ; થી ભારતના સંવિધાનની કલમ ૨૪૩ ન (૨) હેઠળ વસ્રાલ ગ્રામને વચગાળાના વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

અને ઉપરની મ્યુનિસિપલ બરો માટે નગરપંચાયત સંસ્થાપિત કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, હવે, ગુજરાત સરકાર, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, આથી, વસ્રાલ મ્યુનિસિપલ બરો માટે, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫થી વસ્રાલ નગરપંચાયતના નામે ઓળખાતી નગરપંચાયતની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-સન ૧૯૯૫નો ૮૭--એનપીએલ-યુઓ-૧-એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ જી શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-સન ૧૯૯૫ના ૮૭-એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ :—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-સન ૧૯૯૫ના ૮૬-એન-પી-એલ ૪૫૯૫-યુઓ-૧-એમથી; થી ભારતના સંવિધાનના કલમ ૨૪૩ ન (૨) હેઠળ સરખેજ, ઓકાફ ગ્રામને વચગાળાના વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવે છે.

અને ઉપરની મ્યુનિસિપલ બરો માટે નગરપંચાયત સંસ્થાપિત કરવાનું જરૂરી જણાયું છે.

તેથી, હવે, ગુજરાત સરકાર, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૫મી પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, આથી, સરખેજ ઓકાફ મ્યુનિસિપલ બરો માટે, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ થી સરખેજ ઓકાફ નગરપંચાયતના નામે ઓળખાતી નગરપંચાયતની સ્થાપના કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ એ નાગોરી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૯૩/ટીપીએસ-૨૮૯૨-૧૦૭૯-એલ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1986.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો-૯૩/ટીપીએસ-૨૮૯૨-૧૦૭૯-એલ.—પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૨૮મી એપ્રિલ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચપી-૯૩નો ૧૮/૧૯૮૩-ટીપીઓસ-૨૮૮૧-૩૪૯-(૮૩)-એલ. હેઠળ, ગુજરાત સરકારે

INDEX

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, વઢવાણ નગરપાલિકાએ તેને સાદર કરેલ નગરરચના યોજના વઢવાણ ક્રમાંક : ૧ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજુર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, તેથી, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી નવેમ્બર, ૧૯૯૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો.૫૨૭/-ટીપીએસ-૨૮૮૮-૩૦૯૭-(૯૪)-એલ હેઠળ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના વઢવાણ ક્રમાંક ૧ પ્રારંભિક મંજુર કરી છે.

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, વઢવાણ ક્રમાંક ૧ આખરી યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ આખરી યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ આખરી યોજના" મંજુર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ આખરી યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન વઢવાણ નગરપાલિકા, વઢવાણની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૫ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2



The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] THURSDAY, DECEMBER 21, 1995/AGRAHAYANA 30, 1917 [No. 51

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨જી જાન્યુઆરી, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૭૯/ડીવીપી-૨૧૯૨-૩૮૬૩-(૯૪)-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

ઓ. બી. પારધી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ

૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૫૭૯/ડીવીપી-૨૧૯૨/૩૮૬૩/(૯૪)-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૪૫/ડીવીપી/૨૧૮૮/૧૯૮૦-(૯૦)-એલ હેઠળ મંજૂર કરેલી પાલીતાણા નગર (જિલ્લા-ભાવનગર) માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭માં) જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૫/ડીવીપી-૨૧૯૨-૩૮૬-(૯૩)-એલ, હેઠળ તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૩ના ગુજરાત રાજપત્ર ભાગ-૪--બીના પાના નંબર ૨૯—૫—૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે, સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭માં)ની કલમ—૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૨મી જાન્યુઆરી, ૧૯૯૫થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૮મી જુલાઈ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૪૫-ડીવીપી-૨૧૮૮-૧૯૮૦-(૯૦)-એલ થી મંજૂર કરેલ પાલીતાણા નગર (જિલ્લો—ભાવનગર) માટેની છેવટની સુધારેલ વિકાસ યોજનાનો ફેરફાર.

પાલીતાણાની મંજૂર કરેલ સુધારેલ વિકાસ યોજનામાં "શૈક્ષણિક હેતુ" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલ પ્લાન ઉપર "ABCDEFGHIJKLMNOA" નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે, મહેસૂલી સર્વે નં. ૩૨૮ અને ૪૯૩/ભાગ વાળી જમીનો, સદરહુ અનામતમાંથી, મુકત કરવી અને આ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ના કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી.
અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૪-૯૫/૮૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૫/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ-સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું,

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૦મી માર્ચ, ૧૯૯૫.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૪-૯૫/૮૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૯૬, ૧૦૭, અને ૨૧૩ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૫/૮૯/એમવીઆર/૧૦૯૨/૪૨૯૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમો ૨૮, ૩૮, ૬૫, ૬૮, ૯૬, ૧૦૭ અને ૨૧૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સાતમા સુધારા) નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૨ના ખંડ (ધ) પછી, નીચેનો મજકૂર દાખલ કરવો :—

"(ધધ)" "વાહન વ્યવહાર કમિશનર" એટલે અધિનિયમ અને તે હેઠળ કરેલા નિયમો હેઠળ વાહનવ્યવહાર કમિશનરના કાર્યો બજાવવા માટે રાજ્ય સરકારે નીમેલા કોઈપણ અધિકારી અને તેમાં તે રાજ્ય સરકારે તે તરીકે નીમેલા વાહન વ્યવહારના સંયુકત વાહન-વ્યવહાર કમિશનર અને નાયબ વાહનવ્યવહાર કમિશનરનો સમાવેશ થાય છે.

૩. સદરહુ નિયમમાં, નિયમો ૫, ૨૩, ૨૫, ૪૧, ૬૧, ૯૦, ૯૧ અને ૧૨૨માં જ્યાં જ્યાં "વાહનવ્યવહાર નિયામક" એ શબ્દો આવતા હોય ત્યાં તેને બદલે, "યથાપ્રસંગ, વાહનવ્યવહાર કમિશનર અથવા વાહનવ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમમાં, નિયમ-૨૩માં, પેટા-નિયમ (૨)માં "સચિવ, બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગ" એ શબ્દોને બદલે "સરકારનો સચિવ (વાહનવ્યવહાર) ગૃહ વિભાગ" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમમાં, નિયમ-૬૧માં "સરકારના બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના સચિવ" એ શબ્દોને બદલે "સરકારના સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ" એ શબ્દો મૂકવા.

INDEX

૬. સદરહુ નિયમમાં, નિયમ-૬૫માં, "વાહન વ્યવહાર નિયામક અથવા સંયુકત વાહન વ્યવહાર નિયામક અથવા નાયબ વાહનવ્યવહાર નિયામક" એ શબ્દો જ્યાં જ્યાં આવતા હોય ત્યાં તેને બદલે, "યથાપ્રસંગ, વાહનવ્યવહાર કમિશનર અથવા વાહનવ્યવહાર નિયામક"એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમમાં, નિયમો-૧૦૭ અને ૧૩૨માં, "બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગ" એ શબ્દોને બદલે, "ગૃહ વિભાગ" એ શબ્દો મૂકવા.

૮. સદરહુ નિયમમાં, નિયમ-૧૦૮માં, પેટા-નિયમ (૨)માં, "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહનવ્યવહાર કમિશનર અથવા વાહનવ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

૯. સદરહુ નિયમમાં, નિયમ-૨૪૦માં ખંડ (ક)માં, "વાહનવ્યવહાર નિયામક અથવા વાહન વ્યવહારના સંયુકત નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશનર અથવા વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૫નો ૪૭/એસએચએ-૧૦૮૯-૧૫૫૮-કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT SLUM AREAS (IMPROVEMENT, CLERANCE AND REDEVELOPMENT) ACT, 1973.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી માર્ચ, ૧૯૯૫.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબુદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૪૭/એસએચએ-૧૦૮૯/૧૫૫૮/કે.—તારીખ ૨૯મી ફેબ્રુઆરી, ૧૯૯૨ના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં સરકારી જાહેરનામા (જેનો આમાં હવે પછી "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે) ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૩૭/એસએચએ ૧૦૮૯/૧૫૫૮/કે-ની રૂએ ગુજરાત સરકારે, શ્રી નાનાભાઈ રોઈલાને સન ૧૯૯૨ના માર્ચ મહિનાની ૧લી તારીખથી સન ૧૯૯૪ની ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખના રોજ પૂરી થતી બે વર્ષની મુદત માટે, ગુજરાત ગંદા વસવાટ બોર્ડના અધ્યક્ષ તરીકે નીમ્યા હતા.

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/એચ/વી/૩૭/એસએચએ-૧૦૮૯/૧૫૫૮-કેની રૂએ, સદરહુ જાહેરનામા હેઠળ, નીમેલ અધ્યક્ષશ્રીની મુદત, સન ૧૯૯૪ ના માર્ચ મહિનાની ૧લી તારીખથી સન ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખના રોજ પૂરી થતી એક વર્ષની વધુ મુદત માટે લંબાવવામાં આવી છે.

અને અધ્યક્ષની મુદત સન ૧૯૯૫ના ફેબ્રુઆરી મહિનાની ૨૮મી તારીખે પૂરી થઇ છે.

INDEX

તેથી, હવે, ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબુદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૫ના નિયમ-૩ અને નિયમ-૫ સાથે વાંચતાં, ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા, નાબુદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૧મા) ની કલમ-૨૨ની પેટા કલમ (૨) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને તેમની પોતાની ફરજો ઉપરાંત તાત્કાલિક અમલથી વધુ હુકમો ન થાય ત્યાંસુધી ગુજરાત ગંદા વસવાટ નાબૂદ બોર્ડના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એલ. એ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૩જી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના મહેસુલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ-૯૫/૧૩/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ-૧.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ.

મહેસુલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ-૯૫-૧૩/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ.-૧.—શ્રી રતિલાલ મોરારજી પટેલ, રહેવાસી સુરત, એ (જેનો આમાં હવે પછી "સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં તારીખ ૯મી ઓકટોબર, ૧૯૭૫ના રોજ રૂપિયા ૮૫૮૭-૭૫ (રૂપિયા આઠ હજાર પાંચસો સત્યાશી અને પંચોતેર પૈસા માત્ર)ની રકમનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ ધરાવતું વેચાણ-ખત રજૂ કર્યું હતું.

અને, આથી સબ-રજિસ્ટ્રાર, સુરત દ્વારા, સદરહુ વેચાણ-ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ-રજિસ્ટ્રાર, સુરત-એ રજિસ્ટ્રેશન નંબર ૬૨૬૦ ફાળવ્યો હતો અને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૩૦-ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું;

અને, આથી, સદરહુ પક્ષકારે, કલમ ૨૩૦-ક હેઠળ ફરમાવેલ પ્રમાણપત્ર રજૂ કર્યું છે;

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું તે શોધી શકાયું ન હતું અને તે સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાવેલ છે;

અને, આથી, સદરહુ પક્ષકાર માટે વેચાણ-ખત ફરીથી કરવાનું જરૂરી છે;

અને, આથી, સદરહુ પક્ષકારે તે જ વેચાણ-ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ-૯ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરતને ૯મી ઓકટોબર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૬૨૬૦ વાળા આગાઉના વેચાણ-ખતને બદલે, નવું વેચાણ ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એન. દવે,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી એપ્રિલ, ૧૯૯૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫નાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી હુકમ ક્રમાંક: જીએચએમ-૯૫/૧૪/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ-૧. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ,

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી માર્ચ, ૧૯૯૫.

મુંબઈ સ્ટેમ્પ અધિનિય, ૧૯૫૮.

ક્રમાંક: જીએચએમ-૯૫/૧૪/એમ/એસ-૩૦/૯૧-૩૨૦૨/એચ.૧.— શ્રી જયંતીલાલ મોરારજી પટેલ રહેવાસી સુરત, એ (જેનો આમ હવે પછી "સદરહુ પક્ષકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) રજિસ્ટ્રેશન માટે, સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં, તારીખ ૯મી ઓકટોબર, ૧૯૭૫ ના રોજ રૂપિયા ૯૭૮૭-૫૦ (રૂપિયા નવ હજાર સાતસો સત્યાશી અને પચાસ પૈસા માત્ર)ની રકમનો નોન-જ્યુડિશિયલ સ્ટેમ્પ ધરાવતું વેચાણ-ખત રજૂ કર્યું હતું.

અને, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરત દ્વારા, સદરહુ વેચાણ-ખત સ્વીકારવામાં આવ્યું હતું અને સબ-રજિસ્ટ્રાર, સુરતએ રજિસ્ટ્રેશન નંબર ૬૨૬૧ ફાળવ્યો હતો અને આવકવેરા અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૨૩૦-ક હેઠળ સદરહુ પક્ષકારે રજૂ કરવા ફરમાવેલ પ્રમાણપત્રના અભાવે તે અનિર્ણિત રાખ્યું હતું;

અને, આથી, સદરહુ પક્ષકારે, કલમ ૨૩૦-ક હેઠળ ફરમાવેલું પ્રમાણપત્ર રજૂ કર્યું છે;

અને, આથી, સદરહુ વેચાણ-ખત કે જે અનિર્ણિત રાખ્યું હતું તે શોધી શકાયું ન હતું અને તે સબ-રજિસ્ટ્રાર, સુરતની કચેરીમાં ગુમ થયાનું જણાયેલ છે;

અને, આથી, સદરહુ પક્ષકાર માટે વેચાણખત ફરીથી કરવાનું જરૂરી છે;

અને, આથી, સદરહુ પક્ષકારે તે જ વેચાણ-ખત વહેલું કરીને સ્ટેમ્પ ડ્યુટી ભરી છે;

તેથી, હવે, મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૦મો) ની કલમ ૯નાં ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સબ-રજિસ્ટ્રાર, સુરતને, ૯મી ઓકટોબર, ૧૯૭૫ તારીખના રોજ સદરહુ પક્ષકારોએ રજૂ કરેલ નંબર ૬૨૬૧ વાળા અગાઉના વેચાણ-ખતને બદલે, નવું વેચાણ-ખત કર્યે લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓસ. ઓન. દવે,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૭મી એપ્રિલ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી--૧--એનયુઆર--૧૦૯૩--૫૦૩--ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE MATRON GRADE-II, CLASS-III (UNDER THE COMMISSIONERATE OF HEALTH, MEDICAL SERVICES AND MEDICAL EDUCATION) RECRUITMENT RULES, 1995.

(આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ) મેટ્રન ગ્રેડ--૨, વર્ગ--૩ની ભરતી નિયમો, ૧૯૯૫ સંબંધી

જાહેરનામું

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૫.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીપી-૧-એનયુઆર-૧૦૯૩--૫૦૩--ઈ —ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ, તાબાની નર્સિંગ સેવા, વર્ગ--૩ માં મેટ્રન ગ્રેડ--૨ ની જગા ઉપરની ભરતીનું નિયમન કરતી જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, (આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ) મેટ્રન ગ્રેડ--૨, વર્ગ--૩ ભરતી નિયમો, ૧૯૯૫ કહેવાશે.

૨. આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ તાબાની નર્સિંગ સેવા, વર્ગ--૩ માં, મેટ્રન ગ્રેડ--૨ની જગા પરની નિમણૂક, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ કમિશનરની કચેરી હેઠળ મુખ્ય નર્સ તરીકે કામ કરતી હોય અને જેણે એવી રીતે પાંચ વર્ષની સેવા કરી હોય તેવી વ્યકિતઓમાં સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે:

પરંતુ નિમણૂક કરનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલા અનુભવવાળી વ્યકિત બઢતી માટે મળી શકે તેમ નથી અને ઓછા અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી જણાય છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો ઓછો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે, પરંતુ આવી વ્યકિતએ ધરાવેલ અનુભવ, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછો હોવો જોઈશે નહિ.

૩. પસંદ થયેલા ઉમેદવારે, તે અર્થે સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા હોય તો તે, ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંનેની પરીક્ષા પાસ કરવી જોઈશે.

૪. પસંદ થયેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે.

૫. પસંદ થયેલા ઉમેદવારે, જો તેને એમ ફરમાવવામાં આવે, તો તાલીમમાં ગાળેલી કોઈપણ મુદત હોય, તો તે સહિત, ચાર વર્ષથી ઓછી ન હોય તેટલી મુદત માટે કોઈપણ સંરક્ષણ સેવામાં અથવા ભારતના સંરક્ષણ સાથે સંકળાયેલી કોઈ જગા ઉપર સેવા બજાવવી પડશે.

INDEX

પરંતુ ઉમેદવારે,—

(ક) પોતાની નિમણૂકની તારીખથી ૧૦ વર્ષ પૂરાં થયાં પછી; અને

(ખ) પીસ્તાલીસ વર્ષની ઉંમરે પહોંચ્યા પછી,

ઉપર્યુક્ત પ્રમાણે સેવા બજાવવાનું જરૂરી રહેશે નહિ.

૬. પસંદ થયેલા ઉમેદવારનું નામ, ગુજરાત નર્સ, મિડવાઈફ અને આરોગ્ય તપાસનીશ અધિનિયમ, ૧૯૬૮ હેઠળ પોતે એવી રીતે રજિસ્ટર થયેલ હોય તે સિવાય, ફરજ ઉપર જોડાતાં પહેલાં, યથાપ્રસંગ તેણે/તેણીએ પોતાનું નામ રજિસ્ટર કરાવવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. કે. ત્રિવેદી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જૂન, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/જી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ઘ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT NO, G.G. 84/90/STC/1087/541/GH, DATED THE 3RD SEPTEMBER, 1990.

ગૃહ વિભાગનાં તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી.૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/જીએચ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૫.

માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ઘ.—ગુજરાત રાજ્ય માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ-૩ સાથે વાંચતાં, માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ—૫ની પેટા-કલમ (૨) અને (૩) અનુસાર અને ગૃહ વિભાગનું તારીખ ૪થી ફેબ્રુઆરી, ૧૯૯૨નું સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી.૨૦/૯૨/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘ અને તારીખ ૫—૧—'૯૪નું સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી.૨/૯૪/એસટીસી/૧૦૮૭/૫૪૧/ભાગ ૨/ઘ ૨૬ કરીને, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી.૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ઘ (જેનો આમાં હવે પછી, 'મુખ્ય જાહેરનામા' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (ખ) પછી, સન ૧૯૯૫ના જૂન મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે બીજા હુકમો કરવામાં આવે ત્યાં સુધી વધુ ત્રણ સરકારી અધિકારીઓની નિમણૂક કરતો નીચેનો પરિચ્છેદ (ખખ) ઉમેરવો જોઈશે:—

(૧) સંયુક્ત સચિવ (વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
(૨) વાહનવ્યવહાર ડિરેક્ટર, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
(૩) નાણાકીય સલાહકાર (ગૃહ વિભાગ).

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જૂન, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૫નો ૭૯/ટીપીએસ-૧૨૯૪-૨૬૮૫-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જૂન, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો૭૯/ટીપીએસ-૧૨૯૪-૨૬૮૫-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૨૩૫/ટીપીએસ/૧૨૦૧/૩૭૭૬/એલ. હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલ નગરરચના યોજના નંબર—૧ નિમેઠાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૫નો ૧૬/ટીપીએસ/૧૨૯૪/૧૦૮/એલ. હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના નંબર—૧ નિમેઠા, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ—પ્રારંભિક યોજના મંજૂર કરેલ છે;

અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૬૨ની પેટા-કલમ (૨) અને કલમ-૫૨ ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના નંબર—૧ નિમેઠા, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ—છેવટની યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, "સદરહુ છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા—ની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૫ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. છેવટની યોજનાના દરસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, અનુક્રમાંક ૩૭ પર "માલિકનું નામ"ના કોલમ નં. ૨ માં, મંજૂર થયેલ પ્રારંભિક યોજના,નિમેઠા નં.૧ના ફેરફારો નં. ૧ પ્રમાણે, "મુખ્ય કારોબારી સત્તામંડળ, વુડા, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા" એ શબ્દોને બદલે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૫ નો ૧૬/ટીપીએસ/૧૨૯૪/૧૦૮/એલ મુજબ "યોગ્ય સત્તામંડળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક,કેવી--સન ૧૯૯૫નો૯૧ એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-સન ૯૫નો ૯૧--એનપીએલ-૪૫૯૫--યુઓ--૧--એમ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી--સન ૧૯૯૫નો ૮૮--એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ, પ્રમાણે રામોલ મ્યુનિસિપલ બરો માટે રામોલ નગર પંચાયતને સંસ્થાપિત કરવામાં આવેલ છે.

અને, સદરહુ નગર પંચાયત રચવા માટે ચૂંટણીઓ યોજવાની હજુ બાકી છે;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ૩૪મા)ની કલમ ૨૬૬-ખ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫થી ચૂંટાયેલ મંડળ વહીવટ સંભાળે ત્યાં સુધી, મામલતદાર, તા. દસક્રોઈ, અમદાવાદને સદરહુ નગરપાલિકાની સત્તાનો અમલ કરવા અને ફરજો અને કાર્યો બજાવવા માટે વહીવટદાર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એસ એચ/એલ/૧૨/એમ એફ. એલ/૧૦૯૫/--એમ/૧૧૪૯/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૧૯૯૫.

મુંબઈ નશાબંધી અધિનિમમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એસએચ/એલ/૧૨/એમએફએલ/૧૦૯૫/એમ/૧૧૪૯/એમ.– મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૩૯ની પેટા કલમ (૧)ના ખંડ (ધ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી કોઈપણ વર્ષ અને કોઈપણ વિસ્તારોમાં ઉત્પન્ન થાય તેવા મહુડાના ફૂલોને, આ હુકમ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી શરૂ થતી અને સન ૧૯૯૫ના ડીસેમ્બર મહિનાની ૩૧મી તારીખે પૂરી થતી મુદત માટે, મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૯૬/એમએફએલ/૧૦૭૮/૨૧૪૩૫ (૭૯) એમ, ની અનુસૂચિના કોલમ--૨ માં જાહેર કરેલ વિસ્તારમાં તે એકત્રિત કરવા, તેની હેરફેર કરવા, તે વેચવા, ખરીદવા અથવા કબજામાં રાખવાને, જેટલે સુધી સદરહુ અધિનિયમની કલમ--૬૦ ની પેટા-કલમ (૨) લાગુ પડતી હોય તેટલે સુધી, સદરહુ પેટા-કલમ (૨) ની જોગવાઈઓમાંથી મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આઈ. એચ. ઠાકર,

સરકારના નાયબ સચિવ,

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી-૮૬-૯૫-એનપીએલ-૪૫૯૫-યુઓ-૧-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITY ACT, 1963.

ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત મ્યુનિસિપાલિટી એક્ટ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૮૬-૯૫-એનપીએલ-૪૫૯૫-થુઓ-૧-એમ :—ભારતના સંવિધાનની કલમ ૨૪૩ના ખંડ (૨) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, વિસ્તારની વસ્તી, તેમાંની વસ્તીની ગીચતા અને વિસ્તારના આર્થિક મહત્વને ધ્યાનમાં લઈને, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં દર્શાવેલા, ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ, યથાપ્રસંગ જાહેર કરાયેલા ગ્રામમાં સમાવેલા સ્થાનિક વિસ્તારને, તેના કોલમ ૩ સામે દર્શાવેલા વચગાળાના વિસ્તાર તરીકે નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	ગ્રામ	વચગાળાના નો વિસ્તાર
(૧)	સરખેજ--ઓકાફ (તાલુકા શહેર જિલ્લો : અમદાવાદ)	સરખેજ--ઓકાફ મ્યુનિસિપલ બરો
(૨)	રામોલ (તા. દસક્રોઈ. જિ. અમદાવાદ)	રામોલ મ્યુનિસિપલ બરો
(૩)	વસ્ત્રાલ (તા. દસક્રોઈ જિ. અમદાવાદ)	વસ્ત્રાલ મ્યુનિસિપલ બરો

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓ. એ. નાગોરી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૫ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૯૪/ટીપીએસ-૧૧૯૪--૮૯૦-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો--૯૪/ટીપીએસ--૧૧૯૪--૮૯૦—એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨-૦૫-૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો -૧૨૭/ટીપીએસ-૧૧૮૬--૧૧૦૮-(૮૭)-એલ હેઠળ ગુજરાત સરકારે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મું) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ--૪૮ ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રુએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદે પોતાને સાદર કરેલ નગરરચના યોજના, અમદાવાદ નંબર ૨૫ (ખોખરા-મહેમદાવાદ વિસ્તાર) પ્રથમ સુધારેલ (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રથમ સુધારેલ યોજનાના ગુસદા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ હેઠળની સત્તાની રુએ, ગુજરાત સરકાર, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી ;

અને નિમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ માં) ની કલમ ૫૨ ની પેટા કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નં. ૨૫ (ખોખરા મહેમદાવાદ વિસ્તાર)પ્રથમ સુધારેલ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ સુધારેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ માં) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલા અનુસુચિમાં જણાવેલા ફેરફારને આધીન રહીને, "સદરહુ પ્રથમ સુધારેલ પ્રારંભિક યોજના" મંજુર કરે છે ;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના રવિવાર અને રજાના દિવસો સિવાય તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન; અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને.

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા -કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૫ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવેલણી પત્રકનાં અનુક્રમાંક ૨૪૫ પર, મિલ્કતના નામના કોલમ નં. ૨ માં, "યોગ્ય સત્તામંડળ" એ શબ્દોને બદલે 'યોગ્ય સત્તામંડળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ' તરીકે મૂકવા.

(૨) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, જાહેર હેતુઓ માટે યોગ્ય સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટો માટે, નકશાઓ ઉપર વપરાયેલ "અનામત" શબ્દ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૫ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૫-૭-એમએનઆર-૧૦૯૩-૨૦૪૩(૩)-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re.

AMENDMENT TO THE GUJARAT ENTERTAINMENTS TAX RULES, 1979.

ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૫મી જુલાઈ, ૧૯૯૫.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૫-૭/-એમએનઆર-૧૦૯૩-૨૦૪૩-(૩)-ઈ: -ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૩૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ સદરહુ કલમ ૩૧ની પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયે અથવા તે પછી સદરહુ મુસદ્દો, ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની ઉપર સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક. જીએચટી-૯૫-૭-એમએનઆર-૧૦૯૩-૨૦૪૩-(૩)-ઈ :—ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૩૧થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "ગુજરાત મનોરંજન કર (સુધારા) નિયમો, ૧૯૯૫" કહેવાશે.

૨. ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯માં, નિયમ ૧૭માં, પેટા-નિયમ (૪)ના પરંતુક પછી, નીચેનો પરંતુક ઉમેરવો :—

"વધુમાં, શોનો સમયગાળો બે કલાકથી ઓછો હોય ત્યારે, તે શોનાં હિસાબો, શોનાં આરંભથી ૪૫ મિનિટની અંદર પૂરા કરવા જોઈશે."

એચ. એ. બાદી,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX